વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-
છુટક કિંમત રૂા.૧૫/-

વર્ષ : ૪૦મું
ઓગસ્ટ - ૨૦૧૫
અંક : ૪૪૭

મંગલ મંદિર ● ઓગસ્ટ-૨૦૧૫ ● ૧
(કુલ પાના : ૭૮)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર



પંડિત શ્યામજી કૃષ્ણવર્મા

: મુખ્ય કાર્યાલય :

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુપ્રીમવાલા)

**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060

Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org

# આદર્શ જીવનશૈલી અને યોગાસનોના સમન્વયથી શ્રેષ્ઠ સ્વાસ્થ્યપ્રાપ્તિ સૂચવતાં શ્રેષ્ઠ પ્રકાશનો




**આપના શહેરના બધા બુકસેલર્સને ત્યાં મળે જ છે અથવા મંગાવી આપશે.**

NAVNEET®
Knowledge is wealth

## NAVNEET EDUCATION LIMITED

**Correspondence Address :** Navneet House, Gurukul Road, Memnagar, **Ahmedabad – 380 052**. India
**Phone :** (079) 6630 5000, 6630 5001, 2745 1000 • **Fax :** (079) 6630 5011, 2748 8000
**email :** navneet.ahd@navneet.com • **Website :** www.navneet.com

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

## Deep Industries Limited

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

## Deep Industries Limited

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

Certified ISO 9001 2000 by BVQi UKAS QUALITY MANAGEMENT
AN ISO 9001 - 2000 COMPANY


COOKWELL HEALTH CARE PRODUCT
COOKWELL®
Masala Grinder
Cum
Mini Flour Mill
PATENTED BY GOVT. OF INDIA
Instagrind
QUALITY CONTROL ORDER 1981,89,93
HOUSE HOLD ELECTRICAL APPLIANCES MAH/10/009/0694
GOVERNMENT OF MAHARASHTRA
100% Pure Copper
25/29 Gaze Wire Motor Universal
Heavy Duty Dynamically Balance
COOKWELL®
COOKING SYSTEM
100% Cooking & Safety
Upto 50%
Less Power Consumption
Microbiologically Tested
PURIFICATION PROCESS
FILTRON™
100% Safe Water
High Performance
Mineral Water System
Big
17 Ltrs. CAPACITY
TESTED By
MADE IN INDIA
APPROVED BY GOVT. OF INDIA
NANO
Ceramic Candle
Silica Sand
Silver
Activated Carbon
Activated
Alumina Balls
Zeolite
Mineral Sand
Mineral Stone
COOKWELL®
Manufactured by :
CookWell Domestic Appliances,
Plot 213, Shelar Compound, Subhash Nagar,
Nahur (W), Mumbai-400078. Customer Care : 022-25666711
Email : info@cookwellindia.com Website : www.cookwellindia.com
ડિલર્સ ડિસ્ટ્રીબ્યુટર્સ
આવકાર્ય

# મુંબઈના કચ્છીઓનું ગૌરવ એવા કચ્છ - મુંદ્રાના શ્રી પ્રભુલાલ મોહનલાલ સંઘવીને "ઘાટકોપર કચ્છ રત્ન" એવોર્ડ પ્રદાન થતાં અભિનંદન





આપનું જીવન સતત પુરુષાર્થ અને પરિશ્રમનું પ્રતીક છે. તેની પ્રતીતિ આપે વ્યાવસાયિક, ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે હાંસલ કરેલી સફળતા દ્વારા થાય છે.

*ઉલ્લેખનીય છે કે....*

★ શ્રી કચ્છી વીસા શ્રીમાળી ઓસવાળ ગૂર્જર જૈન જ્ઞાતિ સમાજ - ચેમ્બુર, મુંબઈના આપ ઉપપ્રમુખ તથા ટ્રસ્ટીપદે છો.

★ શ્રી મુંદ્રા વીસા ઓસવાળ ગૂર્જર જૈન જ્ઞાતિ મંડળ, મુંબઈમાં છેલ્લા ૩૫ વર્ષથી આપ સેવા આપી રહ્યા છો. આ સંસ્થામાં ૪ વર્ષ પ્રમુખ તરીકે સેવા આપી હાલે ટ્રસ્ટીપદે સેવા આપી રહ્યા છો.

★ છેલ્લા ૨૬ વર્ષથી દર ૧૫મી ડિસેમ્બરે શ્રી મુનિસુવ્રત સ્વામીના અસીમ અનુગ્રહથી પરિવારજનો, મિત્રો તથા સંબંધીઓને જુદા જુદા ધર્મસ્થાનોની તીર્થયાત્રા આપ કરાવો છો.

ઘાટકોપર (મુંબઈ) કચ્છ - વાગડ વિકાસ સમાજ દ્વારા આયોજિત તથા ઘાટકોપર ગુજરાતી સમાજ પ્રેરિત સતત ૧૧મા વર્ષે 'અષાઢી બીજ' – કચ્છી નૂતન વર્ષ પ્રસંગની તાજેતરમાં મુંબઈ ખાતે ઉજવણીના એક કાર્યક્રમ દરમ્યાન આપશ્રીને ઉપરોક્ત કારણોસર **"ઘાટકોપર કચ્છ રત્ન એવોર્ડ"** થી સન્માનિત કરવામાં આવ્યા તે સિદ્ધિ કેવળ પરિવારજનો માટે જ નહીં પરંતુ સમગ્ર કચ્છીઓ માટે ગૌરવપ્રદ અને સરાહનીય છે.

**આપ આવી રીતે નિરંતર પ્રગતિ સાધતા રહીને**
**સિદ્ધિના ઉચ્ચત્તમ શિખર સર કરતા રહો તેવી શુભેચ્છા સાથે....**

● શુભેચ્છક ●


**અશોક મહેતા - અમદાવાદ**








# આ માસનાં તદ્દન તાજાં પ્રકાશનો




## ગતિ

**લે. પૂજા તત્સત * કિંમત : ₹ 120**

પૂજા તત્સતના આ વાર્તાસંગ્રહમાં માનવજીવનની વિવિધ ગતિઓનો સાક્ષાત્કાર થાય છે. બીબાંઢાળ શૈલીની વાર્તાઓ વાંચીને કંટાળી ગયા હો તો, તાજગીસભર શૈલીમાં આકાર પામેલી આ પુસ્તકની 18 વાર્તાઓ વાંચીને ફ્રેશ થઈ જાવ...

## રમત આટાપાટાની

**લે. પ્રફુલ્લ કાનાબાર – કિંમત : ₹ 130**

આમ તો માનવજીવન સ્વયં આટાપાટાની રમત જ છે ને ! આ રમતમાં સૌને વિજેતા થવું છે. કોઈ શૉર્ટકટ પસંદ કરે છે, તો કોઈ ગલત માર્ગ અપનાવી લે છે. એમાં લાગણીઓના તાણાવાણાની ગૂંચ પડે છે. 20 વાર્તાઓનો આ સંગ્રહ અનોખો છે.

## દેશદેશના બીરબલ

**લે. રવીન્દ્ર અંધારિયા – કિંમત : ₹ 200**

આ પુસ્તકમાં રશિયન બીરબલ, બંગાળી બીરબલ, અરબસ્તાની બીરબલ અને કાઠિયાવાડી બીરબલની કુલ 34 બાળકથાઓ છે. તમારાં બાળકો વારંવાર વાંચે તેવી આ રસભરી વાર્તાઓ છે.

## ઉભયાન્વય

**લે. ભાનુપ્રસાદ પંડ્યા – કિંમત : ₹ 150**

આસ્વાદ, વિવેચન, અભ્યાસ અને સ્મરણોની યાત્રા કરાવતું આ અનોખું પુસ્તક છે. ક્યારેક લેખકનો પરિચય તો ક્યારેક કૃતિનો આસ્વાદ, કોઈ પુસ્તકનો ગહન અભ્યાસ તો કોઈ ઘટનાનાં સ્મરણો... એવું અઢળક છે આ પુસ્તકમાં !

## વાસ્તવિક અમેરિકા અને અનુભવનું અમેરિકા

**ત્ર્યંબક પંડ્યા – કિંમત : ₹ 200**

અમેરિકામાં થોડાંક વર્ષ રહીને આવેલા લેખક ત્ર્યંબક પંડ્યા આ પુસ્તકમાં પોતાના અનુભવોનો ટેકો લઈને વાસ્તવિક અમેરિકા વિશે રસપ્રદ માહિતી આપે છે. અમેરિકા વિશેની આપણી ઘણી ભ્રાંતિઓ આ પુસ્તક દૂર કરે છે.

## ગુજરાતી દલિતસાહિત્યની કેડીએ

**લે. દલપત ચૌહાણ – કિંમત : ₹ 170**

ગુજરાતીમાં દલિતસાહિત્યની આગવી વિભાવના રહી છે. દલિતો માટે, દલિતો, વિશે, દલિતો દ્વારા લખાયેલા સાહિત્યનો રોમાંચક ઇતિહાસ છે.

## છોકરાં ભણાવવાં સહેલાં નથી

**લે. ઊર્મિલા શાહ – કિંમત : ₹ 160**

બાળકોને ભણાવવાનું જેટલું અનિવાર્ય છે, એટલું જ પડકારરૂપ પણ છે. એડમિશન, રિઝલ્ટ, ટ્યૂશન, મોંઘીદાટ ફી, સ્પર્ધા, બાળકનાં રસ-રુચિ તથા શિક્ષણસંસ્થાનું વાતાવરણ જેવી અનેક બાબતો ક્યારેક સમસ્યા બનીને આવે છે. એવી સમસ્યાઓના આ પુસ્તકમાં મનોવૈજ્ઞાનિક અને અનુભવસિદ્ધ કલમે ઉપાયો બતાવ્યા છે.

## સંતવાણી, લોકગીત અને લોકકથા

**લે. હસુ યાજ્ઞિક – કિંમત : ₹ 250**

એક જ પુસ્તકમાં સંતવાણી, લોકગીત અને લોકકથા વિશે ખૂબ ઝીણવટભર્યો અભ્યાસ વ્યક્ત થયો હોય એવું ગુજરાતી સાહિત્યનું કદાચ આ પ્રથમ પુસ્તક છે.

## ટર્નિંગ પોઇન્ટ

**લે. મનહર ઓઝા – કિંમત : ₹ 240**

ઘેરથી ભાગીને અજાણ્યા ગુનેગારના પાસપૉર્ટના આધારે ઑસ્ટ્રેલિયા પહોંચી ગયેલો વાર્તાનાયક દેવ અનેક સંકટોનો સામનો કરે છે... તે દરમિયાન તેને કોઈકની ભીની ભીની હૂંફ પણ મળે છે... નવી જ ભાત પાડતી રોમાંચક પ્રણયકથા.

## અમૃતપુત્ર

**લે. પ્રકાશ ત્રિવેદી કિંમત : ₹ 150**

આતંકવાદની વૈશ્વિક સમસ્યા વિશેની આ અનોખી નવલકથા છે. ભારત-અમેરિકાની ભૂમિ પરનાં પાત્રો અને તેમની સંસ્કૃતિ વિશેની ઝાંખી રજૂ કરતી, સમકાલીન વાચકોને રસ પડે તેવી નવલકથા.

## સ્વદેશાભિમાન

**લે. પુરુષોત્તમ સોલંકી – કિંમત : ₹ 160**

મહારાષ્ટ્રના શિવનેરીના કિલ્લેદાર રાજા ત્રંબક રાવની દીકરી રાજકુમારી કલાંદે સ્વદેશાભિમાનથી અનેક યુદ્ધો લડીને, યુદ્ધમાં જ વીરગતિ પામી હતી, અત્યંત અલ્પ જાણીતી આ વીરાંગનાના સ્વદેશાભિમાનની કથાની સાથે સાથે એના પ્રણયની દાસ્તાન પણ ઘૂંટાયેલી છે.

## સાજિશ

**લે. મનહર રવૈયા – કિંમત : ₹ 130**

પ્રત્યેક રહસ્ય રસપ્રદ હોય છે. આ પુસ્તકમાં બે લઘુનવલકથાઓ છે. અખબારમાં હપતાવાર પ્રગટ થયેલી અને ખૂબ ચાહના પામેલી આ બંને કથાઓ વાચકોને રોમાંચયાત્રા કરાવનારી છે.

## મરિતે ચાહિ ના આમિ

**લે. રાજેન્દ્ર પટેલ – કિંમત : ₹ 180**

વિશ્વના મહાન ઊર્મિકવિઓ કહી શકાય તેવા રવીન્દ્રનાથ ટાગોર અને શ્રી અરવિંદની કાવ્યપરંપરાનો ગહન અને તુલનાત્મક અભ્યાસ આ પુસ્તકમાં છે.

## ગીતા : જીવનની આચારસંહિતા

**મૃદુલા મારફતિયા – કિંમત : ₹ 180**

માનવજીવનનાં અનેક દ્વંદ્વોનો ઉકેલ ગીતામાંથી મળે છે, કુલ 58 લેખોમાં રોજિંદી જીવનશૈલીનાં ગૂઢ સમાધાનો આપીને, લેખકે શ્રીમદ્ ભગવદ્ગીતા આજેય પ્રસ્તુત છે, એ પુરવાર કર્યું છે.

## સ્ત્રીઓ મારી આસપાસ, જીવનના વિવિધ પડાવે

**લે. બકુલા ઘાસવાલા-દેસાઈ, કિંમત : ₹ 180**

વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપી ચૂકેલી ગુજરાતી મહિલાઓની અભિવંદના કરતું આ પુસ્તક મહિલાઓ માટે તો પ્રેરક છે જ, પુરુષો માટેય એમાં ઘણું પ્રેરણાત્મક છે.

### ગુજરાતી સાહિત્યરસિકો માટે અમદાવાદમાં ગ્રંથતીર્થ સમા અમારા ત્રણ શો-રૂમ

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ • 380 001
ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com

**સંસ્કાર સાહિત્યમંદિર**
5, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કૉલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે,
સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર,
• મદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
• મેલ : gurjarprakashan@gmail.com

છેલ્લા ૩૯ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧

ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦

ઈ-મેઈલ : kutchijainamd@gmail.com

વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી

મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)

દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**

દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**

શાંતિલાલ સંઘવી

**બાલુડેં જયું ગાલિયું**

ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**જાણવા જેવું, સુડોકુ અને શબ્દ રમત**

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

**– મુખ્યતંત્રી**

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ www.kutchijainahd.org ઉપરાંત 'અસાંજો કચ્છ'ની વેબસાઈટ www.asanjokutch.com પર વાંચી શકાય છે.**

# અનુક્રમણિકા

*લેખક　પાના નં.*

**તંત્રી લેખ :**

- તમારું બેંક બેલેન્સ કેટલું છે? ...... **અશોક મહેતા** ...... ૯
- આગામી કાર્યક્રમોની એક ઝલક ...... ૧૦
- કલામને સલામ : 'ઋષિતુલ્ય પૂર્વ રાષ્ટ્રપતિ'નો દેહ વિલય ...... **કેશુભાઈ દેસાઈ** .... ૧૧

**લેખ વિભાગ**

**સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે**

- દેશ તો આઝાદ થતાં થૈ ગયો. ...... **કેશુભાઈ દેસાઈ** .... ૧૩

**નવલકથા અંશ**

- સત્ય ...... **જયંત ગાડિત** .... ૧૪

**વિચાર વિમર્શ**

- રાષ્ટ્ર કેવી રીતે સમૃદ્ધ અને શક્તિશાળી બને? ...... **વિનોદ વામજા** .... ૧૭
- પ્રગતિની પહેલી શરત ...... **હરખચંદ સાવલા** .... ૧૯
- અવગણાયેલા મહામાનવો ...... **મુરજી ગડા** .... ૨૦

**ચિંતન**

- વ્યર્થતાનો અનુભવ અને જીવનની સાર્થકતા ...... **ભાણદેવ** .... ૨૩

**સાંસ્કૃતિક વારસો**

- મહાભારતના બે અંતિમો : ધૃતરાષ્ટ્ર અને યુધિષ્ઠિર ...... **રાસબિહારી મણીઆર** .... ૨૭

**સમાજની ક્ષિતિજો**

- નર-નારીના સંબંધો અને લગ્ન સંસ્થા : પ્રકરણ-૧૭ પત્નીઓના પાંચ પ્રકાર ...... **સ્વામી શ્રી સચ્ચિદાનંદજી** .... ૩૦
- મોતનો મલાજો ...... **પુષ્પા આર. વોરા, જ્યોતિકા અશોક મહેતા** .... ૩૩

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી મણિલાલ કુંવરજી ગોસર
ઘર : ૦૭૯-૨૬૭૫ ૨૧૨૨ મો. ૯૪૨૭૫ ૫૧૮૭૭

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## કચ્છ

● ગાંધી યુગે ભારત : સ્વાતંત્ર્ય સંગ્રામના સંદર્ભમાં — **આલેખક : કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી**
કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ : ૧૯૨૧- ૧૯૪૮ (પ્રકરણ-૫) ........ **સંપાદક : હરેશ ચ. ધોળકિયા** ..... ૩૪

## ઇતિહાસ

● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઈતિહાસ
(પ્રકરણ-૪૦). .................................................................. **પ્રતાપ નારાણજી દંડ** .... ૩૮

## વિદેશી વાનગી

● એલસા બાસ્કોલીટનું મૃત્યુ ................................................ **લેખક : હાઈનરીખ બ્યોલ**
**અનુ. મોહનલાલ પટેલ** .... ૪૦

## નિબંધ

● ઘર ......................................................................................... **ભોળાભાઈ પટેલ** .... ૪૩

## વાર્તા

● દુનિયા .................................................................................. **ધીરુબહેન પટેલ** .... ૪૫

## તંદુરસ્તી

● મા-બાપ તથા તરુણ સંતાન (Parenting) — ૩ ..... **ડૉ. મણિલાલ ગડા,** મનોચિકિત્સક ..... ૪૮
**ડૉ. દિપ્તી શાહ (ગડા),** મનોચિકિત્સક તથા બાળમનોચિકિત્સક

## હળવાશની ક્ષણોમાં

● બાલુડેં જ્યું ગાલિયું .................................. **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** .... ૫૦

## નિયમિત વિભાગો

● આંજો કાગર ................................................................................................ ૫૧
● અન્ય સંસ્થાઓના સમાચાર ........................................................................ ૫૩
● જાણવા જેવું ........................................................ **સંકલન : રજનીકાંત પારેખ** .... ૫૬
● *Nano Nine* શબ્દ રમત-૧૦૮ ................................ **સંકલન : રજનીકાંત પારેખ** .... ૫૭
● *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૬૪) ................. **સંકલન : રજનીકાંત પારેખ** .... ૫૯
● વલોવતન ................................................................. **સંકલન : દિનેશ આર. મહેતા** .... ૬૧
● સમાજ દર્પણ .............................................................................................. ૬૩
● સંસ્થા સમાચાર ........................................................................................... ૬૪
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ........................................ ૭૧
● ઊડતી નજરે ................................................................................................ ૭૨

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## તમારું બેંક બેલેન્સ કેટલું છે?

*— અશોક મહેતા*

તાજેતરમાં જ વર્તમાનપત્રમાં વાંચેલ એક લેખનું મથાળું હતું "તમારા ખાતામાં બેલેન્સ કેટલું છે?" વિગતે વાંચવાની શરૂઆત કરી તો લેખક મહાશયે નાણાંકીય બેંક બેલેન્સની વાત નહોતી કરી પરંતુ વિશ્વાસના બેલેન્સની વાત કરેલ હતી. જે તે વ્યક્તિના વિશ્વાસના બેલેન્સ પરથી જ તે વ્યક્તિનું માપ નીકળી શકે, તેના વ્યક્તિત્વનો ખ્યાલ આવી શકે, તેની ઊંચાઈનો અંદાજ આવી શકે.

સમાજમાં દરેક વ્યક્તિએ અનેક લોકો સાથે વ્યવહાર કરવાનો હોય છે. પરિવારજન, કુટુંબીઓ, મિત્ર વર્તુળ, વ્યાપારી વર્તુળ, જ્ઞાતિ સમુદાય કે સમાજ એમ દરેક ક્ષેત્રે તે સંકળાયેલો રહે છે. દરેક ક્ષેત્રની વ્યક્તિ તમારા વ્યવહાર થકી તમારા પર કેટલો વિશ્વાસ રાખે છે તેના પર તમારી વિશ્વસનીયતાનો આધાર રહે છે. માનવીય બચત આ દૃષ્ટિકોણથી જોવી જોઈએ. જે તે વ્યક્તિના ખાતામાં વિશ્વાસનું બેલેન્સ કેટલું જમા છે તેના પરથી જ તેના સાચા ચારિત્ર્યનો ખ્યાલ આવી શકે અને તેમાં પણ જાહેર કાર્યકરે તો આ પ્રકારના મોટાભાગના ક્ષેત્રે પોતાનો વિશ્વાસ ઊભો કરેલો હોવો જોઈએ. વિશ્વાસના બેલેન્સ વગરના કાર્યકરની કોઈ જ પ્રતિષ્ઠા રહેતી નથી, પછી તે ચાહે ગમે તેટલી મહેનત કરતો રહે.

સમાજના વિવિધ વિભાગોમાંનો એક વિભાગ એટલે સામાજિક ક્ષેત્ર. આજે આપણે ચર્ચા કરવી છે સામાજિક ક્ષેત્રના કાર્યકરના વિશ્વાસના બેલેન્સની અને તેના પરથી તેની મુલવણીનો અંદાજ મેળવવાની.

આપણે શરૂઆત કરીએ તેના **પરિવારથી**. તેનો પરિવાર તેનાથી સંતુષ્ટ રહેતો હોવો જોઈએ. પરિવારની કોઈ પણ વ્યક્તિ સાથેનો તેનો વ્યવહાર સાલસ હોવો જોઈએ. પરિવાર પ્રત્યે દિલ વિશાળ રહેવું જોઈએ. પરિવારને પ્રતિષ્ઠા અપાવવામાં તે સદૈવ જાગૃત રહેતો હોવો જોઈએ. પરિવારના સભ્યની કોઈ પણ મુશ્કેલી સામે તે તેની પડખે હોવો જોઈએ. બાળકોના ઉચ્ચ શિક્ષણની સાથે સંસ્કારિતા પાંગરે તેવા તેના પ્રયાસ હોવા જોઈએ. વયસ્કો પ્રત્યે કાળજીની ભાવના હોવી જોઈએ. પરિવારની ઝડપી પ્રગતિનો તે મશાલચી બની રહેતો હોવો જોઈએ. દરેક પરિવારજનને તેના પર અતૂટ વિશ્વાસ હોવો જોઈએ. વિશ્વાસની કમાણી અને બેલેન્સ ઘરથી થવાં જોઈએ.

**સ્વતંત્રતા પર્વની ઉજવણીના સૌને અભિનંદન**

*૧૫ ઓગસ્ટ, ૨૦૧૫ — એ ભારતના સ્વાતંત્ર્યનો ૬૯મો જન્મદિન છે. આ પ્રસંગે 'મંગલ મંદિર'ના વાચક વર્ગને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તથા તેના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'ની શુભ કામના!*

**કુટુંબીજનનો** એટલે કાકા, મામા, માસી વગેરેનો સમાવેશ આ વિભાગમાં થઈ શકે. દરેક કુટુંબી સાથેના સાલસ વ્યવહાર ઉપરાંત તેઓના પરિવારની પ્રગતિ થાય તેવો અભિગમ તેણે હંમેશાં દાખવવો જોઈએ. કુટુંબીજનની મુશ્કેલીમાં શક્ય સહકાર આપવાની કોશિશ કરતો રહેતો હોવો જોઈએ. કુટુંબીઓને તેના થકી સધિયારો મળતો રહેવો જોઈએ. દરેક કુટુંબીજન તેનાથી અભિમાન કેળવે તેવી પ્રતિષ્ઠા - વિશ્વાસ સંપન્ન કરેલ હોવાં જોઈએ.

**મિત્ર વર્તુળનો** તે હમદર્દ હોવો જોઈએ. આ વર્તુળ વચ્ચે નિખાલસતાનો વ્યવહાર હોવો જોઈએ. ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં પણ તેની પડખે ઊભા રહેવાની ભાવના અને તેનો અમલ કરતા રહેવું જોઈએ. મિત્રને તેના થકી ગર્વ ઊપજતો હોવો જોઈએ.

**વ્યાપાર** નીતિમત્તા અને પ્રામાણિકતાના ધોરણે વિકસાવેલો હોવો જોઈએ. કૂડ-કપટનું કોઈ પણ સ્થળે નામોનિશાન હોવું ના જોઈએ. સરકારી કરવેરાથી ખોટી રીતે બચવાના પ્રયાસો ના હોવા જોઈએ. વ્યાપારમાં ભેળસેળ, ચોરી વગેરેથી દૂર રહેવું જોઈએ. ગુણવત્તા પર જ સઘળું ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. મૌખિક સોદા પ્રત્યે વિપરીત પરિસ્થિતિમાં પણ પાછી પાની ના કરવી જોઈએ. વિપરીત સંજોગોમાં દેણું ના ભરાતું હોય તેવા કપરા સમયે પણ લેણદારનો વિશ્વાસ તમે ટકાવી શકો તેવો તમારો વ્યવહાર હોવો જોઈએ. આ ક્ષેત્રમાં જમા કરેલ વિશ્વાસનું બેલેન્સ તમારી પ્રતિષ્ઠામાં ચાર ચાંદ લગાવી દેશે.

*નીડરતાથી બોલેલું સત્ય સાચું પરિણામ લાવે છે.*

**જ્ઞાતિ કે જન સમુદાયનાં** કાર્યો સેવાની ભાવના થકી કરાતાં હોવાં જોઈએ – સમાજમાં મને પ્રતિષ્ઠા મળશે તે ભાવનાથી નહીં. દરેકને મદદ કરવાનું તેનું ધ્યેય હોવું જોઈએ. તેની કુનેહ થકી સામી વ્યક્તિનાં કામો ઉકેલાતાં પણ હોવાં જોઈએ. સામાજિક પ્રશ્નો પ્રત્યે હંમેશાં સજાગતા રાખતો હોવો જોઈએ. સમાજના પરિવારોની આર્થિક વિટંબણા ઓછી થાય તેવા તેના પ્રયાસો હોવા જોઈએ. શૈક્ષણિક, વૈદ્યકીય, સાંસ્કૃતિક વગેરે ક્ષેત્રે સમાજની નિરંતર પ્રગતિ થતી રહે તેવા કાર્યક્રમો તેણે આપતા રહેવું જોઈએ. તે સમાજના કોઈપણ પદે બેસીને વિનમ્ર અને વિવેકી બની રહેવો જોઈએ. શાસક નહીં પરંતુ સેવક તરીકેનો તેનો વ્યવહાર હોવો જોઈએ. કાર્યો પ્રત્યે પ્રામાણિકતા અને સજાગતા જરૂરી છે. વ્યવહાર પારદર્શક હોવો જોઈએ. સાથી કાર્યકરોનો વિશ્વાસ સંપાદિત રહે તેવા પ્રયાસ હોવા જોઈએ. સમાજમાં ગ્રૂપીઝમ, રાજકારણ, અંગત રાગદ્વેષ, બદલાની ભાવના વગેરે પેદા ના થાય તેવા તેના પ્રયાસ હોવા જોઈએ. સમાજની પ્રગતિનો મશાલચી બની રહેવો જોઈએ. સામાજિક અન્યાયો સામે તેનો અવાજ હંમેશાં બુલંદ હોવો જોઈએ. સમાજની એકેએક વ્યક્તિને તેના પર વિશ્વાસ હોવો જોઈએ. કોઈ પણ વ્યક્તિ વધુમાં વધુ વિશ્વાસ આ ક્ષેત્રથી મેળવીને તેના બેલેન્સનો ગ્રાફ વધારી શકે.

દરેક વ્યક્તિ પોતાની જાતની મુલવણી કરે અને તેણે પ્રાપ્ત કરેલ વિશ્વાસ અને તેના ખાતામાં રહેતા બેલેન્સનું વિશ્લેષણ કરે ત્યારે જ તેને ખ્યાલ આવશે કે તેનું આ ક્ષેત્રે બેંક બેલેન્સ કેટલું છે? તેણે સમાજનાં વિભિન્ન અંગો જોડે કરેલ વ્યવહારમાં તે કેટલો યોગ્ય છે? સમાજને પ્રગતિના પંથે લઈ જવામાં તેણે અન્યોનો વિશ્વાસ પ્રાપ્ત કરેલ છે કે નહીં? તેનાં કાર્યો થકી સમાજ પ્રગતિના પંથે આગેકદમ કરે છે કે નહીં? તેનામાં મૂકેલ વિશ્વાસ થકી સમાજની દરેક વ્યક્તિને ફાયદો થાય છે કે નહીં?

વિશ્વાસના બેંક બેલેન્સની મુલવણી દરેક વ્યક્તિએ અવાર-નવાર કરતા રહેવી જોઈએ. તે તેના અને સમાજ, એમ બંનેના હિતમાં છે.

વિદેશીઓની ગુલામીની જંજીરો તોડીને સાત દાયકાની લગોલગ આવેલી આઝાદીમાં આપણે કેટલા પરિપક્વ થયા છીએ તેની મુલવણી આ વિશ્વાસના બેલેન્સ થકી કરી શકીએ.


*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • મંગળવાર, તા. ૧૧-૮-૨૦૧૫ સવારે ૦૯.૦૦થી ૧૧.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તબીબી સેવા સમિતિ | નિઃશુલ્ક (BMD) બી.એમ.ડી. ટેસ્ટ કેમ્પ. હાડકાંની નબળાઈ વિશે. |
| • શનિવાર, તા. ૧૫-૮-૨૦૧૫ સવારે ૦૯.૦૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | સ્વાતંત્ર્ય દિન – ધ્વજવંદન કાર્યક્રમ. |
| • શનિવાર, તા. ૧૫-૮-૨૦૧૫ સવારે ૦૯.૩૦થી ૧૧.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | વયસ્ક સમિતિ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | દેશ ભક્તિનાં ગીતો પર અંતાક્ષરી અને તેના પર ક્વિઝ. |
| • રવિવાર, તા. ૨૭-૯-૨૦૧૫ સવારે ૦૯.૩૦થી | ટાગોર હોલ, પાલડી, અમદાવાદ | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | વાર્ષિક સ્નેહમિલન ક્ષમાપના કાર્યક્રમ તથા સ્વામિવાત્સલ્ય જમણ. |
| • રવિવાર, તા. ૨૭-૯-૨૦૧૫ સવારે ૧૦.૦૦થી | ટાગોર હોલ, પાલડી, અમદાવાદ | પુરસ્કાર સમિતિ તથા શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | સરસ્વતી સન્માન, વિવિધ હરીફાઈઓના વિજેતાઓ તથા વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર વ્યક્તિઓનું બહુમાન, વિજેતાઓ અને નિર્ણાયક સમિતિના સભ્યોને 'મંગલ મંદિર' સંબંધિત ઍવોર્ડ, પુરસ્કાર તથા ગીત - સંગીત નૃત્ય, નાટક (બાળકો - યુવાનો માટે) |

# કલામને સલામ :
# 'ઋષિતુલ્ય પૂર્વ રાષ્ટ્રપતિ'નો દેહ વિલય

*– કેશુભાઈ દેસાઈ*



ભારતના 'મિસાઈલ મેન'ના નામે જાણીતા પૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામ ઓચિંતા જ ખુદાની ખિદમતમાં ઊપડી ગયા છે. ભારતના મેધાવી રાષ્ટ્રપતિઓની નામાવલીમાં એક માત્ર સર્વપલ્લી રાધાકૃષ્ણનની જ સાથે સરખાવી શકાય એવા આ દંતકથારૂપ મહાપુરુષ પોતાને આજીવન શિક્ષક તરીકે ઓળખાવતા રહ્યા અને રાષ્ટ્રપતિપદની ગરિમાને વિદ્યાકીય રીતે અંતપર્યંત સક્રિય રહી વધુ ઉજમાળી કરતા ગયા. સાધારણ મુસ્લિમ પરિવારમાં ભારતના દખણાદા છેડે જન્મેલા આ અદના હિંદુસ્તાનીએ સ્વપુરુષાર્થથી ઊંચાં નિશાન સર કરી છેલ્લા શ્વાસ સુધી રાષ્ટ્રની નવી પેઢીને પ્રેરણાનાં પીયૂષ પિવડાવવાનો આદર્શ લક્ષ્યાંક સિદ્ધ કર્યો છે. એમનું મૃત્યુ પણ કેટલું મંગલમય છે! દૂર સુદૂર ઈશાન ભારતના મેઘાલયની ભૂમિ પર ઇંડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટનાં મેધાવી છાત્ર-છાત્રાઓને સંબોધતાં સંબોધતાં ઢળી પડેલા આ 'પ્રોફેસર' રાષ્ટ્રપતિએ જીવન અને મૃત્યુ – બેઉને ભરપૂર માણ્યાં ગણાશે. એમને સંપ્રદાયો કરતાં સર્વોચ્ચ ઈશ્વરીય સત્તા પ્રત્યે વિશેષ શ્રદ્ધા હતી. આખું જીવન એમણે એ પરમ સત્તાધીશને સમર્પિત કરી દીધું હતું. ચોર્યાશીમા વર્ષે પણ તેઓ સંપૂર્ણપણે સ્વસ્થ હતા. હજી ગયે મહિને જ તેઓ પૂ. પ્રમુખ સ્વામીનાં દર્શન કરવા પધાર્યા હતા. પ્રમુખ સ્વામી સાથેના અંતરંગ અનુભવોનું આલેખન કરીને એમણે વધુ એક આદર્શ રજૂ કર્યો હતો. દેશના સર્વોચ્ચ સત્તાસ્થાને રહી ચૂકેલા એક બિનહિંદુ રાષ્ટ્રપતિને પોતાના આચરણ દ્વારા વિશ્વમાં ધર્મક્ષેત્રે સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરનારા સંતનાં ચરણોમાં બેસવાનું ગમે, એ જ શું આશ્ચર્યકારક બાબત નથી? એનો એટલો જ અર્થ કે એપીજે અબ્દુલ કલામને ધર્મ કે સત્તાનાં કૂંડાળાંમાં પુરાઈ રહેવા કરતાં સત્ત્વશીલતાના ગુણાનુરાગી બની વિનમ્ર ભાવે અદના આદમીની હેસિયતથી જીવવું વધારે ગમતું હતું. છાપાનાં ફેરિયા તરીકે રામેશ્વરની ગલીઓમાં આંટા મારતો ગરીબ માછીમારનો દીકરો બચપણથી જ 'નિશાન ચૂક માફ, નહીં માફ નીચું નિશાન'વાળા સૂત્રને આત્મસાત્ કરીને જીવવાનું શીખ્યો હતો. પ્રાથમિક શાળામાં ભણતા ત્યારે – રામેશ્વરના દરિયા કિનારે ઊડતાં પક્ષીઓ જોઈને એમણે શિક્ષક સુબ્રમણ્યમને પૂછ્યું હતું : 'શું હું પણ ઊડી શકું ગુરુજી?' – અને ક્ષણનોય વિલંબ કર્યા વિના એમના વર્ગ શિક્ષકે જવાબ આપ્યો હતો : 'તું પણ ઊડી શકે દીકરા!' બસ, એટલી પ્રેરણા ગાંઠે બાંધીને એ નાનકડા છોકરાએ એનું ઉડ્ડયન શરૂ કર્યું હતું. વચ્ચે વિક્રમ સારાભાઈ જેવા વૈજ્ઞાનિક ગુરુજન મળ્યા. અબ્દુલ કલામ કોઈ પણ વિદેશી યુનિવર્સિટીમાં ભણ્યા વગર ભારતના 'મિસાઈલ મૅન' બની ગયા. એમણે પોખરણમાં અણુધડાકાનો કાર્યક્રમ પાર પાડીને હિંદુસ્તાનને વિશ્વનાં શક્તિશાળી રાષ્ટ્રોની લગોલગ મૂકી દીધું. એ સાચા અર્થમાં 'ભારતરત્ન' બની રહ્યા. રાષ્ટ્રપતિ તો પછી થયા. રાષ્ટ્રપતિ તરીકે એ જોજનો દૂર રહી માત્ર અને માત્ર દેશના 'કૉમન મૅન' સાથે અને ખાસ તો નવી પેઢી સાથે સંવાદ સાધતા રહ્યા. 'વિંગ્ઝ ઑફ ફાયર' જેવી આત્મકથા કે 'હમ હોંગે કામયાબ' જેવો તરુણો સાથેનો સંવાદ અને છેલ્લે પ્રમુખ સ્વામી મહારાજ સાથેની અનુભૂતિના આલેખન દ્વારા આ મહાન વિભૂતિએ એમના ઉત્કૃષ્ટ જીવન દર્શનની અલપઝલપ આકૃતિ કંડારી છે. ગુજરાત એમને મન બીજા વતન જેવું હતું. યુગપુરુષ બરની આ ઋષિતુલ્ય વિભૂતિની વિદાયવેળાએ એમની ઈચ્છા મુજબ વધુ કામ કરીને દેશનું નામ ઊજળું બનાવવાનો સંકલ્પ કરીએ. ■

*કલાકની ચિંતા ન કરો, તમે મિનિટોની ચિંતા કરો, મિનિટોને સાચવો.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## 'મંગલ મંદિર'ની જાહેરાતના માસિક દરો

| ક્રમ | ટાઈટલ | કલર | આખુ પાનું | અડધું પાનું | પા પાનું | અન્ય |
|---|---|---|---|---|---|---|
| ૧. | કવર પેઈજ નં.-૪ | મલ્ટી કલર | ૭,૦૦૦ | ૪,૫૦૦ | ૩,૦૦૦ | — |
| ૨. | કવર પેઈજ નં. ૨ તથા ૩ | મલ્ટી કલર | ૬,૦૦૦ | ૩,૫૦૦ | ૨,૫૦૦ | — |
| ૩. | કવર પેઈજ ૨ તથા ૩ની સામેનું પાનું | મલ્ટી કલર | ૫,૫૦૦ | ૩,૨૫૦ | ૨,૨૫૦ | — |
| ૪. | અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦ | ૩,૦૦૦ | ૨,૦૦૦ | — |
| ૫. | અંદરનું પાનું | સીંગલ કલર | ૪,૦૦૦ | ૨,૫૦૦ | ૧,૫૦૦ | — |
| ૬. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦ | ૧,૫૦૦ | ૧,૦૦૦ | — |
| ૭. | ટચુકડી જાહેર ખબર ૧ કોલમ x ૫ સે.મી. | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦ |
| ૮. | સાદા પાનાની નીચે ૧ ઈંચની પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૩૫૦ |

**નોંધ :** ૧. એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૨. એક સાથે **૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૩. એક સાથે **૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.

*"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"ના નામનો ચેક* ***(Payable at AHMEDABAD)*** */ ડ્રાફ્ટ મોકલાવવા વિનંતી.*

**નોંધ : જાહેરાતની સાઈઝ**

(૧) ફુલ પેજ : ૧૮.૦ x ૨૩.૬ સે.મી. (૨) હાફ પેજ : ૧૮.૦ x ૧૧.૬ સે.મી.
(૩) ૧/૪ પેજ : ૯.૦ x ૧૧.૬ સે.મી. (૪) બોટમ પટ્ટી : ૧૮.૦ x ૨.૫૪ સે.મી.

## "મંગલ મંદિર" : લવાજમનાં દરો

૧ વર્ષના : રૂા. ૧૫૦/- ૫ વર્ષના : રૂા. ૬૦૦/-
૩ વર્ષના : રૂા. ૪૦૦/- આજીવન (૧૫ વર્ષના) : રૂા. ૧,૫૦૦/-

## • વાંચન અભિયાન •

## પુસ્તક લાઈબ્રેરીનો અચૂક લાભ લેશો

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શ્રી કચ્છી જૈન ભવન - પાલડી સ્થિત પુસ્તક લાઈબ્રેરીમાં હાલે ૭૦૦થી વધુ નવાં પુસ્તકોનો ઉમેરો કરતાં પુસ્તકોની કુલ્લ સંખ્યા ૨૫૬૦ જેવી થઈ છે અને તે કારણે પુસ્તક વાંચન કરનાર ગ્રાહકોની સંખ્યામાં પણ વધારો થતાં હાલે ૨૬૦ વ્યક્તિઓ તેનો નિયમિત રીતે લાભ લઈ રહ્યા છે. આપશ્રી આ વાંચન - અભિયાનમાં જોડાવ તેવો ખાસ આગ્રહ છે. અન્ય વિગત માટે લાઈબ્રેરિયનનો ફોન નંબર : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨ અને ૨૬૫૮ ૧૫૦૧ પર સંપર્ક કરશો.

★ કુલ ૨૫૬૦માંથી બાળ વિભાગના પુસ્તકો સાથે અંગ્રેજી ભાષાના પુસ્તકો ........................ ૧૬૦
★ બાળ વિભાગના ગુજરાતી પુસ્તકો ........................................................ ૧૫૦
★ અન્ય ગુજરાતી વિવિધ પ્રકારના પુસ્તકો ................................................ ૨૨૫૦

*આ સિવાય, સંખ્યાબંધ મેગેઝિન અને વર્તમાનપત્રો સાથે ઉપરના જ સ્થળે વાંચનાલયની સગવડ છે જેનો પણ કોઈપણ વ્યક્તિ લાભ લઈ શકે છે.*

# દેશ તો આઝાદ થાતાં થૈ ગયો—

• કેશુભાઈ દેસાઈ •

વિશ્વમાં અનોખી રીતે મેળવેલી આઝાદીના નામે આપણે ગૌરવ લેતા રહ્યા છીએ. કવિઓએ પ્રશસ્તિ કાવ્યો લખ્યાં, લોહીનું ટીપું પણ પાડ્યા વગર આઝાદી મળી ગઈ એ મતલબની અતિશયોક્તિપૂર્ણ રજૂઆતો થતી રહી. પરંતુ જેના નામે આઝાદીને ઉધારી દેવામાં આવી એ મૂઠી હાડકાંના યુગપુરુષને આવી આઝાદી નહોતી ખપતી, કારણકે એ પોતાની પાંખમાં ઘાલીને લાખો નિર્દોષ નાગરિકોની લાશો લઈ આવી હતી. સદીઓથી સાથે રહેવા ટેવાયેલા હિંદુ - મુસલમાન પાડોશીઓ રાતોરાત એકમેકના કટ્ટર દુશ્મન બની ગયા, એકમેકના લોહીના તરસ્યા બની ગયા. એટલે જે આઝાદીની કલ્પના મોહનદાસ કરમચંદ ગાંધીમાંથી મહાત્મા ગાંધી કે 'બાપુ' બનેલા મહાપુરુષે કરેલી એથી તદ્દન ઊલટું પરિણામ આવીને ઊભું રહ્યું ત્યારે એ અહિંસા અને શાંતિના ફિરસ્તાને ખુદ પોતાનું જીવવું નિરર્થક લાગવા માંડ્યું હતું. નવી દિલ્હીમાં ઐતિહાસિક લાલ કિલ્લા પરથી પ્રથમ વાર ત્રિરંગો ફરકાવાઈ રહ્યો હતો તે વખતે 'રાષ્ટ્રપિતા' કલકત્તા અને નોઆખલીની કોમી આગ ઠારવા રઝળપાટ કરી રહ્યા હતા. એમને આઝાદી મળ્યાનો કોઈ હરખ નહોતો.

કવિ ઉમાશંકર જોશી ગાંધીરંગે રંગાયેલા શ્રેષ્ઠ ગુજરાતી સર્જક છે. એમણે આઝાદી સંદર્ભે કરેલી લાક્ષણિક ટકોર કેટલું બધું કહી જાય છે!

*'દેશ તો આઝાદ થાતાં થૈ ગયો—*
*તેં શું કર્યું?'*

—પ્રશ્ન હાડ સોંસરવો ઊતરી જાય એવો છે. આઝાદી માટે અનેક વ્યક્તિઓએ અનેક જાતના પ્રયાસો કર્યા. કોઈએ હિંસક ક્રાંતિના માર્ગે ચાલવાની સ્વીકાર્યું અને કોઈએ ગાંધીચીંધ્યા સત્યાગ્રહનો રસ્તો પકડ્યો. બેઉ માર્ગોનું અંતિમ ગંતવ્ય તો આઝાદી જ હતી.

આજે એ આઝાદીને અડસઠ વર્ષ પૂરાં થાય છે. ફરી પાછો એ જ સવાલ : તેં શું કર્યું?

'આઝાદી મળશે ત્યારે આ પીંઢારાઓનો મુલક અંદરોઅંદર પીંખાઈ જશે.' ચર્ચિલે ભાખેલી ભવિષ્યવાણી પૂરેપૂરી નહીં તો આંશિક રીતે પણ સાચી ઠરી રહી હોય એમ નથી લાગતું? લોકશાહીને આપણા નેતાઓએ ટોળાશાહીમાં ફેરવી દઈ જિલ્લે જિલ્લે નવાં રજવાડાં ઊભાં કરી દીધાં છે. ચૂંટણી જીતવા માટે હલકામાં હલકી રીતરસમો અજમાવાતી રહી છે. ક્યારેક સિદ્ધાંતવાદી અને સેવાભાવી આગેવાનો પણ હતા — એવું કહીએ તો નવી પેઢીને એ વાત ગળે ઊતરશે ખરી? મજૂર નેતા ગુલઝારીલાલ નંદા કે મહાગુજરાત ચળવળના સૂત્રધાર ઈંદુલાલ યાજ્ઞિક જેવી ફકીરી આજે દીવો લઈને શોધવા જતાં પણ જડશે ખરી?

કૌભાંડોની ભરમાર વચ્ચે ઓગણસિત્તેરમું સ્વાતંત્ર્ય પર્વ ઊજવાઈ રહ્યું છે ત્યારે આપણા લોકપ્રિય નેતાઓની સલામતી પાછળ કરોડોનો ધુમાડો કરવો પડે છે. દિલ્હીના આકાશમાં ચકલું પણ ન ફરકે એની તકેદારી રાખવી પડે છે. જે દેશના રાષ્ટ્રપિતાએ તત્કાલીન પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ અને નાયબ વડાપ્રધાન તથા ગૃહપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલના આગ્રહ છતાં સુરક્ષા ન સ્વીકારીને ઈશ્વરની મરજી લેખે શહીદી વહોરી હતી તે દેશનો એક સામાન્ય રાજકીય આગેવાન પણ બંદૂકધારીઓથી ઘેરાઈને ફરે છે અને પાછો એનું ગૌરવ અનુભવે છે!

વિશ્વસત્તા બનવા ભણીની આપણી કૂચ અવશ્ય આવકારદાયક છે, પરંતુ એ ઉંદર દોડમાં આપણે મૂલ્યોને કોરાણે મૂકીએ તે કેટલું ઉચિત છે? આટલાં વર્ષો પછી આપણે એક 'રાષ્ટ્રભાષા' નથી વિકસાવી શક્યા, તે જ આપણી રાજકીય નાદારીનું દ્યોતક નથી?

મહાત્મા ગાંધી માટે આઝાદી કરતાં વધુ મહત્ત્વનું 'જીવન' હતું. એથી એમણે 'સત્યના પ્રયોગો' આદર્યા હતા. એમણે રચનાત્મક પ્રવૃત્તિઓનો મહિમા કર્યો હતો. શ્રમ સાથેની કેળવણીનો આદર્શ રજૂ કરતી ગુજરાત વિદ્યાપીઠ શરૂ કરી હતી અને તત્કાલીન રૂઢિચુસ્ત સમાજને આંચકો આપીને એક સફાઈ કામદાર પરિવારને સાબરમતી આશ્રમમાં આશ્રય આપ્યો હતો. દારૂબંધી અને અસ્પૃશ્યતા નિવારણ જેવા કાર્યક્રમો ગાંધીજીને મન આઝાદી કરતાં વિશેષ મહત્ત્વ ધરાવતા હતા.

એ જ અરસામાં કોઈ અંગ્રેજ પત્રકારે એમને પૂછ્યું હતું : 'મિ. ગાંધી, તમારી દૃષ્ટિએ આ દેશની સૌથી મોટી સમસ્યા કઈ?' ગાંધીજીએ ક્ષણનોય વિલંબ કર્યા વગર કહ્યુ હતું : 'ભણેલાંઓની હૃદયશૂન્યતા.'

—એમની દૂરંદેશીનું આ પ્રમાણ છે. આજે 'ભણેલા' ભારતીયો પોતાના દેશવાસીઓ પ્રત્યે કેટલા સંવેદનશીલ રહ્યા છે, તે કહેવાની જરૂર ખરી?

**सबको सन्मति दे भगवान!**

*૧૩, ઐશ્વર્ય-૧, પ્લૉટ-૧૩૨,*
*સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨ ૦૨૧.*
*મો. ૯૮૭૯૫૪૩૧૩૨*

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES

JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

# સત્ય

• જયંત ગાડિત •

અંધકાર ભેદી સૂર્યને પૃથ્વી પર આવવાને હજી થોડી વાર હતી. ત્યારે ઇંગ્લેન્ડથી નીકળેલી એસ. અરબિયા સ્ટીમર ૧૯૧૫ની ૯ જાન્યુઆરીના રોજ અરબી સમુદ્રનાં સ્થિર જળને ધકેલતી મુંબઈના ઍપોલો બંદરની નજીક સરકી રહેલી.

ધુમ્મસમાં ઢંકાયેલો ભારતનો કિનારો જોયા વગર જ મોહનદાસ થોડી વારમાં કેબિનમાં પાછા ફર્યા ત્યારે કસ્તુરબાઈ પ્રાતઃકાળની પ્રાર્થના માટે પ્રવૃત્ત બની ગયેલી. એણે જોયું : મોહનદાસનો ચહેરો માત્ર ગંભીર નથી, ગુસ્સાથી ખરડાયેલો પણ છે. મોહનદાસ એણે પાથરેલા આસન પર બેસી ગયા. કસ્તુરબાઈને ખબર ન હતી કે આજે મોહનદાસ પ્રાર્થનામાં શું ગાશે? ત્યાં એમણે શરૂ કર્યું.

*'હરિનો મારગ છે શૂરાનો,*
*નહીં કાયરનું કામ જો ને*
*પરથમ પહેલું મસ્તક મૂકી,*
*વળતી લેવું નામ જો ને.'*

મોહનદાસની સાથે કસ્તુરબાઈ પણ પ્રાર્થના ગણગણતી હતી, પરંતુ એનું મન સતત હરિલાલમાં ખોવાયેલું રહ્યું. એ અમને બંદર પર લેવા આવશે તો ખરો ને? બાપ જેવો ટંકણખાર છે. ઇંગ્લેન્ડ જવા દીધો હોત તો અત્યારે બેરિસ્ટર બની ગયો હોત. ન મોકલ્યો એમાં જ વાંકું પડ્યું એને. બેરિસ્ટર થઈ એણે મદદ કરી હોત. હું જાણું છું એને. આફ્રિકામાં બાપની જોડે જ કારાવાસ ભોગવ્યો એણે. કોણ જાણે અંગ્રેજી કેળવણીની આટલી સૂગ એમનામાં ક્યાંથી ભરાણી છે? બધા પ્રયોગ પોતાના પર કરે. ભલે મારા પર પણ કરે. મેં ક્યારે ના પાડી છે? પણ છોકરાઉંને પણ પોતાના રીતે ચલાવવાના? હું કહું એમ કરો, હું જ સાચો. પણ એમને સાચું લાગે તે બધાને સાચું લાગવું જ જોઈએ એવો કાંઈ નિયમ છે? ભલે ને વિદેશી ડિગ્રી લેતો. એમણે ક્યાં નથી લીધી? ચંચીનો મોહ તો જુવાનીમાં પણ હોય. એમને ક્યાં નો'તો?

મોહનદાસના મોઢામાંથી બીજું ભજન સર્યું :

*'ત્યાગ ન ટકે રે વૈરાગ વિના,*
*કરીએ કોટિ ઉપાય જી*
*અંતર ઊંડી ઈચ્છા રહે,*
*તે કેમ કરીને તજાય જી.'*

અને છેલ્લે ગીતાના શ્લોકથી પ્રાર્થના પૂરી કરી :

'કાચબો સર્વ કોરથી અંગો સમેટી લે તેમ એ પુરુષ જ્યારે ઇન્દ્રિયોને તેમના વિષયમાંથી સમેટી લે છે ત્યારે તેની બુદ્ધિ સ્થિર થઈ છે એમ કહેવાય.'

બે મિનિટ સુધી મોહનદાસ આંખો મીંચીને ટટ્ટાર ને સ્થિર બેસી રહ્યા.

મોહનદાસે બંદર પર ઊતરી તરત પોસ્ટ કરવાના બે પત્રો લખ્યા. એક જર્મન હોવાને લીધે પરવાનગી ન મળવાથી સાથે ભારત ન આવી શકેલા ફિનિક્સ આશ્રમના સાથીદાર અને મિત્ર કેલનબૅકને અને બીજો રવીન્દ્રનાથ ટાગોરના શાંતિનિકેતનમાં વસવાટ કરી રહેલા અને એમની પહેલાં આફ્રિકાથી સીધા ભારત પહોંચી ગયેલા ફિનિક્સ આશ્રમના ત્રીસેક વસાહતીઓને સાચવતા પોતાના ભત્રીજા મગનલાલ ગાંધીને.

કસ્તુરબાઈ પત્ર લખતા મોહનદાસના ચહેરાને જોતી ક્યાંય સુધી ગડમથલમાં પડેલી. પણ આખરે મનમાં ઘોળાતા વિચારને એ કહી બેઠી, 'હરિલાલ બંદર પર આપણને લેવા જરૂર આવ્યો હશે.'

'મને ખબર છે, આજે સવારથી તું હરિલાલનો જ વિચાર કરે છે.'

'દીકરો છે, રિસાયેલો છે. એટલે એ મનમાં વધારે આવે એમાં શું ખોટું છે? મારે દેશમાં જઈ પહેલું કામ તમારું બાપદીકરાનું સમાધાન કરાવવાનું છે. મને વચન આપો કે હવે તમે એને તમારી પાસે જ રાખશો.'

'હું તો સૌની સાથે સમાધાન કરવામાં માનું છું. પણ એણે ક્યાં કરવું છે?'

'સમાધાનમાં બેય પક્ષે નમતું જોખવું પડે.'

'મારે ક્યાં નમતું જોખવાનું છે?'

હું એને સમજાવીશ મારી રીતે. પણ તમે એના પર વધારે કઠોર ન થશો. એ તમારા જેવો મજબૂત નથી.'

'મન હોય તો માળવે જવાય. એ ધારે તો મારાથી સવાયો મજબૂત બની શકે. મગનલાલનો દાખલો તારી સામે છે. અત્યારે મને વધારેમાં વધારે એ સમજ્યો છે. હું શું કરું? હરિલાલને જગતનાં સુખ ભોગવવાં છે. એને વિદેશી કેળવણી લેવી છે, વકીલ બનવું છે, પૈસા કમાવા છે, નામના મેળવવી છે. હું એ બધા મોહ છોડીને બેઠો છું. એનો ને મારો મેળ પડે?'

'તમેય બધું ભોગવ્યું છે. એનેય ભોગવવા દો. આખરે તમારી જેમ એને સમજાશે ત્યારે છોડશે.'

મોહનદાસના મોં પર ગુસ્સાથી મિશ્રિત સ્મિત ઊપસી આવ્યું.

'હું ખાડામાં પડ્યો ને એમાંથી બહાર નીકળ્યો. હવે એને કહું કે પહેલા તું ખાડામાં પડ, પછી બહાર નીકળ. આવી શિખામણ આપવાનું કહો છો?

'અનુભવે માણસ શીખે.'

'તો એને કહો, અનુભવ લઈ લે, પછી મારી પાસે આવે. મારી સાથે રહેવું હોય તો હું કહું તેમ કરવું પડે. તું રહે છે ને? પણ હજી તારો છોકરાઓ પરનો, એમાંય હરિલાલ પરનો મોહ છૂટ્યો નથી.'

*તમે સતત બદલાઓ છો, માટે તમારી જાતને સતત જોયા કરો. શાંત મન જાતને બરાબર જોઈ શકે છે.*

'હું સમજું છું તમે બધાથી જુદા છો. પણ શું કરું? હું તમારા સુધી નથી પહોંચી શકતી.'

'મારો હાથ પકડ. હરિલાલને કહે, મારો હાથ પકડે. મારી સાથે ચાલવાથી એને જે સુખ મળશે તે સંસારનાં સુખ ભોગવવાથી નહીં મળે.'

એકાએક મોહનદાસની વાણીમાંથી પિતાની લાગણીનો સૂર કસ્તુરબાઈને સંભળાવા લાગ્યો.

'તને કેમ સમજાવું, કસ્તુર! મારે એની કેટલી જરૂર છે! મારા મનમાં અનેક કામ કરવાના વિચારો ઊભરાય છે. એ માટે અનેક માણસોની જરૂર પડશે. હરિલાલમાં ઘણું એવું છે જે મગનલાલ કે મણિલાલ કોઈનામાં નથી. મારે એને મારી પાસે રાખવો છે. મારા એકેએક કામમાં સહભાગી થઈ શકે એવો તે જ છે. જેને આધારે હું સુખની નિદ્રામાં સૂઈ શકું. એ મારો શ્વાસ અને પ્રાણ બની શકે, જેના પ્રત્યેક હલનચલનમાં હું મારી છાયા નિહાળી શકું. એ મનુષ્ય હરિલાલ હોય તો એનાથી બીજો સોનેરી અવસર કયો હોઈ શકે? મારે હરિલાલની જરૂર છે. એને મારી હોય એનાથી ઘણી વધારે. મને હરિલાલ મેળવી આપ, કસ્તુર.'

હું કોને સમજાવું? કસ્તુરબાઈ મનમાં મૂંઝાતી હતી.

સ્ટીમરના કપ્તાને સમાચાર મોકલ્યા હતા કે એક લોંચ સાડા છ વાગે ઍપોલો બંદર પરથી મિ. ગાંધીને લેવા માટે આવશે.

'ગોખલેજીએ તમારા સ્વાગતની ભારે તૈયારી કરી લાગે છે.' કસ્તુરબાઈના ચહેરા પર સભરતાની લાગણી ઊપસી આવી. એ લાગણીએ હરિલાલને પાછળ ધકેલી દીધો.

સ્વાગત કરવા આવેલ વ્યક્તિઓ સાથે મોહનદાસે સ્ફુર્તિથી અને હસતી આંખે હસ્તધનૂન કર્યું.

પણ એકાએક કસ્તુરબાઈનું મન બીજી દિશામાં વળી ગયું. એક ઊંચો એકવડા બાંધાનો, ગૌર ચામડીવાળો, નાકે - આંખે નમણો ને ગમે તેની આંખોને મોહી લે એવો યુવાન એને ચરણે પડ્યો. ઊભો થઈ પછી એ મોહનદાસને પગે પડવા જતો હતો ત્યાં એને બે બાવડેથી જકડી મોહનદાસે એની આંખોમાં મોહક સ્મિત કરતાં ત્રાટક કર્યું. 'તારી મા બહુ ચિંતા કરે છે. મારે નિરાંતે તારી સાથે વાત કરવી છે.' અને મોહનદાસ હરિલાલને બાજુએ ખસેડી એમને મળવા ઉત્સુક અનેક ચહેરાઓની અંદર ભળી ગયા. કસ્તુરબાઈ પણ ઉતાવળે ચાલતાં, હરિલાલની સામે જોતાં મોહનદાસની પાછળ ઘસડાયા.

પુષ્પોના હાર ઉપર હાર હરિલાલ દૂરથી ઊભો-ઊભો પોતાના મહાન બનેલા પિતાને જોઈ કોઈ અસ્પષ્ટ મૂંઝવણ અનુભવી રહ્યો. આ માણસને જોઈ કોણ કહે કે એ ઈંગ્લેન્ડમાં બેરિસ્ટર બની આવ્યો છે, આફ્રિકામાં ધીકતી વકીલાત કરી ચૂક્યો છે. અને અત્યારે? કુટુંબ, વકીલાત, સંપત્તિ, સુખસગવડ...દિવસે દિવસે ન સમજાય એવા ઝનૂનથી સૌને ગમે એવા આનંદોને છોડીને, પોતાની સાથેનાંને એ છોડાવી કયા આનંદની પાછળ પડ્યો છે? જેના અંગેઅંગના સ્પર્શને અનુભવ્યો છે એવો આ માણસ મને કેમ સમજાતો નથી? મન વળી વળીને એમની પાછળ દોડવા કેમ ઉત્સુક નથી બનતું? મારે એમની સાથે રહેવું છે, એમની પાછળ જવું છે, પણ મને ચંચી ખેંચે છે. મને રાજકોટનું મેડીબંધ ઘર ખેંચે છે. મારે બેરિસ્ટર બનવું છે, મુંબઈમાં ધીકતી વકીલાત કરવી છે. બ્રહ્મચર્ય, સાદાઈ, અપરિગ્રહ! ના, બાપુ, મારે શું કરવું? મારે તમને સાથે આપવો છે.

કોઈએ હરિલાલને ખભે હાથ મૂકી ચોંકાવ્યો. 'તારા બાપુ આગલી મોટરમાં ગયા. તારે મારી સાથે સીધા રેવાકાકાના બંગલે આવવાનું છે.'

પૅડર રોડ પર નરોત્તમ મોરારજી ગોકળદાસને બંગલે રાત્રે આંખો મીંચીને પડેલા મોહનદાસની દબાવી રાખેલી અકળામણ, એમનું માથું દાબતી કસ્તુરબાઈ પાસે નીકળી ગઈ, 'કસ્તુર', મને આફ્રિકાના અભણ મજૂરો આ મુંબઈના લોકો કરતાં વધારે આત્મીય અને પોતાના લાગતા. દરેક મને માન આપવાની હરીફાઈમાં ઉતર્યું હોય એમ લાગે છે. એકે માણસ એવો ન દેખાયો જેના પર વિશ્વાસ બેસે કે આ માણસને જેલમાં જવાનું કહું તો તૈયાર થઈ જાય. સાદાઈથી રહેવાનું કહું તો એ રીતે રહેવા માની જાય.'

મોહનદાસનું મન તો શાંત પડી નિદ્રામાં પડ્યું. પરંતુ કસ્તુરબાઈને ક્યાંય સુધી આંખમાં ઊંઘ ન હતી. સવારે એક દોઢ કલાકની મોહનદાસ - હરિલાલ વચ્ચેની વાત સતત મનમાં ઘૂમ્યા કરતી હતી. એ ન તો મોહનદાસને કંઈ કહી શકતી, ન હરિલાલને. આમને કેમ સમજાવું કે ભલે ને એની રીતે રહેતો. બહારથી થાય એટલી મદદ કરે એટલે હાઉં. મોટા દીકરાને આટલું બધું દાઢમાં બોલાતું હશે? 'ખેલ્યા કરો મરજીમાં આવે તેમ. અક્કલ ઠેકાણે આવે ત્યારે ચાલ્યા આવજો. મોહનદાસના બારણાં હંમેશાં ખુલ્લાં રહેશે. મારી સાથે રહેવું હોય તો મારી રીતે રહેવું પડશે.'

હરિલાલ એવો જ આકરો. 'તમારે અમને ગુલામ બનાવવા છે.' આવું તે બોલાતું હશે? મારી પાસે કેવી શાંતિથી વાત કરતો હતો! 'મારેય બાપુની જેમ દેશની સેવા કરવી છે, બા. પણ આ બ્રહ્મચર્યની વાત તો સાવ ધતિંગ છે. બાપુ બધા શ્રીમંતો સાથે વહેવાર તો રાખે છે. આ રેવાકાકા દેશસેવાના કામમાં મદદ કરે જ છે ને? શ્રીમંત બનવામાં કયું પાપ થઈ જવાનું?'

બેય પોતપોતાનું ખેંચ્યા કરે. આખો દિવસ કસ્તુરબાઈ મોહનદાસ સાથે ઠેકઠેકાણે ફરતી હતી ત્યારે થોડીક પણ એકાંતની પળ મોહનદાસને મળતી ત્યારે એમનું મોં કસ્તુરબાઈના કાન પાસે ઝૂકતું, 'મારો દીકરો જ મને નથી સમજતો. બીજાં મને ક્યાંથી સમજે?' બાપ દીકરામાંથી એકે સમજે છે કે મને શું થાય છે? પછી કસ્તુરબાઈની આંખો ક્યાંય સુધી ભીંજાયેલી રહી.

સવારે મોહનદાસ હરિલાલનો વિચાર કરતા ઊઠ્યા. રાત્રે પણ ઉંઘ ઉડી જતી ત્યારે હરિલાલનું વાક્ય એમને યાદ આવ્યા કરતું,

*રાજા હોય કે મજૂર, જેને પોતાના ઘરમાં શાંતિ પ્રાપ્ત થાય તે દુનિયાનો સુખી માણસ.*

'તમારે અમને ગુલામ બનાવવા છે.' મન બેચેન બની જતું. હરિલાલ, હરિલાલ મારા મનમાંથી ખસતો નથી. મારે એને છોડી દેવો જોઈએ. હું એને કેમ છોડી શકતો નથી? મારે એને છોડી દેવો જોઈએ. મારો દીકરો મારી સાથે રહે, મારે માર્ગે ચાલે, મારો જમણો હાથ બને - આ આસક્તિ નથી? મારો દીકરો છે એટલે એને છોડી શકતો નથી. એણે મારા વિચારો અપનાવવા જોઈએ એ મોહ નથી?

'ઈચ્છા અને દ્વેષથી ઉત્પન્ન થયેલ સુખદુઃખાદિ દ્વંદ્વના મોહે કરીને પ્રાણીમાત્ર આ જગતમાં ભુલાવામાં રહે છે.'

હું ભુલાવામાં પડ્યો છું. મારે પુત્રમોહમાંથી બહાર નીકળી જવું જોઈએ. હે ઈશ્વર!

મોહનદાસ ગોખલેને મળવા ગયા ત્યારે કસ્તુરબાઈએ રેવાશંકરના બંગલામાં બે કલાક હરિલાલ સાથે માથાફોડ કરી એને પોતાની સાથે જ રહેવા સમજાવેલો.

'આફ્રિકામાં તું તારા બાપા સાથે સત્યાગ્રહમાં જોડાયેલો ત્યારે તને ખબર છે, મને એક ધરપત હતી. એમને ગમે તેવા જોખમમાં કૂદી પડતાં વાર નહીં. હવે એમની ઉંમર વધતી ચાલી. તમે બાપદીકરો સાથે હો તો અહીં પણ મને ત્યાંના જેવી ધરપત રહે.'

હરિલાલ નાસીપાસ હાલતમાં હતો. બે વખત મેટ્રિકમાં નાપાસ થયા પછી હવે આગળ ભણવાની હોંશ તૂટી ગઈ હતી. શું કરવું એના વિચાર એને ચારેબાજુથી મૂંઝવતા હતા. બાપુ સાથે દેશસેવામાં ઝંપલાવવા એનું મન ફરી પાછું ઉત્સુક હતું. મોહનદાસ અને કસ્તુરબાઈનાં થયેલા સન્માન જોઈ એ ઉત્સુકતા વધી હતી. પણ એમના સિદ્ધાંતો, સિદ્ધાંતપાલન માટેનું અક્કડ વલણ એને અંદર ને અંદર ગુંગળાવતાં હતાં. કસ્તુરબાઈની ચિંતા જોઈ એમનું મન પિતા તરફ વળવા પ્રેરાતું હતું. પરંતુ ગુલાબ, સંસારના સુખચેન, આનંદપ્રમાદ બીજી દિશામાં ખેંચતાં હતાં. પણ થોડો વખત કસ્તુરબાઈની લાગણીમાં એ ખેંચાઈ ગયો. મોહનદાસ સાથે રહેવાની એણે હા પાડી એટલે કસ્તુરબાઈ પ્રસન્ન બની ગઈ. મોહનદાસ આવ્યા એટલે હરખભેર વધામણી આપી. 'હરિલાલ હવે આપણો થઈ ગયો.'

મોહનદાસે ગંભીર આંખે હરિલાલ સામે જોયું. 'ચંચીનો મોહ છોડવો પડશે. દુનિયાનાં સુખ બાજુએ મૂકવાં પડશે. અંગ્રેજી કેળવણીનું ભૂત મનમાંથી કાઢવું પડશે.'

'તમારે મને ગુલામ બનાવવો છે ને? બનીશ. મારી બા ખાતર તમારો ગુલામ બનીશ.' અને મોહનદાસે તીવ્ર અણગમાથી પોતાનું મોં હરિલાલ તરફથી ફેરવી લીધું. એ જોઈ કસ્તુરબાઈની આંખો ભયથી ગભરાવા માંડી.

સામાન બાંધવામાં, પરિચિતોની આવનજાવન અને વિદાય, મોહનદાસનું દોઢેક કલાક ચાલેલું પત્રાલેખન, એ દોડધામની વચ્ચે કસ્તુરબાઈએ મૂંગી ચિંતામાં સતત સમય પસાર કર્યો, મોહનદાસ પાસે મોં ખોલવા પ્રયત્ન કર્યો, પરંતુ તે વ્યસ્તતાની વચ્ચે આંખ ઊંચી કરી જાણે કહેતા હતા કે કસ્તુરબાઈને શું કહેવું છે તે પોતે જાણે છે. પણ કંઈ બોલ્યા વગર એ પોતાનું કામ કરતા રહ્યા. રાત્રે ગાડી ચાલુ થઈ ત્યારે પતિ - પત્ની વચ્ચે ચાલતો એ મૂક સંવાદ મોહનદાસના એક વાક્ય સાથે પૂરો થયો, 'હું હજી એને વિશેની આશા છોડવાનો નથી. પણ મને આશા નથી કે એ મને ઉપયોગી થાય.'

થોડે દૂર બેઠેલો હરિલાલ જાણે કસ્તુરબાઈને કહેતો હતો, 'મને ગૂંગળાવી મારવામાં તને શું સુખ મળશે, બા?'

રાજકોટ પહોંચ્યા ત્યાં સુધી મોહનદાસ અને હરિલાલ એકમેક સાથે બોલ્યા નહીં. પણ મોહનદાસની આંખોમાંથી ભોંકાતા કટાક્ષ, ચહેરા પર આવતી કરડાકી હરિલાલને મોહનદાસથી દૂર ને દૂર ખસેડતાં ગયાં. કસ્તુરબાઈ અશ્રુપૂર્ણ આંખે ભગવાનને શરણે જઈ મનમાં ને મનમાં શાંત થવા મથી રહી. 'તારું જ ધાર્યું થાય છે બધું. આ હરિલાલની સાથે એમનું ગોઠવાઈ જાય. બસ, મારે દુનિયાનું કોઈ સુખ નથી જોઈતું.'

કસ્તુરબાઈને સાડલાના છેડાથી આંખો લૂછતી જોઈ મોહનદાસ અંદર ને અંદર ઊતરતા ગયા. 'મારે હરિલાલના મોહમાંથી બહાર આવવું રહ્યું. મારો ક્રોધ મોહમાંથી જન્મ્યો છે. હે ઈશ્વર, તું મને મોહમાંથી બચાવી લે.'

કલકત્તામાં હંમેશ માટે હરિલાલે પિતાનો સાથ છોડી દીધો. 'બાપુ, હું હવે કલકત્તામાં રહીને ધંધો કરવા માગું છું.' હરિલાલની આ વાતનો મોહનદાસે ક્યાંય સુધી જવાબ ન આપ્યો. પછી પૂછ્યું, 'તારી બાની રજા લીધી?' 'બાને ખબર છે.' 'તારું શ્રેય જયાં તને દેખાતું હોય ત્યાં જા. હું તને પરાણે નહીં રોકું. પણ તારી જવાબદારી હવે હું નહીં ઉપાડું.' 'મારા પગ પર ઊભા રહેવાની ખુમારી તો મારામાં છે, બાપુ. તમારો દીકરો છું. એય જાણું છું કે હવે તમારી કઈ કમાણી છે કે તમારે માથે પડું?' 'તારામાં આટલી સમજ છે એનો મને આનંદ છે.'

'હાય, માડી રે!' બાપદીકરા બેય ટસના મસ ન થયા. બેયે પોતાનું ધાર્યું કર્યું.' કસ્તુરબાઈનો અવાજ અંદર ને અંદર ગૂંગળાઈ ગયો. પોતાનું સર્વસ્વ સમર્પિત કરી ચૂકેલી એને તો હવે પુત્ર માટે હૃદય બાળવાનું હતું.

મોહનદાસે પોતાના ભત્રીજા નારણદાસ ગાંધી અને મિત્ર કેલનબેકને પત્રો લખી હરિલાલ હંમેશ માટે પોતાનાથી છૂટો થયો એના સમાચાર આપ્યા. પ્રાણજીવન મહેતા હરિલાલના સમાચાર સાંભળી, 'મોહનભાઈ, તમે બેરિસ્ટર થવા ન મોકલ્યો એનો ડંખ તેના મનમાંથી ન નીકળ્યો.' મોહનદાસે પ્રાણજીવનની વાતોનો કોઈ જવાબ ન આપ્યો. મારા દીકરાઓનું મેં અહિત કર્યું છે? સતત આ પ્રશ્ન એમણે પોતાના મનને કર્યો. મારાં બાળકોને પણ પશ્ચિમની ગુલામીમાંથી છૂટવાનું સમજાવી નથી શક્યો, તો બીજાઓને સમજાવી શકીશ? હરિલાલ, તું મારો સૌથી મોટો પરાજય છો.

***(પ્રશિષ્ટ નવલકથા 'સત્ય'નું રસપ્રદ પ્રકરણ)***

***ઊંઘતા તમામ મનુષ્યો એટલા સમય પૂરતા તો સજ્જન હોય જ છે.***

# રાષ્ટ્ર કેવી રીતે સમૃદ્ધ અને શક્તિશાળી બને?

• વિનોદ વામજા •

## • રાષ્ટ્રીય ચિંતન શા માટે?

'દેશ સુખી તો આપણે સુખી' કારણકે સુશાસિત અને સંગઠિત દેશમાં જ આપણને જીવન જરૂરી ચીજો – પીવાનું પાણી, અનાજ, વીજળી, પેટ્રોલ, ગેસ, વાહનો વગેરે વ્યવસ્થિત રીતે મળી શકે. આજે તો પેટ્રોલ, ગેસ અને વીજળી વગરના જીવનની કલ્પના જ ન કરી શકાય. માનો કે દેશ જો ગુલામ બને અથવા સ્વાર્થી રાજનેતા આવે તો કિંમતી વસ્તુ તો તેના દેશ ભેગી / ઘરભેગી કરે પણ દેશમાં ધ્યાન ન આપે એટલે લોકોને વીજળી - ગેસ ન મળે, તો આપણી રસોઈ પણ કેમ થાય? શું શહેરી લોકો હવે જંગલમાંથી લાકડા લાવી શકશે? આજે તો એટલી વસતિ છે કે, બધા લાકડાંથી રસોઈ કરવા માંડે તો જંગલો પણ એક વર્ષમાં સાફ થઈ જાય. પછી બીજા વર્ષે વરસાદ જ ન પડે... અને વીજળી વગર તો કોને ચાલે? લાઈટ, પંખા, ટી.વી., ફ્રીજ, ઘંટી, મોબાઈલ, કોમ્પ્યુટર જેવી સેંકડો સગવડો બંધ થઈ જાય. મિલો - કારખાનાઓ ઠપ્પ થઈ જાય તો મજૂરો બેકાર બને. ઉત્પન્ન થતી ચીજવસ્તુઓની તંગી સર્જાય. કંપની બંધ થાય તો આપણા સંતાનોને નોકરીઓ ન મળે. પોલીસ પ્રશાસન ખોરંભે પડી જાય તો નાગરિક સલામતી ખતરામાં પડી જાય, વહીવટી અંધાધૂંધી, અરાજકતા સર્જાય. આમ લોકો માટે અનેક ભયંકર આફતો આવે. જેથી દેશના દરેક નાગરિકોની ફરજ બને છે કે, દેશને લગતી દરેક બાબતોને પોતાના પરિવાર જેટલી જ અગત્યની ગણવી જોઈએ.

લગભગ ૧૦ હજાર કિ.મી. દૂરથી થોડા લોકો વ્યાપાર કરવા ભારત આવે છે અને થોડા જ વર્ષોમાં સમગ્ર દેશ પર શાસન સ્થાપી દે છે (આપણી ઘોર બેદરકારી...). એ અંગ્રેજોની વસતિ ૧૦૦૦ ભારતીય દીઠ પૂરી ૧ પણ ન હતી. એ પ્રજાને કેવી શક્તિશાળી ગણવી? આજથી ૨૭૦ વર્ષ પહેલાં વાસ્કો-દી-ગામા ઇંગ્લેન્ડથી સમુદ્ર રસ્તેથી મહિનાઓની સફર કરીને ભારત આવ્યો હતો. તેને પગલે અંગ્રેજો વ્યાપાર કરવા આવ્યા અને વેપાર કરતા કરતા ૨૦૦ વર્ષ રાજ કર્યું. એ પહેલા મુસ્લિમ શાસકોએ લૂંટ ચલાવેલી. દેશને ભયંકર રીતે આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક રીતે પાયમાલ કરી નાખ્યો. આમાં આપણી ભૂલ ક્યાં થઈ તેનું મનોમંથન કરવું જરૂરી છે.

આ અંગ્રેજોને આપણા કરતાં એક લાખ ગણા શક્તિશાળી ગણવા પડે કારણકે ઇંગ્લેન્ડ કરતાં અખંડ ભારત ૨૦ ગણો મોટો દેશ હતો. તે લોકોની ભાષા, સંસ્કૃતિ, રહેણીકરણી અલગ હતી. તે ઠંડો પ્રદેશ હતો, ભારત ગરમ દેશ. અહીં દેશમાં અંગ્રેજોની સંખ્યા ૦.૧% પણ ન હતી. છતાં તે સમયે હજારો કિ.મી. દૂર, વિષમ આબોહવા, વિકટ પરિસ્થિતિ (તે સમયે એક હજાર હિંદુ - મુસ્લિમ - રાજા-રજવાડાઓ રાજ કરતા હતા). અલગ અને અજાણી ભાષા, ખોરાક, સંજોગો પણ રાજ ચલાવ્યું. એ અંગ્રેજોએ કદી એમ કહ્યું નથી કે અમારો ધર્મ, સંસ્કૃતિ મહાન છે. અમે ઋષિઓનાં સંતાન છીએ.... પણ તેઓ યજ્ઞ કરતાં ન હતા. તેઓ ૩૩ કરોડ દેવતા કે ગાયને પૂજતા ન હતા. તેના પર દેવ-દેવીઓ કે માતાજી કે ઋષિમુનિઓની કૃપા ન હતી. છતાં તેવું માનનારાઓના દેશમાં, યોગી - ચમત્કારીઓના દેશમાં વટથી શાસન કર્યું. સોનુ-ચાંદી, હીરા-મોતી લૂંટી ગયા છતાં આપણે કશું જ કરી શક્યા નહિ. આપણો ધર્મ, ધર્મગુરુ કે પરંપરા તેને અટકાવી શકી નહીં. આપણે લાખો મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા કરી, કરોડોના ખર્ચે મંદિરો બાંધ્યાં છે. પણ ખરા સમયે તેમાં કોઈ પ્રાણ ઉત્પન્ન થયા નહીં અને આપણી રક્ષા કરી શક્યા નહીં. આનાથી વધારે મોટા કયાં પ્રમાણો જોઈએ છે કે આપણે હજુ પણ તે ફેઈલ ગયેલી થિયરી છોડતા નથી.

કોઈપણ દેશ તેની વિચારધારાથી ચાલતો હોય છે. આજે અમેરિકા અને ઇંગ્લેન્ડમાં આપણાં સંતાનો અંગ્રેજોનાં સંતાનો જેટલા જ ભણવામાં હોંશિયાર છે. એટલે કે આપણે પણ તેના જેટલા જ બુદ્ધિશાળી છીએ. પણ આપણે આપણી બુદ્ધિ મોટેભાગે ધર્મ, પરલોક, પરંપરાને બચાવવાના અતિરેકમાં વાપરી છે, અલબત્ત વેડફી છે. એટલે આજે પણ આપણી બુદ્ધિમત્તા, દેશની વિપુલ સંપત્તિ - સ્રોતોનો વેડફાટ થાય છે કારણકે અંગ્રેજોનું ચિંતન વૈજ્ઞાનિક અને વાસ્તવવાદી હતું. જ્યારે આપણું ચિંતન ધાર્મિક અને કાલ્પનિક માન્યતાઓ આધારિત હતું.

એક સમયે અંગ્રેજો પણ રોમન (યુરોપ) પ્રજાના ૪૦૦ વર્ષ ગુલામ હતા. ત્યારે તેઓએ પણ ખૂબ જ અન્યાય અને અત્યાચારો સહન કર્યા હતા. પછી તેઓની આંખ ખૂલી ગઈ હતી. (હવે આપણે ક્યારે જાગવું છે???) એ પછી ૧૬મી સદીમાં ઇંગ્લેન્ડના બધા આગેવાનોએ ભેગા મળીને નક્કી કર્યું કે, આપણું દરેક પગલું વૈજ્ઞાનિક અને વાસ્તવવાદી અભિગમ ધરાવતું જ હશે કારણકે અત્યાર સુધીની પરંપરાગત ધાર્મિક માન્યતાઓ ફેઈલ ગઈ હતી. ઇંગ્લેન્ડમાં જે તે વખતે ઘણા જુનવાણી લોકો આડા ઊતર્યા હતા. પણ તેને સાઈડમાં હડસેલી દેવામાં આવ્યા. તમે નહીં માનો, આ અંગ્રેજોના શાસકોએ વૈજ્ઞાનિક અને વાસ્તવવાદી અભિગમ અપનાવ્યો અને ૨૦૦ જ વર્ષમાં આ ગોરી પ્રજા એટલી શક્તિશાળી બની ગઈ કે આ નાનકડો દેશ (૧૭મી સદીમાં) ભારત ઉપરાંત દુનિયાના ૯૦% દેશો પર (પ્રત્યક્ષ કે પરોક્ષ) રાજ્ય કરવા માંડ્યો હતો. એ

*અરીસો મારો શ્રેષ્ઠ મિત્ર છે, કારણકે હું જ્યારે રડું છું ત્યારે તે હસતો નથી.*

વૈજ્ઞાનિક ચમત્કાર કહેવાય!

મારી દૃષ્ટિએ ગાંધીજીએ દેશને આઝાદી અપાવી નથી પણ અંગ્રેજોએ સામે ચાલીને આઝાદી આપી છે. ૧૯૪૭-૪૮માં અંગ્રેજોએ ભારત સહિત લગભગ ૩૦ જેટલા દેશોને આઝાદ કર્યા હતા. શું બધેય ગાંધીજી હતા? બાકી અંગ્રેજો ધારત તો ૧૦૦ ગાંધીને પણ પહોંચી વળત. જો કે ગાંધીજીની મહાનતા તેનાથી ઘટતી નથી. પણ સાચી વાત એ છે કે, બીજા વિશ્વયુદ્ધમાં ઇંગ્લેન્ડ જીત્યું હતું પણ નબળું પડી ગયું હતું. બીજી બાજુ ઈંગ્લેન્ડના લોકોનો જનમત બીજા દેશોને ગુલામ રાખવાના વિરોધમાં હતો. એટલે ચર્ચિલના નેતૃત્વમાં વિજય મળ્યો હોવા છતાં ચૂંટણીમાં તેની હાર થઈ અને મજૂર પક્ષ સત્તા પર આવ્યો અને એક પછી એક દેશોને આઝાદ કરવા માંડ્યા. ખરી હકીકતે આપણે આપણી આઝાદી માટે જો કોઈનો આભાર માનવો હોય તો ઇંગ્લેન્ડની પ્રજા (અંગ્રેજો)નો જ માનવો રહ્યો.

એ વાત સાચી હતી કે, ગાંધીજીના નેતૃત્વમાં એક લોક આંદોલન ચાલતું હતું. પણ તેનાથી દેશ આઝાદ ન પણ થઈ શકે. ૧૮૫૭માં બધાં જ દેશી રજવાડાઓ કે જેઓ અંગ્રેજોની નીચે રાજ કરતા હતા તેમણે બળવો કર્યો હતો. પણ અંગ્રેજોએ તેને સફળતાપૂર્વક દબાવી દીધેલ. પછી ૯૦ વર્ષ શાંતિથી રાજ્ય કર્યું. તેમણે તેમાંથી શીખ લીધી કે ધાર્મિક પ્રજાના અધિકારો ઝૂંટવી લો, તેમના પર અત્યાચાર કરો, શોષણ કરો તો પણ કોઈ વાંધો આવતો નથી. પણ તેની ધાર્મિક લાગણીને છંછેડવી નહીં. અંગ્રેજોના હિંદુ સૈનિકોને ગાયની ચરબીવાળી કારતુસ મોઢેથી ખોલવાની થતી હતી, તે પછી આ બળવો થયો હતો તેવું કહેવાય છે. પછી અંગ્રેજોએ હિંદુ કે મુસ્લિમ કોઈની ધાર્મિક લાગણી દુભાવી નહીં. (દૂધથી મરતો હોય તો તેને ઝેર શા માટે આપવું? એ ન્યાયે.)

આપણે ઇતિહાસમાંથી કશું શીખ્યા જ નથી. જે લોકો (અંગ્રેજો)એ ૨૭૦ વર્ષ પહેલાં અજમાવેલ અને સફળ નીવડેલ તથા પ્રેક્ટિકલી પાસ થયેલ છે તે પદ્ધતિને શા માટે આપણે અપનાવતા નથી? આ બધી ૧૦૦% સત્ય અને નક્કર હકીકતો છે, જેને કોઈ પણ નકારી શકે નહીં.

દુનિયામાં અંગ્રેજોએ જ આધુનિક વિજ્ઞાનનો પાયો નાખ્યો. પોતાના દેશમાં એવું વાસ્તવવાદી વાતાવરણ પેદા કર્યું કે વૈજ્ઞાનિકો અને સેનાપતિઓ પેદા થયા. આપણું ચિંતન ધર્મલક્ષી છે. સાધુ, સંતો, બાવાઓ, યોગીઓ.... ઘણા પેદા થયા, જેમણે ચમત્કારની વાતો ઘણી કરી પણ મુશ્કેલીના સમયે કદી કામ આવ્યા નહીં. તેઓ જે પ્રજાનું ખાય છે, તેને જ મૂર્ખ બનાવે છે અને ડરાવે છે. અરે પોતાની દુકાનો એવાં હજારો મંદિરો, મુસ્લિમ રાજાઓએ તોડ્યાં ત્યારે પણ અટકાવી શક્યા નહીં. તેને ખબર હતી કે ભોળી હિંદુ પ્રજા પોતાના ખર્ચે પાછાં નવાં બનાવી દેશે. એટલે મંદિરના ધંધામાં મંદી આવતી નથી.

- **લાસ્ટ સ્ટ્રોક :**

ગાંધીજી માનતા કે પ્રાર્થનામાં અદ્‌ભુત શક્તિ છે (એટલે તો દરરોજ કરતા). પણ તે પ્રાર્થના તેમને ગોડસેની ગોળીથી બચાવી શકી નહીં. અરે ચેતવણી પણ આપી શકી નહીં. ઊલટાનું નિયમિત થતી પ્રાર્થનાથી ખૂનીનું કામ આસાન થઈ ગયું હતું.

*મો. ૮૭૩૨૯ ૫૯૭૨૦*

## દોષારોપણવૃત્તિ

**(અર્થાત્ માનવ મનની નિર્બળતા)**

આપણા જીવનમાં ઘણી વખત એવા પ્રસંગો બનતા હોય છે જેમાં આપણાથી થયેલ દોષ છુપાવવા આપણે દોષનો ટોપલો બીજા ઉપર ઠાલવવા અવનવા પ્રયત્ન કરીએ છીએ. દોષનો ટોપલો બીજા ઉપર ઢોળવા ખોટી વાતો પણ ઉપજાવી કાઢીએ છીએ. પરંતુ તાત્ત્વિક દૃષ્ટિએ વિચારતા આપણને એવું લાગશે કે બીજા ઉપર દોષારોપણ કરવાને બદલે આપણે આપણી ખામી શોધવા પ્રયત્ન કરીશું તો આપણને લાભ જ થશે.

એક દૃષ્ટાંત ઉપરથી આ વાત સમજવામાં સરળ પડશે. શાહીનો ખડિયો પડવાનો અવાજ સાંભળતા પિતાએ કહ્યું, ખડિયો કેમ કરતા પડી ગયો? યુવાન પુત્રે કહ્યું, ખડિયો હાથમાંથી પડી ગયો. પિતાએ કહ્યું, ખડિયો તો જડ વસ્તુ છે. તે પોતાની જાતને કેવી રીતે પાડી શકે? ખડિયો હાથમાંથી પડી નથી ગયો પણ તેં ખડિયો હાથમાં બરાબર પકડ્યો નહીં હોય એટલે ગુરુત્વાકર્ષણ જોર કરી ગયું. તેં ખડિયો બરાબર પકડ્યો હોત તો ખડિયો પડી જાત નહિ.

બીજા એક યુવાને આવીને પિતાને ફરિયાદ કરી : પિતાજી, મને કાકાએ તમાચો માર્યો. પિતાએ કહ્યું, બેટા, કાકાએ તમાચો માર્યો એ તો પરિણામ છે. કાકા તને તમાચો મારવા સુધી ઉશ્કેરાઈ જાય તેવું કારણ તે ઊભું કર્યું હશે. તેવું કારણ જો તેં ઊભુ કર્યું હોય તો પહેલા તે જણાવ. તારે કહેવું જોઈએ કે કાકાને ઉશ્કેરાઈ જવાનું કારણ... જેમ તેમ બોલ્યો વગેરે... આપ્યું. કાકામાં એટલી સહનશક્તિ નહોતી કે તેં ઉશ્કેરાટનું કારણ આપ્યું છતાં સમભાવ જાળવી શકે. તેમનામાં રહેલા ક્રોધ કષાયે જોર કર્યું અને પરિણામે ઉશ્કેરાઈ જઈને આવેશમાં તને તમાચો માર્યો. આવા પ્રકારનું પૃથક્કરણ જ્યારે કરવામાં આવે ત્યારે સામેની વ્યક્તિ વિચારતી થઈ જાય અને શરમ અનુભવે.

બીજા ઉપર દોષારોપણ કરતા આપણે આપણી ખામી શોધવા પ્રયત્ન કરીશું તો તેનાથી બે ફાયદા થશે. આપણને આપણી ખામી - ભૂલ - દોષ માલૂમ પડશે તો તેને દૂર કરવા પ્રયત્ન કરી શકાશે. બીજાનો દોષ હશે તો બીજો જેટલા અંશે જવાબદાર હશે તેને એટલા અંશે પસ્તાવો કરવાની તક પ્રાપ્ત થશે.

***ગુલાબચંદ ધારશી રાંભિયા***

***વફાદાર બની હક્કદાર બનો, બેઈમાન બની લાચાર ન બનશો.***

# પ્રગતિની પહેલી શરત

• હરખચંદ સાવલા •

*લેખક બહુઆયામી પ્રતિભા ધરાવતા ઈજનેર, ઉદ્યોગ સાહસિક અને સમાજચિંતક છે. જીવલેણ બીમારી સામે દૃઢ સંકલ્પશક્તિ અને વૈજ્ઞાનિક સારવારના વિનિયોગથી વિજયી બનેલા આ વિચારક સ્થળાંતરને પ્રગતિની અનિવાર્ય શરત માને છે.*

આજથી આશરે બે-ત્રણ લાખ વર્ષ પૂર્વે આજના જેવા માનવ પ્રાણીએ આફ્રિકાની કોઈ ખીણમાં વસવાટ શરૂ કર્યો. નૃવંશશાસ્ત્રીઓએ વૈજ્ઞાનિક સંશોધનો પછી સુનિશ્ચિત કર્યું છે કે ચુમ્મોતેર હજાર વર્ષ અગાઉ આફ્રિકાની એ ખીણ સિવાય પૃથ્વી પર અન્ય કોઈ સ્થળે માનવ વસવાટ નહોતો.

(એ જુદી વાત છે કે મહાકાવ્યોના લેખકો અને પુરાણોના રચયિતાઓએ એથી ઘણાં વર્ષ પહેલાં આર્યાવર્તમાં સંસ્કૃતિ ચરમ સીમાએ વિકસી હોવાનાં વર્ણનો કરેલાં છે. પરંતુ એમના દાવાને સાચો ઠેરવે એવો કોઈ વૈજ્ઞાનિક આધાર નથી.)

આફ્રિકાની એ ખીણમાં જીવન ટકાવવા માટેનું સાનુકૂળ વાતાવરણ ઉપલબ્ધ હોઈ વસતિ વધતી ગઈ. એક તબક્કે આહાર અને સલામતીનાં કારણોસર માનવ વસતિ માટે સ્થળાંતર જરૂરી બન્યું.

આફ્રિકા ખંડની ત્રણ દિશાઓ સમુદ્રથી ઘેરાયેલી હોઈ માનવ સમુદાય માટે ઉત્તર તરફ ખસવા સિવાય બીજો વિકલ્પ જ ન રહ્યો. શરૂઆતમાં ઉત્તર આફ્રિકામાં સ્થિર થયેલ માનવ સમુદાય દરિયો ઓળંગી યુરોપ અને એશિયામાં પ્રવેશ્યો હશે. વચ્ચે વિશાળ રણપ્રદેશ આવ્યો, જ્યાં મનુષ્ય માટે આહારનો મોટો પ્રશ્ન ઊભો થયો. રણમાં ફક્ત ઝાકળના પાણીથી ઘાસ ઊગે. એ ઘેટાં બકરાં પૂરતું ચાલે. માણસે ઘેટાંબકરાં જેવાં પ્રાણીઓ પાળવા માંડ્યાં. એમનું દૂધ અને માંસ એને ખોરાક તરીકે ખપ લાગ્યું. યુરોપમાં ઉત્તર ભાગનું વાતાવરણ અતિશય ઠંડું હોઈ અનાજ અને વનસ્પતિ માટે પ્રતિકૂળ હતું. તેથી માંસાહાર અનિવાર્ય બન્યો. વળી હજારો વર્ષના ઠંડા પ્રદેશના વસવાટને કારણે માણસ ગોરો બન્યો. ચીન - જાપાનમાં એ થોડો પીળાશ પડતો ગૌરવર્ણો બન્યો અને યુરોપના દેશોમાં ગુલાબી ઝાંયવાળી ધોળી ચામડીનો.

માનવ હજી નવા અને વધુ સલામત વસવાટની શોધમાં હતો. એશિયા અને યુરોપના ઉત્તર વિસ્તારમાંથી ખસતો ખસતો એ દક્ષિણ તરફ આવ્યો. ત્યાં ભારત જેવો વધુ સુરક્ષિત પ્રદેશ હાથ લાગ્યો. ભારતમાં માનવજાતનો પ્રવેશ આશરે ૬૩,૦૦૦ વર્ષ પૂર્વે થયો. સાનુકૂળ વાતાવરણ અને વૈવિધ્યપૂર્ણ આહાર મળતાં અહીં વસી ગયેલ માનવ સમુદાયનો વસતિવધારો ઝડપી બન્યો હશે. સાંસ્કૃતિક અને આર્થિક વિકાસ પણ કૂદકે ને ભૂસકે વધ્યો, પરિણામે વિશ્વમાં ભારતની નામના સૌથી સમૃધ્ધ અને ધનાઢ્ય દેશ તરીકે થવા લાગી. એથી પૃથ્વીના અન્ય ભાગોમાં વસી ગયેલી માનવજાતને પણ ભારત પ્રત્યે આકર્ષણ થયું. ('ઇન્ડિયા' શોધવા નીકળેલા કોલંબસે ભૂલથી અમેરિકા શોધી કાઢ્યું, તે હકીકત કેટલી રોમાંચક છે! યુરોપની સાહસિક પ્રજાનો જે પ્રથમ પ્રતિનિધિ હિંદુસ્તાન પહોંચ્યો તે વાસ્કો-ડી-ગામા. ઘણાં વર્ષો પૂર્વે ભારતમાં દ્રવિડ સંસ્કૃતિની બોલબાલા હતી, જે ધોળાવીરા અને લોથલ કે હાલ પાકિસ્તાનમાં ગણાતા મોહેનજોડેરોનાં ખોદકામથી પુરવાર થાય છે. એ પછી આર્ય સંસ્કૃતિનો યુગ આરંભાયો. વિશ્વને એનું પહેલું પુસ્તક ઋગ્વેદ સ્વરૂપે અને પહેલી કવિતા રામાયણના રચયિતા મહર્ષિ વાલ્મીકિની કલમે સાંપડેલ છે.)

ઉત્તર તરફથી ગૌર વર્ણધારી પ્રજા ભારતમાં આવીને વસી. અહીંના ગરમ વાતાવરણને લીધે અને દ્રવિડ પ્રજા સાથેના સંકરણને લીધે આપણે ઘઉંવર્ણા થયા. કાશ્મીરથી કન્યાકુમારી તરફ ખસતા જઈએ એમ આપણને કાળાશ વધતી વરતાય છે.

ભારતમાં જીવન સુખ સુવિધાપૂર્ણ હતું. સંઘર્ષ ઓછો હોઈ આળસ વધી - ઉદ્યમ ઘટ્યો. પરિણામે સાહિત્યકળા જેવાં ક્ષેત્રોમાં વિકાસ વધતો રહ્યો પરંતુ વિજ્ઞાન - ટેકનોલોજી ક્ષેત્રે આપણે પશ્ચિમની દુનિયા કરતાં પાછળ રહી ગયા. **(અહીં લેખકશ્રી દ્વારા એ વાત ભૂલી જવાય છે કે વિજ્ઞાન સંદર્ભે આર્યોએ સૌથી પહેલાં હરણફાળ ભરી હતી. એમનાં સંશોધનો - ખગોળ, ગણિતશાસ્ત્ર અને તબીબી વિજ્ઞાન આરબો મારફત પશ્ચિમની દુનિયામાં પહોંચ્યાં હોવાનું પુરવાર થઈ ચૂક્યું છે.)**

યુરોપની પ્રગતિશીલ પ્રજાએ વિજ્ઞાનની મદદથી શસ્ત્રો અને વહાણવટા જેવા ક્ષેત્રે વિકાસ સાધ્યો. એના માધ્યમથી એક તબક્કે આખી દુનિયા પર કબજો જમાવ્યો અને ગુલામ બનેલ હિંદુસ્તાન એની મૂળ ગરિમાને ભૂલી ગયું. જો કે યુરોપને એની શસ્ત્ર શક્તિ સરવાળે મોંઘી પડી.

ભારત પાસે એવી અંતર્નિહિત ઠંડી તાકાત પડેલી છે. એથી સ્તો એ દુનિયાને વિશ્વ શાંતિનો સંદેશ આપતું રહ્યું છે.

પરિવર્તન એ જગતનો શાશ્વત નિયમ છે. દર ત્રણ-ચાર પેઢીએ સ્થળાંતર આવશ્યક અને ક્યારેક તો અનિવાર્ય બની રહે છે. સ્થળાંતરથી જ પ્રગતિ શક્ય બની છે તે ન ભૂલીએ. સ્થિર પાણી ગંધાઈ ઊઠે છે અને વહેતું પાણી તાજું રહે છે. એમ કાળક્રમે સ્થિર પ્રજા નમાલી બની જાય છે અને સતત સ્થળાંતર કરતી રહેતી, નવા નવા અનુભવો અને પડકારોમાંથી પસાર થતી પ્રજા બળવાન બનીને બહાર આવે છે.

ટૂંકમાં MIGRATION IS PROGRESS. સ્થળાંતર એ પ્રગતિની પહેલી શરત છે.

***(હરખચંદ સાવલાના વિચારોનો વિચાર વિસ્તાર)***

*સમસ્યાઓ ઉકેલવામાં વિલંબ ન કરવો જોઈએ.*

# અવગણાયેલા મહામાનવો

• મુરજી ગડા •

મહાકાવ્યો લખનાર ઋષિ-કવિ લોકમાનસમાં અમર થઈ ગયા છે. એમના માનસ પુત્રો અને પુત્રીઓ (પાત્રો) એમના કરતાં પણ વધારે અમર થઈ ગયાં છે. ઘણા રાજાઓ, સેનાપતિઓ, તત્ત્વજ્ઞાનીઓ, દાર્શનિકો ઈત્યાદિ પણ વત્તે ઓછે અંશે અમર થઈ ગયા છે. વાર્તાકાર અને એમનાં વાસ્તવિક તેમજ કાલ્પનિક પાત્રો (ટારઝન, સુપરમેન, શેરલૉક હોમ્સ વગેરે) પણ અમર થઈ ગયા છે. વર્તમાનમાં પ્રસિદ્ધિની ટોચ પર પહોંચેલી રમતગમત અને મનોરંજન ક્ષેત્રની થોડી વ્યક્તિઓ પણ આગળ જતાં અમર થઈ શકે છે.

આ બધા ક્ષેત્રની વ્યક્તિઓ કરતાં માનવ જીવનને પ્રત્યક્ષ રીતે વધારે સ્પર્શી ગયેલી વ્યક્તિઓ પાઠ્યપુસ્તકો સિવાય સદંતર વિસરાઈ ગઈ છે. આ અવગણાયેલ વ્યક્તિઓ છે વૈજ્ઞાનિકો અને સંશોધકો. આપણી આસપાસ માનવસર્જિત જે પણ દેખાય છે તે તમામ આ લોકોની સાધના અને મહેનતનું ફળ છે. આ લોકોએ પોતાનું કાર્ય ન કર્યું હોત તો આજે પણ આપણે ગુફાઓમાં રહેતા હોત, ઝાડનાં પાનફળ ખાતા હોત અને શરીરે ચામડું લપેટતા હોત.

ગુફામાંથી બેઠાં ઘરો અને પછી બહુમાળી ઈમારતો સુધી આપણને પહોંચાડનાર બધા લોકો ભુલાઈ ગયા છે. આજ રીતે પહેરવેશ, ખોરાક અને અન્ય જીવન જરૂરિયાતની પાયાની ચીજો પાછળ પણ આવા જ અગણિત ગુમનામ લોકો રહેલા છે. વિસરાઈ ગયેલા આવા અસંખ્ય લોકોમાંથી હજી કંઈક યાદ હોય એવા નજીકના ભૂતકાળમાં થઈ ગયેલા થોડા લોકો અને એમના કાર્ય વિશે જાણીએ.

વૈજ્ઞાનિકોની વાત આવે એટલે સૌથી પહેલાં **આલ્બર્ટ આઈન્સ્ટાઈન**નું નામ લેવાય છે. એ કદાચ વીસમી સદીના સૌથી વધુ બુદ્ધિશાળી પુરુષ હતા. એમની શોધોએ પ્રત્યક્ષ રીતે આપણી જિંદગી પર હજી સુધી ખાસ અસર કરી નથી. એ થવાની હજી બાકી છે.

આધુનિક શોધખોળોના પાયામાં સૌથી વધારે યોગદાન રહ્યું છે **આઈઝેક ન્યૂટન**નું. એમનું નામ જેમણે પણ સાંભળ્યું છે તેઓ એમને ગુરુત્વાકર્ષણના શોધક તરીકે ઓળખે છે. તે એમની એક મહત્ત્વની શોધ ખરી પણ તે સિવાય એમણે ભૌતિકશાસ્ત્ર, યંત્રશાસ્ત્ર, ગણિત, ખગોળ વગેરે વિષયોમાં ખૂબ ઉપયોગી કામ કર્યું છે. પાછળથી થયેલી ઘણી શોધો એમના સ્થાપિત સિદ્ધાંતો પર રચાયેલી છે. કહેવાય છે કે ત્રણસો વરસ પહેલાં થઈ ગયેલ આ યુગપુરુષ દુનિયામાં આજ સુધી થઈ ગયેલા લોકોમાં સૌથી વધુ બુદ્ધિશાળી હતા.

કાગળની શોધ આશરે બે હજાર વરસ પહેલાં ચીનમાં થઈ હતી. બીજા દેશોમાં પહોંચતાં એને કેટલીક સદીઓ લાગી. આ અગત્યની શોધનો ખરો લાભ છાપખાનું શોધાયું ત્યાર પછી જણાયો. છાપખાનાની શોધનો યશ આશરે છસો વર્ષ પહેલાં થઈ ગયેલ **જોહાનીસ ગુટેનબર્ગ** ને ફાળે જાય છે. આને લીધે જ્ઞાન અને માહિતી વધુ લોકો પાસે ઝડપથી પહોંચવા લાગી. એના લીધે સાક્ષરતામાં વધારો થયો. ભારતમાં એનો ખરો લાભ સદીઓ પછી અંગ્રેજોના વખતથી થયો છે. એ સાથે, ભારતના સંદર્ભમાં, લખવા વાંચવાનો બ્રાહ્મણોનો ઈજારો જતો રહ્યો. જન સમુદાયને પોતાની રીતે જ્ઞાન મેળવવું શક્ય બન્યું છે.

આજના સમયમાં થોડીવાર માટે પણ વીજળી જતી રહે તો આપણો બધો વ્યવહાર અને વ્યવસ્થા ખોરવાઈ જાય છે. આ વીજળીની શોધ અને એના જુદા જુદા ક્ષેત્રોના ઉપયોગ પાછળ પચાસ જેટલા મુખ્ય સંશોધકોનું યોગદાન છે. વીજળીના અગણિત ઉપયોગોમાંથી મુખ્ય છે પ્રકાશ, ઈલેક્ટ્રિક મોટર, ટેલિફોન વગેરે.

વીજળીની લાઈટ શોધનાર **થોમસ એડિસન** નું નામ પ્રમાણમાં વધુ જાણીતું છે. એમણે રાતના અંધારાનું વર્ચસ્વ ઘટાડી નાખ્યું અને કામના કલાકો વધારી આપ્યા. ચોવીસે કલાક ચાલુ રાખવી પડે એવી જીવન જરૂરિયાતની પ્રવૃત્તિ વીજળીને લીધે શક્ય બની છે.

કોઈપણ મશીન ચલાવવા માટે ઈલેક્ટ્રિક મોટરની જરૂર પડે છે. એના વગર આપણાં બધાં કારખાનાંનાં યંત્રો ચાલી ન શકે. તેમજ ઘરમાં વપરાતાં સાધનો પણ શક્ય ન બને. આ મોટરની શોધનો યશ મુખ્યત્વે **માઈકલ ફેરાડે** ના નામે જાય છે. મોટરથી ચાલનાર દરેક યંત્ર પાછળ વળી બીજા જ કોઈ વૈજ્ઞાનિકનો ફાળો છે.

દુનિયાને ટેલિફોન આપનાર **એલેકઝાન્ડર ગ્રેહામ બેલ**નું નામ પણ કંઈક જાણીતું છે. એના લીધે દૂર બેઠેલી વ્યક્તિઓ વચ્ચે તાત્કાલિક વાતચીત શક્ય બની. સંદેશ વ્યવહાર ખૂબ સરળ અને કાર્યદક્ષ બન્યો.

ટી.વી.ના આગમન પહેલાં લાંબા સમય માટે રેડિયોની બોલબાલા હતી. એની શોધનો યશ **માર્કોની**ના ફાળે જાય છે. રેડિયોએ હવે ભલે એનું મહત્ત્વ ગુમાવ્યું હોય પણ ત્યાર પછીનો બધો વાયરલેસ સંદેશ વ્યવહાર માર્કોનીની શોધ પર આધારિત છે.

બધાં વાહનોમાં વપરાતાં પેટ્રોલ અને ડીઝલ એન્જિનના શોધક **નિકોલસ ઓટો** અને વરાળથી ચાલતા એન્જિન શોધનાર **જેમ્સ વોટ.** આ બે જણાએ વાહન વ્યવહાર બદલાવી દીધો છે. ત્યાર પછી **રાઈટ બંધુઓ** એ વિમાનની શોધ કરી દુનિયાને નાની બનાવવામાં મોટી હરણફાળ ભરી છે.

આ થોડી રોજબરોજના વપરાશની

***અજ્ઞાની હોવું એટલી શરમની વાત નથી, જેટલું શીખવા માટે તૈયાર ન હોવું.***

મુખ્ય શોધોની વાત થઈ. આ બધી શોધખોળો આજથી સો અને બસો વરસ પહેલાંના સમયગાળામાં થઈ છે. ભારતના સૌથી વિશાળ એવા મોગલ સામ્રાજ્યના શક્તિશાળી સમ્રાટોએ આ કોઈપણ સાધનો વિશે સાંભળ્યું સુધ્ધાં નહોતું.

આ ઉપરાંત આરોગ્ય અને ચિકિત્સા ક્ષેત્રે પણ આજ સમય દરમિયાન ખૂબ અગત્યની શોધો થઈ છે. **એલેક્ઝાંડર ફ્લેમિંગે** શોધેલ પેનિસિલીનને લીધે જાતજાતના ચેપ સામે રક્ષણ મળ્યું છે. **વિલિયમ મોર્ટને** શોધેલ એનેસ્થેસિયાને લીધે શસ્ત્રક્રિયા શક્ય અને સહ્ય બની છે. તે ઉપરાંત વિવિધ ચેપી રોગો સામે રક્ષણ આપતી રસીઓ, ટીસ્યુ કલ્ચર, જર્મ થિયરી, ડી.એન.એ., એક્સ-રે, એન્ટીબાયોટિક વગેરે શોધોએ ચિકિત્સા ક્ષેત્રને સમૂળગું બદલાવી દીધું છે.

આ શોધોના પરિણામે ચેપી રોગથી મરતા લાખો લોકો બચી ગયા છે. શીતળા જેવો રોગ દુનિયામાંથી સદંતર નાબૂદ થઈ ગયો છે અને બીજા બધા રોગોના ઉપચાર શક્ય બન્યા છે. બાળમૃત્યુનું પ્રમાણ ઘણું ઘટી ગયું છે અને માણસોની સરેરાશ આવરદા બે-ત્રણ ગણી થઈ ગઈ છે.

આ બધાના પરિણામસ્વરૂપ થયેલ વસતિ વિસ્ફોટનું નિવારણ પણ શોધી કઢાયું છે. ગર્ભનિરોધક ગોળીઓ અને અન્ય સાધનોએ વસતિ નિયંત્રણ ઉપરાંત સ્ત્રીઓનો પ્રસૂતિ આધારિત ઊંચો મૃત્યુદર ઘટાડી એમના સ્વાસ્થ્ય અને આવરદાને ઘણી વધારી છે.

આપણને પ્રત્યક્ષ અસર કરતાં આ થોડાં ઉદાહરણ છે. પરોક્ષ રીતે અસર કરતી શોધો આનાથી અનેકગણી વધારે છે. દરેક વસ્તુને વધારે અસરકારક અને કાર્યક્ષમ બનાવવાના પ્રયાસો સતત થઈ રહ્યા છે. જો બધા વૈજ્ઞાનિક અને સંશોધકોનું લિસ્ટ બનાવવા જઈએ તો એક દળદાર પુસ્તક બની જાય. એ ઉપરાંત કેટલાયે એવા સંશોધકો છે જેમના નામની દુનિયાને ખબર સુધ્ધાં નથી.

આ ભૌતિક ઉપકરણોની શોધ જે પાયાના સિદ્ધાંતો પર રચાયેલી છે તે સિદ્ધાંતો ઘડનાર વૈજ્ઞાનિકોનું યોગદાન પણ એટલું જ મહત્ત્વનું છે. એમની નામાવલીમાં જવાનું હમણાં ટાળીએ. આપણી જીવનશૈલીમાં બધું જ માનવસર્જિત છે. ખાવાનું અનાજ સુધ્ધાં. આને ભૌતિકવાદ કહેતા લોકો પોતે એનો જેટલો પણ લાભ મળે એટલો લેવાનું ચૂકતા નથી.

આ બધા ઉપરાંત **ગેલિલિયો, કોપરનિક્સ, હબલ, ચાર્લ્સ ડાર્વિન, સિગમંડ ફ્રોઈડ** વગેરે જેવાઓએ આપણી બાહ્ય દુનિયા અને આંતરમન વિશેની પ્રચલિત માન્યતાઓને ધરમૂળથી બદલાવી દીધી છે.

તાજેતરમાં શોધાયેલી કમ્પ્યુટર, ઈન્ટરનેટ, સ્માર્ટ ફોન અને સ્ટેમ સેલ જેવી શોધોનો પૂરો વ્યાપ હજી હવે ખબર પડવાનો છે. નિત નવી શોધોનો અહીં અંત નથી આવતો. બધું ક્યાં પહોંચશે એની કોઈને ખબર નથી. ભવિષ્યની કલ્પના કરતાં ઘણાં પુસ્તકો લખાયાં છે, ફિલ્મો બની છે અને બનતી રહેવાની છે. એ બધી અત્યારે કોઈકની કલ્પનાઓ છે, આજની વાસ્તવિક્તા નથી. એવું ભવિષ્યમાં થઈ શકે છે અને ન પણ થઈ શકે.

એ જ રીતે ભૂતકાળમાં ત્યારના ભવિષ્ય વિશે જે પણ લખાયું છે એમાંની ઘણી બાબતો તે વખતની વાસ્તવિક્તા નહીં પણ કવિકલ્પના હોવાની શક્યતા ઘણી વધારે છે. આના અનુમોદનમાં પુષ્પક વિમાન, પવન પાવડી, સંજય દૃષ્ટિ જેવા ઘણા દાખલા આપી શકાય.

આગળ વર્ણવેલ બધા લોકો વૈજ્ઞાનિક અને સંશોધક ઉપરાંત સાધક અને તપસ્વી પણ હતા. **આ સિદ્ધિઓ એમને કોઈ મંત્રનો જાપ જપવાથી નથી મળી, કે કોઈ મંદિરના ઘંટ વગાડવાથી નથી મળી. પૂજા પાઠ કરવાથી, જાત્રાઓ કરવાથી, શિબિરોમાં જવાથી કે બાધા આખડીઓ રાખવાથી પણ નથી મળી.**

**આવી શોધો કરવા માટે રાત દિવસ જોયા વગર અભ્યાસખંડમાં અને પ્રયોગશાળામાં જાત ઘસી નાંખવી પડે છે. એ માર્ગે કેટલીયે નિષ્ફળતાઓને પચાવવી પડે છે. એમાં કૌટુંબિક જીવનનો ભોગ દેવાય છે અને ઘણી વખત આર્થિક પાયમાલી પણ નોતરવી પડે છે. ફક્ત પોતાના આત્માના ઉદ્ધાર માટે નહીં પણ સમસ્ત માનવજાતના લાભ માટે કરેલી આ એમની સાધના અને તપસ્યા છે.**

એક માન્યતા એવી છે કે બધાનું ભવિષ્ય જન્મ સાથે જ નક્કી થયેલું હોય છે અને એ બદલી શકાતું નથી. **આ મહામાનવોએ ફક્ત પોતાનું જ નહીં પણ સમગ્ર માનવજાતનું ભવિષ્ય બદલ્યું છે.** પોતાની મહેનતનો લાભ પોતા પૂરતો મર્યાદિત રાખવાનો સ્વાર્થ નથી દાખવ્યો.

આ શોધખોળોની વિશેષતા એ છે કે, એક ચીનના અપવાદ સિવાય, એ બધી જ પશ્ચિમના દેશોમાં થઈ છે. આની પાછળ એમની સવાલો કરી, એના ઉત્તર મેળવવા માટે જાતમહેનત અને પ્રયોગો કરવાની વૃત્તિ રહેલી છે. **રાજકીય કારણોસર અંગ્રેજો સાથેના દ્વેષથી પ્રેરાઈને આપણે વિચાર્યા વગર પશ્ચિમના દેશોની બધી બાબતોનો આંધળો વિરોધ કરતા આવ્યા છીએ. જ્યારે એમની મહેનતનું ફળ ભોગવવામાં જરાય સંકોચ કરતા નથી.**

સદીઓથી અવગણાયેલ આ વર્ગનું છેલ્લા સો વરસથી જાહેર સન્માન થવા લાગ્યું છે. આવાં સન્માનોમાં સૌથી વધુ પ્રતિષ્ઠિત છે, દર વર્ષે અપાતું **નોબેલ પ્રાઈઝ.** એનાથી એમને કદર અને કલદાર બંને મળે છે. હવે સંશોધકોને આપવો પડતો ભોગ ઘણો ઓછો થયો છે અને મળતું વળતર પણ વધ્યું છે. આ સ્વીકાર-સન્માન હજીયે મર્યાદિત વર્તુળમાં સીમિત છે. જનસમુદાય હજી એમના પ્રત્યે ઘણો ઉદાસીન છે.

ભૂતકાળમાં સ્વીકાર-સન્માન તો દૂર રહ્યાં, સર્વસ્વીકૃત માન્યતાથી અલગ કહેનારને ઘણું સહન કરવું પડતું હતું. એવું કહેનારને ક્યારેક જેલવાસ તો ક્યારેક દેહાંત દંડ પણ મળ્યો છે. આજે પણ જુનવાણી સમાજોમાં રૂઢિગત માન્યતાથી અલગ

*ગઈકાલ એ આજની યાદ છે અને આવતીકાલ આજનું સ્વપ્ન છે.*

વિચારનાર દંડાય છે.

**ઘણી વખત સાંભળ્યું અને વાંચ્યું છે કે પ્રથમ જૈન તીર્થંકર ઋષભદેવે માણસોને ખેતી કરતાં શિખવાડી છે.** ખોરાક પાછળ ભટકવા કરતાં સ્થાયી થઈ ખેતી કરવી એ માનવ ઉત્ક્રાંતિનું ખૂબ અગત્યનું પગથિયું હતું. **આગળના કથનને બીજી રીતે પણ જોઈ શકાય. જૈન વિચારધારાએ એક સંશોધક - વૈજ્ઞાનિક - તપસ્વીને તીર્થંકર ગણ્યા છે.** આ ગૌરવની વાત છે. કોઈ પ્રગતિશીલ વાસ્તવવાદી ધર્માચાર્ય આ પરંપરાને આગળ ચલાવવા ઈચ્છે તો એમને એવા ઘણા સંશોધક - વૈજ્ઞાનિક - તપસ્વી મળી આવે. ફરક એટલો છે કે એ ભારતની ભૂમિ પર ઓછા અને અન્ય દેશોમાં ઘણા વધુ મળશે.

મૂળ સવાલ તરફ પાછા ફરીએ. **ગીત ગાતા, ક્ષણિક મનોરંજન કરતા, ધનનો ઢગલો ભેગો કરતા, કથા વાર્તા કરતા વગેરે લોકો લોકજીભે રહે છે અને એમનું સન્માન થાય છે.** ક્યાંકથી મળી આવેલી અજાણી પથ્થરની મૂર્તિને નવું નામ આપી એને પૂજવામાં આવે છે. **જ્યારે આપણી રોજબરોજની પ્રવૃત્તિઓને આટલી આસાન અને સગવડભરી બનાવી આપણી જિંદગી ધરમૂળથી બદલી નાંખનારાના નામ સુધ્ધાં કોઈને ખબર નથી કે જાણવાની દરકાર પણ નથી.**

રાજકીય, સામાજિક, ધાર્મિક વગેરે બધી જ વિચારધારાઓએ માનવ સમુદાયના મર્યાદિત વર્ગને પ્રભાવિત કર્યો છે. ઘણી વખત એકબીજા સાથે લડાવ્યા પણ છે. **અવગણાયેલ મહામાનવોની મહેનતનું ફળ સમસ્ત માનવજાત ભોગવી રહી છે. બધા જ એમના ઋણી છે. એમનું યથાયોગ્ય સન્માન સૌની નૈતિક ફરજ બની જાય છે.**

*૧, શ્યામવાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*
*મો. ૯૭૨૬૭૯૯૦૦૯*

# સેવા એ જ સાધના છે...

જીવો ત્યાં સુધી સેવા કરો.... સેવા ન ભૂલો...

સેવા એ જ સાધના છે... સેવા સીધી પણ થાય અને અલગ રીતે પણ થાય... એટલે કે રસોઈ બનાવીને પણ કોઈને જમાડાય અને અનાજ આપીને કે તૈયાર ભોજન ખવડાવીને પણ ભૂખ ભાંગી શકાય. સીધા ભણાવી શકાય અથવા ભણવાની ફી પણ આપી શકાય કે પુસ્તકો આપીને પણ ભણવામાં મદદ થઈ શકે...

સેવાના અનેક પ્રકાર છે.

સાધુના પગ દબાવીને પણ સેવા થાય કે તેમને કોઈ મદદ કરીને પણ સેવા થાય. ગરીબને પૈસા આપીને પણ સેવા કરી શકાય, મદદ થઈ શકે. તો ગરીબને અનાજ આપી શકાય, વસ્ત્ર પણ આપી શકાય.

દર્દીને ડોક્ટર પાસે લઈ જઈને પણ સેવા થાય કે દવા લાવી આપીને કે પૈસા આપીને પણ મદદ થઈ શકે.

તમારું દિલ સેવાનું હોય તે મહત્ત્વનું છે.

સેવાની ભાવના મહત્ત્વની છે. પછી તમારી શક્તિ કેટલી છે તે જોવાનું છે.

જીવનમાં સેવા તો દરેકે કરવી જ જોઈએ. જીવન આપને મળ્યું છે તે જ બહુ મોટી વાત છે. તો પછી આ જીવનને સાર્થક બનાવવું જ રહ્યું. તેને સાર્થક અને સફળ બનાવવા માટે સેવા જરૂરી છે. પછી તમારા વડીલોની સેવા કરો કે ગરીબોની કરો... સમાજની કરો કે દેશની કરો... દર્દીઓની સહાય કરો કે બાળકોની કરો... પ્રાણીઓની કરો... ટૂંકમાં સેવા ઘણી રીતે થઈ શકે છે.

જીવદયા અને માનવતા જ શ્રેષ્ઠ ધર્મો છે. આ ધર્મોને ન ભૂલો.

પ્રાણીમાત્રમાં જીવ છે.... જીવ પ્રત્યે દયા રાખવી જોઈએ... અહિંસા એ જ પરમો ધર્મ છે... માનવતા પણ સૌથી મોટો ધર્મ છે... દરિદ્ર નારાયણને ભગવાન કહ્યા છે... ગરીબો પ્રત્યે દયા રાખો, એમને મદદ કરો. સહાયભૂત થાઓ અને કલ્યાણકારી કાર્યો કરો...

જો કે સેવા કરવા તમારે ઘર છોડવાની કે સંસારનો ત્યાગ કરવાની કોઈ જરૂર નથી. આ માત્ર દંભ જ છે.

સેવા કરવાનું કામ એટલે સાધુ થવું તેમ કહેવું યોગ્ય નથી. સંસારમાં રહીને ઘરના બીજા કામોની વચ્ચે થોડો સમય સેવા માટે ફાળવી શકાય. સેવા ક્ષેત્ર બહુ વિશાળ છે અને તમે તેને કોઈ પણ સ્વરૂપમાં મેળવી શકો છો. માત્ર તમારી ભાવના હોવી જોઈએ. વિશેષમાં સેવા કરવાની અભિરૂચિ કેળવવી જોઈએ.

સેવાને જીવનના બીજા રંગોની સાથે જ અપનાવો. જીવન અનેક રંગોનું બનેલું છે, જેમાંનો એક રંગ સેવા ક્ષેત્રનો પણ છે.

સરકારી નોકરીને સેવા પણ કહે છે. એટલે જ સેવા માટે વેતન પણ છે અને તેનો ભંગ કરવા માટે કડક કાયદા અને શિક્ષાની જોગવાઈઓ પણ છે.

રાજકીય ક્ષેત્રને પણ ઘણા સેવા ક્ષેત્ર તરીકે ઓળખે છે. જોકે આજે આમાં જેટલા મેવા છે તેટલા ક્યાંય નથી. રાજકારણનું ક્ષેત્ર આજે એશોઆરામ અને ધનદોલત આપતું ગણાય છે. એ સેવા બીજાની લે છે. સેવા પણ હવે કેરિયર બની રહી છે — રાજનીતિની જેમ.

**આપણે ત્યાં સેવા અવેતન ગણાતી આવી છે. જ્યારે પશ્ચિમના દેશોમાં સેવાનો વ્યાપ સવેતન ગણાય છે.** હવે આપણે ત્યાં પણ અનેક કોર્સિસ અને ડિગ્રીઓ શરૂ થયા છે અને તેના કારણે જોબ મળી શકે છે. એટલે કે સવેતન સેવા બનવા માંડી છે.

સેવા ખરેખર તો તમારા આનંદ માટે છે, શાંતિ માટે છે, આત્મ કલ્યાણાર્થે છે.

આ રીતે રોજ નહિ તો અઠવાડિયે થોડા કલાક કે મહિનામાં એક બે દિવસ પણ સેવા માટે ફાળવવા તમારા પોતાના જ હિતમાં છે. વડીલોની સેવા કરો. દુ:ખી ગરીબ લોકો કે બાળકોની સેવા કરો.

તમારી આસપાસના વિસ્તારમાં સફાઈ કરો કે જાગૃતિનો પ્રયાસ કરો.

યાદ રાખો, માનવતા એ સૌથી મોટો ધર્મ છે.

***ચૌલા કુરુવા - અમદાવાદ***
***મો. ૯૯૧૩૦ ૧૨૧૨૦***
***E-mail : chaulakuruwa@gmail.com***

*મહેનતની કમાણીથી મળતો આનંદ દાનની વસ્તુમાં નથી.*

# વ્યર્થતાનો અનુભવ અને જીવનની સાર્થકતા

• ભાણદેવ •

આંખ બંધ કરીને અંદર જુઓ. શાંત થઈને આંતરમનમાં ડોકિયું કરો. દેખીતાં સુખદુઃખ અને તેમનાં દેખીતાં કારણોને બાજુમાં મૂકી દો. જુઓ તમારી જાતને! તપાસો તમારા મનને!

પ્રથમ અનુભવ શાનો થાય છે? સુખનો કે દુઃખનો? સાર્થકતાનો કે વ્યર્થતાનો? થોડા અપવાદ સિવાય સામાન્ય ઉત્તર આવો જ હોય છે : દુઃખનો અનુભવ! વ્યર્થતાનો અનુભવ!

કશાયે દેખીતા કારણ વિના માનવ ચિત્તમાં એક પ્રકારનો વિષાદ હોય છે, વ્યર્થતાનો એક અનુભવ હોય છે. વ્યર્થતાનો આ અનુભવ માનવીના ચિત્તને કોરી ખાય છે. વિષાદ કે દુઃખના અનુભવની પાછળ પણ, તેના પાયામાં માનવચિત્તને કોરી ખાતો આ વ્યર્થતાનો અનુભવ હોય છે.

શું છે આ વ્યર્થતાનો અનુભવ?

બાહ્ય દૃષ્ટિએ બધું જ બરાબર છે અને છતાં કશું જ બરાબર નથી — આવો આ વ્યર્થતાનો અનુભવ છે.

અંદર કશુંક આકુળવ્યાકુળ થાય છે. કોઈક કોચલામાં પૂરાયેલા હોઈએ અને બહાર નીકળવા તરફડતા હોઈએ તેમ લાગે છે — આ વ્યર્થતાનો અનુભવ છે.

કોઈ દેખીતા કારણ વિના સતત એક પ્રકારનો અજંપો રહ્યા કરે છે — આ વ્યર્થતાનો અનુભવ છે.

બાહ્ય દૃષ્ટિથી જીવન માટે આવશ્યક હોય તેવું બધું જ — ધન, પરિવાર, પદ, પ્રતિષ્ઠા, નિવાસ સ્થાન આદિ ભરપૂર મળ્યું હોય તો પણ જીવનમાં કાંઈક મુળભૂત તત્ત્વ ખૂટે છે. આવો અનુભવ થાય છે — આ વ્યર્થતાનો અનુભવ છે.

જાગૃત માનવી અવધાનપૂર્વક પોતાની જાતને તપાસે તો તુરત સમજી શકશે કે તેના જીવનની અનેક વિટંબણાઓનું પાયાનું કારણ છે — આ વ્યર્થતાનો અનુભવ.

જીવન નકામું લાગે, રસહીન લાગે, યંત્રવત્ જિવાય છે, તેમ લાગે; જીવન ઉદ્દેશહીન મુસાફરી જેવું લાગે, જાણે દિવસો પસાર કરીએ છીએ તેમ લાગે; જાણે વ્યર્થનો બોજો વેંઢારીએ છીએ તેમ લાગે — આવો અનુભવ જીવનની વ્યર્થતાનો અનુભવ છે.

વ્યર્થતાનો આ અનુભવ દુઃખદ છે અને દુઃખદ અનુભવ કોઈને ગમતો નથી. તેથી માનવી આ વ્યર્થતાના દુઃખદ અનુભવમાંથી છટકવા માટે નશો, ભોગ, વ્યર્થ દોડાદોડી આદિ ઉપાયોનો આશરો લે છે. પરંતુ આવા ઉપાયોથી વ્યર્થતાની આ દુઃખદ લાગણીમાંથી યથાર્થતઃ મુક્તિ મળતી નથી. ક્ષણભર આ લાગણી ઢંકાઈ જાય છે. પરંતુ પછી તુરંત આ કાળી નાગણ લબકારા મારતી ફેણ ઊંચી કરે જ છે!!

હવે લાખ રૂપિયાનો કે કરોડો રૂપિયાનો પ્રશ્ન એ છે કે આ વ્યર્થતાના અનુભવનું કારણ શું છે? કારણ સમજાય તો ઉપાય હાથ લાગે, નિદાન બરાબર થાય તો ચિકિત્સા કારગત નીવડે.

વ્યર્થતાના અનુભવનું કારણ શું છે?

વ્યર્થતાના અનુભવનું કારણ છે — વિકાસનો અભાવ!

અસ્તિત્વ વિકાસશીલ છે, તેથી જીવન વિકાસશીલ છે અને તદનુસાર માનવજીવન પણ વિકાસશીલ અર્થાત્ વિકાસધર્મી છે. જો કોઈ માનવ જીવનના આ ધર્મનું, વિકાસધર્મનું પાલન ન કરે તો? કોઈ માનવનું જીવન આ વિકાસધર્મ ચૂકી જાય તો?

વિકાસ અસ્તિત્વનો અને તદનુસાર જીવનનો ધર્મ છે, માનવ અસ્તિત્વમાં ટોચ પર છે અર્થાત્ માનવી પૃથ્વી પરની જીવસૃષ્ટિમાં ટોચ પર છે. તેથી વિકાસનો નિયમ, વિકાસનો ધર્મ માનવ જીવનમાં વધુ સ્પષ્ટ રીતે, વધુ સક્રિય રીતે કાર્યરત હોય તે સ્વાભાવિક છે. સર્વશ્રેષ્ઠ જીવ હોવાને નાતે માનવ સર્વશ્રેષ્ઠ વિકાસોન્મુખ જીવ પણ છે જ!

સમગ્ર જીવસૃષ્ટિમાં માનવ જ એક એવો જીવ છે, જે પોતાની જાત વિશે, વિકાસ વિશે સભાન છે, જાગૃત છે. જાગૃતિ જેમ વિશેષ યોગ્યતા છે, તેમ તે વિશેષ જવાબદારી પણ છે જ. પોતાની જાત વિશે, પોતાના જીવન વિકાસ વિશે જાગૃત માનવ પર વિકાસધર્મની જવાબદારી, વિકાસધર્મનું કર્તવ્ય પણ અધિક છે. અળસિયું પોતાના વિકાસ માટે સભાન નથી, તેથી તેના પર વિકાસનું કર્તવ્ય લાદી શકાય નહિ, પરંતુ માનવી પોતાના જીવન વિકાસ માટે સભાન હોવાથી જીવન વિકાસરૂપી ધર્મનું પાલન તેનું કર્તવ્ય બની જાય છે. અળસિયાને જીવન વિકાસના ધર્મનું પાલન કરવાનું કર્તવ્ય નથી, તેથી તેને આ કર્તવ્યચ્યુતિ માટે સજા ન કરી શકાય, પરંતુ માનવ એક જાગૃત અને વિકસિત જીવ તરીકે પોતાનું કર્તવ્ય ચૂકી જાય તો? માનવ વિકાસના ધર્મને ચૂકી જાય તો?

જીવનનો મૂળભૂત નિયમ છે — વિકાસ. જીવવું એટલે વિકસવું. સારી રીતે ભણવું. સારું કામ મેળવવું, લગ્ન કરવાં, બાળકો હોવાં, ખાવુંપીવું અને દિવસો પસાર કરવા — આટલામાં જ જીવનની ઇતિશ્રી નથી.

જીવન એક યાત્રા છે. આ યાત્રા વિકાસયાત્રા છે અને આ યાત્રા પૂર્ણત્વની યાત્રા છે. જે યાત્રી રસ્તામાં બેસી જાય છે, જે વિકાસનો ધર્મ ચૂકી જાય છે, તે ગંતવ્ય સુધી પહોંચવાની કૃતાર્થતા પામી શકે નહિ. આ જીવનની મૂળભૂત અકૃતાર્થતા છે, અને આ જ આપણા અજંપાનું, આપણી વ્યાકુળતાનું કારણ છે. જેઓ વિકસે છે, તેઓ જીવે છે. જેઓ વિકસતા નથી અને

*જીવનનું સૌથી મોટું જોખમ એ જોખમ ન લેવું તે જ છે.*

માત્ર જૈવિક પ્રક્રિયા (Vegitation)માં રોકાઈ ગયા છે, તેઓ જીવશાસ્ત્રીની દૃષ્ટિએ જીવે છે, પરંતુ તેઓ યથાર્થ માનવ જીવન જીવે છે, તેમ ન કહી શકાય.

જે માનવો વિકાસશીલ જીવન જીવતા નથી, તેઓ જીવનના કેન્દ્રસ્થ નિયમનો અને જીવનના સનાતન સત્યનો ભંગ કરે છે. જેઓ વિકસતા નથી, તેઓ જીવન દેવતાના અપરાધી છે. કાયદાની દૃષ્ટિએ તેઓ અપરાધી નથી. સામાજિક કે નૈતિક દૃષ્ટિએ તેઓ ગુનેગાર નથી. ધર્મશાસ્ત્રનો કોઈ નિયમ તેમને પાપી ઠરાવી શકે તેમ નથી. પરંતુ ઉચ્ચતર જીવનનું એક રહસ્ય છે — વિકાસ! જીવનના આ નિયમ પ્રમાણે જેઓ વિકાસશીલ ન હોય, તેઓ જીવન દેવતાનો અપરાધ કરી રહ્યા છે. જીવનના સ્વરૂપને દૃષ્ટિ સમક્ષ રાખીને વિચારીએ તો વિકાસશીલ ન હોવું તે એક મોટો અપરાધ છે. જેઓ વિકસતા નથી, તેઓ જીવનના આ કેન્દ્રસ્થ સત્યના વિરોધમાં છે. જેઓ જીવનના આ વિકાસરૂપી સનાતન નિયમનું પાલન નથી કરતા, તેમને જીવનદેવતા સજા કરશે જ, તેમને સજા થવી જ જોઈએ. તે સજા છે — વ્યર્થતાનો અનુભવ!

કોઈ દેખીતા કારણ વિનાની માનવીની વ્યાકુળતા, અજંપો, બધું જ બરાબર હોવા છતાં કાંઈ જ બરાબર નથી — આવી લાગણી — આ સર્વ કોઈ એકાદ માનવીની સમસ્યા નથી. આ મનુષ્ય જીવનની સમસ્યા છે. આ વ્યર્થતાનો અનુભવ માનવચેતના સાથે રસબસ થઈ ગયો છે. આ સમસ્યાનું કારણ શું છે? કારણ છે - વિકાસનો અભાવ! ચિત્તની ઉદ્વિગ્નતાનાં અનેક કારણો હોઈ શકે છે. પરંતુ સૌથી મહત્ત્વનું કારણ છે - વિકાસનો અભાવ! નદીનું પાણી ગંદું થવાનાં અનેક કારણ હોઈ શકે છે, પરંતુ મૂળભૂત કારણ છે - નદીના પ્રવાહનું બંધ થઈ જવું. ધસમસતા વેગથી વહેતી નદી ગંદકીને ખેંચી જશે, પોતાની નિર્મળતા જાળવી રાખી શકશે. 'વહેતાં પાણી નિર્મળાં, બંધ ગંધીલાં હોય' આ નિયમ નદીને જ નહિ, જીવન - નદીને પણ લાગુ પડે છે.

જે વિકસે છે, તે સ્વસ્થ છે; જે વિકસે છે તે વિધાયક છે; જે વિકસે છે તે પ્રસન્ન છે; જે વિકસે છે તે પ્રેમાળ છે; જે વિકસે છે તે નિરુપદ્રવી છે; જે વિકસે છે તે મત્સરમુક્ત છે; જે વિકસે છે તે કૃતાર્થ છે અને તેથી જે વિકસે છે, તેને વ્યર્થતાનો અનુભવ ન જ હોય! વિકાસના અભાવમાં જ માનવીને વ્યર્થતાનો અનુભવ થાય છે!

આપણા જીવનની અગણિત સમસ્યાઓનું કારણ છે — વિકાસનો અભાવ. આપણા જીવનની અગણિત સમસ્યાઓનું નિરાકરણ છે — વિકાસ.

વિકાસ અને જીવનનો અવિનાભાવ સંબંધ છે. જેમના જીવનમાં પ્રગતિ સ્વભાવ બની ગઈ છે, તેમને ધન્ય છે! પ્રગતિ માનવનો જન્મસિદ્ધ અધિકાર છે અને તેથી પ્રગતિ માનવનું જન્મસિદ્ધ કર્તવ્ય, ધર્મ પણ છે જ. અધિકાર અને કર્તવ્ય સાથે જ રહે છે!

વેદના ઋષિ કહે છે —

***चराति चरतो भगः।***

"ચાલનારનું ભાગ્ય ચાલે છે."

અહીં ***चरति*** નો અર્થ વિકસવું છે, ફરવું નથી, રખડવું નથી.

હવે આપણી સમક્ષ સહજ રીતે પ્રશ્ન આવે છે — વિકાસ એટલે શું?

વિકાસ એટલે શરીરના વજનમાં વધારો? વિકાસ એટલે બેંક બેલેન્સમાં વધારો? વિકાસ એટલે મિત્રોની સંખ્યામાં વધારો? વિકાસ એટલે પદ - પ્રતિષ્ઠામાં વધારો? વિકાસ એટલે પ્રમાણપત્રો, ઈનામો અને ચંદ્રકોની સંખ્યામાં વધારો? ના, જીવનનો યથાર્થ વિકાસ આ નથી. પ્રત્યેક માનવી કાંઈક તો કરે જ છે, છતાં તે અકૃતાર્થ કેમ છે? યાદ રહે, પ્રત્યેક ગતિ પ્રગતિ નથી!

તો હવે કહો, વિકાસ એટલે શું?

જીવન-વિકાસના યથાર્થ સ્વરૂપને સમજવા માટે આપણે જીવનના યથાર્થ સ્વરૂપને સમજવું જોઈએ. જીવન શું છે, તે સમજાય તો જીવન-વિકાસના યથાર્થ સ્વરૂપને સમજી શકાય.

જીવન એક કેન્દ્રસ્થ ચૈતન્ય - આત્માની આજુબાજુ ઘૂમે છે. આ કેન્દ્રસ્થ ચૈતન્ય આપણું સ્વરૂપ છે. આ આપણા સ્વરૂપગત ચૈતન્યમાં પહોંચવું, તેમાં રહીને જીવવું - આ આપણી મૂળભૂત અને કેન્દ્રસ્થ કૃતાર્થતા છે, સાફલ્ય છે. આ પરમ ચૈતન્યની પ્રાપ્તિ આપણા જીવન વિકાસનું મુખ્ય સંચાલક બળ છે. આમ હોવાથી આપણી કેન્દ્રસ્થ ચેતના - પરમ નજીક જવું - આ જીવન વિકાસનું યથાર્થ સ્વરૂપ છે.

જ્યાં જવાનું છે, તે દિશામાં ગતિ કરવી એટલે વિકસવું. તે દિશાની વિરુદ્ધ દિશામાં ગતિ કરવી તે અવનતિ છે. ગતિહીન અવસ્થામાં પડ્યા રહેવું, તે જડતા છે, પથ્થરપણું છે. ગતિહીનતા કે વિરુદ્ધ ગતિ વ્યક્તિને સાચો આનંદ, સાચી શાંતિ અને યથાર્થ કૃતાર્થતા આપી શકે નહિ.

જીવવું એટલે વિકસવું અને વિકસવું એટલે ચેતનામાં વિકસવું. વિકસવું એટલે આત્માની નજીક સરકવું; વિકસવું એટલે પરમાત્માની પાસે જવું; વિકસવું એટલે પોતાના મૂળ સ્થાન તરફ ગતિ કરવી.

તો શું આધ્યાત્મિક વિકાસ એ જ એક માત્ર વિકાસ છે? સંગીતકાર વિકસતો નથી? સાહિત્યકાર વિકસતો નથી? કવિ વિકસતો નથી? ચિત્રકાર વિકસતો નથી? દેશસેવક કે સમાજસેવક વિકસતો નથી? વિદ્વાન વિકસતો નથી? પર્વતારોહક કે યાત્રી વિકસતો નથી? વૈજ્ઞાનિક વિકસતો નથી?

હા, આ બધાં વિકસે છે કારણકે તેમનાં આ માધ્યમ દ્વારા કોઈક સ્વરૂપે અને કાંઈક અંશે આત્મવિકાસ સિદ્ધ થાય છે. જાણ્યે કે

"ROLEX" Brand



**Rushabh**
**STEEL CENTRE**

G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
**Tel. : 2242 2072, 3393 7310 ● Fax : (022) 3008 0072**

MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN

અજાણ્યે આ બધાં સ્વરૂપના વિકાસના પેટાળમાં કોઈને કોઈ સ્વરૂપે આત્મિક વિકાસ હોય છે, તેથી તેમના વિકાસમાં જીવન વિકાસનું તત્ત્વ હોય છે.

કવિ ઋષિ છે. કારણકે તે અપાર્થિવ સંદેશને ઝીલીને શબ્દના માધ્યમથી અભિવ્યક્ત કરે છે. શિલ્પકાર ઋષિ છે, કારણકે તે પથ્થરમાંથી અનભિવ્યક્ત સૌંદર્યને અભિવ્યક્ત કરે છે. ચિત્રકાર ઋષિ છે, કારણકે તે રંગ અને રેખાના માધ્યમ દ્વારા પરમને જ વ્યક્ત કરે છે. સંગીતકાર ઋષિ છે, કારણકે તે અપાર્થિવ ધ્વનિને ઝીલીને તેને આ પાર્થિવ જગતમાં અભિવ્યક્ત કરે છે. આ સર્વ ઋષિઓ દ્વારા ઊર્ધ્વ-જગતનો પ્રકાશ આ જગતમાં અવતરે છે. તેઓ પરમની અભિવ્યક્તિનાં માધ્યમ બને છે, તેથી તેમની ચેતના પણ આ માધ્યમો દ્વારા પરમનો સંસ્પર્શ પામે છે.

એક સાચો નૃત્યકાર નૃત્ય કરતી વખતે ચેતનાની ઊર્ધ્વાવસ્થામાં પ્રવેશ પામે છે. ચેતનાની અધોગામી કે સામાન્ય અવસ્થામાં રહીને સાચું નૃત્ય ન જ થઈ શકે. એક વૈજ્ઞાનિક સંશોધનની ગહન પ્રક્રિયા દરમ્યાન ચેતનાની ઉચ્ચતર અવસ્થામાં પહોંચે જ છે, અન્યથા મૂલ્યવાન સંશોધન ન જ થઈ શકે.

વિકાસનાં આ બધાં સ્વરૂપોનાં પેટાળમાં આત્મવિકાસ - ચેતનાનો વિકાસ છુપાયેલો હોય જ છે, તેથી જ આ બધાં સ્વરૂપો વિકાસનાં સ્વરૂપો ગણાય છે. વિકાસનાં જે કોઈ બહિરંગ સ્વરૂપ દ્વારા જીવન - વિકાસનો મૂળભૂત હેતુ સિદ્ધ થતો હોય તે બધાં જીવન વિકાસનાં સ્વરૂપ છે. જીવનનો સૌથી મૂલ્યવાન અને કેન્દ્રસ્થ વિકાસ તો છે - આધ્યાત્મિક વિકાસ. આથી જ ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે —

*અધ્યાત્મવિદ્યા વિદ્યાનામ્*

*— શ્રીમદ્ ભગવદ્ગીતા ૧૦-૩૨*

"બધી વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યા મારું સ્વરૂપ છે."

જીવવું એટલે વિકસવું અને વિકસવું એટલે ચેતનામાં વિકસવું — આ જીવનનું સત્ય છે. જેઓ આ સત્ય સમજે છે અને તદનુસાર જીવે છે, તેમને "વ્યર્થતાના અનુભવ"માંથી મુક્તિ છે.

★

## જીવનની સાર્થકતા

અંતરને તપાસો! અંદર જુઓ! પ્રામાણિકતાપૂર્વક અંદર જુઓ! પ્રથમ અનુભવ શાનો થાય છે? સામાન્યતઃ પ્રથમ અનુભવ દુઃખનો હોય છે. બહારના કોઈ દેખીતા કારણ વિના પણ માનવીના ચિત્તમાં એક પ્રકારની દુઃખદ લાગણી વહેતી હોય છે. દુઃખનાં દેખીતાં કારણો અને આ કારણોમાંથી પ્રગટતી દુઃખદ લાગણીને બાજુમાં નાખી દઈએ, તો પણ માનવીના ચિત્તમાં દુઃખનો અનુભવ સતત રહેતો હોય છે.

આ સતત વહેતો દુઃખનો અનુભવ શું છે? આ દેખીતા કારણ વિના અનુભવાતું દુઃખ શું છે? આ દુઃખના પાયામાં છે — વ્યર્થતાનો અનુભવ! માનવી સતત એક પ્રકારની વ્યર્થતાની લાગણી અનુભવે છે અને માનવી સતત સાર્થકતા પામવા માટે ફાંફાં મારે છે. આ ફાંફાં, આ પ્રયત્નો સફળ કેમ થતાં નથી? માનવી જીવનની યથાર્થ સાર્થકતા કેમ પામી શકતો નથી?

આ પ્રશ્નનો ઉત્તર મેળવવા માટે આપણે આટલું સમજવું જોઈએ :

૧. જીવનમાં નિરર્થકતાની લાગણી શા માટે અનુભવાય છે? આ નિરર્થકતા શું છે?
૨. જીવનની યથાર્થ સાર્થકતા શું છે અને તેને કેવી રીતે પામી શકાય છે?

બાહ્ય દૃષ્ટિથી જોઈએ તો જીવન માટે આવશ્યક તેવું બધું જ - ધન, પરિવાર, પદ, પ્રતિષ્ઠા, નિવાસસ્થાન આદિ ભરપૂર હોય. તો પણ જીવનમાં કાંઈક મૂળભૂત તત્ત્વ ખૂટે છે - આવો અનુભવ પ્રત્યેક જાગૃત માનવીને થાય જ છે! આ અનુભવ નિરર્થકતાનો અનુભવ છે.

કહી ન શકાય, સમજાવી ન શકાય તેવી આ ઊંડી અકળામણ છે.

જીવન નકામું લાગે, રસહીન લાગે, યંત્રવત્ લાગે, ઉદ્દેશહીન મુસાફરી જેવું લાગે, જાણે જીવન એક બોજો છે, તેમ લાગે — આવો આ જીવનની નિરર્થકતાનો અનુભવ છે.

માનવી આ નિરર્થકતાના દુઃખદ અનુભવમાંથી મુક્ત થવા અને સાર્થકતાના અનુભવને પામવા ફાંફાં મારે છે.

આ નિરર્થકતાનો અનુભવ શો છે?

આ નિરર્થકતાનો અનુભવ જીવનનું કેન્દ્રસ્થ તત્ત્વ ગુમાવ્યાનો અનુભવ છે. આપણું જે અસલી સ્વરૂપ છે, તેને ચૂકી જવાથી જે દુઃખદ લાગણી અનુભવાય છે, તે જ આ નિરર્થકતાની લાગણી છે.

આપણું મૂળભૂત, અસલી, સ્વરૂપ આત્મસ્વરૂપ છે. તેને ચૂકી જવાથી નિરર્થકતા કે વ્યર્થતાની દુઃખદ લાગણી સતત અનુભવાય છે. પોતાના મૂળભૂત, અસલી આત્મસ્વરૂપમાં પ્રતિષ્ઠિત થવાથી પરમ સાર્થકતા અનુભવાય છે અને નિરર્થકતાની દુઃખદ લાગણીમાંથી કાયમી ધોરણે છુટકારો મળે છે. નિરર્થકતા રોગનું મૂળભૂત નિદાન અને મૂળભૂત ચિકિત્સા આ છે.

એક ચિત્રકાર સુંદર ચિત્ર બનાવે છે. આ ચિત્ર બનાવીને તે સંતોષ અનુભવે છે અને સર્જનનો આનંદ અનુભવે છે. આ અનુભવને આપણે સાર્થકતાનો અનુભવ ગણીએ છીએ. એટલું જ નહિ, ચિત્રકારના આ ચિત્રને જોઈને ભાવકો પ્રસન્ન થાય અને ચિત્ર અને ચિત્રકારને પ્રશંસાના પુષ્પો અર્પણ કરે તો ચિત્રકારની સાર્થકતાની લાગણી

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263
જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

દ્વિગુણિત થાય છે.

કવિ-સાહિત્યકારનાં સર્જન, શિલ્પકારની શિલ્પકૃતિઓ, સંગીતકારના ગાન-વાદન કે નૃત્યકારના નૃત્ય વિશે પણ આમ જ કહી શકાય.

એક ડૉક્ટરની ચિકિત્સાથી એક કે અનેક દર્દીઓ સાજાસારા થઈ જાય, તો ડૉક્ટરના મનમાં સંતોષ અને પ્રસન્નતા અનુભવાય છે. આ લાગણીને આપણે સાર્થકતાનો અનુભવ કહીએ છીએ.

એક શિક્ષક વિદ્યાર્થીઓને સારી રીતે ભણાવે અને તેમના જીવન-વિકાસમાં મૂલ્યવાન સહાય પ્રદાન કરે, તો સ્વાભાવિક રીતે જ શિક્ષક પ્રસન્નતા અનુભવે છે અને આ અનુભવને આપણે સાર્થકતાનો અનુભવ ગણીએ છીએ.

સાર્થકતાના આ અનુભવ વિશે આપણે મૂલગામી દૃષ્ટિકોણથી વિચાર કરવાની આવશ્યકતા છે.

આ બધા પ્રકારની સાર્થકતા શું ખરેખર સાર્થકતા આપે છે? આ સાર્થકતા યથાર્થ સાર્થકતા છે? આપણે આપણા રોજબરોજના જીવનમાં આ પ્રકારનાં વિધાનો વારંવાર કરતા હોઈએ છીએ –

"હું ધન્ય થઈ ગયો!"

"મારું જીવન ધન્ય થઈ ગયું!"

"મારું જીવ્યું સાર્થક થયું!"

"મને સાત જન્મ ચાલે તેટલી સાર્થકતા લાધી છે!"

આ બધાં કે આ પ્રકારનાં વિધાનો મૂલતઃ સાચાં છે? સાંગોપાંગ સત્ય છે? યથાર્થતઃ સત્ય છે?

ના, આ વિધાનો યથાર્થ સત્ય નથી. આ બધાં વિધાનો ઔપચારિક ઉપરછલ્લાં અને આવેગમાંથી આવેલાં વિધાનો છે.

આ બધા માધ્યમો દ્વારા મળતી સાર્થકતા યથાર્થ સાર્થકતા નથી. આ સાર્થકતા પોકળ, આભાસી અને ક્ષણિક હોય છે. 'મારું જીવન ધન્ય થયું' અને 'મારું જીવન સાર્થક થયું' આ પ્રકારનાં વિધાનો જાહેરમાં કરનારા મહાનુભાવો બીજે જ દિવસે વિષાદ કે વૈફલ્યમાં સરી પડે છે તેમ જોયું છે. ક્યાં ગઈ ધન્યતા? ક્યાં ગઈ સાર્થકતા? સાર્થકતા કે ધન્યતા ક્યાંય ગઈ જ નથી, કારણકે તે હતી જ નહિ અને હતી તો પણ આભાસી, પોકળ અને ક્ષણિક હતી. સાત જન્મ ચાલે તેવી અને તેટલી ધન્યતા સાત દિવસમાં બાષ્પીભૂત થઈ જાય છે.

સાચી સાર્થકતાની ઓળખ શી?

જીવનમાં એકવાર સાચી સાર્થકતા પામ્યા પછી કદી એક ક્ષણ માટે પણ નિરર્થકતા, નિરાશા, વિષાદ, વૈફલ્ય ચિત્તમાં પ્રવેશી ન શકે, તે જ જીવનની યથાર્થ સાર્થકતા છે. આપણી સાર્થકતા આવી અસલી સાર્થકતા હોય છે? જો તેમ હોય તો જ તેને યથાર્થ સાર્થકતા ગણી શકાય, અન્યથા નહીં જ!

ગિજુભાઈ બધેકા અર્થાત્ મુછાળી મા આપણા સમર્થ કેળવણીકાર છે. બાળકોના સાચા શિક્ષણ માટે અને બાળકોના યથાર્થ જીવન-વિકાસ માટે તેમણે પોતાનું જીવન સમર્પિત કરી દીધું અને બાળ કેળવણીકાર ક્ષેત્રમાં ભારે મોટું કાર્ય કર્યું. ગુજરાતમાં સાચી બાળ-કેળવણીના ગિજુભાઈ પ્રવર્તક ઋષિ છે, તેમ કહેવામાં અતિશયોક્તિ નથી. આ બધાં પરથી આપણને પ્રથમ દૃષ્ટિએ એમ જ લાગે કે ગિજુભાઈ ઘણી ઊંડી સાર્થકતા પામી ગયા.

પરંતુ ગિજુભાઈ પોતે આ વિશે શું કહે છે?

જીવનના અંતિમ દિવસોમાં ગિજુભાઈ ઊંડો પરિતાપ વ્યક્ત કરતાં કહે છે :

"અરેરે! આત્મપ્રાપ્તિ તો રહી જ ગઈ!"

જીવનભર ઉમદા કોટિનાં સત્કાર્યો કરવામાં આવે અને તેમાં પ્રચંડ સફળતા મળે તો પણ યથાર્થ સાર્થકતાની પ્રાપ્તિ ન જ થાય!!

કારણ શું?

*કારણ નરસિંહ મહેતા આપે છે -*

***"જ્યાં લગી આતમા-તત્ત્વ ચીન્યો નહિ***
***ત્યાં લગી સાધના સર્વ જૂઠી,***
***માનુષા-દેહ તારો એમ એળે ગયો***
***માવઠાની જેમ વૃષ્ટિ વૂઠી."***

***(સૌજન્ય : શિશુ વિહાર, ભાવનગર)***
***'અધ્યાત્મ અને વૃદ્ધાવસ્થા' માંથી સાભાર***

## ગાંધીજી અને રેલવે

એકવાર લાહોર અને દિલ્હી વચ્ચે મને રેલવેની ભીડનો કટુ અનુભવ થયો. લાહોરથી ત્રીજા વર્ગના ડબ્બામાં મને કોઈ રીતે જગ્યા મળતી ન હતી. ડબ્બાનો દરવાજો અંદરથી બંધ હોય તો લોકો બારીમાંથી અંદર ઘૂસી જતા હતા. મને એક મજૂરે કહ્યું કે બાર આના આપો તો જગ્યા મેળવી દઉં. મેં કહ્યું કે પ્રથમ જગ્યા મેળવી આપ, પછી બાર આના આપું!

એટલે મજૂરે યાત્રીઓને વિનંતી કરી જગ્યા શોધવામાં લાગી ગયો. જગ્યા તો મળી નહીં અને ટ્રેન શરૂ થવાનો સમય થઈ ગયો એટલે મજૂરે મને ઉપાડીને બારીમાંથી અંદર ધકેલી દીધો. હું સળિયો પકડીને ઊભો હતો. પરંતુ બેઠેલા યાત્રિકોને મારી હાજરી ગમી નહીં. તેઓ વારંવાર મને તિરસ્કારપૂર્વક બેસી જવાનું કહેતા હતા. હું તેમની સામે જગ્યા ન હોવાની દલીલ કરતો રહ્યો. મને વધુને વધુ સવાલો પૂછાઈ રહ્યા હતા અને હું દરેક સવાલનો બને તેટલી સૌમ્યતાથી જવાબ આપતો હતો.

કોઈકે મારું નામ-ઠામ પૂછ્યું. મેં નામ જણાવ્યું. પછી કેટલાક મુસાફરો શરમાયા. મારી સાથે ગેરવર્તણૂક કરવા બદલ માફી માગી અને મને બેસવા પૂરતી જગ્યા કરી આપી."

***– ગાંધીજી***
***'ગાંધી ઔર રેલવે' પુસ્તકમાંથી***
***લે. Y. P. Anand***

તીર્થ પટ
હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

# મહાભારતનાં બે અંતિમો : ધૃતરાષ્ટ્ર અને યુધિષ્ઠિર

• રાસવિહારી મણીઆર •

ધૃતરાષ્ટ્ર એટલે શ્રેષ્ઠ ખલ પુરુષ. નાના ભાઈએ રાજગાદી એને સંભાળવા આપી તો એના ઉપર એવો ચોંટી ગયો કે કદી ત્યાંથી ઊભો જ ન થયો. દુર્યોધનની યોજના પ્રમાણે એણે પાંડવોને વારણાવત મોકલ્યા – લાક્ષાગૃહમાં બળી મરવા! સમગ્ર રાજ્યના હક્કદાર પાંડવો હતા છતાં રાજ્યના બે ભાગ પાડ્યા. વેરાન, નિર્જન, ખડકાળ જેવો પ્રદેશ પાંડવોને ફાળવ્યો. શાંતિપ્રિય પાંડવોએ તે સ્વીકાર્યો અને શ્રીકૃષ્ણના માર્ગદર્શન નીચે અથાગ પરિશ્રમ કરી પાંડવોએ ઈન્દ્રપ્રસ્થનું ધર્મરાજ્ય વિકસાવ્યું. અઢળક સમૃદ્ધિ ભેગી કરી અને તેને સમર્થ બનાવ્યું.

રાજસૂય યજ્ઞમાં હાજરી આપી, હસ્તિનાપુર પાછો આવેલો દુર્યોધન ધૃતરાષ્ટ્રને કહે છે, 'મારે આપઘાત કરીને મરી જવું છે.' ધૃતરાષ્ટ્ર પૂછે છે, 'કેમ? તને ત્યાં કોઈએ દૂભવ્યો?' દુર્યોધન કહે, 'ના, પરંતુ પાંડવોની આટલી બધી સંપત્તિ અને સમૃદ્ધિ મારાથી સહન નથી થતી.' દુર્યોધનમાં પાંડવો સામે યુદ્ધ કરી તેમને જીતવાની તો હામ ન હતી, તેથી દ્યૂતની કપટભરી રમતથી પાંડવોનું બધું જ હડપ કર્યું.

અને સૌથી નિંદ્ય, સદા અક્ષમ્ય, કરુણ પ્રસંગ એની હાજરીમાં, ભીષ્મ, દ્રોણાદિ મહાનુભાવોની ઉપસ્થિતિમાં બન્યો – રાજરાણી, યાજ્ઞસેની, શ્રીકૃષ્ણ સખી દ્રૌપદીને ભરસભામાં વિવસ્ત્ર કરવાનો પ્રયત્ન! આ દંભ પ્રવીણ, ખંધો, સ્વાર્થી, અન્યાયી, નિર્દય, હૃદયશૂન્ય ધૃતરાષ્ટ્ર દુઃશાસનને રોકતો નથી કે નથી દુર્યોધનને ફટકારતો! વિદુર જ્યારે આ પ્રસંગ અટકાવવા તેને હિતવચનો સંભળાવે છે ત્યારે આ નિષ્ઠુર એને કહે છે કે અમારું ખાઈને તું પાંડવોનું જ શ્રેય વાંછે છે! માટે તું પાપી છે.

દ્રૌપદી જેવી તેજસ્વી અને સમજદાર, બુદ્ધિમાન અને વિવેકી નારી વિશ્વના ઈતિહાસમાં કે સાહિત્યમાં જોવા નથી મળતી. ગૌરવ લો કે દ્રૌપદી એ ભારતનું ગૌરવશાળી અણમોલ એવું રત્ન છે કે કાળ જેનો પ્રકાશ, કિંચિત્ માત્ર ઝાંખો નથી કરી શક્યો. હૃદયને વિદીર્ણ કરી નાખે અને મજ્જાતંતુઓ જડ બની જાય એવી પરિસ્થિતિમાં પણ એણે મગજની સમતુલા નથી ગુમાવી. ભીષ્મ જેવા જ્ઞાની અને દ્રોણ સમા આચાર્ય, વિદુર જેવા ધર્માત્મા કે દેવતુલ્ય સામર્થ્ય ધરાવતા પાંચ - પાંચ પતિ કે ગાંધારી જેવી સતી – કોઈ જ એને આ ભીષણ દાવાનળમાંથી ઉગારી નથી શકતું, પરંતુ પ્રભુ ભક્તને કદી ત્યજતો નથી. શ્રીકૃષ્ણે વસ્ત્રરૂપ ધારણ કરી એની, પાંડવોની અને ભારતીય સંસ્કૃતિની લાજ રાખી. દુઃશાસન થાક્યો અને યજ્ઞશાળામાં થતા અપશુકનથી ભય પામી ધૃતરાષ્ટ્રે બગડેલી બાજી સુધારી લેવા દ્રૌપદીની પ્રશંસા કરતાં કહ્યું, 'હે પાંચાલી! મારી પુત્રવધૂઓમાં તું સર્વથી મોટી છે, તું સતી છે, ધાર્મિક, ધીર અને વિવેકી છે. તું તારા મનમાં આવે તે મારી પાસેથી માગી લે. તું માગીશ તે તને આપીશ.'

દ્રૌપદીએ વરદાનમાં શું માગ્યું? એણે માગ્યું, 'મહારાજ, યુધિષ્ઠિર દાસત્વમાંથી મુક્ત થાય.' એણે ઓછામાં ઓછું માગ્યું, પરંતુ ધૃતરાષ્ટ્રે કહ્યું, 'મને સંતોષ નથી થયો. મારી પુત્રવધૂઓમાં તું શ્રેષ્ઠ છે, દ્રૌપદી! તું બીજું વરદાન માગ.' અને દ્રૌપદીએ માગ્યું, 'ધર્મરાજ યુધિષ્ઠિરના ચારેય ભાઈઓ એમનાં ધનુષ્યબાણ અને રથો સહિત દાસત્વમાંથી મુક્ત થાય.' દ્રૌપદીએ રાજ્ય ન માગ્યું. હારેલી સમૃદ્ધિ પાછી ન માગી, પરંતુ ધૃતરાષ્ટ્રને હજી સંતોષ ન થયો. એ દ્રૌપદીને ત્રીજું વરદાન માગવા કહે છે. દ્રૌપદી વિવેકપૂર્વક 'ના' કહી જણાવે છે કે શાસ્ત્ર ક્ષત્રાણીને બે જ વરદાન માગવાની છૂટ આપે છે અને મારા સમર્થ પતિઓ દાસત્વમાંથી મુક્ત થાય છે તો તેઓ પોતાનાં સત્કાર્યોથી ઉત્કર્ષ પામશે. પરંતુ ધૃતરાષ્ટ્ર યુધિષ્ઠિરને એનું સામ્રાજ્ય, સંપત્તિ, સર્વ સમૃદ્ધિ પાછી સોંપી, આ આખા પ્રસંગને એક દુઃસ્વપ્નની જેમ ભૂલી જઈને, ઈન્દ્રપ્રસ્થ જઈ સુખપૂર્વક રાજ્ય ભોગવવા કહે છે.

ત્યારે કર્ણ, દ્રૌપદીનો પ્રખર દ્વેષી સહસા બોલી ઊઠે છે, 'અરે! અત્યંત બુદ્ધિમાન અને અપ્રતિમ સૌંદર્ય ધરાવતી સ્ત્રીઓનાં અદ્ભુત કાર્યો વિશે મેં સાંભળ્યું છે, પરંતુ આ દ્રૌપદીના તોલે કોઈ જ ન આવી શકે. દુઃખના પ્રચંડ તોફાની મહાસાગરમાં ડૂબી રહેલા પાંડવોને સહીસલામત પાર ઉતારનારી એ નૌકા બની છે.' આ પ્રસંગમાં સાચા ભક્તને પરમ આશ્વાસન છે. પ્રભુ એની લાજ કદી જવા નહીં દે. વિશ્વ આખું વિમુખ બનશે, આક્રમક - નિર્દય બનશે તો પણ એ ઉકળતા તેલમાં પણ એને ઠંડકનો અનુભવ કરાવશે અને તરતો રાખશે. સત્ય માર્ગના પ્રવાસીને, પ્રભુપ્રેમીને, એના કામમાં ઘસાનારને તે કદી તરછોડશે નહીં, સંકટમાં એકલો પડવા નહીં દે, એને પ્રેમથી સંભાળશે. પરંતુ આ પ્રસંગમાં એક બીજી વાત છુપાયેલી છે. આ પ્રસંગમાં પ્રભુનો એક રહસ્યમય પડકાર છે :

નરમ હૃદયના સજ્જનોને,
ઉપેક્ષાથી ભય પામતા બુદ્ધિમાનોને,
શબ્દોના - પોથીના જડ અર્થોને પકડી
રાખી તેને અનુસરવા મથતા
જ્ઞાનીઓને અને

ભક્તિ-જડ આસ્તિકોને – કે જે કરવા યોગ્ય છે, તે તમે એ જ ક્ષણે નહીં કરો તો સ્પષ્ટ સમજી લો કે કોઈને પણ સાધન બનાવી મારા ભક્તને હું સંભાળીશ જ. મારું લક્ષ્ય અચૂક છે અને અહીં સંપત્તિલોલુપ, ખંધા, કુટિલ ધૃતરાષ્ટ્રને સાધન બનાવ્યો.

*ઈશ્વરની અપેક્ષા હતી કે માનવી પ્રેમનું મંદિર બનાવે, પરંતુ માનવી પથ્થરનાં મંદિર બનાવે છે.*

પિતાતુલ્ય વડીલ શ્વસુર - ઘડી પહેલાં દ્રૌપદીની આર્તવાણી પ્રત્યે - બહેરો હતો, આ અંધ રાજવી પોતાની વધી ગયેલી સંપત્તિથી અનહદ ખુશી અનુભવતો હતો, સંપત્તિ કેટલી વધી એની ગણતરીમાં લીન હતો અને ભરસભામાં દ્રૌપદી, ઈન્દ્રપ્રસ્થની સમ્રાજ્ઞી ઉપર થઈ રહેલા અમાનુષી અત્યાચારની એના ઉપર કંઈ જ અસર ન હતી, એણે અચાનક 'યુ-ટર્ન' લીધો. એનું મન જે કાદવની ખાઈમાં ડૂબેલું હતું તે બહાર નીકળી ગંગાજળમાં તરવા લાગ્યું!

શાંત ચિત્તે જરા વિચાર કરીએ.

દ્રૌપદીને વરદાન માગવાનું ધૃતરાષ્ટ્રે ન કહ્યું હોત તો? — તો પાંડવો અને દ્રૌપદી જીવનભર દાસ બની લાચાર અને અપમાનજનક નારકી જીવન ગુજારતાં હોત! કારણ તેઓ શબ્દના સાચા હતા અને ધર્મની સંસ્થાપના માટે સ્વયં પરમાત્માએ અવતાર લીધો તે જ અર્થશૂન્ય બની જાત! કારણ પાંડવોને નિમિત્ત બનાવી આ અવતારકાર્ય કરવાનું હતું — અને ત્યારે 'સત્યનો જ અંતે જય' અગર 'જ્યાં ધર્મ ત્યાં જય' — આ પ્રેરક, સમર્થ અને સનાતન આધારભૂત ઉક્તિઓ રસાતાલમાં દટાઈ જાત! યજ્ઞશાળામાં ઉદ્ભવેલા અપશુકનોના ડરથી ધૃતરાષ્ટ્રે બાજી સંભાળી લેવાનું મન કર્યું અને દ્રૌપદીને વરદાન માગવાનું કહ્યું.

પરંતુ સત્કાર્ય એટલે સત્કાર્ય. મહર્ષિ વ્યાસે શ્રીમદ્ ભગવદ્ ગીતાની શરૂઆત ધૃતરાષ્ટ્રના મુખે કરાવી. ધૃતરાષ્ટ્રે એક સારું કામ કર્યું — તેના હાથે થઈ ગયું! અને 'ધૃતરાષ્ટ્ર' શબ્દ ભક્તો, ઋષિઓ, સાધકો માટે, આચાર્યો અને કૃષ્ણ પ્રેમીઓના મુખે શાશ્વતકાળ માટે રમતો થયો અને જીવંત રહ્યો. શ્રીમદ્ ભગવદ્ ગીતા જેવા અજોડ અને અલૌકિક આધ્યાત્મિક ગ્રંથ માટે પ્રથમ સ્મરણીય બન્યો. જેનું સમગ્ર જીવન જ જ્યાં કાવાદાવા, પુત્રમોહ, ઈર્ષ્યા, ખંધાઈ અને દંભમાં વીત્યું એવો ધૃતરાષ્ટ્ર આમ મોંમાં મૂકેલો કોળિયો છોડી દે? — અને છોડી દીધો! — માત્ર એક જ ક્ષણમાં? આ જ પ્રભુની માયા, આ જ પ્રભુની કૃપા, આ જ પ્રભુની કરામત — એક આશ્ચર્યજનક ચમત્કાર!

શ્રીકૃષ્ણના જન્મની જેને ઓળખ છે, શ્રીકૃષ્ણના જે ભક્ત છે, પ્રશંસક છે એવા પિતામહ ભીષ્મે અને આચાર્ય દ્રોણે પણ સમર્થ હોવા છતાં પાંચાલીનો કરુણતમ પ્રસંગ અટકાવવા કંઈ જ ન કરી શક્યા. મહાભારતના યુદ્ધના અઢાર દિવસ, તેમાં દસ દિવસ સરસેનાપતિ તરીકે ભીષ્મ અને પછીના પાંચ દિવસ આચાર્ય દ્રોણ કૌરવ સૈન્યના સેનાપતિ રહ્યા — અધર્મના પક્ષે! એટલે શ્રીકૃષ્ણના ધર્મસંસ્થાપનાના અવતારકાર્યની વચ્ચે કૌરવો કરતાં વધુ અને વિનાશકારી નડતર કૃષ્ણપ્રેમી અને પ્રશંસકોનું રહ્યું. જે ખમીર વિભીષણ દેખાડી શક્યો, જે સમજદારી યુયુત્સુએ દેખાડી તે ભીષ્મ અને દ્રોણ ન દેખાડી શક્યા એટલે ધૃતરાષ્ટ્રના હૃદયમાં અચાનક પ્રગટેલું પરિવર્તન એક દિવ્ય કાર્યનું નિમિત્ત બને છે. કદાચ તેથી મહર્ષિ વ્યાસ ગીતાની શરૂઆત ધૃતરાષ્ટ્રના મુખે કરાવે છે, નહીં તો ગીતાની શરૂઆત કરાવવા મહર્ષિ વ્યાસ પાસે ત્રણ સમર્થ પાત્રો હતાં — સંજય, અર્જુન અને શ્રીકૃષ્ણ સ્વયં!

સજ્જનો, શ્રીમંતો, વિદ્વાનો અને સંતો, મહંતો,

સમાજમાં દમામથી વિચરતા હોય,

પ્રભુનાં ગુણગાન ગાતા હોય,

એનો સંદેશો લાખોને આપતા હોય

ભક્તો અને મંદિરોની સંખ્યા સતત વધતી જતી હોય

બુદ્ધિમાનો અને સરસ્વતીપુત્રો અદ્ભુત પ્રયોગો અને

અઢળક સત્સાહિત્યનું સુંદર સર્જન કરતા હોય

છતાં, સમાજની અધોગતિ થતી હોય, નિર્બળોનું શોષણ થતું હોય, સાચા માર્ગે ચાલવા મથતા માનવીનો ઉપહાસ અને રિબામણી થતી હોય, સાંસ્કૃતિક મૂલ્યોનો હ્રાસ થતો હોય ત્યારે પ્રભુને કેવી બેચેની થતી હશે? પરંતુ પ્રભુ સમર્થ છે, ચાલાક છે, કોઈ પણ અદનાને નિમિત્ત બનાવી પોતાનો સંકલ્પ, પોતાનું લક્ષ્ય સિદ્ધ કરશે જ. એકે એકનો 'રિમોટ કન્ટ્રોલ' એના જ હાથમાં છે.

મહાભારતનું આ એક અંતિમ એટલે ધૃતરાષ્ટ્ર! જ્યાં સુધી સંસ્કાર, સંસ્કૃતિ અને શ્રીમદ્ ભગવદ્ ગીતા રહેશે (જે શાશ્વતકાળ સુધી રહેવાની છે) ત્યાં સુધી ધૃતરાષ્ટ્રનું નામ સંતો, સજ્જનો અને સાધકોના મુખે ગવાતું રહેશે. એક દંભી અને અન્યાયી અંધ રાજવીનું ડરથી થયેલા એક સારા કામનું જો આવું વળતર હોય તો જે લોકો પ્રભુને માને છે, એની ભક્તિ કરે છે, તેઓ એટલું નહીં વિચારે કે પ્રભુને ગમતું કામ કરવા હિંમત રાખીશ અને આ જગતને 'સત્યમ્ શિવમ્ સુંદરમ્' બનાવવા માટે કોઈ પણ ભોગ આપતાં અચકાઈશ નહિ. આ જગતમાં હજી સુગંધ છે, આશા છે, પ્રકાશ છે કારણકે સંતો, ઋષિઓ અને મહાત્માઓએ એમના જીવનનું ખાતર કર્યું છે.

મહાભારતનું બીજું અંતિમ એટલે ધર્મરાજ યુધિષ્ઠિર. યુધિષ્ઠિર એટલે ધર્મથી થયેલો કુન્તીનો જયેષ્ઠ પાંડવ. એણે ધર્મને એવો આત્મસાત્ કર્યો કે તેઓ ધર્મપુત્ર હોવા છતાં ધર્મરાજ તરીકે જ ઓળખાયા. ધર્મ, નીતિ અને જીવનનાં સનાતન મૂલ્યો એટલી હદે પચાવ્યાં કે એ અજાતશત્રુને અસત્ય, અન્યાય, અધર્મ, પક્ષપાત, સ્વાર્થ, કપટ - સ્પર્શવાની પણ હિંમત ન કરે. યક્ષ - યુધિષ્ઠિર સંવાદ વાંચીએ તો આપણે મંત્રમુગ્ધ બની જઈએ. ચાર લોકપાલ જેવા ભાઈઓ સરોવર કિનારે મૃત્યુ પામેલા પડેલા છે, તરસે જીવ જાય છે, એ દારુણ પરિસ્થિતિમાં યક્ષ એક પછી એક જટિલ પ્રશ્નો પૂછે છે અને યુધિષ્ઠિર તત્ક્ષણ એનો યથાર્થ ઉત્તર આપે છે. આવા મૂર્તિમંત ધર્મને એક વખત અસત્ય બોલવું પડ્યું — અને તે પણ ભગવાન શ્રીકૃષ્ણની સલાહથી, લાંબી સમજાવટથી, આગ્રહથી!

મહાભારતના યુદ્ધનો પંદરમો દિવસ ઊગ્યો. ચૌદમા દિવસે જયદ્રથ મરાયો. દુર્યોધને દ્રોણાચાર્યને તીખાં તમતમતાં મહેણાં માર્યાં. હૃદયને ત્રસ્ત કરી નાખે તેવા આક્ષેપોથી આવેશમાં આવી દ્રોણાચાર્ય કૃતાન્ત કાળ બની પાંડવસેના ઉપર ત્રાટક્યા. યુદ્ધના

*પોતાનાં જ સુખની વિચારણા એ વિકૃતિ છે, સહુના સુખની વિચારણા એ સંસ્કૃતિ છે.*

નિયમોને નેવે ચઢાવી સામાન્ય યોદ્ધાઓ ઉપર પણ દિવ્યાસ્ત્રોનો પ્રયોગ કરવા લાગ્યા. પાંડવસેનાનો ઘોર સંહાર થવા લાગ્યો. આમ ને આમ દિવસ વિતશે તો પાંડવસેનાનો સર્વનાશ! શ્રીકૃષ્ણ દ્રોણની નબળી કડી જાણે. દ્રોણને સૌથી વધુ વહાલો અશ્વત્થામા. એના મૃત્યુના સમાચાર જો દ્રોણના કાને પડે તો એમનું ખમીર તૂટે પરંતુ અશ્વત્થામા ત્યાં ન હતો. ઘણે દૂર એ યુદ્ધમાં વ્યસ્ત હતો અને જો અશ્વત્થામા ત્યાં સામે મળે તો એને મારવો એ સહેલું કામ ન હતું. એ પણ મહારથી અને દિવ્ય શસ્ત્રાસ્ત્રોનો જાણકાર હતો, પરંતુ શ્રીકૃષ્ણની વાત સાંભળતાં જ ભીમે અશ્વત્થામા નામના હાથીને ગદા ફટકારી મારી નાખ્યો અને ગગનભેદી ગર્જના કરી કે, 'અશ્વત્થામા હણાયો'. દ્રોણે આ સાંભળ્યું. ક્ષણભર સ્તબ્ધ બની ગયા, પરંતુ આ વાત એમના ગળે ન ઉતરી અને વધુ જુસ્સાથી યુદ્ધ કરવા લાગ્યા. ત્યાં દૂર યુધિષ્ઠિરનો રથ એમની નજરે પડ્યો. સ્વર્ગનું રાજ્ય મળે તેમ હોય તો પણ યુધિષ્ઠિર અસત્ય વાણી નહિ ઉચ્ચારે, એની ખાતરી કરવા યુધિષ્ઠિરને પૂછવાનો દ્રોણે વિચાર કર્યો. એમણે પોતાનો રથ ધર્મરાજ તરફ દોડાવ્યો.

શ્રીકૃષ્ણ પણ જાણતા હતા કે યુધિષ્ઠિર અસત્ય નહીં બોલે. તેથી શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને સમજાવ્યા અને દ્રોણે પૂછ્યું ત્યારે કહ્યું, 'હા, અશ્વત્થામા હણાયો.' પરંતુ એમનું ડંખતું હૃદય દ્રોણ ન સાંભળે તેમ ધીમેથી બોલ્યું, 'નરો વા કુંજરો વા!' આ સાંભળતા જ દ્રોણે શસ્ત્રો છોડ્યાં અને રથમાં જ સમાધિ લગાવી બેસી ગયા અને ધૃષ્ટદ્યુમ્ને એમનું મસ્તક તલવારથી છેદ્યું. યુધિષ્ઠિરનું આ અસત્ય સત્ય કરતાં પણ વધુ તેજસ્વી છે — નહીં તો અધર્મનો ધર્મ ઉપર જય થવો શક્ય હતો. અસત્યનો સત્ય ઉપર, અન્યાયનો ન્યાય ઉપર વિજય થવો સંભવ હતો, તો ધર્મનો આધાર તૂટતો હતો, પરંતુ તેથી અસત્ય ઉચ્ચારણનું ફળ મળ્યા વિના નથી રહેતું. યુધિષ્ઠિરે સદેહે સ્વર્ગમાં પ્રવેશ કર્યો ત્યારે તેમને એક મુહૂર્ત નરકનું દર્શન કરવું પડ્યું. નરકની કારમી યાતનાના સાક્ષી બની એની વેદના અનુભવવી પડી. ઈન્દ્રે તેમને જણાવ્યું કે તેઓ અસત્ય બોલ્યા એનું આટલું ફળ ભોગવવું પડ્યું.

યુધિષ્ઠિરના સમગ્ર જીવનમાં ઉદાત્ત ભાવો, ધર્મ, ન્યાય, સમતા, જ્ઞાન, સત્ય, નિષ્કપટ વ્યવહાર મોટા પ્રમાણમાં જોવા મળે છે. શ્રીકૃષ્ણનું સાંનિધ્ય અને ધર્મ સ્વયં પિતા હોવા છતાં અસત્ય વચનનું ફળ ભોગવવામાંથી એમને મુક્તિ નથી મળી. ધૃતરાષ્ટ્રના કુટિલ વ્યવહાર છતાં, કપટથી એમને પારવાર દુઃખમાં નાખ્યા હોવા છતાં યુધિષ્ઠિરે સદા ધૃતરાષ્ટ્રને વડીલ તરીકે આદર આપ્યો અને એમનો શબ્દ કદી ઉથાપ્યો નહીં. મહાભારતના યુદ્ધ પછી પણ ધૃતરાષ્ટ્રને વડીલ તરીકે ગણી આદરથી એમની અને ગાંધારીની સેવા કરી.

મહાભારતનાં આ બે અંતિમો વચ્ચે અંતર કેટલું?

અસત્ય અને સત્ય જેટલું, અધર્મ અને ધર્મ જેટલું, વિનાશ અને વિકાસ જેટલું, મૃત્યુ અને અમૃત જેટલું. જીવનને સાર્થક કરવા માટે, સફળ કરવા માટે આ બે પાત્રોનો ઊંડાણથી અભ્યાસ કરી જીવનમાં શુભ પરિવર્તન લાવવા પુરુષાર્થ કરવાની જરૂર છે.

સતત જાગૃતિ, દૃઢ આત્મશ્રદ્ધા અને અટલ ઈશશ્રદ્ધા મહાસાગરનાં પ્રલયકારી તોફાનોમાં પણ આપણી જીવનનૌકાને ડૂબવા નહીં દે. અચૂક લક્ષ્યના કિનારે પહોંચાડશે જ — કારણ સર્વત્ર ઈશનું સામ્રાજ્ય પ્રસરેલું છે.

અજાતશત્રુ ધર્મરાજ યુધિષ્ઠિરને વંદન!

*(લેખકના ગ્રંથ 'મહાભારતનાં અમૃતપાત્રો'માંથી સાભાર.*

***હાલ મુંબઈ ખાતે નિવૃત્ત જીવન ગુજારતા વયોવૃદ્ધ લેખક વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિદ્યાગુરુ છે.)***

## અજબની દેશભક્તિ

ફ્રાન્સ અને હોલેન્ડ દેશની સત્યઘટના છે.

બંને વચ્ચે યુદ્ધ થયું. ફ્રાંસ મોટો દેશ હતો. તેનું લશ્કર પણ મોટું હતું. જ્યારે હોલેન્ડ નાનો દેશ. તેનું લશ્કર પણ નાનું. ઘમાસાણ યુદ્ધ થયું. તેમાં સાધનસંપન્ન અને મોટા લશ્કરવાળા ફ્રાંસની હાર થઈ.

ફ્રાંસના રાજા લૂઈ ચૌદમાએ તેમના મંત્રી કોલવર્ટને બોલાવ્યો. તેને રાજાએ કહ્યું : 'આપણો દેશ મોટો અને લશ્કર પણ મોટું છતાં આપણને વિજય કેમ મળ્યો નહિ?'

કોલવર્ટ ગંભીર બની ગયો અને અતિ નમ્રતાથી કહ્યું, 'સફળતા - વિજય, મહાનતા, સમર્થતા કોઈ દેશના વિસ્તાર અથવા વૈભવ પર આધાર રાખતા નથી. તેનો આધાર તો તેના નાગરિકોની બહાદુરી અને દેશભક્તિ પર છે.' પછી મંત્રીએ ઉમેર્યું : 'હૉલેન્ડના પ્રત્યેક ઘરમાં સશક્ત બાળકોનું ઘડતર થાય છે. આ સાધનાથી તેમનામાં દેશભક્તિનું બળ પ્રાપ્ત થાય છે.'

કહેવાય છે કે, હૉલેન્ડના નાગરિકોની દેશભક્તિની માહિતી જાણ્યા પછી ફ્રાંસે પોતાનું લશ્કર પાછું બોલાવી દીધું!

**બોધ વાક્યો :**

★ મહાનતા માટે હૃદયની શ્રેષ્ઠ ભાવનાની આવશ્યકતા છે.

★ દેશનો કેટલો વિસ્તાર છે તે જોવાય નહિ પરંતુ તેના નાગરિકોની રાષ્ટ્રભક્તિ જોવી જોઈએ.

★ દેશભક્તિ જ સાચી દેશસેવા છે.

★ દેશની મહાનતાનો આધાર ત્યાંના નાગરિકોની દેશભક્તિ પર રહે છે.

★ જે દેશનાં બાળકોને રાષ્ટ્રભક્તિનું શિક્ષણ અપાય છે તે શ્રેષ્ઠ રાષ્ટ્ર બને છે.

*'સફળતાનાં સ્વાતિબિંદુ' માંથી*

Aristo™ STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

નર-નારીના સંબંધો અને લગ્ન સંસ્થા : પ્રકરણ-૧૭

# પત્નીઓના પાંચ પ્રકાર

• સ્વામી શ્રી સચ્ચિદાનંદજી •

પત્નીઓના પાંચ પ્રકાર છે : (૧) આગળ ચાલનારી, (૨) સાથે ચાલનારી, (૩) પાછળ ચાલનારી, (૪) માથે ચઢેલી અને (૫) પગ નીચે છૂંદાતી

## ૧

સંયુક્ત કુટુંબમાં રહેતા હો કે અલગ એકલા રહેતા હો, તમે તમારી પત્નીના વ્યક્તિત્વને ઓળખીને તેની સાથે યથાયોગ્ય સંબંધ રાખો તો દાંપત્ય સફળ થાય. એક પત્ની, પ્રતિભાશાળી, બાહોશ, વફાદાર, સહનશક્તિવાળી, સમજુ, સંસ્કારી અને સેવાપરાયણ છે. પતિ કરતાં તેની પ્રતિભા વધારે છે, તો તેને આગળ ચાલવા દો, તે ભલે વધારે દોરવણી આપે, તેની ઈર્ષ્યા ન કરો, તેની ગતિને રોકો નહિ. તમારાં સદ્‌ભાગ્ય છે કે આવી મહાન પત્ની તમને મળી છે. તેની ઊંચાઈ અને ગરિમાનો સ્વીકાર કરો અને રાજી થાવ. ખોટો 'ઈગો' ન રાખો, તમારા ખોટા 'ઈગો' માં કાં તો તમે તમારી પત્નીને ખોઈ બેસશો કાં તો તેના વિકાસને અટકાવી દેશો. આગળ ચાલવાનો અર્થ ઉદ્દંડતા કે ઝઘડા કરીને આગળ ચાલવાનો નથી. પ્રતિભા અને સદ્‌ગુણોથી આગળ ચાલવાનો છે. પોતે આગળ ચાલે છે તેવું માનીને પતિને કે પરિવારને ઉતારી પાડવાનો ભાવ રાખવો એ છીછરાપણું છે. ખરેખર તો આવી છીછરાપણાવાળી પત્ની આગળ ચાલવાને લાયક ન કહેવાય. સૌને માન આપે, સૌનું માન રાખે તે જ આગળ ચાલી શકે. નહિ તો પાછળવાળાં તેને ખેંચીને પાછળ ધકેલી દે. આ ગુણગાન અને ચારિત્ર્યવાન પત્ની છે.

## ૨

એક પત્ની પતિની સાથે એટલે કે બાજુમાં ચાલનારી હોય છે. પતિની ગતિ, બૌદ્ધિક પ્રતિભા, લક્ષ્યની એકતા, સમાન રૂચિ અને મળતો સ્વભાવ હોય તો સાથે ચાલી શકાય. ડાહી સ્ત્રી પોતાની ક્ષમતા-અક્ષમતાને બરાબર સમજી લે. જીવનમાર્ગ ઉપર જો પતિની સાથે ચાલવું હોય તો તે પોતાની ગતિ વધારે છે. જો તે ગતિને નથી વધારી શકતી તો તેના પ્રેમની ખાતર પતિ પોતાની ગતિ ઓછી કરી તેને સાથે રાખે છે. જો પ્રેમ ન હોય તો તેને પડતી મૂકીને ચાલતો રહે છે, પરિણામે બન્ને વચ્ચે અંતર વધી જાય છે. પત્ની માટે પતિનો પ્રેમ એ જ જીવન છે. જો તે પ્રેમ જીતી શકે તો બધું જીતી લીધું. પણ જો પ્રેમ હારી ગઈ તો બધું ખોઈ નાખ્યું. પત્ની કદાચ પતિના સાચા માર્ગે સાથે ન ચાલી શકે તો કાંઈ નહિ, ઓછામાં ઓછું ઊંધી દિશામાં તો ન જ ચાલે.

પત્નીની બૌદ્ધિક પ્રતિભા સરખી હોય તો બન્ને સાથે ચાલી શકે. બન્ને શિક્ષણ-વાંચન-મનન વગેરે બુદ્ધિ વધારનારાં અને એકબીજાની ઊંચાઈ તથા ઊંડાણને સમજનારાં હોય તો બૌદ્ધિક ચર્ચામાં પણ બંને સાથે ચાલી શકે. કદાચ પત્નીમાં પતિ જેટલી બૌદ્ધિક પ્રતિભા ન હોય પણ પતિની બૌદ્ધિક પ્રતિભાને સ્વીકારવાની સમજવાની ક્ષમતા હોય તો પણ સાથે ચાલી શકાય. પણ આવી ક્ષમતા ન હોય તો તે દિન-પ્રતિદિન પાછળ પડતી જાય.

પ્રતિભાશાળીઓને લક્ષ્ય હોય. પ્રતિભા વિનાનાં લોકોને ભાગ્યે જ લક્ષ્ય હોય છે. તે પ્રવાહમાં તણાય છે અને પ્રવાહ જ્યાં લઈ જાય ત્યાં પહોંચી જાય છે. પણ જો પતિ-પત્ની બન્ને પ્રતિભાવાન હોય તો તેમનાં લક્ષ્યો પણ હોય જ. લક્ષ્ય એટલે માત્ર મોક્ષ જેવું એકાદ લક્ષ્ય જ નહિ, પણ જીવનનાં બધાં ક્ષેત્રોનું લક્ષ્ય. જેમકે, ધનલક્ષ્ય. કેટલું કમાવું, કેમ કમાવું, કેમ ન કમાવું, ધન કેટલું વાપરવું, ક્યાં વાપરવું વગેરે ધનસંબંધી બધા નિર્ણયો એકલક્ષી હોય તો તે એકલક્ષ્ય કહેવાય.

આવી જ રીતે ધર્મસંબંધી પણ સમાન લક્ષ્ય હોય. બન્નેમાં સમાન ધર્મ હોય, ભિન્ન-ભિન્ન ન હોય. કદાચ ભિન્ન-ભિન્ન હોય તો એકબીજાને સહન કરી લે તે જુદી વસ્તુ છે. સહન કરવામાં ઉદારતા કે લાચારી પ્રગટે છે, પણ એ બન્નેનો સરખો ધર્મ હોય તો સહન કરવાનો પ્રશ્ન જ નથી રહેતો. સહન કરવું કે ચલાવી લેવું એ આનંદપ્રદ નથી હોતું. અશ્રદ્ધા, અંધશ્રદ્ધા કે કુશ્રદ્ધાથી મુક્ત રહીને સાચી શ્રદ્ધાથી માનવતાવાદી ધર્મનું પાલન કરનારાં બન્ને સાથે ચાલી શકે છે. બેમાંથી એક (ખાસ કરીને પત્ની) ભૂત-ભુવા-દોરા-ધાગા કરનારી અંધશ્રદ્ધાળુ હશે તો સાથે ચાલી શકાશે નહિ. આવી જ રીતે ખોટા ગુરુમાં કે ખોટાં વ્રતોમાં શ્રદ્ધા રાખનારી કુશ્રદ્ધાવાળી પત્ની હશે તોપણ સાથે ચાલી શકાશે નહિ. આવી જ રીતે (મોટા ભાગે પુરુષ) બિલકુલ શ્રદ્ધા જ નહિ રાખનાર નાસ્તિક પુરુષ હશે અને બીજી તરફ શ્રદ્ધાળુ પત્ની હશે તોપણ સાથે ચાલી શકાશે નહિ. બન્ને, અશ્રદ્ધા, અંધશ્રદ્ધા અને કુશ્રદ્ધાથી મુક્ત અને સાચી શ્રદ્ધાવાળાં હશે તો શ્રદ્ધાના જોરે હસતાં હસતાં સાથે ચાલી શકશે. પરસ્પરનો પ્રેમ વધુ દીપી ઊઠશે, કારણકે પ્રેમ, શ્રદ્ધાનો પોષક છે. પ્રેમ, અશ્રદ્ધાનો પોષક નથી થઈ શકતો.

આવી જ રીતે કામલક્ષ્ય પણ સમાન હોવું જોઈએ. વિષયવાસનામાં એક અતિભોગી હોય અને બીજું એકદમ અભોગી હોય તો સાથે ચાલી શકાય નહિ. બન્નેમાં સમાનતા હોય તો જ સાથે ચાલી શકાય. સાથે બેસીને સમજણપૂર્વક વિચાર કરીને

*દુનિયાનું સૌથી મોટું તીર્થ માતાનો ખોળો છે.*

કામયાત્રા નક્કી કરવાની. એક કહેવત છે કે 'આહાર અને વિહાર' વધારવો હોય તેટલો વધારી શકાય છે અને ઘટાડવો હોય તેટલો ઘટાડી શકાય છે. શાણાં પતિ-પત્નીએ ન તો અતિરેક કરવો કે ન એકદમ નિગ્રહ કરી લેવો. મધ્યમ કક્ષાએ જીવનભર જીવવું. કદી પણ કોઈના ભરમાવાથી ભાઈ-બહેન ન થઈ જવું, ન તો સદંતર કામત્યાગ કરવો (જે શક્ય નથી.) મોટા ભાગે અક્ષમ પુરુષો અને ધર્મઘેલી મૂરખ સ્ત્રીઓ કોઈના ચડાવવાથી પોતાની અક્ષમતાને ઢાંકવા કે ઘેલછા પ્રગટ કરવા આવાં નિગ્રહવ્રતો લેતાં હોય છે અને પછી દુઃખી થતાં હોય છે. કામ એ પરમાત્માનું રૂપ છે (ધર્માડવિરુદ્ધો ભૂતેષુ કામોડસ્મિ ભરતર્ષભ । - ગીતા) એને શત્રુ ન માનવો. તેના નિગ્રહ અને અતિરેક બન્નેથી બચનારા મધ્યમમાર્ગી લોકો જીવનભર તેનાં સારાં પરિણામો મેળવી શકે છે. કામને મારવા નીકળનારા, કામ દ્વારા ખુદ પોતે જ મરી જતા હોય છે. પણ મધ્યમમાર્ગે ચાલનારા કામને મિત્ર બનાવીને જીવનભર તેની મૈત્રી મેળવતા રહે છે. એટલે માનો કે ઉંમરની સાથે કામશક્તિ ઓછી થઈ જાય તોપણ કામવૃત્તિ તો બની જ રહે છે. આવા માણસોમાં સ્ત્રૈણવૃત્તિ વધવા લાગે છે. તે પૌરુષભાવ ખોઈને સ્ત્રૈણભાવ ધરાવતા થવા લાગે છે. આ દોષથી બચવું હોય તો બન્નેએ ખોટાં અકુદરતી વ્રતો લેવા કરતાં મધ્યમ માર્ગથી જીવનભર એક માર્ગે ચાલતા રહેવું.

## ૩

પતિ-પત્નીના સંબંધોમાં બન્નેની પાત્રતા-અપાત્રતા બહુ જ ભાગ ભજવે છે. એ ભાગ્યશાળી પુરુષ તથા સ્ત્રી છે જે બન્ને જીવનભર એકસાથે ચાલી શકે છે. પણ ઘણી વાર પુરુષ-સ્ત્રીમાં પુરુષ બધી બાબતોમાં ચઢિયાતો હોય તો સ્ત્રીએ દુઃખી થવાની જરૂર નથી. ઊલટાનું ગૌરવ લેવાનું છે. કુદરતી રીતે પણ પુરુષ ચઢિયાતો હોવો જોઈએ, કારણ કે સ્ત્રીને પુરુષમાં સમાઈ જવાનું હોય છે. પુરુષમાં સમાઈને સ્ત્રી ધન્યધન્ય થઈ શકે છે. જો તેને સમાતાં આવડે તો! આવી સ્ત્રી, પુરુષના પગલે પગલે પાછળ પાછળ ચાલે છે. અનુગામિની બને છે. તે પુરુષના નિર્ણયોથી અલગ નથી પડતી. તેના નિર્ણયોને તે વધાવી લે છે. જેમ ભક્ત, ભગવાનની મરજીને સ્વીકારીને જીવન જીવે છે તેમ પાછળ પાછળ ચાલનારી પત્ની પણ પતિના યોગ્ય નિર્ણયોને સ્વીકારીને ચાલે છે. જેમ રામની પાછળ સીતા અથવા ગાંધીજીની પાછળ કસ્તુરબા. આમ, પાછળ ચાલવાથી પત્ની હલકી કે ગુલામ નથી થઈ જતી પણ મહાન બને છે. તેમનું જીવન ક્લેશ, કંકાસ વિનાનું રહે છે. પત્નીના સમર્પણથી પતિ, પ્રસન્ન થઈને પ્રત્યાર્પિત થઈ જાય છે, અર્થાત્ પોતે પણ સ્ત્રીને સમાવી લે છે અથવા કહો કે પત્નીમાં ભળી જાય છે. બન્ને એકબીજામાં ઓતપ્રોત થઈને સફળ દાંપત્ય ભોગવે છે.

ખરેખર તો આવાં પતિ-પત્ની સૌથી વધુ સુખી અને તૃપ્ત રહે છે. મૃત્યુ પછીનો વિયોગ બન્નેમાંથી જે જીવતું હોય તેને અસહ્ય થઈ પડે છે. જો પત્ની વિધવા થઈ હોય તો જીવનભર સૌના દેખતાં રોતી રહે છે, પણ જો પુરુષ વિધુર થયો હોય તો એકલો એકલો, છાનો છાનો ડૂસકાં ભરતો રહે છે. જીવનમાં ભયંકર ખાલીપણું આવી જાય છે. આવાં વિયોગી પ્રેમી પતિ-પત્નીને (જે જીવતું હોય તેને) આશ્વાસન આપવું જોઈએ. મારા એક ઓળખીતા સજ્જનની પત્ની રોડઅકસ્માતમાં ગુજરી ગઈ. હવે પેલો પુરુષ ઝૂર્યા કરે છે. તે કહે છે કે ગમે તેમ કરીને દિવસ તો હું કાઢી નાખું છું પણ મારાથી રાત કઢાતી નથી. મરદ જેવો મરદ થઈને પણ તે રાત્રે એકલો એકલો રડ્યા કરે છે. આવા ખાલીપણાથી પીડાતાં નર-નારીએ બની શકે તો તેમના ખાલીપણાને ભરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

## ૪

ચોથી પત્ની માથે ચઢેલી હોય છે. આગળ ચાલનારી પત્નીમાં અને માથે ચઢેલી પત્નીમાં પાયાનો ભેદ એ છે કે પેલી પોતાની યોગ્યતા - ક્ષમતાથી તથા પતિની ઉદારતાથી આગળ ચાલે છે અને સૌને સુખી કરે છે. જ્યારે માથે ચઢેલી પત્ની, પતિના નમાલાપણાથી તથા પોતાના ભારે 'ઇગો'થી માથે ચઢી બેઠી છે.

કેટલાક પુરુષો નમાલા હોય છે. તેમનામાં નિયંત્રણ શક્તિ નથી હોતી. ઢીલા ઘેંસ જેવા, દબાઈ ગયેલા, મનહૂસ વૃત્તિવાળા. તો બીજી તરફ કેટલીક પત્નીઓ ભારે 'ઇગો' વાળી, માથાભારે, કોઈને પણ ન ગાંઠનારી, બધાની સામે બોલનારી, કર્કશા, ઝઘડાખોર, વાંધોવચકો પાડનારી અને પોતાનું જ ધાર્યું કરનારી (મોટા ભાગે શંખણી). આવી સ્ત્રીને જો તેજસ્વી પતિ મળે તો બન્નેને લાંબું બને નહિ. લડાઈ-ઝઘડો ચાલ્યા જ કરે. બન્નેમાંથી એકે સુખી ન થાય. આવાં પતિ-પત્ની છૂટાં થઈ જાય એ જ યોગ્ય ગણાય, તેમાં જ બન્નેનું હિત થાય છે. પણ જો આવી સ્ત્રીને તેજસ્વી નહિ પણ નમાલો પતિ મળે તો પેલી સ્ત્રી તેના માથે ચઢી જાય છે. તે પોતાનું ધાર્યું જ કરે છે. માથે ચઢેલી પત્નીના પતિના વચનમાં ભરોસો ન કરવો, કારણ કે તેનું બોલેલું ક્યારે તેની પત્ની ફેરવી નાખે તે કહી શકાય નહિ. આવી નમાલા પતિના માથે ચઢેલી પત્ની, પોતાની ટૂંકી બુદ્ધિથી ઘર-સંસાર ચલાવે છે, જેથી તે વારંવાર પરિવારની સાથે સંબંધો તોડતી રહે છે. તેને પરિવારનું સુખ નથી મળી શકતું. દીકરા-દીકરીઓ, વહુઓ વગેરે સૌનું ભવિષ્ય બગાડે છે. તે કોઈની આજ્ઞામાં નથી રહેતી, ન કોઈનું કહ્યું માને છે. આવી પત્ની મહાદુઃખદાયી બની જતી હોય છે. કેટલીક વાર તો આવી પત્ની પોતાના નમાલા પતિને મારઝૂડ પણ કરી બેસતી હોય છે. તે મોહ અને મન્યૂ બન્નેનો

Gala Agencies
EXCLUSIVE SAREES
Contact Person : CHAITALI K. GALA (M. : 98333 26660)
*EXCLUSIVE FANCY KOTA*
*EXCLUSIVELY*
*(RETAIL ONLY ON SATURDAY)*
11/A, Ground Floor,
Old Hanuman 2nd Cross Lane,
Kalbadevi, MUMBAI-02.
Tel. : 22401195 Fax : 40221195

ઉપયોગ કરીને પતિને દબાવી રાખી શકે છે. તેને જરૂર પડે તો કૃત્રિમ હસતાં પણ આવડે છે અને જરૂર પડે ત્યારે કૃત્રિમ રોતાં પણ આવડે છે. તેનું લક્ષ્ય એક જ હોય છે, 'પોતાનું ધાર્યું જ કરવું, કરાવવું.' આવી પત્ની અતિ તીવ્ર કામવૃત્તિવાળી હોય તો પતિને અક્ષમતાનું સતત ભાન કરાવીને તેનો તિરસ્કાર કરીને તેમાં નમાલાપણું ઉત્પન્ન કરે છે. નિર્લજ્જ અને આક્રમક પત્ની પોતાના પતિને અડધો નપુંસક બનાવી બેસે છે. સ્ત્રીની સર્વોચ્ચ સુંદરતા તેની શરમાળ વૃત્તિ છે, તેને ફેંકી દેનાર નિર્લજ્જ સ્ત્રી રૂપરૂપનો અંબાર હોય તોપણ બેડોળ છે. પોતે પત્નીને સંતોષ આપી શકતો નથી આવું સતત ભાન થયા કરે તે પતિ, પત્ની આગળ આપોઆપ ઢીલો થઈ જાય. આ ઢીલાપણું એ જ નમાલાપણું છે. કાંઈક સ્વભાવ પણ એવો જ હોય. બન્ને દોષો મળીને તેને પાળેલા પીંજરાના પોપટ જેવો બનાવી દે છે. આમ જુઓ તો કોઈ પણ પુરુષ, કોઈ પણ સ્ત્રીને સોએ સો ટકા સંતોષી શકે જ નહિ. સ્ત્રીનો વાસના-આયામ ઘણો મોટો છે. સંતોષ માત્ર વાસનાક્રિયાથી જ નથી આવતો પણ તેની સાથેના પ્રેમથી આવે છે. શંખણીને પ્રેમ હોતો જ નથી, તેને વાસનાથી પ્રબળતા હોય છે. એટલે તે તૃપ્તિનું સુખ પામી શકતી નથી. જેને આવી પત્ની મળી હોય તેના દુઃખનો પાર ન રહે. કાં તો છૂટે છૂટકો, કાં તો પછી મર્યે છૂટકો. આવી પત્નીના મરી જવાથી પુરુષ ઝૂરતો નથી પણ હાશકારો અનુભવે છે. અને આવા નમાલા પતિના મરવાથી માથે ચઢેલી પત્ની પણ ઝૂરતી નથી. વાસનાપ્રધાન પાત્રને પ્રેમ હોતો નથી અથવા બહુ ઓછો હોય છે. તે તરત જ નવું પાત્ર શોધી કાઢે છે. આવા દંપતીથી દૂર રહેવું. તેમનો ગાઢ સંબંધ રાખવો નહિ, તેમને સુધારવાનો પ્રયત્ન પણ કરવો નહિ, કારણ કે આવી સ્ત્રી સુધારાક્ષમ હોતી નથી.

## ૫

એક પત્ની પગ નીચે છૂંદાતી પત્ની હોય છે. આવું બે કારણોથી બને છે. પત્નીમાં કશી યોગ્યતા જ ન હોય. તે ભોટ છે અને સામા પક્ષે પતિ વગેરે લોંઠ છે, અથવા પત્ની અત્યંત ખાનદાન છે, સદ્ગુણોનો ભંડાર છે, આબરૂદાર છે, અતિ સહનવૃત્તિવાળી છે અને સામા પક્ષે પતિ અને તેનો પરિવાર ક્રૂર, દુષ્ટ અને શોષણવૃત્તિવાળાં ખલ છે. પહેલી જે ભોટ અને ગભરુ પત્ની છે, તે વારંવાર ભૂલો કરે છે અને અણઆવડતના કારણે તે પોતાનું સ્થાન પ્રાપ્ત કરી શકતી નથી. તેથી સૌના પગ નીચે કચરાયા કરે છે. તેની કોડીની પણ કિંમત નથી. વળી પાછી ગરીબ મા-બાપની દીકરી છે. પિયરપક્ષે તેનો પક્ષ લે એવું કોઈ નથી, એક પ્રકારથી તે ઓથ વિનાની નિરાધાર છે. તેને બળવાન ભાઈઓ નથી કે તેનો પક્ષ લે. આવી પત્નીને વળી પાછાં હલકો પતિ અને હલકાં સાસરિયાં મળ્યાં છે. સૌ મળીને તેને જ્યારે જુઓ ત્યારે અપમાનિત કર્યા કરે છે. આવી દુઃખી - કચરાતી સ્ત્રીને છોડાવવાનો કોઈ ઉપાય નથી કારણ કે તેનામાં પોતાનામાં જ ક્ષમતા નથી. તેમ તેનો પતિ કે સાસરિયામાં માનવતા જાગે તેવી શક્યતા ઓછી છે. માણસને માણસ પ્રત્યેની ઍલર્જી મટાડવી સરળ નથી હોતી. અને અંતે તો સંસારના બધા સંબંધો સ્વાર્થ અને ઉપયોગિતાના દોરડેથી બંધાયેલા હોય છે. વ્યક્તિમાં સ્વાર્થ પોષવાની કે ઉપયોગિતાની ક્ષમતા ન હોય તો તેની સાથેના સંબંધમાં પ્રેમ-માધુર્ય જેવું કશું કદાચ રહે નહિ.

એક બીજી પત્ની છે, તે પણ પગ નીચે છૂંદાય છે. તેનામાં બધા ગુણો છે, તે ભોટ નથી પણ અતિ સહનશીલ છે. તે ખાનદાન અને જાતવાન છે, એટલે પોતાને ગમે તેટલું દુઃખ પડે કે અન્યાય થાય તોપણ કોઈના આગળ કશું બોલતી નથી. તેને પોતાના ઘરની આબરૂ વહાલી છે અને સામા પક્ષે તેનો પતિ, ખલ પતિ છે. કદર વિનાનો, મહાસ્વાર્થી, કઠોર અને નીચ વૃત્તિનો છે. પરિવાર પણ આવો જ છે. બધાં મળીને પેલી સન્નારીને દુઃખી કરે છે. એક અક્ષરેય બોલ્યા વિના પેલી જાતવાન સ્ત્રી બધું સહન કરે છે. આવી જ અબળા સ્ત્રીના માટે મહાકવિ મૈથિલીશરણ ગુપ્તે કહ્યું છે કે :

***અબલા જીવન હાય તુમ્હારી યહી કહાની***
***આંચલ મેં હૈ દૂધ ઔર આંખો મેં પાની.***

સમર્થ પુરુષોએ બની શકે તો કસાઈખાને બંધાયેલી આવી ગાયને છોડાવવી જોઈએ.

આ પાંચ પ્રકારની પત્નીઓ સાથેના સંબંધોથી પતિઓ (અને પત્નીઓ પણ) સુખી-દુઃખી થતાં હોય છે.

*ભક્તિ નિકેતન આશ્રમ,*
*પો.બો. નં.-૧૯, પેટલાદ (દંતાલી),*
*જિલ્લો : આણંદ-૩૮૮ ૪૫૦.*

*સંજીવ કુમારને વધુ પડતા શરાબ અને ખૂબ જ સ્વાદિષ્ટ ભોજનની ટેવ હતી. તેઓને આજે એટલા માટે યાદ કરવાનું કે જો એ શરાબ અને વધુ પડતા સ્વાદિષ્ટ ભોજનથી દૂર રહી શક્યા હોત તો કદાચ ઘણાં વધુ વર્ષો એમણે પોતાની સફળતા અને સ્વાસ્થ્યને માણ્યું હોત. કેટલાક લોકોને પોતે જે રસ્તે જઈ રહ્યા છે તે ખોટો છે એવું સમજાતું હોય છતાંય એ અટકતા નથી. સંજીવકુમાર ઉપરાંત સ્મિતા પાટીલ, ગીતા દત્ત, મીના કુમારી, જોન કેનેડી, મેરેલિન મનરો, નર્મદ, ફ્રાંસ કાફકા, અમૃતા શેરગીલ, વર્જિનિયા વુલ્ફ જેવા કેટલાય લોકો આપણી આસપાસ હતા, જેમને ખબર હતી કે એમની દિશા ખોટી છે – એમને ખબર હતી કે એમનો રસ્તો, એમનો પ્રવાસ ખોટો છે, તેમ છતાં એમણે એમની જિંદગી કોઈક એવી બાબતને સોંપી દીધી, જે જિંદગી કરતાં તો મહત્ત્વની નહોતી જ. બુદ્ધિશાળી લોકોને પણ આ વાત કેમ સમજાતી નહીં હોય?*

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ
હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

# મોતનો મલાજો

• પુષ્પા આર. વોરા – જ્યોતિકા અશોક મહેતા •

કોઈ નવો જીવ જ્યારે માનવ રૂપ ધારણ કરીને આ દુનિયામાં અવતરે છે ત્યારે તે બાળ સ્વરુપને આપણે સફેદ કપડામાં લપેટીએ છીએ....

જ્યારે કોઈનું મૃત્યુ થાય ત્યારે તે પાર્થિવ દેહની ઉપર અને નીચે સફેદ કપડું મૂકવામાં આવે છે, શા માટે???

કારણકે શ્વેત રંગ સ્વચ્છતાનું પ્રતીક, વાતાવરણમાં શાંતિનો સર્જનહાર, પરમાણુઓને શુધ્ધ કરનાર છે.

મોત અચાનક જ આવે છે...

પરંતુ....

ઉઠમણાનું - પ્રાર્થના કે શોકસભાનું આયોજન થાય છે. સમય - સ્થળની જાણકારી દરેકને કરવામાં આવે છે.

જિંદગીને ઘણી વખત આપણે માન - સન્માન - ઈજ્જત નથી આપતા; કારણ છે આપણો અહંકાર... પરંતુ શું એવું નથી લાગતું કે આપણે મોતનો મલાજો તો રાખવો જ જોઈએ!!!

જેમણે પણ આપ્તજનને ગુમાવ્યા છે તેના દુઃખમાં સહભાગી થવા, દિવંગતના આત્માને સદ્‌ગતિ મળે, શાંતિ મળે એવી પ્રાર્થના કરવા જતી વખતે શ્વેત વસ્ત્રો ધારણ ન કરાય???

શ્વેત રંગનાં વસ્ત્રો ધારણ કરીને જ્યારે પ્રાર્થનામાં પહોંચો ત્યારે તમને જોતાંની સાથે જ દિવંગતના સ્વજનને લાગે કે ખરેખર મારા દુઃખના સહભાગી આવ્યા. મનને શાતા મળે, આંખોને શાંતિ મળે, દુઃખ હળવું થાય, આપ્તજનનાં અચાનક પરલોક પ્રયાણથી જે વસમી ક્ષણો આવી પડી છે તે સહન કરવાની શક્તિ મળે અને ખાસ તો મૃત્યુનો મલાજો જળવાય....

આજકાલ રંગબેરંગી વસ્ત્રો ધારણ કરીને, મોબાઈલ ઑન રાખીને પ્રાર્થનામાં જતા લોકોને જોઈને થાય કે તેઓ ક્યાં જઈ રહ્યા છે???

શ્રી નવકાર મહામંત્રના સમૂહ જાપ માટે જ્યારે શ્વેત વસ્ત્રો ધારણ કરવાનું કહેવામાં આવે તો તો તો....

સવાલ આવ્યો કે શ્વેત વસ્ત્રોમાં અમને જોતાં જ લોકો પૂછે છે કે “કોણ ગયું???” પણ ખરેખર જ્યારે કોઈ પરલોક સિધાવે છે ત્યારે તેમની પ્રાર્થનામાં રંગબેરંગી વસ્ત્રો ધારણ કરીને જે જાય છે તેને શું કહેવું???

સદ્‌ગતના આત્માની શાંતિ માટે થતી પ્રાર્થનામાં શ્વેત રંગનું મહત્ત્વ છે, વ્યક્તિ નાની હોય કે મોટી પણ જીવ તો દરેકમાં સમાન જ છે. એટલે સદ્‌ગત માટે થતી પ્રાર્થના એ પ્રાર્થના જ છે. માટે શ્વેત રંગનું મહત્ત્વ તો ખરું જ... સાથે સાથે તેટલા સમય પૂરતું મોબાઈલ ફોન બંધ રાખીને મોતનો મલાજો તો જળવાવો જ જોઈએ...

અંતમાં એટલું જ કે આપણે પણ એક દિવસ આજ રસ્તે જવાનું છે. તો શું આપણે શ્વેત વસ્ત્રો ધારણ કરી, મોબાઈલ બંધ રાખી મોતનો મલાજો ન જાળવી શકીએ???

જરૂર આપણે આટલું તો કરી જ શકીએ!!! ■

# કડવું મધ!

એક ગામમાં હોશિયાર માણસ મધ વેચતો હતો. તેની વાણીમાં મીઠાશ હતી. હસતો ચહેરો રાખી ખૂબ જ મધુર ભાષામાં મધની પ્રશંસા કરતો હતો. તેનું મધ લેવા બધા પડાપડી કરતા હતા. થોડાક જ કલાકોમાં તેનું મધ વેચાઈ જતું હતું. તેના મધનો વેપાર જોઈ એક ઈર્ષાળુએ પણ મધ વેચવાનું શરૂ કર્યું.

ઈર્ષાળુ મધ વેચવા ફળિયે-ફળિયે ફરવા લાગ્યો. પરંતુ તેનું મધ કોઈએ લીધું નહિ. તે થોડો ઉગ્ર થયો. મોટે અવાજે બોલવા લાગ્યો : અરે મધ લો...મધ લો...અરે કોઈ તો લો મારું મધ...!' તેની વાણી કર્કશ હતી. તેનો અવાજ સાંભળનારને તેના પ્રત્યે નફરત થતી. આખોયે દિવસ મધ વેચવા તે ફર્યો પરંતુ મધનું એકેય ટીપું વેચાયું નહિ. તે સાંજે ઘેર ગયો. થાકીને લોથપોથ થઈ ગયો.

તેની પત્ની શાણી હતી. સંસ્કારી હતી. બુદ્ધિશાળી હતી. તે પરિસ્થિતિ જાણી ગઈ. તેણે પતિને કહ્યું : ‘તમારી વાણીમાં મીઠાશ નથી. વેચવા પાછળ તમારી બદદાનત હતી. તમારી પાસે સોનું-ચાંદી ભલે ન હોય પરંતુ વાણીમાં મીઠાશ હશે તો બધું જ મળી શકશે. વાણીમાં મધુરતા ન હોય તો મધ પણ કડવું લાગે!'

**બોધ વાક્યો :**

★ ઈર્ષાળુ ક્યારેય સફળ થતો નથી.
★ મધુર વાણી સફળતાની ચાવી છે.
★ કોઈનું અનુકરણ કરવું હોય તો ભલાઈ માટે કરવું.
★ કટુ વાણી કડવાશ પેદા કરે છે.
★ વેપાર કરવા વાણીમાં મધુરતા લાવો.

*‘સફળતાનાં સ્વાતિબિંદુ’ માંથી*

AMBA
SHIPPING AGENCIES

CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E), Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

ગાંધી યુગે ભારત : સ્વાતંત્ર્ય સંગ્રામના સંદર્ભમાં

# કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ : ૧૯૨૧-૧૯૪૮ (પ્રકરણ - ૫)

• આલેખક : કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી •

## ૧૨. માંડવી પરિષદનાં સ્વાગત મંડળની રચના

કચ્છ પ્રજાકીય પરિષદના બીજા અધિવેશન ભરવા માટે માંડવીમાં તા. ૧૦-૧૦-૨૭ના જાહેર સભામાં ઠરાવ થયો અને તે માટે તા. ૧૧-૧૦-૨૭ના કોટડીના શેઠ પ્રેમજી ચંદાના પ્રમુખપણા હેઠળ સ્વાગત સમિતિની જનરલ સભામાં નીચે પ્રમાણેની સ્વાગત કારોબારી કમિટીની ચૂંટણી યોજાઈ હતી.

(૧) પ્રમુખ : શેઠ પરષોત્તમ ધનજી - માંડવી, (૨) ઉપપ્રમુખ : નગરશેઠ સાકરચંદ પાનાચંદ - ભુજ, (૩) ઉપપ્રમુખ : ગુંસાઈ લક્ષ્મીગરજી ભાગવતગરજી - માંડવી, (૪) ઉપપ્રમુખ : શેઠ ચત્રભુજ રવજી - માંડવી, (૫) ઉપપ્રમુખ : શેઠ અબ્દુલ્લા મહમદ - માંડવી, (૬) ઉપપ્રમુખ : ડૉ. હરિલાલ દામોદર - માંડવી, (૭) ઉપપ્રમુખ : શેઠ માનસંગ કચરાભાઈ - ભુજ, (૮) ઉપપ્રમુખ : વકીલ કેશવજી મોતીચંદ - માંડવી, (૯) ઉપપ્રમુખ : શેઠ સાકરચંદ નેમચંદ, (૧૦) ઉપપ્રમુખ : શેઠ પ્રેમજી ચંદા - કોટડી.

મંત્રીઓ : (૧) પ્રો. ખુશાલ તલકશી શાહ - મુંબઈ, (૨) શ્રી કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી - અંજાર, (૩) શ્રી ગોકુલદાસ ખીમજી - માંડવી, (૪) શ્રી જુસબ અલારખ્યા પટેલ - માંડવી, (૫) શ્રી મોતીલાલ લક્ષ્મીદાસ - માંડવી

ખજાનચી : (૧) શેઠ વિશનજી કલ્યાણજી ઉકા, (૨) ડૉ. ઈશ્વરલાલ ઓઝા.

કાર્યવાહક સમિતિના સભ્યો : (૧) શેઠ કલ્યાણજી ધનજી, (૨) શેઠ રવજી જગજીવન, (૩) શેઠ પરષોત્તમ જેરામ, (૪) શેઠ વિશનજી નારણદાસ, (૫) વકીલ અમૃતલાલ જદુરામ. (૬) શેઠ કલ્યાણજી હરિરામ, (૭) શેઠ નારણજી તેજપાલ, (૮) શેઠ મથુરદાસ પરષોત્તમ, (૯) ડૉ. કૃષ્ણદાસ જીવણદાસ, (૧૦) ડૉ. એ. કે. હુસેન, (૧૧) શેઠ હુસેનભાઈ મહમદભાઈ, (૧૨) શેઠ અબ્દુલ કરીમ દાઉ, (૧૩) ભટ્ટ મયાશંકર જાદવજી, (૧૪) પરમાનંદ તુલસીદાસ, (૧૫) શ્રી છગનલાલ તુલસીદાસ, (૧૬) ખટાઉ મુરારજી, (૧૭) જગનાથ ભવાનીશંકર - ભુજ, (૧૮) આણંદજી દેવશી - ભુજપુર, (૧૯) લક્ષ્મીશંકર રાવળ - કોઠારા, (૨૦) જેરામ વાલજી - કોઠારા, (૨૧) તુલસીદાસ રામજી, (૨૨) ગુલાબશંકર અમૃતલાલ - ભુજ, (૨૩) હનુજી નથુજી, (૨૪) જયરામ જેઠાભાઈ - અંજાર, (૨૫) જમનાદાસ ત્રી. ગાંધી - અંજાર, (૨૬) લક્ષ્મીદાસ રણછોડદાસ - અંજાર, (૨૭) શ્રી ખીમજી માવજી - અંજાર.

તા. ૨૮-૨૯-૩૦ ડિસેમ્બર ૧૯૨૭ના રોજ પરિષદ માંડવી મળી હતી. તે માંડવી પરિષદમાં ચર્ચામાં ભાગ લેનારા નીચે પ્રમાણે હતા.

પ્રમુખ : શ્રી લક્ષ્મીદાસ રવજી તેરશી. ઉપરાંત,

(૧) શેઠ પરષોત્તમ ધનજી - માંડવી, (૨) શેઠ સાકરચંદ પાનાચંદ - ભુજ, (૩) કાંતિપ્રસાદ અંતાણી - અંજાર, (૪) ખુશાલ તલકસી શાહ, (૫) છગનલાલ ભવાનીશંકર મહેતા - અમદાવાદ, (૬) નાનાલાલ ઉપાધ્યાય - અંજાર, (૭) જમનાદાસ ગાંધી - અંજાર, (૮) શિવદાસ ચાંપશી - નેત્રા, (૯) શેઠ મથુરદાસ કાનજી મટાણી - માંડવી, (૧૦) હાતિમભાઈ અલવી - કરાંચી, (૧૧) મુળરાજ કરશનદાસ - મુંબઈ, (૧૨) શેઠ માનસંગ કચરા - ભુજ, (૧૩) જીવરાજ નેણશી - મુંબઈ, (૧૪) ગુલાબશંકર સોમજી ધોળકિયા - ભુજ, (૧૫) ચત્રભુજ શિવજી, (૧૬) લાલજી રામદાસ - અંજાર, (૧૭) આણંદજી દેવશી - ભુજપુર, (૧૮) પ્રાણલાલ સાકરચંદ મહેતા - ભુજ, (૧૯) એલ. વી. ઠક્કર, (૨૦) કૃપાલ શામજી જીવાણી - જખૌ, (૨૧) ગુલામહુસેન સોનાવાલા, (૨૨) ગુલાબશંકર અમૃતલાલ - ભુજ, (૨૩) પંડિત પરાશર - ગઢશીશા, (૨૪) કુમાર વેદીસાલજી - નાગ્રેચા, (૨૫) ઈંદરજી ગાંગજી, ગાગોદર, (૨૬) સોની પરસોતમ, (૨૭) શેઠ દામજી વછરાજ, (૨૮) હરિદાસ કરસનદાસ, (૨૯) નાનાલાલ વૈ. વોરા - માંડવી, (૩૦) યુસુફ અલ્લારખા પટેલ, (૩૧) લક્ષ્મીદાસ રણછોડદાસ - અંજાર, (૩૨) કલ્યાણજી ધનજી, (૩૩) ઈસ્માઈલ મલુ સમેજા - આડેસર, (૩૪) અબ્દુલ હુસેન - માંડવી, (૩૫) જીવરાજ વેલજી, (૩૬) કાનજી લાલજી, (૩૭) મુનિ કલ્યાણચંદ્રજી, (૩૮) મથુરદાસ પરસોતમ, (૩૯) અહમદ મૌલવી - મુંદ્રા, (૪૦) કાનજી કરશનદાસ, (૪૧) ટોકરશી ખીમજી, (૪૨) ડાહી ગૌરીબહેન, (૪૩) શેઠ તૈયબઅલી અલહી

આ માંડવી પરિષદમાં કચ્છના અંત્યજ ભાઈઓનો તે પરિષદ ભાટીઆ મહાજન વાડીમાં ભરાય, ત્યાં જૂના વિચારવાળા સંખ્યામાં બહુમતીવાળા લોકોની લાગણી દુઃખાય, એટલે તેમને વેગળા લાચારીથી રાખવા પડ્યા હતા. તે બાબતની લાગણી સખત હતી. સ્વાગત મંડળના એક માનદ્ મંત્રી શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણીએ આજ સબબસર પરિષક બેઠક શરૂ થઈ તેને આગલે દિવસે પોતાના હોદ્દાનું રાજીનામું આપ્યું હતું.

આ પરિષદના સમયે પ્રદર્શન (કચ્છ કળા, હુન્નર ઉદ્યોગ, ખેતીવાડી અને પશુધનનું) ભરાયું હતું.

અમદાવાદથી નીકળતા છગનલાલ ભવાનીશંકર મહેતાના તંત્રીપણા નીચેના 'કચ્છ વર્તમાન' અને 'કચ્છ કેસરી' ને કચ્છમાં

*ઉપદેશ આપવો જેટલું સરળ છે, આચરણ કરવું એટલું જ અઘરું છે.*

બંધ કરવા રાજ્ય હુકમ બહાર પડ્યો હતો. પરિષદમાં તેના માટે વિરોધનો ઠરાવ પણ થયો હતો.

તા. ૨૮-૨૯-૩૦ ડિસેમ્બર ૧૯૨૭ ના કચ્છી પ્રજાકીય પરિષદનું બીજું અધિવેશન માંડવીમાં ભરાયેલ, તેના કારોબારીના સભ્યો નીચે પ્રમાણે હતા.

પ્રમુખ : (૧) શેઠ લખમીદાસ રવજી તેરસી

ઉપપ્રમુખ : (૨) શેઠ પરસોતમ ધનજી

મંત્રીઓ : (૩) શ્રી ગુલાબશંકર સોમજી ધોળકિયા, (૪) શ્રી ગુલામહુસેન સોનાવાલા

ખજાનચી : (૫) શ્રી વેલજી આણંદજી મૈશરી

સભ્યો : (૬) શ્રી માધવલાલ મકનજી ભટ, (૭) પ્રો. ખુશાલ તા. શાહ, (૮) શ્રી શેઠ મથુરદાસ કાનજી મટાણી, (૯) શેઠ રતનશી કરસનદાસ, (૧૦) શેઠ મુળરાજ કરશનદાસ, (૧૧) શેઠ લવજી મેઘજી, (૧૨) શેઠ જીવરાજ ગો. નેણશી, (૧૩) શ્રી છગનલાલ ભ. મેતા, (૧૪) શ્રી એલ. વી. ઠક્કર, (૧૫) શેઠ કાનજી જાદવજી (૧૬) શેઠ લીલાધર લખમશી શાહ, (૧૭) શેઠ દેવચંદ ધરમસી શેઠિયા, (૧૮) શેઠ પ્રેમજી ચંદા, (૧૯) શેઠ હાતમભાઈ અલવી (૨૦) શેઠ પ્રાણલાલ શાકરચંદ મેતા, (૨૧) શેઠ માનસંગ કચરાભાઈ.

**૧૩.** ત્યારે આ અરસામાં વાઈસરોય લૉર્ડ ઈરવીન કચ્છ આવ્યા હતા - કંડલા બંદર ઉદ્ઘાટન અને કચ્છની સ્થિતિ સંબંધમાં નીચે પ્રમાણે ભાષણમાં કહ્યું હતું. તેનો સાર નીચે મુજબ છે :

"કચ્છ સાહસિક વેપારીઓના બંદરી વેપાર દૂર દૂર સમૃદ્ધ દેશો સાથે ઈસ્ટ ઈન્ડિયા કંપનીના વખતમાં હોવાનું સાંભળ્યું છે. ત્યારે કચ્છની સોના ચાંદીની અને બીજી કારીગીરી રાષ્ટ્ર મશહૂર હતી. આ સુખદ સ્થિતિ કેટલેક અંશે અદૃશ્ય છે, તે જાણી મને દુઃખ થાય છે. બંદરો કચરાથી પુરાતાં જાય છે. વણખેડાયેલ જમીનનું પ્રમાણ વધતું જાય છે. સમૃદ્ધ અને સફળ વેપારીઓ કચ્છ છોડીને બહાર ચાલ્યા જાય છે."

**૧૪.** પૂજ્ય મહાત્માજી કચ્છ યાત્રા દરમ્યાન કચ્છની પરિસ્થિતિનું અને ફરિયાદોનું લિસ્ટિંગ કરવા સૂચવેલ, તે પ્રમાણે તૈયાર કરી કચ્છની સમસ્યા નામે પુસ્તિકા સૌરાષ્ટ્ર પ્રેસથી કાંતિપ્રસાદ ચં. અંતાણીની લખેલ અને અમૃતલાલ શેઠ થકી પ્રકાશિત બહાર પડી. માંડવી પરિષદ વખતે તા. ૨૦-૧૨-૨૭ના બહાર પાડી જાહેરમાં વેંચાણી હતી. જેના સંબંધમાં પૂ. મહાત્માજીએ કાંતિપ્રસાદ પર તા. ૧૦-૧-૨૮ ના પત્રમાં "દેશી રાજ્યોના સડાઓને સારું ઔષધો નોખા નથી, એટલે તેઓની નોખી સ્થિતિનો અભ્યાસ કરવાનો ખાસ વખત બચાવવો અધૂરું લાગે છે" એમ પ્રથમ જણાવી, પછી તા. ૬-૨-૨૮ થી લખેલ છે કે "કચ્છની સમસ્યા" બાબત હું એટલું જ કહી શકું કે, તે સમસ્યાઓનો ઉકેલ ખરી રીતે તો કચ્છની પ્રજા જ કરી શકે." આ ઉપરાંત શેઠ સુરજીભાઈ વલ્લભદાસે પોતાના તા. ૧૦-૧-૨૮ ના પત્રમાં માર્ગદર્શન આપ્યું છે. તા. ૧૩-૧-૨૮ ના પત્રથી શેઠ પરષોત્તમદાસ ઠાકોરદાસે અને તા. ૨૩-૧-૨૮ ના પત્રથી શેઠ વેલજી લખમશીએ એમ કચ્છના પ્રશ્નોમાં રસ લેનારાઓનું વર્તુળ વધી પ્રજા જાગૃતિ વધતી રહી. તેવા રાજકીય વાતાવરણમાં માંડવી પરિષદ ભરાણી હતી." "કચ્છની સમસ્યાઓ" પુસ્તિકામાં તત્ સમયે કચ્છના રાજયતંત્રનો ખ્યાલ આપેલ છે જે પરિશિષ્ટ નં.-૧ થી આ પુસ્તકમાં આખરમાં સામેલ છે. માંડવી પરિષદ દ્વારા કચ્છ સ્થાનિકમાં રાજકીય જાગૃતિ અને વાચા વધારે પ્રમાણમાં જનજાગૃતિમાં તાદશ્ય થવા લાગ્યાં હતાં.

**૧૫. સન ૧૯૨૯ :**

તા. ૧૦-૭-૨૯ પરિષદ ડેપ્યુટેશન મહારાવશ્રીને દરિયા મહેલ, મુંબઈમાં મળ્યું. તેના સભ્યો :

(૧) શ્રી શેઠ લખમીદાસ રવજી તેરસી, (૨) ડૉ. પુનસી હીરજી મૈશેરી, (૩) શ્રી ગુલાબશંકર સોમજી ધોળકિયા, (૪) શેઠ મથુરાદાસ કાનજી મટાણી, (૫) શેઠ હુસેનભાઈ લાલજી, (૬) શેઠ સાકરચંદ પાનાચંદ, (૭) શેઠ શૂરજી વલ્લભદાસ, (૮) શેઠ લવજી મેઘજી, (૯) શેઠ રવજી સેજપાલ, (૧૦) શેઠ રહેમતુલા ચિનાઈ, (૧૧) શેઠ વેલજી લખમશી નપુ.

**૧૬.** તા. ૨૯-૯-૨૯ રવિવાર સ્ટીમરોના ભાડા વધારા બાબત મુંબઈમાં જાહેર સભા યોજાઈ હતી, તેમાં ડેપ્યુટેશન નિમાયું હતું.

(૧) શેઠ લખમીદાસ રવજી તેરસી, (૨) શ્રી ગુલાબશંકર સોમજી ધોળકિયા, (૩) શેઠ વેલજી લખમસી નપુ, (૪) ડૉ. પુનસી હીરજી મેશરી, (૫) શેઠ નેણશી તેજપાલ, (૬) રાવ સાહેબ રવજી સેજપાળ, (૭) શેઠ પુંજાભાઈ ઠાકરસી તા. ૧૬-૧૦-૨૯ ડેપ્યુટેશન કંપનીને મળ્યા હતા. તા. ૧૭-૧૦-૨૯ના ભાડા વધારો ઓછો કરી આપ્યો હતો.

આ સમયમાં પણ અંજાર વધારે જાગૃત હતું. કોઈપણ રાજકીય પ્રવૃત્તિને આકાર અંજારથી મળતો હતો અને તેને ગતિમાન કરવાના પ્રયત્નો પણ ત્યાંથી જ થતા હતા.

**૧૭.** ૧૯૨૯ના ઓકટોબરમાં પરિષદનું ત્રીજું અધિવેશન અંજાર મુકામે ભરવા બાબત પરિષદના પ્રમુખ શેઠશ્રી તેરશીની ઈચ્છા, સૂચના અને તાકીદ અનુસાર અંજારમાં બોલાવવાની તૈયારી શરૂ થઈ હતી. (જો કે માંડવી પરિષદમાં ત્રીજી પરિષદ માટે આમંત્રણ ભુજ અને કરાંચી તરફથી મળ્યાં હતાં) પણ આ બાબતમાં તા. ૩૧-૧૦-૨૯ ના નગરશેઠ સાકરચંદ પાનાચંદ, કાંતિપ્રસાદ અંતાણી, ગોકુળદાસ ખીમજી, ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા, જમનાદાસ ગાંધી તથા બિહારીલાલ અંતાણીએ તારથી ૧૯૩૦ના ઈસ્ટરમાં અંજારમાં પરિષદ ભરવાની જાણ કરી હતી.

**૧૮.** તા. ૧૮-૧૦-૨૯ (સંવત ૧૯૮૬) ના કારતક સુદ-૨

*કામ કર્યા સિવાય ધન મેળવવાની ઈચ્છા રાખનાર મૂર્ખ છે.*

સોમવારના ખાસ ગેઝેટમાં જાવક નં. ૧૨૭૧ થી કચ્છ પીનલ કોડમાં ૫૭/અ કલમ દાખલ કરી રાજતંત્ર વિરુદ્ધ લોકોના મનમાં બેદિલીના વિચાર ઉત્પન્ન કરનારને દેશપાર, પાંચ વર્ષની કેદની સજા અથવા દંડ થશે તેવો કાયદો બહાર પાડ્યો હતો. આ રીતે જનજાગૃતિની આગેકૂચને અવરોધક પગલાં-દમનનાં પગલાં-કચ્છ રાજ્યે લેવાની રાજ્યનીતિ અખત્યાર કરી અને કોમવાદ જગાડી ભાગલા પાડવાની નીતિ પણ અજમાવવી શરૂ કરી. અંજાર પરિષદ વખતે કચ્છ રાજ્યે અંજારના મુસ્લિમોને પોતાને પડખે લઈ પરિષદને નબળી પાડવાનો છૂપો પ્રયાસ કર્યો હતો. વળી કચ્છમાં ગોળમેજી પરિષદ ભરવાનો ખ્યાલ શેઠ માનસિંગ કચરા મારફત વહેતો કર્યો હતો. પણ એ બાજી કારગત ન નીવડી.

## ૧૯. અંજારમાં પરિષદનું ત્રીજું અધિવેશન :

(૧) ૨-૧૧-'૨૯ ના અંજારમાં જાહેર સભા ભરાઈ હતી. તેમાં ડૉ. હિંમતરામ નારાણજી અંતાણીના પ્રમુખપણા હેઠળ સ્વાગત મંડળની રચના થઈ હતી. સ્વાગત મંડળના પ્રમુખ શેઠ ગોપાળદાસ ત્રિકમજીની વરણી થઈ હતી. શેઠ ગોપાળદાસ પર કચ્છ રાજ્યનાં મોટી રકમનાં લેણાં હતાં અને મહારાવથી ગાઢ સંબંધ હતો, છતા પરિષદ પ્રવૃત્તિ પ્રત્યે સહાનુભૂતિ રહી હતી. તેઓ પરિષદને પ્રથમ દિને પહોંચી ન શક્યા, એટલે પાછળથી પ્રમુખ શેઠ અમૃતલાલ લાલજી ઓઝાએ સ્વાગત પ્રમુખપદ શોભાવ્યું હતું. બીજે દિવસે ગોપાળદાસ શેઠ પહોંચી આવ્યા હતા.

ઉપપ્રમુખો : ભુજના નગરશેઠ સાકરચંદ પાનાચંદ, આણંદજી રણછોડદાસ, માવજી પ્રાગજી, માનસંગ કચરા, હીરજી મુરાર, ગોકુળદાસ ખીમજી, દેવચંદ ધરમશી શેઠીયા, મિસ્ત્રી હરજી ગંગદાસ, વિશ્રામ રામજી, ડો. હિમતરામ અંતાણી

ખજાનચી : (૧) રણછોડદાસ કરસનદાસ, (૨) નારાણજી જુઠાણી

મંત્રીઓ : (૧) શ્રી કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી, (૨) શ્રી ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા, (૩) શ્રી જમનાદાસ ત્રી. ગાંધી, (૪) શ્રી જટાશંકર લ. મેતા

સભ્યો : (૧) શેઠ ઓધવજી પાનાચંદ, (૨) શેઠ લક્ષ્મીચંદ મોતીચંદ, (૩) શેઠ ચત્રભુજ દ્વારકાદાસ, (૪) શેઠ કાનજી રાજાભાઈ, (૫) શેઠ રામજી દાનાભાઈ, (૬) શેઠ જયરામ ધરમશી ગણાજી, (૭) શેઠ લાલજી રામદાસ, (૮) વોરા દયાશંકર શામજી (૯) શેઠ લાલજી વિશ્રામ, (૧૦) વોરા દેવશંકર વેલજી, (૧૧) શેઠ જેઠુ ખીમજી, (૧૨) શ્રી વાલજી નંદરામ, (૧૩) શેઠ નરશી દેવચંદ, (૧૪) શેઠ રાઘવજી દીપચંદ્ર, (૧૫) શેઠ ઇંદરજી ગાંગજી - ગાગોદર, (૧૮) શ્રી વેલજી કાળા - ભુજ, (૧૯) શ્રી જગન્નાથ ભવાનીશંકર, (૨૦) શ્રી પરષોત્તમ દયાળ - ભુજ, (૨૧) શ્રી મોતીલાલ લક્ષ્મીદાસ - માંડવી, (૨૨) શ્રી પરષોત્તમ મુળજી શેઠ - મુંદ્રા (૨૩) શ્રી જુસબ અલ્લારખ્યા પટેલ - માંડવી, (૨૪) શ્રી બૃહષ્પતિ લધારામ પંડિત, (૨૫) શ્રી મણિશંકર જટાશંકર ભટ્ટ, (૨૬) શેઠ શાંતિદાસ ડોસાભાઈ - ઑડિટર.

સ્વંયસેવકો : ★ કેપ્ટન : શ્રી લાલજી રામદાસ, અંજાર ★ વાઈસ કેપ્ટન : (૧) બદ્રીનારાયણ શુકલ, (૨) શ્રી વાલજી નંદરામ, (૩) શ્રી સી. આર. શાહ - મંજલ, (૪) શ્રી ઘેલાભાઈ કરશન - ખેડોઈ, (૫) શ્રી શામજી રણછોડદાસ - અંજાર, (૬) શ્રી લાલજી ડુંગરશી, (૭) સોની છગનલાલ પદમશી - કુંભારિયા, (૮) ઠા. લાલજી તુલસીદાસ - ભુજ.

૧. તારીખ ૬-૧૧-૨૯ : પરિષદ કારોબારીએ અંજારમાં પરિષદ ભરવાને બહાલી આપી હતી. જાન્યુઆરી ૧૯૩૦માં પરિષદ ફંડ માટે (૧) શ્રી કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી અને (૨) શ્રી જમનાદાસ ત્રી ગાંધી મુંબઈ ગયા હતા.

૨. ૫૭-અ ની કલમ પછી પરિષદના પ્રચાર માટે અસામાન્ય કઠીનતા વચ્ચે પ્રચારકો તરીકે (૧) શ્રી ફૂલશંકર પટણી - ભુજ, (૨) શ્રી રામજીભાઈ જેવતભાઈ ઠક્કર - રાયધણપર, (૩) શ્રી ભુજંગીલાલ ચંદ્રશંકર અંતાણી - અંજાર, (૪) શ્રી સવાઈલાલ જશવંતરાય ધોળકિયા - ભુજ, (૬) શ્રી અહમદ ઈસ્માઈલ મૌલવી - મુંદ્રા — જેમણે કચ્છના ગામેગામ પરિષદ સંદેશ અને આમંત્રણો ભાષણ કરી, પ્રચાર કરી પહોંચાડ્યા હતા.

૩. પરિષદ ભરવા માટે અંજારમાં સ્થળ મેળવવાની રાજકીય પરિસ્થિતિની રાજ્યની ખફગીને કારણે મુશ્કેલ પરિસ્થિતિમાં સ્થળ મેળવવા શ્રી કાંતિપ્રસાદ અને જમનાદાસ સાથે જ શેઠ મુરારજી જયરામ ત્રીકમજી જીવણદાસ પાસે પહોંચતાં, અંજારના તેમના વસંતવાડી અને બંગલાને પરિષદ માટે ઉપયોગમાં લેવાની તે વખતે અસાન્ય હિંમતપૂર્વક પરવાનગી લખી આપી હતી.

૪. આ મંડપ માટે ખેડૂતો પાસેથી મોદો મેળવવા વગેરે કામગીરી ધાણેટીના શ્રી હાથીભાઈ ગોવાળજીએ સંભાળી હતી. આ પ્રચાર અને વ્યવસ્થાની અસરથી (૧) મોડી રાત સુધી નાકાના દરવાજા ખુલ્લા રહેવાની વ્યવસ્થા, (૨) ભુજ શહેરમાં દાખલ થવા માટે ક્વોર્ટઈન પાસની મુક્તિ મેડિકલ ખાતેથી થઈ હતી. (૩) પોલીસ કમિશનર ખુદની ગેરહાજરી રાખી વ્યવસ્થા માટે પરિષદના કાર્યકરો પર વિશ્વાસ રાખ્યા ઉપરાંત મહારાવશ્રીએ પોતાના ખાનગી મંત્રી તરફથી પરિષદને સફળતાનો તારનો સંદેશો મોકલાવ્યો હતો અને મહાત્માજીને પણ સંદેશો મળ્યો હતો. બીજા પણ અનેક સંદેશોઓ મળ્યા હતા.

પ્રમુખ તરીકે મદ્રાસમાં રહેતા (અસલ અંજારના વતની) મદ્રાસના રાજાજીના પ્રથમ કેબિનેટના સભ્ય જનાબ યાકુબ હુસેનની તા. ૧૬-૨-૩૦ ના વરણી થઈ હતી. પરિષદની ભોજન ઉતારાની વ્યવસ્થામાં (૧) શેઠ રતનશી મૂલચંદ, (૨) શ્રી જયરામ લાલજી, (૩) શેઠ હાથીભાઈ ગોવાળજી, (૪)

*ખુદની ભૂલ સ્વીકારવામાં અહંકાર આડો ન લાવો.*

શેઠ ડાહ્યાભાઈ માણેકચંદ (૫) શ્રી હરિલાલભાઈ નંદવાણા હતા.

૫. ત્રીજી પરિષદ તા. ૨૦-૨૧-૨૨ એપ્રિલ ૧૯૩૦ ના નિયત કરેલ દિવસે મળી હતી. કચ્છ બહારના ૧. શેઠ લખમીદાસ રવજી તેરસી, ૨. શ્રી ગુલાબશંકર સોમજી ધોળકિયા, ૩. શ્રી ગુલામહુસેન સોનાવાલા, ૪. શેઠ મુળરાજ કરશનદાસ, ૫. શેઠ મથરાદાસ કાનજી મટાણી, ૬. શ્રી જીવરાજ ગો. નેણશી, ૭. શેઠ દેવચંદ ધરમશી શેઠિયા, ૮. શ્રી એલ. વી. ઠક્કર, ૯. શ્રી છગનલાલ ભ. મેતા, ૧૦. શ્રી નેણશી તેજપાળ, ૧૧. શ્રી શિવદાસ ચાંપશી વગેરે હાજર હતા.

સ્વાગત મંડળના પ્રમુખ તરીકે આગળ જણાવ્યા પ્રમાણે શ્રીયુત અમૃતલાલ લાલજીભાઈ ઓઝા - અસલ અંજારના, બિહાર ઓરિસ્સા ધારાસભાના સભ્ય, અખિલ ભારત ફેડરેશન ઑફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ ટ્રેડના પ્રમુખ, હિંદ સરકારના જીનીવા ઈન્ટરનેશનલ કોન્ફરન્સના વ્યાપારી પ્રતિનિધિ તરીકે તત્ સમયે નિમાયા હતા. તેમને મેળવી શક્યા હતા. આમ અનેક પ્રતિકૂળતા વચ્ચે પરિષદ નિયત સમયે અંજારમાં મળી હતી.

શ્રી ઓઝાએ સ્વાગત પ્રમુખ પ્રવચન અને સ્વાગત કર્યું હતું. વંદેમાતરમ્ ગીત ભુજના શ્રી હરવદનુ જયંતીલાલ અંજારિયાએ ગાયું હતું.

પ્રમુખસ્થાનની દરખાસ્ત : ભુજના નગરશેઠ સાકરચંદ પાનાચંદ

ટેકો : માંડવીના શેઠ યુસુફ અલારખ્યા પટેલ

મુંદ્રાના શ્રી વલ્લભ રતનશી

અંજારના ખોજા લધા જાનમમાદ - એ આપ્યો હતો.

પરિષદના જયઘોષ વચ્ચે પ્રમુખે પ્રમુખસ્થાન લીધું હતું.

પરિષદની કાર્યવાહીમાં ભાગ લેનારા ઉપર લખ્યા ઉપરાંત :

૧ : શ્રી શેઠ લખમીદાસ રવજી તેરસી, ૨ : શ્રી ગુલાબશંકર સોમજી ધોળકિયા ૩ : શ્રી શેઠ શિવદાસ ચાંપશી, ૪ : શેઠ ગોકુળદાસ ખીમજી ૫ : શ્રી નૌતમલાલ અમૃતલાલ માંકડ ૬ : શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, ૭ : શ્રી લાલજી ડુંગરશી - ગોધા, ૮ : શ્રી જોશી જમનાદાસ જેઠાભાઈ - નળિયા, ૯ : શ્રી રાઘવજી દીપચંદ - રાપર, ૧૦ : શ્રી ગોપાળ ઉમરશી વકીલ, ૧૧ : શ્રી કુંવરજી હરીરામ વકીલ, ૧૨ : શ્રી છગનલાલ ભ. મેતા, ૧૩ : શ્રી ગુલાબશંકર અમૃતલાલ, ૧૪ : શ્રી પોપટલાલ લવજી મેતા, ૧૫ : શ્રી મથુરાદાસ કાનજી મટાણી, ૧૬ : શ્રી જમનાદાસ ત્રી. ગાંધી, ૧૭ : શેઠ દેવચંદ ધરમશી શેઠિયા, ૧૮ : શ્રી નથુભાઈ મેઘજી, ૧૯ : શ્રી એલ. વી. ઠક્કર, ૨૦ : શ્રી ફુલશંકર પટણી ૨૧ : શેઠ મુળરાજ કરશનદાસ ૨૨ : શેઠ કલ્યાણજી ધનજી - માંડવી, ૨૩ : શ્રી શીવજી દેવશી શાહ, ૨૪ : શ્રી નેણશી તેજપાળ, ૨૫. શ્રી નાગજી તાલા - ગોધરા, ૨૬ : શ્રી અમૃતલાલ લક્ષ્મીચંદ, ૨૭ : શ્રી જીવરાજ ગો. નેણશી, ૨૮ : શ્રી ગુલામહુસેન સોનાવાલા, ૨૯ : વકીલ પ્રેમજી રાઘવજી, ૩૦ : શ્રી આણંદજી રણછોડદાસ, ૩૧ : શ્રી ખીમજી લીલાધર મટાણી - માંડવી, ૩૨ : શ્રી લાલપુરી સુરજપુરી - માંડવી, ૩૩ : શ્રી વેલજી જેઠાભાઈ - નલિયા, ૩૪ : શ્રી બિશનજી કાનજી - નલિયા, ૩૫ : વરાડિયાના શેઠ દામજી ગોપાલજી. છેલ્લા બે આગેવાનોએ પરિષદ માટે ઉપયોગી કામગીરી બજાવી હતી.

**પરિષદના કારોબારીના સભ્યો :**

૧ શ્રી જનાબ હુસેન ૨. શ્રી અમૃતલાલ લાલજી ઓઝા, ૩ શ્રી લખમીદાસ રવજી તેરસી, ૪ શ્રી મથુરદાસ કાનજી મટાણી, ૫ શ્રી પ્રો. ખુશાલ ત. શાહ, ૬. ડૉ. પુનશી હીરજી મૈશેરી, ૭ શેઠ મુળરાજ કરસનદાસ, ૮ શેઠ શિવદાસ ચાંપશી, ૯ શેઠ દેવચંદ ધરમશી, ૧૦ શેઠ જીવરામ ગો. નેણશી, ૧૧ શ્રી ગુલાબશંકર સોમજી ધોળકિયા, ૧૨ શેઠ ગુલામહુસેન સોનાવાલા, ૧૩ શ્રી એલ. વી. ઠક્કર, ૧૪ શ્રી શેઠ હુસેનભાઈ લાલજી, ૧૫ શેઠ ઉમર સોબાની, ૧૬ શેઠ શૂરજી વલ્લભદાસ, ૧૭ શેઠ વેલજી લખમશી નપુ, ૧૮ શેઠ લવજી મેઘજી, ૧૯ શ્રી છગનલાલ ભ. મેતા, ૨૦ શ્રી નેણશી તેજપાળ.

**૨૦.** અંજારની ત્રીજી પરિષદના ઠરાવ-૪ અનુસાર કચ્છમાં સ્થાનિક થાણા કમિટીઓ થકી કચ્છ સ્થાનિકે પરિષદ પ્રવૃત્તિ રીતસર ચાલ્યા કરે તે વ્યવસ્થા શરૂ થઈ હતી. એમ સ્થાનિક જનજાગૃતિને વેગ મળ્યો હતો અને સ્થાનિક પ્રજાની ફરિયાદો અંગે માર્ગદર્શન મળતું રહે તેવી વ્યવસ્થા ઉભી થઈ હતી.

૧. ભુજ થાણાં કચેરી : (૧) નગરશેઠ સાકરચંદ પાનાચંદ, (૨) શ્રી ગુલાબશંકર અમૃતલાલ, (૩) શ્રી નૌતમલાલ અમૃતલાલ માંકડ, (૪) શ્રી કુંવરજી હરિરામ વકીલ

૨. અંજાર થાણાં કચેરી : (૧) શ્રી કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી, (૨) શ્રી જમનાદાસ ગાંધી, (૩) શ્રી જટાશંકર લઘુભાઈ મેતા.

૩. રાપર ફોજદાર ઉપરના કામે (૧) વકીલ ઈશ્વરલાલભાઈ રતનલાલ અંતાણી, (૨) વકીલ કુંવરજીભાઈ હરીરામે વગર ફી એ પરિષદની વિનંતીથી કાર્ય કર્યું હતું.

શ્રી વિશનજી મકનજી દેસાઈની વાગડમાં, પછી માંડવીમાં પ્રચારક તરીકે નિમણૂક થઈ હતી. વિશનજીને રાપરમાં માર પણ પડી હતી. અંજારમાં શ્રી દલપતરામ પરષોત્તમ જોશી પ્રચારક હતા.

અંજાર પરિષદે ઠરાવ કરી ભારત સ્વાતંત્ર સંગ્રામને બિરદાવી ગાંધીજીની દોરવણીમાં શ્રદ્ધા અને સહાનુભૂતિ જાહેર કર્યા હતાં. આમ ૫૭ 'અ' કલમનો પડકાર સફળતાથી ઝીલી લીધો અને અંજાર પરિષદે પ્રજા જાગૃતિના નવાં ઘૂઘવતાં પૂર જોયાં અને આગળ વધાર્યાં હતાં અને રાજ્ય તરફથી પણ પ્રજા જાગૃતિ દાબવાના પ્રયાસો થતા રહેતા હતા. પરિષદના તત્સમયેના બંધારણ પ્રમાણે તેનું કાર્યક્ષેત્ર મુંબઈ હતું. એટલે કચ્છમાં સ્થાનિકે અસરકારક રાજકીય સંસ્થાની પ્રવૃત્તિની જરૂર છે એવો એ સમય અંજાર પરિષદથી તાદૃશ્ય વર્તાતો હતો.

*(ક્રમશઃ)*

*સારા સંસ્કારથી કુટુંબની સાથે સમાજનું ય કલ્યાણ થાય.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૪૦

• સંકલન : પ્રતાપ નારાણજી દંડ •

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓ અવિરતપણે વિવિધ કાર્યકારિણી સમિતિઓ દ્વારા ચાલતી જ હોય છે. ખાસ કરીને યુવા વિકાસ સમિતિ, મહિલા વિકાસ સમિતિ, વયસ્ક સમિતિ અને મેડિકલ સમિતિ તથા અન્ય સમિતિઓના નાના મોટા પ્રોગ્રામો અવારનવાર યોજાતા હોય છે અને તેમાં સમાજના લાગતા વળગતા સભ્યો ભાગ લઈને સમાજ દ્વારા ચાલતી પ્રવૃત્તિઓને માણતા હોય છે.

એવા જ કાર્યક્રમો અંતર્ગત વયસ્ક સમિતિએ તા. ૨૩-૨-૨૦૧૦ અને તા. ૨૪-૨-૨૦૧૦ના રોજ બે દિવસ માટે યાત્રા પ્રવાસ યોજયો હતો. જેમાં અમદાવાદથી માઉન્ટ આબુ તથા અંબાજી, કુંભારિયાજી તથા અન્ય સ્થળો માટેનો યાત્રા પ્રવાસ હતો. આ પ્રવાસમાં ૬૦ વડીલોએ ભાગ લીધો હતો. તા. ૨૩-૪-૨૦૧૦ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેથી સવારનાં ૫.૩૦ વાગે બે બસો દ્વારા યાત્રા પ્રવાસનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સવારના ૮.૩૦ કલાકે બ્રાહ્મણવાડામાં સર્વે પ્રવાસીઓએ નવકારશી કરી હતી તથા ત્યાંથી રસ્તામાં આવતાં રમણીય સ્થળોની મુલાકાત લેતાં સવારે ૧૧.૩૦ વાગે માઉન્ટ આબુ પહોંચી ગયા હતા. ત્યારથી કરીને સાંજના ૬.૩૦ વાગ્યા સુધીમાં માઉન્ટ આબુ ઉપર જોવાલાયક નખી તળાવ, દેલવાડા મંદિરો, સનસેટ પોઈન્ટ વગેરે જોઈ અને પાવાપુરી ખાતે રાત્રિરોકાણ કરવા માટે પ્રસ્થાન કર્યું હતું.

પાવાપુરીમાં રાત્રિ-રોકાણ કરી બીજા દિવસે સવારનાં નવકારશીનો લાભ લઈને આગળનો પ્રવાસ શરૂ કરવામાં આવ્યો હતો. આખો દિવસ રમણીય સ્થળોની મુલાકાતો તથા યથાયોગ્ય સમયે જમવા વગેરેનાં પ્રોગ્રામો કરી સૌ રાત્રે ૧૨.૦૦ વાગે અમદાવાદ પરત આવ્યા. સંપૂર્ણ યાત્રા દરમિયાન રસ્તામાં જ્યારે પણ સમય મળતો ત્યારે અંતાક્ષરી, ગીતોની રમઝટ તથા કચ્છી લગ્ન ગીતોનો આસ્વાદ સૌ પ્રવાસીઓએ માણેલો. આ યાત્રા પ્રવાસના ખર્ચનો સંપૂર્ણ સહકાર વિવિધ દાતાઓએ લીધેલ હતો. જેમાં શ્રી કાંતિલાલ વેલજી સાવલા મુખ્ય હતા. યાત્રામાં ભાગ લેનાર સૌ વડીલોએ બે દિવસીય પ્રવાસ દરમિયાન વયસ્ક સમિતિ દ્વારા કરાયેલ આયોજન અને વ્યવસ્થાની ખૂબ જ સરાહના કરવામાં આવી હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેનું મેડિકલ સેન્ટર અવિરત સેવાકાર્ય કરી રહ્યું છે તથા મેડિકલ સેન્ટરની સમિતિ તથા ટ્રસ્ટ મંડળ હંમેશાં મેડિકલ સેન્ટરનો વિકાસ કરવા માટે પ્રયત્નશીલ રહે છે. તા. ૧૦-૪-૨૦૧૦ના રોજ મેડિકલ સેન્ટરના સોનોગ્રાફી વિભાગમાં આવતા લોકોના રોગોનું નિવારણ વધુ સચોટ રીતે અને ઝડપી થાય તે માટે રૂા. ૧૨.૦૦ લાખના ખર્ચે નવું કલર ડૉપ્લર મશીન વસાવી તેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ નવા મશીનથી સંસ્થાના મેડિકલ સેન્ટરમાં લાભ લેતા દર્દીઓને ઓછા ખર્ચે વધુ યોગ્ય નિદાન મળી રહેશે.

આ મશીનનું ઉદ્‌ઘાટન શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટરમાં સંસ્થાના ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો, માનદ્‌ ડૉક્ટર્સ તથા આમંત્રિત મહેમાનોની હાજરીમાં સવારના ૧૦ વાગે સંસ્થાના શ્રી નવનીત મેડિકલ વિભાગનાં મુખ્ય દાતા પરિવારના તથા સંસ્થાની દરેક પ્રવૃત્તિ તથા પ્રગતિમાં રસ લેતા મુરબ્બી શ્રી શાંતિલાલ રામજી ગાલાના વરદ્‌ હસ્તે કરવામાં આવ્યું હતું.

સંસ્થાની મેડિકલ સમિતિના કન્વીનર ડૉ. શ્રી ચંદ્રકાંત કાનજી દેઢિયાએ આ પ્રસંગે પ્રવચન કરતાં કહ્યું હતું કે આ મશીન દ્વારા દર્દીઓની રોગ નિદાન સુવિધામાં વધારો થશે. દર્દીઓને એક જ સ્થળે અન્ય ટેસ્ટ સાથે કલર ડોપ્લર મશીન દ્વારા ઓછા ખર્ચ અને ઓછા સમયમાં યોગ્ય નિદાન કરવાની સવલત મળી રહેશે. આ પ્રસંગે તેઓએ સંસ્થાના મેડિકલ સેન્ટરમાં સેવા આપતા ડૉક્ટર્સ તેમજ સ્ટાફની સેવાઓને બિરદાવી હતી.

આ પ્રસંગે મેડિકલ સેન્ટરમાં સેવાઓ આપતા વિવિધ ડૉક્ટર્સશ્રીઓએ પણ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં. અંતમાં પ્રસંગને અનુરૂપ ગોળ ધાણા ખવડાવી, હાજર રહેલા સૌનું મીઠું મોઢું કરાવવામાં આવ્યું હતું તથા આઈસક્રીમ આપવામાં આવી હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે ગુજરાત સ્થિત કચ્છી જૈન સંસ્થાઓનું એક સંમેલન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતે તા. ૧૮-૪-૨૦૧૦નાં રોજ યોજ્યું હતું. જેમાં ગુજરાતનાં વિવિધ શહેરોમાંથી વિવિધ કચ્છી જૈન સંસ્થાઓનાં

સાંઘવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....

MRL GROUP

**MRL CLEARING AND FORWARDING PVT. LTD.**

(CHA No. 11/374)

13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com

**Clearing, Forwarding & Shipping Agents**

અંદાજિત ૩૫થી પણ વધુ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં પણ ૫૦થી વધુ પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. આ સમારંભનું પ્રમુખ સ્થાન દક્ષિણ ગુજરાત કચ્છી વીસા ઓસવાળ જૈન સમાજના ઉપપ્રમુખ અને વાપી સ્થિત શ્રી હરીશ મેઘજી ગાલા (દેવપુર)એ સંભાળ્યું હતું.

આ સમારંભના મુખ્ય મહેમાનપદેથી પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ "સમાજસેવા એ જ ધર્મસેવા" વિષય ઉપર પ્રવચન આપ્યું હતું. તેઓએ જણાવેલ કે સંગઠિત સમાજ ભાઈચારાની લાગણી ઉત્પન્ન કરે છે. પોતાના પ્રવચનમાં તેઓએ કચ્છી લોકોનાં ખમીરને બિરદાવ્યું હતું. તેઓશ્રીએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓને પણ બિરદાવી હતી. અન્ય મુખ્ય મહેમાન તરીકે શિક્ષણ વિશારદ ડૉ. શ્રી આર.ટી. સાવલિયાએ પોતાનું વક્તવ્ય આપ્યું હતું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મે. ટ્રસ્ટી તથા પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ આ સંમેલનનો હેતુ સમજાવતાં જણાવ્યું હતું કે અત્યારે આપણે કચ્છી જૈનો ગુજરાતનાં જે જે શહેરોમાં વસવાટ કરીએ છીએ ત્યાં માત્ર ઘટક સમાજના ધોરણે અથવા સાંપ્રદાયિક ધોરણે પ્રવૃત્તિઓ કરીએ છીએ. જેના કારણે આપણે નાના નાના સમાજમાં વહેંચાઈ જઈએ છીએ. જો આપણે મોટા ગ્રુપમાં સંગઠિત થઈને કાર્ય કરીશું તો પોતાના સમાજ માટે, પોતાની કર્મભૂમિ માટે અને આપણી માતૃભૂમિ માટે નોંધપાત્ર કાર્ય કરી શકીશું.

તેઓશ્રીએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓની વિસ્તારથી વિગતવાર માહિતી આપી હતી. તેઓશ્રીએ જણાવેલ કે એક સંગઠિત સમાજ હોય તો આપણે આ પ્રકારનાં નક્કર અને ગણનાપાત્ર કાર્ય કરી શકીએ તેનો આ દાખલો છે.

ત્યારબાદ અતિથિ વિશેષ તરીકે મંચ પર બિરાજમાન મહાનુભાવોમાંથી શ્રી વિશનજીભાઈ સુંદરજી ગડા (પૂર્વ પ્રમુખશ્રી, અચલગચ્છ જૈન સંઘ - વડોદરા), શ્રી મહેન્દ્રભાઈ સુધાકર શિવજી (પ્રમુખશ્રી, ભાવનગર કચ્છ સમાજ - ભાવનગર), શ્રી રાજેશ નાનાલાલ મહેતા (ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છી જૈન ગૂર્જર સમાજ - સુરત), શ્રી હરખચંદભાઈ ખીમજી ગડા (માનદ્ મંત્રી, અંકલેશ્વર અચલગચ્છ જૈન સંઘ - અંકલેશ્વર) તથા શ્રી જેસંગભાઈ ચાંપશી છેડા (પ્રમુખશ્રી, શ્રી વાગડ વીસા ઓસવાલ જૈન સમાજ - વલસાડ)એ પોતાના સમાજોની પ્રવૃત્તિઓની વિગતવાર માહિતી, ઉપસ્થિત શ્રોતાગણ સમક્ષ રજૂ કરી હતી તથા પોતાના શહેરમાં પણ "સંગઠિત" શ્રી કચ્છી જૈન સેવા સમાજની સ્થાપના કરી સંગઠિત અને મોટા જૂથનાં સમાજની રચના કરવાની ભાવનાને બિરદાવી હતી. શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન સમાજ, શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન સમાજ તથા શ્રી વાગડ વીસા ઓસવાળ જૈન સમાજ - સુરત વતી ત્યાંના માનદ્ મંત્રી શ્રી જયેશભાઈ વિસરિયાએ સુરતની પ્રવૃત્તિઓની વિગતો સાથે સંગઠિત સમાજ રચનાની ભાવનાને બિરદાવી હતી અને આ દિશામાં નક્કર કાર્યવાહી કરવી જોઈએ તેવું તેમણે જણાવ્યું હતું. સંમેલનના પ્રથમ સેશનના અંતે શ્રી હરીશભાઈ ગાલાએ પ્રમુખકીય વક્તવ્ય આપી, સેશન પૂર્ણ થયેલ જાહેર કર્યું હતું.

બપોરના ભોજન બાદ મળેલ બીજા સેશનમાં શ્રી કચ્છી જૈન સમાજની પોતાના શહેરોમાં રચના કરવાની કાર્યવાહી તથા હાલના ચાલુ સમાજની પ્રવૃત્તિઓની તથા ભાવિ કાર્યોની છણાવટ કરવામાં આવી હતી. આ મિટિંગની ચર્ચામાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં પ્રતિનિધિઓ ઉપરાંત વાપી, વલસાડ, સુરત, નવસારી, અંકલેશ્વર, ઉમરગામ, વડોદરા, આણંદ, ભાવનગર, રાજકોટ, મોટી ખાવડી, નાની દમણ, ઉદવાડા, વીરમગામ તથા અન્ય ગામોથી પધારેલા મહાનુભાવોએ ભાગ લીધો હતો. સાથે સાથે મહિલા વિભાગમાંથી વાપીના શ્રીમતી સીમા ગાલા, ભરૂચના શ્રીમતી હંસાબેન દંડ તથા વડોદરાનાં શ્રીમતી હંસાબેન લોડાયા અને શ્રીમતી સરલાબેન લોડાયાએ પણ આ ચર્ચામાં ભાગ લેતાં પોતાના મંતવ્યો રજૂ કર્યા હતાં. રજૂ કરવામાં આવેલ સર્વ વક્તવ્યોનો સાર એ હતો કે દરેક સમાજોએ પોતાના શહેરમાં સંગઠિત શ્રી કચ્છી જૈન સેવા સમાજની રચના કરી, નોંધપાત્ર સેવાકીય કાર્યો કરવાં.

ઉપરોક્ત કાર્યવાહી બાદ સમગ્ર દિવસની કાર્યવાહીનું વિશ્લેષણ કરતાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પૂર્વ પ્રમુખ ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ જણાવેલ કે આખા દિવસની ચર્ચાનો સૂર એ નીકળે છે કે શ્રી કચ્છી જૈન સમાજોનાં વિવિધ ગ્રુપની વ્યક્તિઓનું મંતવ્ય પોતાના શહેરમાં સંગઠિત સમાજની રચના કરી સમાજ, માતૃભૂમિ તથા કર્મભૂમિ માટે પોતાનાં શહેરમાં હજુ પણ વધુ નક્કર પ્રવૃત્તિઓ કરી, દરેકે દરેક શહેરમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજની રચના કરવી જોઈએ અને આ કાર્યવાહી આગળ ધપાવવા માટે દરેક શહેરોમાંથી ઉપસ્થિત પ્રતિનિધિઓમાંથી પાંચ - પાંચ નામ નક્કી કરવામાં આવે કે જેઓ પોતાના શહેર માટે આગળની કાર્યવાહી કરી શકે.

શ્રી હરીશભાઈ ગાલાએ પોતાના પ્રમુખકીય પ્રવચનમાં સંમેલનને સમાપ્ત કરતાં જણાવ્યું કે આજના દિવસની કાર્યવાહી ઉત્તમ પ્રકારની રહેવા પામેલ છે. અંતમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં સહમંત્રી શ્રી હસમુખ બાબુભાઈ શાહે આભારવિધિ કરી હતી.

***(ક્રમશઃ)***

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**

E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com

**MFG. ST. STEEL UTENSILS**

# એલસા બાસ્કોલીટનું મૃત્યુ

• લે. હાઈનરીખ બ્યૉલ • અનુ. મોહનલાલ પટેલ •

*હાઈનરીખ બ્યૉલ (૧૯૧૭-૧૯૮૫) : બીજા વિશ્વયુદ્ધ પછીના જર્મન નવલકથાકારો અને વાર્તાકારોમાં હાઈનરીખ બ્યૉલ સૌથી વધારે પ્રભાવશાળી લેખકોમાંના એક છે. તર્કશૂન્ય યુધ્ધની નિરર્થકતા અને આધુનિક જીવન પધ્ધતિમાં નર્યા દંભ પરના એમના વિચારો ધ્યાનાર્હ અને પ્રભાવક છે. અત્યારના જર્મન અને યુરોપીય સાહિત્ય ઉપર એમનો પ્રભાવ જોઈ શકાય છે. એમનાં પુસ્તકો જગતની ૩૦ કરતાં વધારે ભાષાઓમાં અનુવાદ પામ્યાં છે.*

*એમનાં જાણીતાં પુસ્તકોમાં મુખ્ય,* ***'Adam, Where art Thou?' 'Tomorrow and Yesterday', 'Billiards at Half-past Nine', 'The Clown', '18 Stories'*** *વગેરે છે. ૧૯૭૨માં એમને નૉબેલ ઈનામ મળ્યું હતું.*

*એમનો જન્મ ૧૯૧૭માં થયો અને ઈ.સ. ૧૯૮૫માં એમનું અવસાન થયું.*

*બીજા વિશ્વયુદ્ધ વખતે એ જર્મન લશ્કરમાં હતા. યુદ્ધમાં ઘવાયા એ અગાઉ એ રશિયા સમેત અનેક મોરચે લડ્યા હતા.*

અમે જેનો રહેણાંક તરીકે ઉપયોગ કરતા હતા તે મકાનનું બૅઝમેન્ટ (ભોંયરું) બાસ્કોલીટ નામના એક દુકાનદારને ભાડે આપવામાં આવ્યું હતું. આ દુકાનદાર દુકાનમાં અવરજવરના માર્ગોની આસપાસ અને ગમે ત્યાં નારંગીના કરંડિયા ખડકતો. બગડવા માંડેલાં ફળને એ કચરાગાડીમાં પધરાવવાના હેતુથી બહાર રાખતો. અહીંથી સડેલાં ફળની વાસ ફેલાતી.

આ બાસ્કોલીટ સ્વભાવનો ખૂબ રમૂજી માણસ હતો પણ તે ખરાબ સમય વિશે ખૂબ ફરિયાદ કરતો. આવો બળાપો કાઢવો હોય ત્યારે એ એના મૂળ વતન પૂર્વ પ્રશિયાની તળપદી બોલીમાં મોટેથી બોલતો. ધુમ્મસથી આચ્છાદિત કાચની બારી પાછળનો એનો મોટા ઘાંટાનો અવાજ અમે સાંભળી શકતા. અમને બાળકોને, અમારી સમજ પ્રમાણે બાસ્કોલીટનો સોગંદ સાથેનો આ બળાપો એક રમત જેવો લાગતો.

ઘણીવાર બૅઝમેન્ટમાંથી ત્રણ-ચાર પગથિયાં ચઢીને એ ફળિયાના લૅવલ સુધી આવીને ખિસ્સામાં ભરી રાખેલાં સફરજન અને નારંગી અમારી તરફ રબરના દડાની જેમ ફેંકતો.

પણ બાસ્કોલીટ અંગે રસમય બાબત એની દીકરી એલસા હતા. એ એક નર્તકી બનવા માગતી હતી. કદાચ એ નર્તકી થઈ ચૂકી હતી. ગમે તેમ, પણ એ સતત નૃત્યની પ્રૅક્ટિસ કરતી. બૅઝમેન્ટમાં બાસ્કોલીટના રસોડાની બાજુમાં પીળી દીવાલોવાળા રૂમમાં એ પ્રૅક્ટિસ કરતી. અંધારું થાય એ પછી મારા બેડરૂમની બારીમાંથી લીલા રંગના વસ્ત્રોમાં આવૃત્ત એ છોકરીને હું જોઈ શકતો. નાજુક કાયા, ફિક્કો અને તંગ ચહેરો, મનોહર મસ્તક - પગના અંગૂઠાનો આધાર લઈને હંસની માફક ઝળૂંબીને એ ઘૂમરીઓ લેતી. ક્યારેક એ કૂદકો ભરતી ત્યારે એનું મસ્તક વીજળીના લટકતા ગોળાને સ્પર્શી જતું અને ગોળો આંદોલિત થતો. આમ થવાથી વીજળીનું પ્રકાશવર્તુળ વિસ્તાર પામીને ઓસરીમાં વ્યાપી જતું.

કેટલાક લોકો એલસાની આ નૃત્યપ્રવૃત્તિ જોઈને તિરસ્કારમાં મોટા અવાજે 'વેશ્યા' શબ્દ ઉચ્ચારતા. આ 'વેશ્યા' એટલે શું એની મને એ વખતે ખબર નહોતી. કેટલાક લોકો એલસાના નૃત્યને અનુલક્ષીને, 'આ ઘૃણાભર્યું છે' એવું બોલતા. ઘૃણાભર્યું કોને કહેવાય એની તો મને ખબર હતી પણ એને એલસા સાથે કંઈ લાગતું-વળગતું હોય એવું મારા મનમાં આવતું નહોતું. લોકો તરફથી આવું હરકતભર્યું સંભળાય ત્યારે બાસ્કોલીટની બારી ધડાક કરતી ખૂલી જતી અને રસોડાની વરાળ સમેત બાસ્કોલીટનું ટાલિયું માથું ડોકાતું. બોલનારાઓ સામે એ ગુસ્સાભર્યા શબ્દોનો મારો ચલાવતો. આવું વારંવાર થતું એટલે પછીથી એલસાની બારી ઉપર લીલા રંગના ઘટ્ટ કાપડનો પડદો લાગી ગયો.

અમે સ્થળાંતર કરીને બીજા એક શહેરમાં રહેવા ગયા. મારી ઉંમર વધી અને 'વેશ્યા' કોને કહેવાય એ હું સમજતો થયો. ઘૃણા વિશે તો મારી જાણકારી હતી. મેં ઘણી નૃત્યાંગનાઓ જોઈ પણ એમાંની કોઈ એલસા જેવી નહોતી.

આ નવા શહેરમાં થોડા વસવાટ પછી વળી અમે બીજા એક શહેરમાં રહેવા ગયા. યુદ્ધ આવ્યું. લાંબું યુદ્ધ. હવે એલસા વિશે વિચારો આવતા નહોતા.

અમે વળી પાછું શહેર બદલ્યું. અને અમારા મૂળ શહેરમાં આવ્યા. અહીં એલસા હોય. પણ હવે મનમાં એલસા વિશેના કોઈ વિચારો આવતા નહોતા. આ શહેરમાં કામ મેળવવા માટે હું ઘણી મથામણ કરતો હતો અને એ મેળવવા માટે ખૂબ વ્યસ્ત રહેતો. આખરે એક શાકભાજીના હોલસેલ ધંધાદારીની કંપનીમાં ટ્રક ડ્રાઈવર તરીકે મને કામ મળ્યું. એક જ એવું આ કામ હતું જે હું સારી રીતે કરી શકતો હતો. રોજ સવારે

*આપણું મન અને હૃદય અલગ અલગ વસ્તુ કહે ત્યારે આપણે ફિલોસોફર બની જઈએ છીએ.*

મને એક લિસ્ટ સાથે સફરજન, નારંગી અને પ્લમનાં ખોખાં સોંપવામાં આવતાં. આ સોંપણી સાથે હું શહેરમાં હંકારી જતો.

એક દિવસ કંપનીની વખાર આગળ મારી ટ્રકમાં માલ ભરાતો હતો. વખારનો માણસ મારી પાસેના લિસ્ટ પ્રમાણે બધું મુકાવતો હતો અને હું તેની ચકાસણી કરતો હતો. આ કામ ચાલતું હતું તે વખતે કંપનીના હિસાબનીસે તેની સાંકડી ખોલીમાંથી બહાર નીકળીને વખારના માણસને પૂછ્યું : 'આપણે બાસ્કોલીટને માલ આપી શકીએ?'

વખારના માણસે સામો પ્રશ્ન કર્યો : 'એણે જાંબલી રંગની દ્રાક્ષનો ઑર્ડર આપેલો છે?'

'હા.' કહી હિસાબનીસે કાન પાછળ ખોસેલી પેન્સિલ કાઢીને વખારના માણસ તરફ આશ્ચર્યથી જોયું.

વખારવાળા માણસે કહ્યું : 'કોઈક વાર એનો ઑર્ડર હોય છે. સમજાતું નથી કે એ જાંબલી રંગની દ્રાક્ષનો ઑર્ડર કેમ આપે છે. પણ આપણે એને એણે માગેલી દ્રાક્ષ આપી શકતા નથી.'

હિસાબનીસ એની ખોલીમાં પાછો ગયો અને મેં લિસ્ટ પ્રમાણે મુકાતા માલની ચકાસણી કરવાનું બંધ કર્યું. અત્યારે મારી નજરે બાસ્કોલીટના રહેઠાણવાળા બૅઝમેન્ટની બારીનું ચોકઠું આવી રહ્યું. લીલા રંગના વસ્ત્રમાં સજ્જ નાજુક અને ફિક્કી એલસાને નૃત્ય કરતી હું જોઈ રહ્યો.

એ સવારે મારા રોજિંદા માર્ગ કરતાં મેં જુદો રસ્તો લીધો. એક એવા વિસ્તારનો આ માર્ગ હતો જ્યાં યુદ્ધના કારણે ભારે તારાજી થઈ હતી. અમે દીવાબત્તીના જે થાંભલાની બાજુમાં રમતા હતા એ એક જ અસ્તિત્વમાં રહ્યો હતો અને તેનું માથું તો ડૂલ હતું! મોટાભાગનાં ઘર ધરાશાયી થઈ ચૂક્યાં હતાં. મારી ટ્રક ઉબડખાબડ થયેલી જમીનમાં ઊછળકૂદ કરતી આગળ વધતી હતી. જે ફળિયું બાળકોથી ઊભરાતું હતું તેમાં આજે એક છોકરો તૂટેલી દીવાલના એક ભાગ ઉપર બેસીને નીચેની ધૂળમાં લીટીઓ દોરતો હતો. એની બાજુમાં થઈને મારી ટ્રક પસાર થઈ એટલે એણે ઊંચે જોયું અને પછી તરત માથું નમાવી દીધું.

મેં બાસ્કોલીટના રહેઠાણ આગળ ટ્રક થોભાવી. હું નીચે ઊતર્યો. રહેઠાણની બારીઓ ઉપર ધૂળનો પટ ચઢી ગયેલો હતો. બહાર પાર્સલોના પિરામિડો ઢસી પડેલા હતા. લીલા રંગનું કાર્ડબૉર્ડ મેલું થઈને કાળું થઈ ગયું હતું. દીવાલ થાગડથીગડવાળી થઈ ચૂકી હતી. અચકાતાં - અચકાતાં મેં બારણું ખોલ્યું અને ધીરેથી હું દુકાનમાં પ્રવેશ્યો. ત્યાં દરવાજાની બાજુમાં કાર્ડબૉર્ડના એક બૉક્સમાં જામી ગયેલા કોઈ સૂપમાંથી અણગમતી વાસ આવતી હતી. મેં બાસ્કોલીટની પીઠ જોઈ. એની ટોપી નીચે રાખોડી રંગના વાળ દેખાતા હતા. એક મોટા પીપમાંથી એ એક બૉટલમાં વિનેગાર (દારૂ સાથે અન્ય મિશ્રિત ખટાશભર્યું માદક પીણું) ભરી રહ્યો હતો. આ કામ એના માટે અણગમાભર્યું અને મુશ્કેલ હતું એ જોઈ શકાતું હતું. નાળચાને બૉટલ ઉપર કેવી રીતે ગોઠવવું એ એને ફાવતું નહોતું. બૉટલમાં ભરતી વખતે વિનેગાર એની આંગળીઓને ખરડીને એના પગ નીચેના પાટિયા ઉપર જમા થતો હતો. કાઉન્ટર આગળ ઊભેલી એક સ્ત્રી બાસ્કોલીટને આ કામ કરતો કશા ભાવ વગર જોઈ રહી હતી.

આખરે બાસ્કોલીટ બૉટલ ભરી રહ્યો હોય એવું જણાયું. એણે બૉટલ ઉપર ઢાંકણ બંધ કર્યું. મેં દરવાજામાં પ્રવેશતી વખતે એને જે કહ્યું હતું તે ધીમા સ્વરે ફરીથી કહ્યું : 'ગુડ મૉર્નિંગ!' પણ કશો જવાબ ન મળ્યો. એણે પેલી બૉટલને કાઉન્ટર ઉપર મૂકી. એનો ફિક્કો ચહેરો શેવિંગ કર્યા વગરનો હતો. એણે કાઉન્ટર આગળ ઊભેલી સ્ત્રી તરફ જોયું અને બોલ્યો : 'મારી દીકરી ગુજરી ગઈ છે - એલસા.'

સ્ત્રીએ કર્કશ અવાજે વળતું કહ્યું : 'મને ખબર છે.' પછી ઉમેર્યું : 'હું એ પાંચ વર્ષથી જાણું છું. મારે ક્રોકરી સાફ કરવા માટેનો પાઉડર જોઈએ છે.'

'મારી દીકરી ગુજરી ગઈ છે' બાસ્કોલીટ બોલ્યો અને એલસાનું મોત હમણાં જ થયું હોય એમ એ પેલી સ્ત્રી સામે નિઃસહાયપણે જોઈ રહ્યો.

પેલી સ્ત્રી બોલી : 'છુટ્ટો પાઉડર જોઈએ છે. એક પાઉન્ડ (૪૫૫ ગ્રામ).'

બાસ્કોલીટે કાઉન્ટર નીચેથી એક કાળું પીપ ખેંચી કાઢ્યું અને ધાતુનું એક માપિયું એમાં ખોસીને ધ્રૂજતા હાથે પીપમાંથી થોડાઘણા ગઠ્ઠાનું રૂપ પામ્યો હોય એવો પાઉડર બહાર કાઢ્યો અને કાગળની કોથળીમાં ભર્યો.

'મારી દીકરી ગુજરી ગઈ છે' બાસ્કોલીટ બોલ્યો. પણ પેલી સ્ત્રીએ એના તરફ કંઈ ધ્યાન ન આપ્યું. મેં આસપાસ જોયું. હું જે કંઈ જોઈ શક્યો તે - ધૂળ ખાધેલાં કેટલાંક નૂડલ્સનાં પેકેટ, ટપકતી ચકલીવાળું વેનેગારનું પીપ, પાઉડરનું પીપ, એક ચૉકલેટની જાત કે જેનું અસ્તિત્વ ઘણાં વર્ષોથી મટી ગયું હતું તેની જાહેરાત માટે ચૉકલેટ ખાતા હસમુખા એક છોકરાનું ચિત્ર...

પેલી સ્ત્રીએ બૉટલને એની શોપિંગ બૅગમાં મૂકી. અને પાઉડરની કોથળીને બૉટલની બાજુમાં ઠાંસી. કાઉન્ટર ઉપર થોડા સિક્કા નાખ્યા. અને પીઠ ફેરવીને ચાલવા લાગી. એ મારી બાજુમાં થઈને નીકળી એ વખતે એણે કપાળ ઉપર આંગળી અડકાડીને મારી તરફ જોઈને હસી લીધું.

મેં ઘણી બાબતોનો વિચાર કર્યો. હું જ્યારે નાનો હતો અને મારૂં નાક આ દુકાનના કાઉન્ટરની ધાર સુધી પહોંચતું નહોતું તે દિવસનો મેં વિચાર કર્યો. આજે હું વિના પ્રયત્ને બિસ્કિટની એક કંપનીના નામવાળા કાચના શો-કેસને જોઈ શકું છું. હવે એ શો-કેસમાં બ્રેડની કરચોનાં ધૂળ ખાતાં પૅકેટ ભરેલાં છે. આ વિચારો દરમિયાન થોડી જ પળોમાં સંકોડાઈને હું અગાઉનો પેલો કિશોર બની ગયો. ગંદા કાઉન્ટરની ધાર નીચે મારું નામ હોય એવું મને લાગ્યું અને કેન્ડી ખરીદવા માટે મારા હાથમાં થોડા પેનીના સિક્કા હોવાનો અત્યારે મને માનસિક અનુભવ થયો. મેં એલસાને નૃત્ય કરતી જોઈ. લોકોને મોટા અવાજે

*મનને હૃદય સાથે જોડી દો, એકલતા આકરી નહીં લાગે.*

'વેશ્યા' અને 'આ ઘૃણાભર્યું છે' એવું બોલતાં સાંભળ્યા.

મારી આ વિચારતંદ્રાનો બાસ્કોલીટના, 'મારી દીકરી ગુજરી ગઈ છે' શબ્દોથી ભંગ થયો. હું સભાન થઈને મૂળ સ્થિતિમાં આવી ગયો. લાગણીના કશા આવેગ વગર માત્ર યાંત્રિક ઢબે બાસ્કોલીટ આવું બોલ્યો હતો. એ શો-કેસની બાજુમાં ઊભો હતો અને એની નજર બહાર ફળિયા તરફ મંડાયેલી હતી.

'હા.' મેં કહ્યું.

'એ ગુજરી ગઈ છે.'

મેં ફરીથી 'હા' કહી.

એણે મારી તરફ પીઠ ફેરવી.

'એને જાંબલી રંગની દ્રાક્ષ બહુ ભાવતી, પણ હવે તો એ અવસાન પામી છે.'

એણે 'તમારે શું જોઈએ છે?' અથવા 'તમને હું શી મદદ કરું?' એવું કંઈ કહ્યું નહીં. મારા તરફ જોયા વગર જ એ 'મારી દીકરી ગુજરી ગઈ છે', 'એ મૃત્યુ પામી છે' એવા બોલ સાથે એ શો-કેસની બાજુમાં ટપકતા વિનેગારના પીપ પાસે ઊભો રહ્યો.

શૂન્યમનસ્ક થઈને અને સઘળું ભૂલી જઈને હું અમર્યાદ સમયથી ત્યાં ઊભો હોઉં એવું મને લાગ્યું. સમય મારી બાજુમાં થઈને પસાર થઈ રહ્યો હતો. એવામાં બીજી કોઈ સ્ત્રી દુકાનમાં પ્રવેશી ત્યારે જ હું સભાન થયો. પ્રવેશનાર સ્ત્રી ટૂંકી અને મેદસ્વી હતી. એણે એની શોપિંગ બૅગને પેટ પર રાખી હતી. બાસ્કોલીટ એના તરફ ફર્યો અને બોલ્યો : 'મારી દીકરી ગુજરી ગઈ છે.'

પેલી સ્ત્રીએ 'હા' કહ્યું અને એકાએક રડી પડી. પછી જરાક સ્વસ્થ થઈને બોલી : 'થોડો પાઉડર, પ્લીઝ; છુટ્ટો એક પાઉન્ડ.'

બાસ્કોલીટ કાઉન્ટર પાછળ ગયો અને પાઉડરના પીપમાં ધાતુનું માપિયું ખોસ્યું.

હું ત્યાંથી નીકળી ગયો ત્યારે પણ પેલી સ્ત્રી રડતી હતી.

પેલો ફિક્કો અને કાળા વાળવાળો છોકરો જે તૂટેલી દીવાલ પર બેઠેલો હતો એ અત્યારે મારી ટ્રકના રનિંગ બૉર્ડ ઉપર ઊભો હતો. એ નજીકથી અંદરનું ડેશબૉર્ડ જોઈ રહ્યો હતો. બારીના ખુલ્લા કાચમાંથી એણે હાથ લંબાવીને એક પછી એક એમ જમણા અને ડાબા ઈન્ડિકેટરો ઊંચા કર્યા. મને એકાએક એની પાછળ આવી ગયેલો જોઈ એ રનિંગ બૉર્ડ પરથી નીચે કૂદ્યો. પણ મેં એને પકડી લીધો. એના ફિક્કા અને ભયભીત ચહેરા તરફ મેં જોયું. ટ્રકમાંના ખોખામાંથી મેં એક સફરજન લીધું અને એ છોકરાને આપ્યું. મેં એને જતો કર્યો. અને સફરજન આપ્યું તેથી ભારે આશ્ચર્યથી એ મારી સામે જોઈ જ રહ્યો.

હું અન્ય રીતે હેબતાઈ ગયેલો હતો. મેં બીજું સફરજન લીધું અને બીજું... મેં એનાં ખિસ્સાંમાં સફરજન ભર્યાં. એના જેકેટ નીચે પણ ખોસ્યાં.

અને હું ટ્રક હંકારી ગયો.

***૫૦૧/૨૧, સત્યાગ્રહ છાવણી,***
***સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.***
***મો. ૯૯૦૪૪ ૮૦૫૨૨***
***(સૌજન્ય : 'સર્વ વિશ્વ વિદ્યાલય વૃત્ત')***

# ઘર

• ભોળાભાઈ પટેલ •

ગામડામાંથી શહેરમાં સ્થિર થયા પછી, લગભગ બંધ રહેતું અમારું એ ગામડાગામનું જૂનું ઘર કાઢી નાખવાનો વિચાર આવ્યો. જે વાસમાં અમારું ઘર હતું ત્યાંના જૂના પડોશીઓ પણ હવે શહેરમાં રહેતાં થઈ ગયા હતા. મોટા ભાગનાએ તો પોતાનાં ઘર કાઢી પણ નાખ્યાં હતાં. એટલે પરણમરણ જેવા કોઈ સામાજિક પ્રસંગે કે લાંબી રજાઓમાં ગામડાના એ ઘરમાં થોડા દિવસ રહેવા જતા ત્યારે ઘણું અડવું પણ લાગતું. નવા પડોશીઓ આવી ગયા હોય અને તેમની સાથે નાતો બંધાયો જ ન હોય. અમને પણ તેઓ જાણે આગંતુક જ ગણે. એટલે હવે એ ઘર રાખી રાખવાનું કોઈ આકર્ષણ રહ્યું નહોતું.

વળી બંધ રહેવાને કારણે જૂનું ઘર વધારે જીરણ બનતું જતું હતું. ચોમાસું ભારે હોય તો પતરાંના છાપરામાંથી પણ પાણી અંદર ઊતરે. પરિણામે એક કરામાં થોડી તિરાડ જેવું પડી ગયું છે. ખુલ્લી અરક્ષિત ઓસરી અને આંગણામાં કચરાના થર જામ્યા કરે. એટલે ઘરડી બાની સંમતિ લઈ ઘર કાઢી નાખવાનો વિચાર પાકો કર્યો. યોગ્ય ઘરાક મળે તો વેચવા માટે ગામમાં રહેતા અમારા એક વ્યવહારકુશળ મિત્રને ભલામણ કરી શહેર ચાલ્યા આવ્યા. પછી એક દિવસ 'ઑફર' આવી પણ ખરી. ઑફર વાજબી હતી. ઑફર કરનાર માણસ પણ સારો અને ભરોસાપાત્ર હતો, એટલે હવે વિલંબ કે આનાકાનીનો પ્રશ્ન નહોતો.

પણ એ જ ક્ષણેથી મનમાં વ્યથા જાગી. રહી રહીને વ્યગ્ર કરતો વિચાર આવવા લાગ્યો કે શા માટે બાપદાદાનું ઘર કાઢી નાખવું? ત્રણ ચાર પેઢીથી ચાલ્યા આવતા માટીના ખોરડાને સ્થાને ત્યાં આ ઘર, ઇંટોનું પાકુ ઘર મારા બાપાએ બંધાવેલું, કહો કે ઘણીખરી મજૂરી ઘરના સૌએ જાતે કરીને બાંધેલું. તે માટે પોતાના બળદગાડામાં ઇંટો તાણી લાવેલા. ચણતર માટે ગાર કરવા ગામના આંબા તળાવની ચીકણી માટી જાતે ગોડી લાવેલા. છેક મોભારા સુધી ગારના તગારાં મારી બાએ ઉપર ચઢાવેલાં. પછી શહેરમાં અમે છોકરાઓએ જ્યારે નવાં ઘર બંધાવવાં માંડ્યાં ત્યારે પોતાના દીકરાઓના એ મકાનો નોકરિયાત સુપરવાઈઝરોની દેખરેખ નીચે મજૂરો દ્વારા બંધાતાં જોઈ, મનમાં થોડું રાજી થતાં બા-બાપા ઘણીવાર ગામડાગામનું અસલવારીનું એ ઘર કેવું નવેસરથી જાતમહેનતથી પોતે બાંધેલું તેની ભાવુકતાથી વાત કરતાં.

જે ઘરમાં જ અમ સૌ ભાઈ-ભાંડુઓનો જન્મ થયેલો. એટલું જ નહિ, એ જ ઓરડામાં અમારા દાંપત્યજીવનનો આરંભ થયેલો અને એ જ ઓરડામાં મારા સંતાનોનો જન્મ પણ થયો. અનેક સારામાઠા પ્રસંગો જીવનમાં આવ્યા, આ ઘર તેનું સાક્ષી.

ઘરના આંગણામાં કેટલું રમેલા! એક દિવસ એ આંગણું વટાવી ખભે થેલી ભરાવી ગામની નિશાળે ભણવા બેઠેલા. એક દિવસ એ જ આંગણું વટાવી દૂર પરગામ સુધી ભણવા ગયા. એક દિવસ એ જ આંગણું વટાવી શહેરમાં જઈ વસ્યા. એ ઘરના આંગણામાં અમારી બહેનોના અને અમ ભાઈઓના લગ્નમંડપો બંધાયેલા. ત્યાં જ્ઞાતિજનો સાથે ઝઘડાઓ અને સ્નેહમિલનો થયેલાં. ત્યાં પાડોશીઓ સાથે ઊંચા અવાજે બોલાચાલી અને શિયાળામાં તાપણાની આસપાસ મધુર વિશ્રંભકથાઓ થયેલી. એ જ આંગણામાં અમારા પરિવારના અબોલ સભ્યો બંધાતા — ભેંસ, પાડરાં, બળદ, રેલ્લા.

એ ઘરની ઓસરીમાં મારાં દાદી અને પછી દાદાનો ચોકો થયેલો અને થોડાં વર્ષો પર મારા બાપાનો.

અમારા એ ઘરની બંને બાજુએ બીજાં ઘર છે. એક ઘર છે મારા ખરેખરના આજન્મ સાથીનું. તે પણ બંધ છે. મારો મિત્ર રોટલો રળવા દેશનાં અનેક સ્થળોએ ફરી ગૃહભંગ થઈ હવે અમદાવાદમાં રહે છે. તે પછીના મકાનમાં કાશી ફોઈ રહેતાં. તેમને ઊઠી ગયે તો વર્ષો થયાં. જ્યાં વર્ષો સુધી રેતની કલાકની શીશી લઈને રોજ સામાયિક કરતાં તે ઓસરીમાં હવે ફાંદવાળા એક બારોટ સૂતા જોવા મળે છે. સામેના ઘરનો માલિક પ્રૌઢ વયે, પણ કુંવારો જ ઊઠી ગયો. તે પછી જેણે મકાન લીધું તેણે આંગણાના ઝઘડાઓથી પાડોશીહક્ક સ્થાપેલો. એ ઘર પણ એક દિવસ પડી ગયું અને નવી દિશાને બારણે નવું થયું છે.

આમ બધું બદલાઈ ગયું છે. છતાં થવા માંડ્યું કે શા માટે અમારે અમારું ઘર વેચી નાખવું. જૂનું તોયે બાપદાદાનું ઘર. એ ઘર છે, માત્ર ચાર દીવાલો ને છાપરાનું મકાન નથી. મકાન પૈસાથી ખરીદી શકાય, બાંધી શકાય, પૈસા લઈ વેચી શકાય, પણ 'ઘર'? ઘર એ તો ભાવના છે. ઘર ના હોય તોયે ઘરની ભાવના પણ ભલી. એ માત્ર પૈસાથી ખરીદી કે બાંધી શકાય નહીં. એટલે થવા માંડ્યું કે ભલે ઘર જૂનું હોય, જીરણ થાય, ભલે પડી જાય, પણ ઘર છો રહેતું.

બીજી બાજું પાછું મન તર્ક કરે કે આ બધા લાગણીવેડા છે. જો ગામમાં જવાનું જ ના હોય તો ત્યાં ઘર રાખી રાખવાનો શો અર્થ છે? સારા પૈસા ઊપજે છે. એટલે પૈસા ફિક્સ્ડ ડિપોઝિટમાં મૂકોને, તોયે....

છેવટે ઘર કાઢી નાખવાનો વિચાર રહ્યો. પણ અમે બધા ભાઈઓએ છેલ્લે છેલ્લે સપરિવાર બાપદાદાના એ ઘરમાં સાથે રહેવાનો વિચાર કર્યો. કાયમ માટે કાઢી નાખવાનું છે, તો એ ઘરમાં બધાં સાથે રહીએ.

વળી પાછું ઘણા વખતનું બંધ ઘર ખૂલ્યું.

*શત્રુ નહીં પણ માનવનું મન જ તેને પથભ્રષ્ટ કરે છે.*

જોતજોતામાં તો નાનાંમોટાં પરિવારજનોથી એ સૂનું ઘર ગાજતું-ગૂંજતું થઈ ગયું. મારા એક નગરવાસી મિત્રને પણ આ વેળા તો ગામડાગામનું ઘર જોવા સાથે લઈ ગયો. પુરાણા દિવસો પાછા આવ્યા હતા. બાપાના મૃત્યુ પછી મારી બા લગભગ ઉદાસીન રહેતી. ઘરના પ્રસંગોમાં રસ લેતી નહીં. તે પણ અહીં આવીને સૌની વચ્ચે પ્રસન્ન લાગી.

પરંતુ હવે ઘરની પ્રત્યેક દીવાલ મને ઠપકો આપવા લાગી. ઓસરીમાં જ્યાં હું હંમેશાં બેસતો, જ્યાં બેસીને પહેલો એકડો ઘૂંટેલો અને જ્યાં બેસીને પછી દરેક રજામાં ઉચ્ચ અભ્યાસના ગ્રંથો ઉથલાવતો ત્યાં બેઠો. ત્યાં ભીંતે ટેકો દેતાં જ તે મને અંદરથી હચમચાવી રહી. મેં પાછા વળી તેના પર હાથ ફેરવ્યો. તે કહી રહી, ‘આટલે દહાડે આવ્યા અને હવે બસ....’

હું વ્યગ્ર બની ગયો. આંગણામાં ખાટલો ઢાળીને બેઠો. હવે ત્યાં ગમાણ ખાલી હતી, ખીલા હતા અને ઢોરઢાંખર નહોતાં. પરંતુ એ બધાં જ જાણે એ તરફ નજર જતાં એકસાથે ભાંભરી ઊઠ્યાં. હું એકદમ ઊભો થઈ ગયો. શૂન્ય આંખે ભરાયેલું આંગણું જોતો રહ્યો... ઘરનાં આ નેવાં. કેટલાં બધાં ચોમાસાં એનું સંગીત સાંભળ્યું છે! અહીં તોરણ નીચે મારી બહેનો પરણવા બેઠી હતી અને અહીં દાદી, દાદા અને બાપુની નનામીઓ બંધાઈ હતી. ગળે ડૂમો ભરાવા જેવું થયું.

ઘરના ઓરડામાં ગયો. બંધ જીરણ ઓરડો વધારે મુખર લાગ્યો. પછીતની એક નાની જાળીમાંથી થોડું અજવાળું આવતું હતું. આ ઓરડો એક વેળા કોઠીઓ કોઠલાઓથી ભરેલો રહેતો. એ બધું ક્યારનુંય કાઢી નાખ્યું છે, પણ ત્યાં હજી ખૂણામાં વલોણાની જેમ મોટી ગોળી અને ખીંટીએ મોટો રવૈયો લટકે છે. અહીં હું જન્મેલો, મારાં સંતાનો પણ.... હવે?

વચલા ખંડમાં, જ્યાં અમે સૌ જમતાં, ત્યાં થઈ ફરીવાર ઓસરીમાં આવું છું. બા એકલી બેઠી છે. અત્યારે સૌ આઘાંપાછાં છે. જોઉં છું તો ઘરડી બા રડતી હતી. બાને ઓછું ભળાય છે, ઓછું સંભળાય છે. હવે ઝાઝું કાઢે એમ પણ નથી. મેં પાસે જઈ પૂછ્યું, ‘આ શું? તું રડે છે બા?’

અને એનાથી મોટેથી રડાઈ ગયું. ‘આ ઘર...’ એટલું માંડ આંસુ અને હીબકાં સાથે બોલી. બાપુજીના અવસાન વખતે નહોતી રડી એટલું બા રડી રહી હતી. ધીરે ધીરે હીબકાં વચ્ચે એણે કહ્યું, ‘આ ઘર, હું જીવું છું ત્યાં સુધી ના કાઢશો. હવે હું ઝાઝા દિવસ નથી. પછી તમતમારે...’

‘પણ બા, તેં કહ્યું હતું ને?’

‘કહ્યું હશે. પણ હવે પાછા અહીં આવ્યા પછી... ના તમે ના કાઢશો.’ એનું રડવાનું અટકતું નહોતું.

બાને રડતી જોઈ મને દુઃખ તો થયું પણ વિશેષ આનંદ થયો. થયું કે એનું હૃદય હજી જીવતુંજાગતું છે. એને હજી જગતમાં જીવનમાં રસ છે. અમે તો માનતા હતા કે બા માત્ર દહાડા કાઢે છે. પણ ઘર માટેનો આ રાગ...

મારા મનમાં પણ ઊંડે ઊંડે અપરાધભાવ તો હતો ઘર કાઢવાની વાતથી. પણ હવે તો રીતસરનો સણકો ઊપડ્યો. ઘર સૌની સંમતિથી વેચવાનું વિચારેલું. બાનાખત પણ થઈ ગયું હતું. જોકે તે દિવસથી દરેક જણ ઘરની વાત આવતાં મૂંગું બની જતું.

એટલામાં નાનો ભાઈ મકાન ખરીદનારની સાથે આવ્યો. ઘરનાં બીજાં સૌ પણ ભેગાં થઈ બાની આસપાસ બેસી ગયાં હતાં. બાને સમજાવવાનો પ્રયત્ન કરવા લાગ્યાં, ‘આપણે નવું સગવડોવાળું મકાન આ ગામમાં જ બંધાવીશું. આ જ ઘરના પૈસામાંથી, તમે કહેશો તેવું....’

બા કહે, ‘આ ઘરને મોભે મેં ઇંટો ચઢાવી છે. તમારા બાપે કેટલી હોંશથી બાંધ્યું છે. એટલે તમતમારે મારા ગયા પછી ભગવાન કરેને મહેલ ચણાવજો... પણ આ ઘર તો....’ નાનો ભાઈ સ્થિતિ પામી ગયો. એણે મકાન ખરીદનારને કહ્યું, ‘ભાઈ, હમણાં ખમી જાઓ. આ ઘર આપીશું ત્યારે તમને જ આપીશું.’

મેં જોયું કે અમ સૌની છાતી પરથી પથ્થર ઊતરી ગયો હતો. વરસાદ પછી ખૂલેલા આકાશ જેવું બાનું મોઢું જોઈને જાણે જીરણ ઘર હસી રહ્યું હતું. અદૃષ્ટ ગૃહદેવતાની પ્રસન્નતાનો સૌને સ્પર્શ થયો હતો.

*(‘તેષાં દિક્ષુ’માંથી સાભાર)*

*આવકના ૨-૫ ટકા દાન સામાજિક વિકાસ - કલ્યાણ માટે અપાય તે પૂરતું નથી. દાન ધર્માદાની દૃષ્ટિએ નહીં પણ સામાજિક જવાબદારી સમજીને અપાવું જોઈએ અને જનસમુદાયના વિકાસમાં ભાગીદાર બનવું જોઈએ.*

*જિંદગીમાં ઉતાવળ કરીને આગળ નીકળી જનારા માણસોને આપણે ઓળખીએ છીએ અને તેઓને મળ્યા પણ છીએ. ઘણાં લોકોને જિંદગીમાં ઘણું બધું પામવાની ઉતાવળ હોય છે. એમને લાગે છે કે જો એ સહેજ પણ મોડું કરશે તો એ જ્યાં ઈચ્છે ત્યાં નહીં પહોંચી શકે. મહત્ત્વાકાંક્ષા, એ કેટલાક લોકોના ડી.એન.એ.માં હોય છે, જીતવું અથવા આગળ નીકળી જવું એ એમની પ્રકૃતિનો ભાગ હોય છે. એમને માટે ધાર્યું નિશાન પાર પાડવું, સફળ થવું કે પોતે મનમાં જે કામ કરવાનું નક્કી કર્યું હોય એ કરવું જ, એ જાણે પોતાની જાતને આપેલી ચેલેન્જ હોય છે. આ બાબતો સારી છે, જેમાં માણસ પોતે જ પોતાનો હરીફ બને. એનાથી ઉત્તમ શું હોઈ શકે? એણે ગઈકાલે કરેલા બધા જ કાર્યોથી આગળ આજે કશુંક વધુ સારું કે શ્રેષ્ઠ કરવું છે. એ વિચાર એની અંદર પ્રોત્સાહન અને પ્રેરણા ઉમેરતો રહે છે.*

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

# દુનિયા

• ધીરુબહેન પટેલ •

પ્રીતમલાલ શેઠના ઓરડામાં જતાં જતાં વિલાસ કુંવરની નજર ક્ષણભર નૌતમલાલ સામે ઠરી. એમના વેગભેર ચાલ્યા જતા પગ લગીર થંભ્યા કે શું, એવો ખ્યાલ જાય ન જાય ત્યાં તો બારણું પકડીને ઊભા રહેલા પટાવાળાની સલામના જવાબમાં સહેજ ડોકું નમાવીને તે અંદર ચાલ્યાં ગયાં, ઓરડાનું બારણું વસાઈ ગયું.

થોડી વાર પછી નૌતમલાલની બાજુમાં બેસતા ત્રિવેદીને શેઠનું તેડું આવ્યું. હાથમાંના કાગળિયાં આઘાં ઠેલીને સહેજ હસવા જેવો ચાળો કરીને તે બોલ્યો,

'ચા-લો! અડધા કલાકનો ઇન્ટરવલ પડ્યો.'

પણ મનમાંથી તો તેને આવું બહુ ગમતું હતું. પોતાનો હોદ્દો નાનો હોવા છતાં શેઠ આમ બોલાવે, વાતો કરવા બેસાડે એથી તે મગરૂબ બનતો અને પોતાની મહેરબાની પણ એક કિંમતી વસ્તુ છે એવો વણબોલાયેલો પણ ઝાંખો ખ્યાલ હંમેશાં બધાને આપ્યા જ કરતો. તેણે વાળ પર હાથ ફેરવ્યો. ઊઠ્યા પછી કોટ ખેંચીને સરખો કર્યો અને ગળા આગળનું બટન બીડતો બીડતો તે બેપરવાઈનો દેખાવ કરતો ચાલ્યો.

પણ ત્રિવેદીનું નસીબ આજે બરાબર નહોતું. થોડી વારમાં તે ધોયેલા મૂળા જેવો પાછો આવ્યો. અને નૌતમલાલ પાસે બેસીને બોલ્યો,

'આ તે કોઈ બૈરી છે યાર? સાચું કહું છું, શેઠ ભલા માણસ છે ને નભાવે છે. હું તો પિયરે જ ઠોકી મૂકું.'

નૌતમલાલ ગભરાયો. તે આ ઓફિસમાં નવો હતો. શેઠનાં પત્નીને માટે ત્રિવેદી આવું બોલે તે સાંભળ્યા કરવામાં પણ તેને બિનસલામતી દેખાતી. તેણે વાતને આડે પાટે ચડાવવા કહ્યું. 'ત્રિવેદી, શનિવારે સાંજે સિનેમા જોવા જઈશું?'

'અરે, સિનેમામાં મૂક ને પૂળો યાર! આ વાત સાંભળ. શેઠ બિચારા મને પર્સનલ સેક્રેટરી બનાવવાની વાત કરતા હતા - તું જાણે છે ને નૌતમ! પહેલેથી જ એમનો મારા પર બહુ ભરોસો - પણ વાત બરાબર શરૂ થાય તે પહેલાં જ પેલીએ કહ્યું, અંહં! આ નહીં!' એટલે શેઠ ગૂંચાયા. ગલ્લાં તલ્લાં કરીને મને બહાર મોકલાવી દીધો. પણ જોજોને, એ જાય એટલી વાર છે. શેઠ મને ફરી બોલાવીને કામ ના સોંપે તો કહે એટલાની શરત હારૂં.'

નૌતમલાલે ત્રિવેદી રાજી થઈ જાય તો વાત પડતી મૂકી એ હિસાબે કહ્યું,

'એ તો છે જ ને, ત્રિવેદી! મૂરખ હોય તે તમારી સાથે આવી વાતમાં શરત મારે.'

પણ ત્રિવેદીએ વાતનો તંત ન મૂક્યો, ખરું પૂછો તો બૈરાંની જાતે આવાતેવામાં માથાં જ ન મારવાં જોઈએ. પણ ઠીક હવે, ઘરમાં કંકાસ ન થાય એટલા માટે શેઠ બિચારા નભાવી લેતા હશે. કેમ, નહીં?

નૌતમલાલ કશો જવાબ આપે તે પહેલાં શેઠનો પટાવાળો એના ટેબલ પાસે આવીને ઊભો રહ્યો.

"જાઓ ત્રિવેદી! તમે કહેતા'તા તેવું જ થયું!'

પણ પટાવાળો તરત બોલ્યો,

'ત્રિવેદી, સાહેબને નહીં, તમને.'

'મને?' નૌતમલાલને ભરોસો ન પડ્યો. ત્રિવેદી પણ આશ્ચર્યમગ્ન થઈ ગયો. પણ પટાવાળો દૃઢ હતો. તેણે નૌતમલાલને ઉઠાડ્યો અને ઘડી પહેલાં વિલાસકુંવરને માટે ખોલેલાં તે જ બારણાં ખોલીને અદબથી તે ઊભો રહ્યો.

મહામુશ્કેલીએ મળેલી નોકરીને કશી અલવલ તો નહીં આવે ને એ ડરે ઢીલો થઈ ગયેલો નૌતમલાલ શેઠના ટેબલ આગળ પટાવાળા કરતાંયે વધારે દીન ભાવે જોઈને ઊભો રહ્યો. શેઠે સહેજ વાર તેની સામે સ્થિર નજરે જોઈને વિલાસકુંવર તરફ જોયું. બે વચ્ચે કશી નેત્રપલ્લવી થઈ અને શેઠ નૌતમલાલ સામે હસીને બોલ્યા,

'બેસોને, મિસ્ટર-મિસ્ટર....?'

'જી! દેસાઈ, નૌતમલાલ દેસાઈ.'

'તમે તો થોડા વખતથી જ આવ્યા છો, નહીં?'

નૌતમલાલને પોતાનો ભય સાચો પડતો દેખાયો. ખિન્નતાથી તેણે કહ્યું,

'બે મહિના થઈ ગયા. આ ત્રીજો ચાલે છે.'

'કામકાજ ફાવે છે?'

'મહેનત કરું છું, શીખી જઈશ.'

વ્યાકુળતાથી તેણે વિચાર્યું - જો કોઈ રીતે હિંમત આવે અને શેઠને કહી શકાય, 'કંઈ ભૂલચૂક હોય તો માફ કરો, ફરી એવું નહીં થવા દઉં' તો કંઈક બાજી સુધરે, પણ તેની જીભ ઊપડી નહીં.'

શેઠે કહ્યું, 'મને એમ લાગતું હતું કે અહીં તમને કદાચ રસ નહીં પડતો હોય. ટેવાયેલા માણસોને જ...'

શેઠે બોલતા રહ્યા. નૌતમલાલ શૂન્યાવકાશમાં પોતાનાં બે બાળકોના ચહેરા જોતો રહ્યો. તેની પત્ની મરી ગઈ હતી. ભાઈ-ભાભી પાસે છોકરાં ઊછરતાં હતાં, પોતે એકલો અહી મુંબઈમાં પડ્યો રહ્યો હતો...પણ શો અર્થ? તેણે શેઠના શબ્દોમાં ચિત્ત પરોવવાનો પ્રયત્ન કર્યો. ભલા કસાઈની પેઠે તેઓ પોતાનું કામ હમદર્દીથી કરવા જતાં વધારે બગાડતા જતા હતા.

'...આ મોટી ઓફિસોમાં એવું છે ને, માણસોને ઘરેડમાં પડતાં જ વર્ષોના વર્ષો નીકળી જાય છે. તમે સમજ્યા ને?"

*સંતાનને ઉછેરવા પિતા જે સંઘર્ષ કરે છે તેની સામે બીજા સંઘર્ષો ક્ષુલ્લક બની જાય છે.*

નૌતમલાલ ઊભો થઈ ગયો. તેણે હાથ જોડ્યા, 'આપની મહેરબાની! હું...હું. બીજી નોકરી શોધી લઈશ.'

'કેમ, તમને મારું કામ નહી ફાવે?'' વિલાસકુંવર બોલ્યાં. તેજસ્વી અને સુંદર ચહેરા પર જેટલી વ્યાકુળતા આવી શકે તેટલી તેમના મોં પર દેખાતી હતી.

'પગારની બાબતમાં તમારે મુંઝાવું નહીં પડે. હોં દેસાઈ! બીજી શી તકલીફ છે? કામ પણ બહુ ભારે નથી. ક્યારેક વહેલું મોડું થઈ જાય તો અમારી સાથે જ જમાડી લઈશું. તમને કોઈ વાતે અગવડ નહીં પડે. બોલો, ફાવશે ને?'

ગૂંચવાઈ ગયેલા નૌતમલાલ સમજે ને જવાબ વાળે તે પહેલાં વિલાસકુંવરે પૂછ્યું.

'તમે ન આવો?'

'જી? માફ કરજો, પહેલાં હું સમજ્યો નહીં, મને એમ કે આપ મને રજા....'

'રજા?' શેઠ મોટેથી હસી પડ્યાં. વિલાસકુંવરને પણ હસવું આવ્યું. પછી તે ઊભાં થયાં અને 'કાગળિયાનું તમે પછી પતાવજો. હમણાં હું આમને સાથે જ લઈ જાઉં છું.' કહી નૌતમલાલ સામે ફર્યા, 'ચાલો ભાઈ!'

નૌતમલાલ મંત્રમુગ્ધની પેઠે તેમની સાથે જઈને મોટરમાં બેઠો. તેને માટે આ બધું કલ્પનાતીત હતું. રસ્તામાં વિલાસકુંવરે તેની સાથે અનેક જાતની વાતો કર્યા જ કરી. તેમના સવાલોના જવાબમાં ઓછાબોલા નૌતમલાલે જે કંઈ કહ્યું તે પૂરતું હતું. સાંજ પડતાં તો વીશીમાંથી નૌતમલાલનો સામાન મંગાવી લેવામાં આવ્યો. શેઠના આલીશાન બંગલામાં તેને માટે બે ઓરડા જુદા કાઢવામાં આવ્યા. તેનાં સુખસગવડ સચવાય તે માટે ઝીણામાં ઝીણી સૂચના અપાઈ ગઈ.

'આખરે આ બધુ શા માટે?' નૌતમલાલના મનમાં ધોળાતો પ્રશ્ન અઠવાડિયાને અંતે પણ ઉકેલાયો નહીં. ઊલટાનો વધારે પજવનારો બન્યો.

તે એક સામાન્ય માણસ. નોકરોને કામ સોંપતાં પણ તેને બરાબર ફાવતું નથી. બેઠે બેઠે પાણી માગતાં તે ગલવાઈ જાય છે. મોટા ટેબલ પર શેઠશેઠાણી સાથે બેસીને રૂઆબબંધ નોકરોને હાથે પીરસાયેલી રસોઈ તે કોઈ રીતે નિરાંતે જમી શકતો નથી અને વિલાસકુંવરને ખરું પૂછો તો એટલું બધું કામ પણ શું હતું? દિવસના બે ચાર કાગળોના જવાબ લખવાના, છાપાં ને ચોપાનિયામાંથી કેટલાક ફકરા સંભળાવવાનાં, અઠવાડિયે દસ દહાડે કોઈ સભામાં પ્રમુખ થઈને રૂપિયા આપવાના હોય ત્યારે ભાષણ લખવાનું. આટલા કામ માટે ખરેખર શું એ બાઈને અંગત સેક્રેટરીની જરૂર હતી? અને એનું વર્તન પણ વિચિત્ર નહોતું શું? ક્યારેક નૌતમલાલ વાંચતો હોય ને ઊંચું જુએ તો વિલાસકુંવર ખૂબ ભાવપૂર્ણ નેત્રે એની સામે જોયા કરતાં હોય. કોઈ મોંઘો મહેમાન ઘરે આવ્યો હોય એ રીતે એની સરભરા કર્યા કરવામાં એમને જાણે આનંદ પડતો હતો અને બિચારો નૌતમલાલ દહાડે દહાડે વધારે મૂંઝાતો જતો હતો.

વિલાસકુંવરે એને સરસ નવાં કપડાં સીવડાવી આપ્યાં હતાં. કોઈ ને કોઈ બહાને તેઓ એને સાંજે પોતાની સાથે બહાર લઈ જતાં. અલબત્ત, તેમનું વર્તન હંમેશાં સભ્યતાપૂર્ણ રહેતું પરંતુ એથી નૌતમલાલની અશાંતિ મટતી નહીં. તેમાંયે એક પ્રસંગ તો તેને અવારનવાર સાંભર્યા કરતો.

તે દિવસે શુક્રવાર હતો, શેઠ મોડા આવવાના હોવાથી નૌતમલાલ એકલો વહેલો જમીને સૂઈ ગયો હતો. આદત ન હોવાથી ઓરડાનાં બારણાં અંદરથી બંધ કરી દેવાનું તે ભૂલી ગયો હતો. અડધી ઊંઘમાં પડ્યો હતો ને તેને લાગ્યું કે કોઈ ઓરડામાં ફરે છે. સહેજ આંખ ખોલીને જોયું તો વિલાસકુંવર!

નૌતમલાલનું તો લોહી ફરતું બંધ થઈ ગયું. બુદ્ધિ બહેર મારી ગઈ હોય તેમ તે આંખો મીંચીને પડ્યો જ રહ્યો. શી ખબર શું થશે?

પણ વિલાસકુંવરે તો પૂર્ણ સ્વસ્થતાથી ઓરડામાં આંટા મારીને બધું ઊંચુનીચું કર્યું. થોડીકવાર તે નૌતમલાલ પાસે ઊભાં રહ્યાં અને એના શરીર પર સરખું ઓઢાડીને બહાર ચાલ્યાં ગયાં. પછી તરત જ ચોર પગલે ઊઠીને નૌતમલાલે બારણાં બંધ કરી દીધાં. ત્યાર પછી તે ક્યારેય બારણાં બંધ કરવાનું ભૂલતો નહીં.

આમ જુઓ તો પ્રસંગ નજીવો હતો. પણ નૌતમલાલને એ યાદ કરતાં પરસેવો છૂટી જતો. એ એક એવી વિમાસણમાં પડી ગયો હતો કે જેનો કોઈ અંત નજરે ચડતો નહોતો.

એક વખત તેણે વિલાસકુંવરને ડરતાં ડરતાં કહ્યું હતું. 'આમ તો મને કામ કરવાની ટેવ જ છૂટી જશે.'

'ભલે ને છૂટી જાય!' કહી તે હસ્યાં.

'પણ પછી કોઈ દિવસ મને મુશ્કેલી પડી જાય ને?'

'શા માટે? તમને હું કોઈ દિવસ રજા નથી આપવાની.

અહીં, મારી પાસે જ રાખવાની છું. પછી શાની ચિંતા? બોલો આજે રાતે નાટક જોવા જઈશું?'

નૌતમલાલ શું કહે? અને શેઠ પણ તેના તરફ અનહદ માયા રાખતા હતા. ખરૂં જોતાં એથી જ એના મનને વધારે ચચરાટ થયા કરતો હતો. આવો સારો માણસ, એને આમ છેતરવો - પણ ના, એવું કશું બન્યું નહોતું. જેથી એ શબ્દ વાપરી શકાય. તેણે મૂંગે મોંએ વિલાસકુંવરના અંગત સેક્રેટરીનું કામ કર્યા કર્યું. શતધારે વરસતાં કૃપાવારિની ધાર ઝીલ્યા કરી...ગૂંગળાઈ જવાતું તોય ઝીલ્યા કરી અને દુનિયાની વાતો સામે આડા કાન કર્યા.

'ભગવાન જાણે છે કે હું પવિત્ર છું' તે તેના મન સાથે દલીલો કરતો. 'પણ...આ બાઈ!' આ બાબત કંઈ નાખી દેવા જેવી નહોતી...

લોકો વાતો ન કરતા હોય તોયે કરે એવી જાતનું વિલાસકુંવરનું વર્તન હતું. શું એકાંતમાં કે શું જાહેરમાં, તેઓ નૌતમલાલ ઉપર ઓવારી ન ગયાં હોય એવી મધુરતાથી વર્તતા. તે ઘરનો જ માણસ હોય એવી રીતે

*મારા પિતા મારામાં વિશ્વાસ રાખે એ મારા માટે વિશ્વની અમૂલ્ય ભેટ છે.*

એની સાથે વાતો કરતાં, એની સલાહ લેતાં અને એની કાળજી રાખતાં.

પાણીના વહેણમાં ફંગોળાઈ ગયેલું એકાદ લાકડું જેમ અનાયાસે તર્યા જ કરે તેમ નૌતમલાલના દિવસો ઝપાટાભેર ચાલ્યા જતાં હતા અને તેની દિનપ્રતિદિન પ્રગતિ થયે જતી હતી. તેવામાં એક દિવસ વિક્ષેપ આવ્યો.

શેઠની મોટરમાં બેસીને તે ક્યાંક જતો હતો. રસ્તામાં તેણે ત્રિવેદીને જોયો. તરત મોટર ઊભી રખાવીને તેણે ત્રિવેદીને પૂછ્યું,

'ક્યાં જવું છે?'

'ઘેર. મોટર ક્યાં છે?'

'કશે નહીં, ચાલ ને, તને ઉતારી દઉં. પછી જઈશ.'

નૌતમલાલે તો અભાનપણે જ તુંકારો કર્યો હતો. પણ ત્રિવેદીને તે આંખના કણાની પેઠે ખૂંચ્યો. તેનું સમસ્ત અભિમાન ગૂંચળું વળીને પડી રહેલો ફણીધર છંછેડાય એમ જાગી ઊઠ્યું. પણ તરત તે બોલ્યો.

'તારે ઘી-કેળાં છે યાર! પણ કંઈ કામ બગડશે નહીં?'

'કામ? મારે એવું કામ હોતું જ નથી. ઍરોપ્લેનની ટિકિટ લેવાની છે. પાછો વળતાં લઈ લઈશ.' નૌતમલાલે કંઈક અભિમાનથી, કંઈક આનંદભરી બેપરવાઈથી જવાબ આપ્યો.'

ત્રિવેદીના મનમાં વધારે ઝેર વ્યાપ્યું. થોડીવાર પછી તેણે કહ્યું, 'એવી ઉતાવળ ના હોય તો ચાલને, સાથે ચા પીએ!'

'ચાલ.'

બન્ને જણા એક સરસ હોટલમાં બેઠા. ધીમે ધીમે પહેલાનું વાતાવરણ જામવા લાગ્યું. નૌતમલાલને પણ મજા પડી ગઈ. ઘણે વખતે પરીચિત કક્ષા પર ઊતરતાં તેનો શ્વાસોચ્છવાસ જાણે સહેલાઈથી ચાલવા લાગ્યો. તેણે કેટલીયે બડાઈભરી વાતો કરવા માંડી. તેમ તેમ ત્રિવેદી તેને વધારે ખીલવવા લાગ્યો. જાણે અનુભવી સંગીતકાર કળ મરડી મરડીને સાજને સૂરમાં લાવતો ન હોય! તેઓ બેઠા હતા ત્યાં પ્રકાશ, ફૂલોની રચના અને સરસામાનની સજાવટને લીધે હૂંફાળું, સ્વપ્નમય વાતાવરણ જામ્યું હતું. ઓચિંતો ત્રિવેદી બોલી ઉઠ્યો.

'અને હવે તો બાઈને બાળ-બચ્ચાં થવાની ઉંમર પણ વીતી ગઈ છે એટલે તારે બધી વાતે લહેર છે, દોસ્ત!'

નાગે દંશ દીધો હોય તેમ નૌતમલાલ ઊભો થઈ ગયો. ધ્રુજતે હાથે દસ રૂપિયાની નોટ ટેબલ પર મૂકી દઈને તે બહાર નીકળી ગયો.

'ઓહો! મોટો સતવાદીનો અવતાર! મન સાથે તિરસ્કારથી બબડી ત્રિવેદી બાકી વધેલા પૈસા લેવા રોકાયો.

પણ નૌતમલાલને મરણતોલ ઘા લાગ્યો હતો.

જેમ તેમ કામ પતાવીને તે બંગલે પહોંચી ગયો. પણ ત્યાંનો વૈભવ હવે તેને ખાવા ધાતો હતો. વિલાસકુંવરનું સ્મિત, મીઠા શબ્દો અને પ્રેમભરી કાળજી તેનાથી સહેવાતાં નહોતાં. તેણે વખત જોઈને શેઠને વાત કરી.

'તમારો ઉપકાર સાત જનમ નહીં ભૂલું, પણ હવે મારાથી અહીં રહેવાય એમ નથી.'

શેઠનું મોં પડી ગયું.

'કેમ?'

પણ નૌતમલાલ પાસે કોઈ જવાબ નહોતો. તેણે બે-ચાર બહાનાં કાઢીને જીદ પકડી રાખીને અંતે છૂટો થઈ ગયો. વિલાસકુંવરના આંસુથી તો તેની બેચેની અને અણગમામાં ઊલટાનો વધારો થયો. હજાર કોશિશ કરવા છતાં તે જતી વખતે તેમની સાથે સલુકાઈથી વર્તી શક્યો નહીં.

એ વાતને પણ બે ચાર વર્ષ વીતી ગયાં. શેઠને ત્યાંથી મળેલા પૈસામાંથી નૌતમલાલે નાનો એવો સ્વતંત્ર ધંધો શરૂ કર્યો હતો. નસીબજોગે આવક પણ ઠીક હતી. એટલે ઉનાળાની રજામાં છોકરાંને સાથે લઈને તે ફરવા નીકળી પડ્યો હતો. એક સ્થળે ધર્મશાળામાં જતાંવેંત નાનો છોકરો બોલી ઉઠ્યો.

'બાપુજી! જુઓ તમારો ફોટો!'

નૌતમલાલે પાસે જઈને જોયું, ખરેખર ફોટામાંનો ચહેરો પોતાના ચહેરાને ખૂબ જ મળતો આવતો હતો. નીચે લખ્યું હતું.

*શશીકાંત પ્રીતમલાલ શેઠ.*

*જન્મ : ૧૫-૧૨-'૨૭ ★ મૃત્યુ : ૨૭-૮-'૫૩*

***(ગુજરાતી ભાષાનાં વરિષ્ઠ લેખિકા ધીરુબહેન પટેલની વિશિષ્ટ ટૂંકી વાર્તા. વાર્તાનો અંત કેવો ચોટદૂક!)***

## ભગવાનની ભૂલ કાઢનાર!

બે મિત્રો હતા. ફરતા ફરતા ખેતરોમાં ગયા. બંને મિત્રો આંબાના એક વૃક્ષ પાસે આવ્યા. વૃક્ષ પર નાની નાની કેરીઓ હતી. પાસે તડબૂચમાંના વેલા હતા. વેલા પર મોટાં મોટાં તડબૂચ હતાં બંને મિત્રોએ એ જોઈને ભગવાનની મશ્કરી કરી. ભગવાન બહુ મોટી ભૂલો કરે છે તેવું કહેવા લાગ્યા. 'જુઓને, આંબા પર તડબૂચ જેવડાં ફળ હોવાં જોઈએ અને તડબૂચના વેલા પર કેરી જેવાં ફળ હોવાં જોઈએ... ભગવાને તો ભારે ભૂલ કરી છે.'

એટલામાં એક મિત્રના માથે કેરી પડી. તેને વાગ્યું, પરંતુ વધુ ઈજા થઈ નહિ. પરંતુ હા, હવે તેઓ વિચાર કરવા લાગ્યા કે, આંબાના વૃક્ષ પર તડબૂચ જેવડાં ફળ હોત તો ખોપરી તૂટી જ જાત! હવે તેમને પોતાની ભૂલ સમજાઈ ગઈ!

**બોધ વાક્યો :**

★ દોષદૃષ્ટિવાળા અન્યની ટીકા કરતા હોય છે.

★ ભૂલો શોધનારને ભગવાનમાં પણ ભૂલો દેખાય છે.

★ અન્યની ભૂલો બતાવતાં પહેલાં તટસ્થતાથી વિચારવું જોઈએ.

★ જે માણસ નકારાત્મક - ખંડનાત્મક સ્વભાવવાળો હોય છે તે સર્વની ખામી જ જોતો હોય છે.

★ કુદરત જે કંઈ કરે છે તે યોગ્ય જ કરે છે.

***'સફળતાનાં સ્વાતિબિંદુ' માંથી***

***જેની આશા આપણે રાખી હોય તેના કરતાં જેની બીક રાખી હોય તે બનાવ જલદી બને છે.***

# મા-બાપ તથા તરુણ સંતાન (Parenting) – (૩)

• ડૉ. મણિલાલ ગડા – ડૉ. દીપ્તિ શાહ (ગડા) •

છેલ્લા અર્ધશતકમાં કૌટુંબિક ક્ષેત્રે નોંધપાત્ર ફેરફારો થયા છે. કુટુંબનાં કદ, રચના તથા કાર્યપદ્ધતિમાં ધરમૂળથી પરિવર્તનો આવ્યાં છે. વધારે ને વધારે કુટુંબો સંયુક્તમાંથી વિભક્ત કુટુંબમાં પરિવર્તન પામી રહ્યાં છે. "હમ દો, હમારે દો"ના સૂત્રમાંથી હવે તો "હમ દો, હમારા એક" અથવા "ફક્ત હમ દો" પર આવી ગયાં છે. દાદા-દાદી / નાના-નાની ઉછેરમાં તથા અન્ય કૌટુંબિક નિર્ણયો લેવામાં ગૌણ બની ગયાં છે. માતા-પિતા બંને પોતાની વ્યાવસાયિક કારકિર્દી તથા અન્ય પ્રવૃત્તિમાં રચ્યાપચ્યાં રહે છે. પોતાના માટે તથા તરુણો માટેની અપેક્ષાઓ આસમાને પહોંચી છે. દેખાદેખી ખૂબ જ વધી ગઈ છે. આ સૌને લીધે માતા-પિતા, બાળકો તથા તરુણો માટે ગુણવત્તાભર્યો સમય (Quality Time) ગાળી શકતા નથી.

સામાજિક ક્ષેત્રે મહત્ત્વનાં પરિવર્તનો આવ્યાં છે. સગાંવહાલાંનું સ્થાન મિત્રવર્ગે લઈ લીધું છે.

ભૌતિક ક્ષેત્રે નવી નવી શોધખોળો થઈ છે. મોબાઈલ, ઈન્ટરનેટ, વૉટ્સએપ વગેરે જીવનની જરૂરિયાતો થઈ ગઈ છે. અન્ય ભૌતિક જરૂરિયાતો પણ વધી ગઈ છે.

જીવન ધોરણનાં મૂલ્યો બદલાઈ ગયાં છે.

ઉપરોક્ત તથા અન્ય પરિબળોમાં પરિવર્તન ખૂબ જ ઝડપથી થયું છે. જે પરિવર્તનો થવામાં પહેલાં દાયકાઓ લાગતા હતા, તે હવે વર્ષોમાં કે એનાથી ઓછા સમયમાં આ પરિવર્તનો થાય છે.

આવી પરિસ્થિતિમાં તરુણોના વ્યક્તિત્વના ઘડતર તથા વિકાસ અને પરિપક્વતા (Personality Development and Maturity) માટે માતા-પિતા તથા વડીલોની ભૂમિકા તથા વલણ અગત્યનું પાસું બને છે.

## માતા-પિતા તથા વડીલોની ભૂમિકા

નીચે કેટલાક મુદ્દાઓ આપ્યા છે. એમને ધ્યાનમાં લઈ સમજણપૂર્વકના ફેરફારો કરવાની જરૂર છે.

### ૧. માનસિક સ્વતંત્રતા (Psychological Autonomy) :

(૧) તરુણને ધ્યાનપૂર્વક, સમજણપૂર્વક, શાંતિથી સાંભળો. ભલે એના વિચારો / નિર્ણયો અણગમતા હોય. તરુણને લાગવું જોઈએ કે માતા-પિતા / વડીલો મને શાંતિથી સાંભળે છે.

(૨) પોતાના નિર્ણયો પોતે લે એ માટે એને પ્રોત્સાહિત કરો.

(૩) તરુણને વણમાગી સલાહ ન આપો. સલાહ કે અભિપ્રાય માગે ત્યારે જ આપો. સલાહ આપ્યા બાદ ભૂલી જાવ કે સલાહ આપી છે.

(૪) પોતાના નિર્ણયો પોતે લે તો એને ઉતારી પાડવાને બદલે અનુભવમાંથી શીખવા દો.

(૫) તરુણને ટોકવાને બદલે કે પ્રતિક્રિયાવાદી બનવાને બદલે એના પર થોડી થોડી જવાબદારી સોંપી જવાબદારી વધારતાં જાવ.

(૬) કૌટુંબિક, વ્યાવહારિક નિર્ણયો લેવા પ્રોત્સાહન આપો. એના યોગ્ય નિર્ણયોના યોગ્ય વખાણ કરો.

(૭) એનું આત્મસન્માન વધારો. માનસિક હૂંફ આપો.

(૮) તરુણને એના પ્રશ્નો એને પોતાની રીતે ઉકેલવા દો. જરૂર પડે ત્યાં મદદ કરો. આખેઆખું કોકડું ઉકેલવાની ભૂલ ન કરો.

### ૨. વિચાર વિનિમયની કળા (Art of Communication) :

દરેક તરુણને / વ્યક્તિને બીજી વ્યક્તિ જોડે વ્યવસ્થિત રીતે વિચાર વિનિમય કરતાં (Art of Communcation) આવડવું અત્યંત જરૂરી છે. તરુણના વિકાસનો આ પાયાનો ગુણ છે.

અભ્યાસો તથા અવલોકનોથી એવું સાબિત થયેલ છે કે જે તરુણો / વ્યક્તિઓ વિચાર વિનિમય તથા સંભાષણની સારામાં સારી આવડત ધરાવે છે તે શૈક્ષણિક યોગ્યતાની ઉણપ હોવા છતાં કોઈપણ વ્યવસાયમાં ઝળહળતી સફળતા મેળવતા હોય છે. આ કળા જો તરુણમાં ન ખીલી હોય તો આગળ જતાં વ્યક્તિગત સંબંધો તેમજ વ્યાવસાયિક જીવનમાં એને ઘોર નિષ્ફળતા સાંપડી શકે છે.

વ્યક્તિગત, વ્યાવસાયિક તથા સામાજિક સફળ જીવન માટે નીચેના કૌશલ્ય વિષે તરુણને માતા-પિતાએ સજાગ કરવાં જોઈએ :

**(અ) વાતચીતની કળા :** માતા-પિતા તરુણને માત્ર ઉચ્ચ શિક્ષણ જ આપીને બેસી રહે એ પૂરતું નથી. એનામાં વાતચીતની કળા (Communication skills) પણ ખીલવવી જોઈએ. સંશોધન દ્વારા પુરવાર થયેલ છે કે જે તરુણો / વ્યક્તિઓ વાતચીત કરવાની કળામાં નિપુણ હોય છે તેઓ કોઈપણ વ્યવસાયમાં ખીલી ઊઠે છે, સફળ રહે છે. તરુણને સઘળી ઉંમરના લોકો સાથે અર્થપૂર્ણ વાતચીત કરવાની કળા શીખવવી જોઈએ.

**(બ) સાંભળવાની કળા :**

એકપક્ષી વાતચીત કરતાં તો દરેકને

*જન્મ અને મરણનો કોઈ ઈલાજ નથી, સિવાય કે વચલા ગાળાને ખૂબ માણી લેવો.*

આવડે, પરંતુ માતા-પિતા તથા વડીલો

૧. તરુણની વાતને ધીરજપૂર્વક સાંભળે.

૨. એના મતને / અભિપ્રાયને સમજે.

૩. એની લાગણી તથા જરૂરિયાતને સમજે.

૪. એને બોલવાની પૂરતી તક આપે. એની વાત બરાબર રજૂ ન કરે ત્યાં માતા-પિતા બોલે નહીં.

૫. એને માત્ર કાનથી નહીં પણ હૃદયથી સાંભળે.

૬. એની સાથે આંખોનો સંપર્ક જાળવી રાખે.

૭. જરૂર પડે તો વચ્ચે માત્ર ટૂંકો હુંકારો ભરે અને એની વાત માતા-પિતા બરાબર સમજ્યા છે એ એકાદ બે વાક્યોમાં ખુલાસા કરીને સ્પષ્ટ કરે.

**(ક)** તરુણનો વિશ્વાસ જીતવાનો છે, એની પૂછપરછ નથી કરવાની. મિત્રની જેમ વાતચીત કરવાની છે અને સાંભળવાની છે.

### ૩. સમવયસ્ક મિત્રો (Peer Group) :

(અ) તરુણાવસ્થામાં એમનો રોલ મોડેલ હોય છે એમના મિત્રો. મિત્રો સાથે વધુ સમય ગાળે છે. ઘણી વખત રાતના મોડેથી ઘરે આવે છે.

(બ) તરુણના મિત્રો કોણ છે, કેવા છે એનું ખાસ ધ્યાન રાખો. આયોગ્ય મિત્રથી દૂર કેમ રહેવું એ વિશે ચર્ચા કરો.

(ક) તરુણ મિત્રોના નિર્ણયો તથા અભિપ્રાયને માતા-પિતા કે વડીલોના અભિપ્રાયથી વધારે પ્રાધાન્ય આપે છે. આનો માતા-પિતા તથા વડીલોએ મનથી સ્વીકાર કરવો જોઈએ.

(ડ) તરુણાવસ્થા દરમ્યાન માતા-પિતા કે વડીલો કરતાં સમવયસ્ક મિત્રો વધારે સારા છે એવી તીવ્ર ભાવના હોય છે તથા તરુણ એમ માને છે. માતા-પિતાએ ધીરજથી શાંતિથી કામ લેવું ખૂબ અગત્યનું છે.

### ૪. તરુણ જોડે મિત્રની જેમ વ્યવહાર :

તરુણને પોતાની સમકક્ષ સ્થિતિમાં રાખો. મિત્રની જેમ વ્યવહાર કરો. પ્રેમ અને હૂંફ આપો. સલાહ આપવાનું શક્ય હોય એટલું ટાળો.

### ૫. ચર્ચા કરો, તમારા નિર્ણયો ઠોકી ન બેસાડો :

કોઈપણ બાબત હોય તો ચર્ચા કરો. તમારા અભિપ્રાયો તરુણ પર લાદો નહીં. ચર્ચા વખતે માતા-પિતા પોતાનો અભિપ્રાય / મત વ્યક્ત કરે, પછી છોડી દે. છેવટનો નિર્ણય (final decision) તરુણને લેવા દો. એ પ્રમાણે એને અમલમાં મૂકવા દો. પરિણામ આવ્યા બાદ બંનેને સમજાશે કે કોનો અભિપ્રાય / મત યોગ્ય હતો. તરુણ આવા અનુભવોમાંથી શીખશે તથા પરિપક્વતા મેળવશે.

### ૬. નેતૃત્વ લેવાની કળા (Leadership Quality) :

કુટુંબ માટેના કાર્યક્રમનું આયોજન (Planning) કરવા આપો. નિર્ણયો (decision making) લેવા દો. નિર્ણયોને અમલમાં મૂકવા પ્રોત્સાહિત કરો (implementation). માતા-પિતા આમાં યોગ્ય સહકાર આપે, સલાહ નહિ. પરિણામ આવ્યા બાદ આખા કાર્યક્રમનું પૃથક્કરણ (Analysis) કરો. આ પ્રકારના અનુભવથી તરુણનું વ્યક્તિત્વ ઘડાશે, નિર્ણય શક્તિ વધશે. આત્મવિશ્વાસનો વધારો થશે, સહનશક્તિ વધશે. અન્યો જોડે સહકાર ભાવના વધશે. સૌને સાથે લઈ કામ કરવાની વૃત્તિ વધશે.

### ૭. વાટાઘાટ કરવાની કળા (Discussion) :

સંબંધોમાં પેદા થતા ઘર્ષણ તથા તણાવને દૂર કરવા માટે વાટાઘાટ કરવાની કળા (Discussion, no argument) આવડવી જરૂરી છે. બંને પક્ષે થોડી થોડી બાંધછોડ કરવી જરૂરી છે.

***Discussion*** is when both sides are ready to compromise.

***Argument*** is when both sides want to prove that they are right.

ચર્ચા કરવાની કળા હોવી એ વ્યક્તિત્વની પરિપક્વતા છે.

***(ક્રમશઃ)***

*મનોસ્મૃતિ પોલીક્લિનિક, 'પ્રભુકૃપા',*
*એલ.બી.એસ. માર્ગ,*
*સર્વોદય હોસ્પિટલની અને હોટલ*
*રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.*
*ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

*ગાંધીજીએ 'સાધન શુદ્ધિ'નો ખ્યાલ આપ્યો. આ 'સાધન શુદ્ધિ' એટલે આપણો ધ્યેય સાચો હોય એટલું જ પૂરતું નથી – એ ધ્યેય સુધી પહોંચવા માટેનો રસ્તો કે રીત પણ સાચા હોવા જોઈએ. રોબિનહુડ બનીને - લૂંટ ચલાવીને ગરીબોને મદદ કરવાની વાત ગાંધીજીએ સ્વીકારેલ ન હતી. એનું કારણ એ છે કે આપણી મંજિલ જેટલી પવિત્ર હોય, એટલો જ આપણો પ્રવાસ પણ પવિત્ર હોવો જોઈએ.*

॥ क्षमा वीरस्य भूषणम् ॥
**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**
''ધુલ્લા વિલા'', બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭



## બાબુડેં જયું ગાલિયું

**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

### બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પુત્તર બચુડા, નીચે મથુરકાકા વારો મંથન ઊભો ઊભો કડુંણો મોબાઈલ મેં નંબર લગાય ને પોય કનતે મોબાઈલ રખે ને પોય રાજીરાજી થે વેને ને મનમેં ને મનમેં મલકાજે વઠો... હેડો ત મંથન કલાક થ્યો કરે તો. સે જરા તપાસ ત કર, મંથન જી ખસે ત નાય વઈ ન?

બચુડો : (તપાસ કે ને ચેં) મથુરકાકાવાળો મંથન આય જ એડો. છોરીજો અવાજ સુણે ત ચર્યો ચર્યો થે વેને... મંથન નંબર લગાય અતરે ઑપરેટરજો અવાજ અચે કે આંજે ખાતે મેં પૂરો બેલેન્સ નાય... તેર મંથન મોબાઈલમેં ચે બેલેન્સ નાય ત કુરો થ્યો, તો ભેરી ગાલતા થીયેતી? અનમેં મુંકે બહુ મજા અચેતી. અતરે ઑપરેટર જો અવાજ સુણેલા થોડી થોડી વારે ફોન લગાયતો ને અવાજ સુણે પુઆ રાજી થીએ તો...

### ખિલજા મ ભલા

મોહન : માણસ લગ્ન કેમ કરે છે?

સોહન : અનુભવના અભાવે.

મોહન : તો પછી છુટાછેડા કેમ લે છે?

સોહન : સહનશક્તિના અભાવે.

મોહન : તો પછી ફરી લગ્ન કેમ કરે છે?

સોહન : યાદશક્તિના અભાવે.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : બોલ શ્રેય, આપણા દેશમાં કેટલી જાતના રોડ હોય છે?

શ્રેય : સાહેબ જ્યાં જ્યાં રોડ બનતા હોય છે ત્યાં ત્યાં મેં આજ સુધી બે જ પ્રકારના બોર્ડ જોયા છે. એક તો 'અંડર કન્સ્ટ્રક્શન' અને બીજું 'ટેક ડાયવર્ઝન.'

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

## હાર્દિક અભિનંદન



**ચિ. મિત્તલ પ્રવીણચંદ્ર સંઘવી**

**મો. : ૯૮૨૫૮ ૫૭૮૦૧**

*માંડવી નિવાસી પ્રવીણચંદ્ર ચુનીલાલ સંઘવીના પુત્ર ચિ. મિત્તલ સંઘવીની ભારત સરકારના આવકવેરા વિભાગ દ્વારા લેન્ડ એન્ડ બિલ્ડિંગ માટેના પ્રોપર્ટી વેલ્યુઅર તરીકે પસંદગી કરાઈ છે. કેન્દ્ર સરકાર દ્વારા વિઝા, વીમા, બેંક લોન, આવકવેરા વગેરે જેવી કાનૂની બાબતો માટે સ્થાવર મિલ્કતોની કિંમત નક્કી કરવા પ્રોપર્ટી વેલ્યુઅરની નિમણૂક કરાય છે.*

*વલ્લભ વિદ્યાનગરના બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયમાંથી બેચલર (સિવિલ ઈજનેર)ની પદવી હાંસલ કર્યા પછી અમદાવાદની એલ.ડી. એન્જિનિયરિંગ કૉલેજમાંથી સ્ટ્રક્ચર ઈજનેરીમાં માસ્ટરની પદવી મેળવ્યા બાદ મિત્તલ સંઘવીએ કચ્છને પોતાનું કાર્યક્ષેત્ર બનાવેલ છે. સમગ્ર વિસ્તારમાં ભૂકંપ પ્રતિરોધક બાંધકામ તજજ્ઞ તરીકે બહોળી નામના મેળવી છે.*


*'મંગલ મંદિર'ના હાર્દિક અભિનંદન.*

**• સંપર્ક •**

**મિત્તલ સંઘવી**

| | |
|---|---|
| ૯૬૧, નિર્માણ, રાજપૂત સમાજવાડી સામે, આઝાદ ચોક, માંડવી, કચ્છ. | નિર્માણ, પ્રથમ માળે, પાંજરાપોળ શેરી, અનમ રિંગ રોડ, ભુજ, કચ્છ. |
| **ફોન : (૦૨૮૩૪) ૨૨૩૩૦૧** | **ફોન : (૦૨૮૩૨) ૨૨૨૬૯૮** |

**E-mail : mitalsanghvi@gmail.com**




### 3 CHEERS FOR ICE AWARDS – 2015 TO "MANGAL MANDIR"

ભારતભરમાંથી આવેલા લગભગ ૪૦૦૦ સામયિકોમાંથી ૧૦૦ ઉત્કૃષ્ટ સામયિકની પસંદગી 'શૈલજા નાયર ફાઉન્ડેશન' તરફથી કરવામાં આવી અને 'મંગલ મંદિર' તેમાંનું એક છે એ જાણી બૃહદ્ કચ્છના સર્વે કચ્છી જૈન પરિવારોમાં આનંદ અને ગર્વની લાગણી ફેલાઈ જાય એ સ્વાભાવિક છે.

આ ઍવોર્ડના સાચા અધિકારી તો 'મંગલ મંદિર'નું સમગ્ર તંત્રીમંડળ છે અને તેમાં પણ ખાસ કરીને મોટાભાગની જવાબદારી વહન કરી રહેલ **શ્રી દિનેશભાઈ મહેતા** છે. તેથી તેમને સર્વેને ખૂબ ખૂબ અભિનંદન.

તે ઉપરાંત 'મંગલ મંદિર'ના સફળ સંચાલન માટે શ્રી કચ્છી જૈન ભવનમાં યોગ્ય અને સગવડતાભરી જગ્યા ફાળવવા બદલ અમદાવાદના શ્રી કચ્છી જૈન સેવા સમાજનો પણ પરોક્ષ રીતે ફાળો છે. તેથી સમાજ તેમજ હોદ્દેદારો પણ અભિનંદનના અધિકારી ગણાય.

વળી દરેક અંક જોતાં જ ગમી જાય (LOVE AT FIRST SIGHT પણ કહી શકાય!) તેવું આકર્ષક પ્રિન્ટિંગ અને બાઈન્ડિંગ કરનાર એજન્સી પણ આંશિક રીતે આ ઍવોર્ડ માટે અભિનંદનની અધિકારી છે.

તેથી આ સર્વેને અભિનંદન.

'મંગલ મંદિર' ભવિષ્યમાં પણ ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છા.

*ચિત્રસેન શાહ - ગાંધીનગર*

★

### મહાત્મા ગાંધીનો કચ્છ પ્રવાસ

'મંગલ મંદિર'ના જૂન-૨૦૧૫ ના અંકનો કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખનો લેખ રસદાયક રહ્યો. તેમાં પણ તા. ૨૬-૧૦-૨૫ અને ૨૮-૧૦-૨૫ ની તારીખો મહત્ત્વની રહી. તે દિવસોએ અમારા કચ્છી દશા ઓશવાળના દિગ્ગજ પૂર્વજો જેઠાભાઈ કેશવજી તથા શેઠ ઠાકરશી હીરજી નેણશી મહાત્મા ગાંધી સાથે અનુક્રમે કોઠારા અને ગોધરામાં રહ્યા. જ્ઞાતિના પૂર્વજોના ઉલ્લેખે રોમાંચ પેદા કર્યો અને વડીલ મુરબ્બીઓ પ્રત્યે આદરમાનથી અકલ્પ્ય લાગણી ઉદ્ભવી. આલેખક શ્રી કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી અને મંગલ મંદિરનો આભાર

*કાંતિલાલ કેશવજી મોતા - મુલુંડ (પશ્ચિમ), મુંબઈ*

★

### આભાર વાચકોનો

સવિનય જણાવવાનું કે આપનો પત્ર લગભગ ૩૦-૬-૨૦૧૫ નાં રોજ મળ્યો, આશ્ચર્ય સાથે ખૂબ આનંદ થયો. વાંચકો, નિર્ણાયકો અને આપ સૌ તરફથી મને આ રીતે પ્રેરણા અને પ્રોત્સાહન મળે છે એ માટે આપ સૌની આભારી છું. વધુ આનંદ તો એ વાતનો છે કે મારા બધાં જ લખાણો લગભગ સત્ય હકીકતને આધારે હોય છે. અને આ 'મનુષ્યજીવનનું ગંગાજળ' સૌના હૃદયને સ્પર્શ્યો છે એવી મા કેવી ધન્ય હશે!

*ઊર્મિલા શાહ - અમદાવાદ*
*મો. ૯૯૭૯૨ ૩૦૪૦૪*

★

### જૈનોનો લઘુમતીમાં સમાવેશ

જય જિનેન્દ્ર. એ જાણીને હર્ષનો અનુભવ થયો કે જૈન સમુદાયના માનનીય માસિક મુખપત્ર 'મંગલ મંદિર' દ્વારા નિયુકત નિર્ણાયક સમિતિએ વર્ષ ૨૦૧૪-૧૫ માટે લેખ - "જૈનો અને રાષ્ટ્રીય લઘુમતીનો દરજ્જો" (નવેમ્બર ૨૦૧૪) ને દ્વિતીય શ્રેષ્ઠ લેખ તરીકે પસંદ કરેલ છે. આ અંગે જાણ કરતો પત્ર મળેલ છે. આભાર!

*રાજન ડી. મોરબિઆ - ભુજ, કચ્છ*
*મો. ૯૪૨૭૯ ૭૬૧૬૦*

★

### જુગાર-શ્રાવણ-મેળા

જુગારને આપણે અત્યારે એક ખરાબ આદત તરીકે માનીએ છીએ. જુગાર આપણને બરબાદ કરી નાખે છે. પણ એ જુગાર ભેટ આપણને વારસામાં મળેલી છે. જે ઘણાં લોકોએ સ્વીકારી છે અને ઘણાં લોકોએ ધિક્કારી છે.

જેમ ચાતક પક્ષી વરસાદની રાહ જોઈ બેઠું હોય છે તેમ ઘણાં લોકો શ્રાવણ માસની આતુરતાથી રાહ જોઈ બેઠા હોય છે.

મને યાદ છે કે અમે લોકો નાનાં હતા ત્યારે આખા કચ્છમાં ઠેક ઠેકાણે ઉત્સવોના મેળા ભરાતા. જે આજ પણ ભરાય છે. ઘણાં ઘરોમાં જુગાર રમાય છે.

તે વખતે દરેક મેળામાં જુગાર રમવા માટેના જ મેળા હોય એવું લાગતું. શ્રાવણ માસના દર સોમવારના માંડવીમાં કાશી વિશ્વનાથ, ભુજમાં સુરલભીટ અને બીજે દરેક જગ્યાએ ક્યાંક ને ક્યાંક મેળા ભરાય તે પણ ખાસ સ્ત્રીઓ માટે જુગાર રમવા માટે

*સૌમ્યતા જેટલું શક્તિશાળી બીજું કશું નથી, સાચી શક્તિ જેટલું સૌમ્ય કશું નથી.*

જ મેળા ભરાય. શીતળા સાતમ, આઠમ ધબુડી, રાવળપીર, ટપકેશ્વરી વગેરેના મેળામાં સવારથી નાસ્તા પાણી લઈ જાય અને બહેનો બધી જુગાર શાંતિથી રમે. તેમાંય પોલીસ પણ બહેનોની ચોકી કરે. કોઈને દંડ પણ ન ફટકારે.

અમને પણ મેળામાં ખાણી પીણી, ઉડન ખટોલા વગેરેના ખર્ચા ઉપરાંત જુગાર રમવા માટે બે થી પાંચ રૂપિયા મળતા. ઘરના વડીલોને ખબર પણ હોય કે મેળામાં જુગાર રમવાના છે તોય પણ કોઈને તેનો ખેદ પણ ન હોય. કેમ કે બધા વડીલો પણ ઘર કુટુંબીઓ સાથે ભેગા થઈ જુગાર રમતા. જાણે કિટી પાર્ટી ઉજવાતી હોય. મને સમજ નથી પડતી કે વડીલોનું લોજિક શું હશે જુગાર રમવા માટે કોઈને રોકતા પણ નહીં. જુગારને બદી નહોતા ગણતા. વેપારીકરણની લોકોને આવડત આવે એવું માનતા હશે?

પણ અત્યારે આ જુગારની ભેટ જેમણે સ્વીકારી છે તેઓને એક નશા જેવી આદત પડી ગઈ છે. એનું આખું સ્વરૂપ બદલાઈ ગયું છે.

મારે ધ્યાન દોરવાનું મન થાય છે કે જેઓએ જુગારને વ્યવસાય તરીકે સ્વીકાર્યું હોય તેઓએ આવતી પેઢીને આ ભેટ આપવી ન જ જોઈએ. કેમકે દિવસો દિવસ જુગારની આ આદત વિકૃત સ્વરૂપ ધારણ કરી રહેલ છે.

*અલકા અરવિંદ સંઘવી - અમદાવાદ*
*ફોન : (૦૭૯) ૨૫૪૭૦૭૭૫*

**આ જગમાં થોડા મલે!**

**જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી**
**પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!**
**લખે લહિયા અનેક, ટેવના પરિણામથી**
**મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!**

*– રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

**Viketa**
**Electronics**
**An ISO 9001-2000 COMPANY**
**MANUFACTURERS OF ELECTRICAL PANEL BOARDS**
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
**Phone : 02646-226257 Fax : +91-2646-252759**
**Mobile : 9824101111, 9824762141**
**E-mail : viketa53@rediffmail.com**

## મોબાઈલ જ્યું ખૂબીયું ગાગરમેં સાગર....!

ઈનમેં ઘડિયાળ - કેમેરો ને બેટરી, બૈ સંગીત સુણેજી સગવડ આય
**SMS, E-mail** કરેજી ને ટેલીફોન ડાયરીજી વડી વ્યવસ્થા આય. (૧)
'ફેસ બુક'થી દેશ-વિદેશમેં ને 'વોટ્સ ઍપ'થી સજે ગ્રુપમેં સમાચાર પુજાય
ધુનિયાજો ભોમિયો ભની, ધુનિયાજા ખૂણે ખૂણા વતાય. (૨)
રૂબરૂ મિલેજો ઓછો કરાય, ઍં કીડાં-પ-હોત જભાન સે ઈં મિલાય
અચ-વિનજા ખર્ચા ભચાય ને, સસ્તેમેં આંસેં ગાલ કરાય. (૩)
હચમચાંય ઈ ક્રાંતિકારી મોબાઈલ, ધુનિયાકે ઝડપી 'એક્ટીવ' ભનાય
કૈ સુવિધાંઉ ડૈ ઈ મોબાઈલ ત જાણે, ગાગરમેં સાગર ડીને સમાય. (૪)

### ધુનિયા વસાંય ઇ મોબાઈલ....!

ઈનજી કાર્ય શક્તિજી ક્ષમતા ન્યારે, ધુનિયા થૈ ચકિત!
હર કોઈ ઉત્સુક થૈ ઉમટ્યા ને ગજે પ્રમાણે ગિની મોબાઈલ થ્યા પ્રફુલ્લિત. (૫)

### મોબાઈલ સેં મિઢો સંબંધ....!

સંબંધ-ત-પાં મિણીસેં રખોં સારા, પણ કેરક કેંસે તૂટેં સંબંધ,
તડેં મોબાઈલ તોસેં ત એળો સંબંધ, જાુકો કાયમ રે અકબંધ. (૬)

### મ-કજા મોબાઈલ જો દૂર ઉપયોગ...

મોબાઈલ કે રોડતેં હલધે-ક-હકલીંધે વાહન, ચાલુ મ કજા યારો
ચાલુ કંધા ત કીડાં યમ-સદનમેં, વિનેજો અચી શગે વારો. (૧)
મોબાઈલ કે વધુ ન વાપરીજા, જેંસેં રેડિયેશન જો વધે પ્રમાણ
ને કીડાં કેન્સરજો થીયે જોખમ-ત? તેલાં ખાસ કરીંયાતો જાણ. (૨)
મોબાઈલજે વધારે વપરાસસેં, અખિયું થકેને જલાજે ડોક
વધુવાર હથેળીમેં રખધા ત - હથેળી ડુખધી, થીંધે લૂઈજો બ્લોક. (૩)
કુલ્લા-કોણી-કાંઢાને આંઘરીયું, જેંમેં રૂંધાબો રક્ત પ્રવાહ
કરોડરજ્જુજા જ્ઞાનતંતુ તણાજે ને ડુખેં, તેલાં ડૉક્ટરજી ગિનણી પે સલાહ. (૪)
લંમે ગાળે કાંઢેજો ખેંચાબા સ્નાયુ, ને નિકરધા તેમિંજાથી સટકા
તડેં મ ક્યો મોબાઈલજો દૂર ઉપયોગ, જેંસેં શરીરકે ન લગેં ઝટકા. (૫)
નિંઢી-નિંઢી ગાલલા રાંધીકડો ભનાય, મ કજા ઈનજો દૂર ઉપયોગ
જેર ખાસ ખબરૂં જણાય જ્યું વેં, તેર જ રશ્મિન્ કજા મોબાઈલજો સદ્ ઉપયોગ. (૬)

### મોબાઈલ! કીં કંધા ચાલુ?

ડાબે હથમેં ગિની - અખિંયેં સામે રખી, જમણે હથસેં ચાલુ કજા બટન
નંબર-ફિરાય કનતેં ખણો ત સુજે ઘંટી, ઈ ભંધ પે ને અલઉ-અલઉજા કજા રટન. (૭)

### મોબાઈલ જી શક્તિ...

'રશ્મિન્' ચેં તોમેં ત, અજબ ગજબજી શક્તિ આય
તોજા વખાણ કરેલા શબ્દ નહીં, તોય કવિ તોજા ભાવેં ગુણગાય. (૮)

*આ મોબાઈલની કવિતા રશ્મિન્ ખોના પાસેથી સાભાર*

• શુભેચ્છા સહ.... •
**સૌ. લીનાબેન હંસકુમાર શાહ – મે. હેમંત સર્જીકલ ઈ. લી.**
૧૪૦૩, શોભા સુમન, ચૌદમે માળે, ડૉ. મદનમોહન માલવિયા રોડ,
ટેલીફોન એક્ષચેન્જની સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. ફોન : ૨૫૬૮૬૧૦૨

# અન્ય સંસ્થાઓના સમાચાર

## માનનીય મંત્રી શ્રી તારાચંદભાઈ છેડાની નાદુરસ્ત તબિયત



એક સમાચાર અનુસાર જુલાઈ-૨૦૧૫ના ત્રીજા અઠવાડિયામાં શ્રી તારાચંદભાઈ છેડાની તબિયત નાદુરસ્ત થઈ જતાં તેમને મુંબઈની બોમ્બે હોસ્પિટલમાં શીફ્ટ કરી તેમને તાત્કાલિક સારવાર આપવામાં આવેલ હતી. તેમને હૃદયની તથા વાલ્વની તકલીફના કારણે તેમના પર ઑપન હાર્ટ સર્જરી કરવામાં આવેલ છે. હાલે તેઓ એકદમ સ્વસ્થ છે અને થોડા સમય પછી ફરી કાર્યરત થઈ શકશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

આ અગાઉ તેમના ધર્મપત્ની શ્રીમતી હંસાબેન છેડાની તબિયત નાદુરસ્ત થઈ જવાના કારણે તેઓને પ્રથમ ગાંધીધામની સ્ટર્લીંગ હોસ્પિટલ અને ત્યારબાદ અમદાવાદની સીમ્સ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવેલ હતી. હાલે તેઓની તબિયત પણ સ્વસ્થ રહેવા પામેલ છે.

## કચ્છમાં પ્રથમ વખત ધનતુલા સમારોહ

**મીઠા ઉદ્યોગ, કુટિર ઉદ્યોગ તથા ગૌસંવર્ધન ખાતાના રાજ્યકક્ષાના મંત્રી શ્રી તારાચંદભાઈ છેડાના ૬૫મા જન્મદિન પ્રસંગે ૧૪ જુલાઈએ તેમના વતન કાંડાગરા ખાતે યોજાયેલ ધનતુલા સમારોહ**



મંત્રી શ્રી તારાચંદભાઈ છેડાના ૬૫મા જન્મદિને ગત તા. ૧૪ જુલાઈએ તેમના વતન કાંડાગરામાં તેમનો ધનતુલા સમારોહ ઊજવવામાં આવ્યો હતો. રૂા. ૧૦-૨૦ની નોટોના ૧૪ લાખની કિંમતના બંડલોથી તેમની ધનતુલા કરવામાં આવેલ હતી. આ રૂા. ૧૪ લાખ તે જ સમયે રૂા. ૧-૧ લાખના હિસાબે કચ્છની ૧૪ પાંજરાપોળોને વિતરણ કરી દેવામાં આવી હતા. આ પ્રસંગે કચ્છમાં સેવાકાર્યો માટે રૂા. ૫૦ લાખ જેટલી રકમ એકત્ર થયેલ હતી કે જે જીવદયા સહિતના સેવાકાર્યોને અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે કચ્છના જાણીતા દાનવીર શ્રી દામજીભાઈ એંકરવાલાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ સમારોહમાં સંસદીય સચિવ શ્રી વાસણભાઈ આહીર, યુવા સાંસદ શ્રી વિનોદ ચાવડા, ધારાસભ્ય શ્રી પંકજભાઈ મહેતા, શ્રીમતી નીમાબેન આચાર્ય, શ્રી રમેશભાઈ મહેશ્વરી, પૂર્વ ધારાસભ્ય શ્રી જયંતીભાઈ ભાનુશાળી, શ્રી ધનજીભાઈ સેંધાણી, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ત્રિકમભાઈ છાંગા, સત્તા મંડળના ચેરમેન શ્રી કિરીટભાઈ સોમપુરા, અદાણીના શ્રી રક્ષિત શાહ, બિદડા સર્વોદય ટ્રસ્ટના ચેરમેન શ્રી વિજય છેડા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સમારોહના અધ્યક્ષ સ્થાનેથી બોલતાં શ્રી દામજીભાઈ એંકરવાલાએ જણાવેલ કે કચ્છમાં શ્રી તારાચંદભાઈ છેડાએ જીવદયાથી માંડી માનવસેવાની કરેલ પહેલનો જોટો આજ સુધી જોવા મળ્યો નથી. સંસદીય સચિવ શ્રી વાસણભાઈ આહીરે કહ્યું કે જીવનની અનેક ચડતી પડતીમાંથી પસાર થઈને તેઓએ કોઈ એવું ક્ષેત્ર બાકી રાખેલ નથી કે જ્યાં તેમણે સેવાનો હાથ લંબાવેલ ના હોય. યુવા સાંસદ વિનોદ ચાવડાએ તેમને ગુરુ ગણાવી સમાજ જીવનના પાઠો શીખવામાં તેમની પાસેથી પ્રેરણા લીધેલ હોવાનું જણાવ્યું. ભાજપના જિલ્લા પ્રમુખ તથા ધારાસભ્ય શ્રી પંકજભાઈ મહેતાએ શ્રી છેડાને કરુણાનો ક્યારો ગણાવ્યા હતા. જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ત્રિકમભાઈ છાંગાએ તેમને હરતી ફરતી સંસ્થા ગણાવી હતી. ધારાસભ્યો શ્રીમતી નીમાબેન આચાર્ય તથા શ્રી રમેશભાઈ મહેશ્વરીએ જણાવેલ કે શ્રી છેડાની સુવાસ કચ્છભરમાં ફેલાયેલી છે. કચ્છના કલેક્ટર શ્રી મહેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે ગયે વર્ષે કચ્છમાં રેલમાર્ગે ઘાસનો જથ્થો અપાયો તેનું શ્રેય શ્રી છેડાને જાય છે. બોર્ડર રેન્જના આઈ.જી. શ્રી એ.કે. જાડેજાએ કહ્યું કે શાસક નહીં પરંતુ સેવક બનીને કેમ કામ થાય તે એમની પાસેથી શીખવા મળ્યું છે.

મહાનુભાવોએ આપેલ શુભેચ્છાના પ્રત્યુત્તર સ્વરૂપે શ્રી તારાચંદભાઈએ જણાવેલ કે કચ્છના સંકટ સમયે હંમેશાં મન મૂકીને વરસતા દાતા શ્રી દામજીભાઈની પ્રેરણા અને પીઠબળ થકી મને સેવા કરવાનો મોકો મળ્યો છે. આવનારા દિવસોમાં નર્મદાનાં નીર મોડકૂવા સુધી શક્ય ત્વરાએ પહોંચે તેવો સંકલ્પ લેવા સહુ શુભેચ્છકોને તેઓશ્રીએ અનુરોધ કર્યો હતો. લોકોના આશીર્વાદથી તેમને ક્યાંય ડાઘ નહીં લાગે તેવી તેમણે ખાતરી ઉચ્ચારેલ હતી. ભવિષ્યમાં સેવાના દરેક ક્ષેત્રમાં ક્યાંયે પાછી પાની નહીં કરું તેવો તેમણે કૉલ આપ્યો હતો.

આ પ્રસંગે સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડાની ગ્રાંટમાંથી મળેલી એમ્બ્યુલન્સની ચાવી મહેમાનોના હસ્તે શ્રી જાદવજીભાઈ શેઠિયાને અર્પણ કરવામાં આવેલ હતી. યુવા ભાજપ દ્વારા શરૂ કરાયેલ મોબાઈલ ઍપ તથા મહાદેવ ગ્રુપની રક્તદાન બુકનું વિમોચન કરાયેલ હતું. માતુશ્રી લક્ષ્મીબેન જગશી છેડા પરિવાર તરફથી વિદ્યાર્થીઓને નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. શ્રી છેડાના વિભાગ તરફથી ગુંદિયાળી ગામના કુંભાર કારીગરોને ભઠ્ઠી અર્પણ કરવામાં આવી હતી.

## 'ઇંડિયન કાઉન્સિલ ઑફ સોશિયલ વેલફેર' – ગુજરાત શાખા દ્વારા ઍવોર્ડ જાહેર

'ઇંડિયન કાઉન્સિલ ઑફ સોશિયલ વેલફેર' – ગુજરાત શાખા દ્વારા શ્રી લીલાધર ગડા, શ્રી લાલજીભાઈ પ્રજાપતિ અને શ્રીમતી મિત્તલ પટેલને 'ગ્લોરી ઑફ ગુજરાત' ઍવોર્ડથી સન્માનિત કરાયાં છે. તા. ૨૪ જુલાઈ, ૨૦૧૫ની સાંજે રાજભવન, ગાંધીનગર ખાતે યોજાયેલ ભવ્ય સન્માન સમારંભમાં અન્ય ત્રીસેક મહાનુભાવોની સાથે ગુજરાતના રાજ્યપાલશ્રીએ કચ્છની ધરતી સાથે જીવંત રીતે સંકળાયેલ આ ત્રિપુટીનું સ્મૃતિચિહ્ન, શાલ અને પુષ્પગુચ્છ આપી અભિવાદન કર્યું હતું.

શ્રી લીલાધર ગડા કચ્છના સમર્પિત લોકસેવક તરીકે અને 'પગમેં ભમરી' શ્રેણીના એમના હૃદયસ્પર્શી લેખોના સર્જક તરીકે જાણીતા છે. કચ્છમાં ભોજાય, બિદડા અને ભચાઉ ખાતેની હૉસ્પિટલોની પાયાની ઇંટ સમા શ્રી લીલાધર ગડા 'અભિયાન' મહિલા જાગૃતિ પ્રવૃત્તિના પણ પ્રણેતા રહ્યા છે.

કચ્છના માધાપર ખાતે નવચેતન અંધજન મંડળના સંસ્થાપક - સંવર્ધક શ્રી લાલજીભાઈ પ્રજાપતિ પોતે પ્રજ્ઞાચક્ષુ છે. એમણે કચ્છમાં અંધજન કલ્યાણ પ્રવૃત્તિ દ્વારા અને માનસિક વિકલાંગ બાળકો માટેની વિશિષ્ટ સેવાઓ દ્વારા સમાજને નવો રાહ ચીંધ્યો છે.

શ્રીમતી મિત્તલ પટેલ વિચરતી જાતિઓના કલ્યાણ ઉપરાંત દેહ વ્યાપાર જેવી નિકૃષ્ટ પ્રવૃત્તિમાં સંડોવાયેલી કમનસીબ મહિલાઓનાં ઉદ્ધારક તરીકે જાણીતાં છે.

'મંગલ મંદિર' આ મંગલ ત્રિપુટીને એમના વિશિષ્ટ સન્માન પ્રસંગે હાર્દિક અભિનંદન પાઠવે છે.

***ધાર્મિક ક્રિયાઓમાં કે સમારંભોમાં ઉડાઉપણે વપરાતી રકમ શાળા - કૉલેજો - હોસ્પિટલ - રિસર્ચ સેન્ટર કે અન્ય કોઈ ઉપયોગી કાર્યમાં વપરાય તો તે રકમ દેશની પ્રગતિમાં કામ લાગે.***

*જેને જોવું નથી, એ જ ખરેખર આંધળો છે.*

## વિકલાંગ જીવન વિકાસ મંડળ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ

તા. ૨૬-૬-૨૦૧૫નાં રોજ શ્રી વિકલાંગ જીવન વિકાસ મંડળ ટ્રસ્ટ દ્વારા શ્રી બચુભાઈ રાંભિયા સ્મૃતિ-વન વૃક્ષ દત્તક યોજના અંતર્ગત વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શ્રી વિકલાંગ જીવન વિકાસ મંડળ ટ્રસ્ટના શ્રી જિતેન્દ્રભાઈ પટેલ, હરિલાલ એમ. પટેલ, હોથુજી જાડેજા, હરિલાલ ઉકાણી, રમેશભાઈ ચંદે, ખેતશીભાઈ ચંદે, ખુશાલભાઈ ગાલા અને સંસ્થાના બધા જ મહાનુભાવો, શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ (રતનવીર નેચર ક્યોર સેન્ટર), વન વિભાગ, વી.આર.ટી.આઈ. - માંડવીના ઘનશ્યામભાઈ, માનવ મંદિરના મેનેજર શ્રી દિલીપભાઈ, કોટીવૃક્ષ અભિયાનના પ્રણેતા શ્રી એલ.ડી. શાહ, રંજનબેન પટેલ વગેરે આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં.

સંસ્થાના ટ્રસ્ટી શ્રી ખેતશીભાઈ ચંદેના હસ્તે આ કાર્યક્રમની આભારવિધિ કરવામાં આવી હતી.

શ્રી બચુભાઈ રાંભિયા સ્મૃતિ-વન વૃક્ષ દત્તક યોજના હેઠળ આ પ્રસંગે આ સંસ્થાને લગભગ ૫૦ જેટલા ટ્રી-ગાર્ડ ભેટ આપવામાં આવ્યા હતા. આ સંસ્થાને માનવ મંદિરના મેનેજર શ્રી દિલીપભાઈ તરફથી બે આર.સી.સી.ના બાંકડાની ભેટ અર્પણ કરાઈ હતી અને વી.આર.ટી.આઈ. - માંડવી દ્વારા રૉપાની ભેટ આપવામાં આવી હતી.

## રવિવાર, તા. ૫ જુલાઈ, ૨૦૧૫ના શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન અને શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજનનું સહિયારું અભિયાનનું પ્રથમ ચરણ

સૌપ્રથમ શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજનનાં પ્રમુખ શ્રી જગદીશ ગંગરે ખૂબ જ યથાર્થ તથા મુદ્દાસર સ્વાગત પ્રવચન કરી કાર્યક્રમની ભવ્યતાનો પરિચય કરાવ્યો.

ખૂબ જ રસપ્રદ એવી ચર્ચાસત્ર અને અતુલ ભેદા દ્વારા પૂછાયેલા રસપ્રદ સવાલોમાં વિશ્વવિખ્યાત ખેલાડીઓ શ્રી કરશન ઘાવરી, શ્રી કમલેશ મહેતા, કુ. અશ્વિની પોનપ્પા, શ્રી સૅમસન સિક્વેરા અને શ્રી મીઠી મહેતાએ આપેલા જવાબો.... આજની રમતપ્રેમી યુવાપેઢી માટેનું અદ્વિતીય સંભારણું બની ગયું. કેટલાયે ઊગતા સિતારાઓ માટે પ્રેરણાસ્રોત તેમજ સફળતાની સીડી ચડવાના રહસ્યો ખુલ્લા થઈ ગયા. વડીલોને પણ આ ચર્ચાસત્રમાંથી રમતગમત માટે બાળકોને પ્રોત્સાહિત કરવાની 'ટીપ' આ મહાનુભાવો આપવાનું ચૂક્યા નહીં.

શ્રી ક.વી.ઓ. દેરાવાસી મહાજનનાં શ્રી ભાવેશ છેડાએ આભારવિધિ કરી.

સી.એ. શ્રી પ્રતીક વીરાએ પોતાની અનેરી કોઠાસુઝ તથા વ્યવસાયીક નિપુણતાનું ઉદાહરણ સમગ્ર સંચાલન દરમ્યાન આગવી શૈલીમાં આપ્યું.

## ભાવનગર કચ્છ સમાજ દ્વારા અષાઢી બીજની પરંપરાગત ઉજવણી

આ વર્ષે ભાવનગરમાં કચ્છ સમાજના સભ્યો દ્વારા સમાજની સ્થાપના બાદ ૨૯મી અષાઢી બીજ — કચ્છી નવા વર્ષની ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ વખતે સવારે અને સાંજે એમ બે કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. ગુજરાતમાં કચ્છ જિલ્લાના વતનીઓ તેમના વતનપ્રેમ માટે જાણીતા છે. આ પ્રસંગે સવારે ૧૦.૦૦ કલાકે 'વ્યક્તિત્વ વિકાસ' વિષય ઉપર મનનીય વ્યાખ્યાન રાખવામાં આવેલ. જેનો સમાજનાં અંદાજે ૭૦ જેટલા ભાઈ-બહેનોએ લાભ લીધો. બપોર બાદનો કાર્યક્રમ ભાવનગર કચ્છ સમાજની સામાન્ય સભાનો હતો. ભાવનગર શહેર ઉપરાંત તળાજા, શિહોર, પાલિતાણા, વલ્લભીપુર, ધોળા વગેરે સ્થળોએથી અંદાજે ૫૦૦ પરિવારજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સાંજે ૫.૩૦ કલાકે પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ શાહ, ઉપપ્રમુખો ડૉ. રવિભાઈ પટેલ તથા શ્રી જિતેન્દ્રભાઈ શાહ, માનદ્ મંત્રી શ્રી ઈન્દ્રભાઈ ગઢવી, ખજાનચી શ્રી જગદીપભાઈ વ્યાસ તથા અન્ય આગેવાનો શ્રી પૃથ્વીસિંહજી જાડેજા, પાલિતાણાથી શ્રી દીપકભાઈ ગોહિલ, માવજીભાઈ પટેલ, લાલજીભાઈ શાહ, શિહોરથી શ્રી દિલીપભાઈ વગેરેની વિશિષ્ટ ઉપસ્થિતિમાં સંપન્ન થયો. ■

## સંન્યાસ

"હાલમાં લોકો સંન્યાસ શબ્દનો અર્થ જ ખોટો સમજી બેઠા છે. તેઓ સમજે છે કે 'સંન્યાસ' એટલે સમાજનો પરિત્યાગ. પણ વાસ્તવમાં સંન્યાસનો અર્થ છે સમાજમય થઈ જવું. વૃક્ષ પોતે કોઈ ફળનું સેવન કરતું નથી, તે નિરપેક્ષ રહીને ફળ-ફૂલને પલ્લવિત કરે છે એનું નામ સંન્યાસ.

પરંતુ આજે તો સંન્યાસીનો અર્થ થઈ ગયો છે કે સમાજ તરફથી ભોજન મેળવનાર તથા સમાજની કંઈ પણ સેવા ન કરનાર. આજની માન્યતા અનુસાર સંન્યાસી માત્ર ભિક્ષા માગવા માટે લોકોની પાસે જશે, પણ શરીરથી કોઈ કામ નહીં કરે. તમે એ કલ્પના કરી જ નથી શકતા કે કોઈ સંન્યાસી ખેતરમાં ખેડ કરી રહ્યો છે, અથવા તે કોઈ ગાયની સેવા કરી રહ્યો છે, અથવા કોઈને ઘેર જઈને એક-બે કિલો અનાજ દળી દેતો હોય ત્યાર પછી જ ખાતો હોય, કોઈ ગામમાં ગંદકી જોઈને ઝાડુ કાઢીને સફાઈ કરતો હોય. ઉલટું તમારી સામે તો એવું જ ચિત્ર આવે છે કે તે લોકોનો પરિત્યાગ કરીને એકાંતમાં રહે છે અને માત્ર ભિક્ષા માગવા પૂરતું જ લોકો પાસે જાય છે અને ક્યારેક મોકો મળે છે તો બોધ આપશે. એવું માન્યું છે કે સંન્યાસી કોઈની સેવા પોતે નહીં કરે પણ સહુની સેવા લેશે. સંન્યાસનો આવો વિપરીત અર્થ આજે સમાજમાં થઈ બેઠો છે. વાસ્તવમાં સંન્યાસ એટલે કેવળ સેવામય જીવન."

***— વિનોબા ભાવે***

***(ભૂમિપુત્ર, તા. ૧-૬-૨૦૧૫માંથી)***

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧)*

★ વિશ્વમાં ભારત સિવાય કોરિયામાં ૧૫ ઓગસ્ટના રોજ સ્વાતંત્ર્ય દિવસ મનાવવામાં આવે છે.

★ વિશ્વમાં નેપાલ એક માત્ર એવો દેશ છે, જે ક્યારે પણ ગુલામ નથી બન્યો.

★ સ્વીડનનું ઑફિશિયલ જર્નલ દુનિયાનું સૌથી જૂનું સમાચાર પત્ર છે જે ૧૬૪૫માં પ્રકાશિત થયું હતું.

★ વિશ્વમાં કુલ ૩૫૩ દેશો છે.

★ ગ્રેટ બ્રિટન એક એવો દેશ છે જયાં ટપાલ ટિકિટ ઉપર આ દેશનું નામ નથી.

★ અલમલ્વિયા નામની દુનિયાની સૌથી મોટી મસ્જિદ ઈરાકમાં આવેલી છે.

★ દુનિયાનો સૌથી મોટો મહાસાગર પ્રશાંત મહાસાગર છે.

★ રશિયામાં આવેલું 'કેસ્પોયન્સી' દુનિયાનું સૌથી મોટું સરોવર છે.

★ વિશ્વમાં સૌથી મોટો ખંડ એશિયા ખંડ છે.

★ ગ્રેટ વૉલ ઓફ ચાઈના દુનિયાની સૌથી મોટી દીવાલ છે.

★ વિશ્વમાં સૌથી કડક કાયદા સાઉદી અરબસ્તાનમાં છે.

★ થાઈલેન્ડમાં સફેદ હાથી જોવા મળે છે.

★ અમેરિકાના રાષ્ટ્રપતિ દુનિયામાં સૌથી વધુ પગાર મેળવનારી વ્યક્તિ છે.

★ સ્વિટ્ઝર્લેન્ડમાં રાષ્ટ્રપતિનો કાર્યકાળ માત્ર એકજ વરસ હોય છે.

★ નાઈલ નદી દુનિયાની સૌથી મોટી નદી છે. તેની લંબાઈ ૬૬૪૮ કિ.મી. છે.

★ ૮૪૦૦૦૦૦ વર્ગ કિ.મી. એરિયા ધરાવતું આફ્રિકામાં આવેલું સહારા રણ દુનિયાનું સૌથી મોટું રણ છે.

★ દુનિયાની સૌથી મોંઘી ધાતુ યુરેનિયમ છે.

★ સંસ્કૃત દુનિયાની સૌથી પ્રાચીન ભાષા છે.

★ શાખાઓની દૃષ્ટિએ સ્ટેટ બેંક દુનિયાની સૌથી મોટી બેંક છે.

★ સ્વિટ્ઝર્લેન્ડ દુનિયાનો એક માત્ર એવો દેશ છે કે જેણે અત્યાર સુધી કોઈપણ યુધ્ધમાં ભાગ લીધેલ નથી.

★ રશિયા એક એવો દેશ છે કે જેના એક ભાગમાં સવાર અને બીજા ભાગમાં સાંજ હોય છે.

★ ડેનિયલ ડેફોએ ૧૭૧૯માં લખેલી 'રોબિન્સન ક્રૂઝો' વાર્તામાં એક વ્યક્તિ કઈ રીતે ટાપુ પર પોણા ત્રણ દાયકાનો એકાંતવાસ પસાર કરે છે તેના સંઘર્ષની વાત છે.

★ બોલીવુડ અને મુસ્લિમ પાત્રોનું જીવન દર્શન : શોલેના રહીમ ચાચા, જંજીરનો શેરખાન, શાનનો અબ્દુલ, સરફરોશનો ગઝલ ગાયક ગુલફામ હસન, ચક દે ઈન્ડિયાનો કબીરખાન અને કાબુલીવાલાનો પઠાણ.

★ ઈ.સ. ૨૦૦૦માં મિસ વર્લ્ડનો ખિતાબ મેળવનારી પ્રિયંકા ચોપરા ભારતની પાંચમી મહિલા હતી.

★ અમેરિકામાં મેરાથોન ખાતે ખેતીકામમાં ઘોડાનો ઉપયોગ થાય છે.

★ સાઉથ કોરિયામાં એશિયન ગેમ્સ-૨૦૧૪ માં એશિયાના ૪૫ દેશોના આશરે ૯૫૦૦ ખેલાડીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો જેમાં ભારતના ૫૧૫ ખેલાડીઓએ ૨૮ રમતોમાં ભાગ લીધો હતો.

★ ભારતના અરુણાચલ પ્રદેશના કુલ ૧૮૦૦૦ હેક્ટર વિસ્તાર પર ચીને ૧૯૮૯માં પ્રથમ ઘુસણખોરી કરી હતી અને વીસ વરસ પછી પોતાનો દાવો ધરી દીધો હતો.

★ જી.ડી.પી. પ્રમાણેની ગણતરીએ સ્કૉટલેન્ડ જગતનો ૧૪મો ધનાઢ્ય દેશ છે. સ્કૉટલેન્ડ ૭૯૦ ટાપુઓનો બનેલો દેશ છે તેમાંથી ૧૩૦ ટાપુઓ ખાલી છે અને તેની વસતિ ૫૩ લાખની છે.

★ સ્કોટલેન્ડનું પાટનગર ઍડિનબર્ગ છે. રોમની માફક ઍડિનબર્ગ શહેર પણ સાત ટેકરીઓ પર બંધાયેલું છે.

★ ગાંધીજીના જીવનને લગતી ટપાલ ટિકિટો આપણા દેશે ૧૯૪૮માં એટલે કે આઝાદી મળી એના બીજા વરસથી શરૂ કરેલી.

★ ૧૫ ઓગસ્ટ, ૧૯૪૮ના દિવસે ભારત સરકારે પ્રથમ વખત ગાંધીજી વિશે ટપાલ ટિકિટો છાપેલી. એ ટિકિટો સ્વિટ્ઝર્લેન્ડમાં ખાસ સિલ્કી કાગળ ઉપર છપાયેલી. આ ટિકિટો દોઢ આના, સાડા ત્રણ આના, બાર આના અને દસ રૂપિયાની હતી.

*આજકાલના વર્તમાનપત્રોમાં આવતા સમાચાર પર નજર કરીએ તો હિંદુસ્તાન, એ સ્કેમિસ્તાન જેવું લાગશે. વ્યાપમ કે લલીત મોદી જેવા ઈન્ટરનેશનલ બનાવો હોય કે વરસાદમાં રસ્તાઓ પર પડેલા ભૂવાઓ કે ઉભરાયેલી ગટર જેવા લોકલ પ્રશ્નો હોય કે પછી સાંસદોના પગાર વધારા કે દાઉદ વિષેની અથવા તો દાઉદની બયાનબાજી જેવી નેશનલ હકીકતો હોય, સઘળે ભ્રષ્ટાચારનું વિકરાળ અટ્ટહાસ્ય સાંભળવા મળશે. વૈભવી મિલ્કતો અને ફાર્મહાઉસ પરની છાપામારીમાં જે વિગતો પકડાય એ કૌભાંડ પ્રકરણ જ રહેવાની. આટલા બધા કૌભાંડોને સીટ કે સી.બી.આઈ. પણ ક્યાંથી નાથી શકવાની? નેતાઓની કૌભાંડ કથા અટકે ત્યારે જ સ્કેમિસ્તાન 'સાફિસ્તાન' કે 'સ્વચ્છસ્તાન' બની શકશે!*

*સત્તા અને શક્તિનો સદુપયોગ થાય તો સમાજમાં સુખ - શાંતિ - સમૃધ્ધિ જરૂર વધે.*

## NanoNine™ શબ્દ રમત-૧૦૮

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ૨ | ૩ | | ૪ | ■ | ૫ | ૬ | ૭ | | ■ |
| ૮ | ■ | ૯ | | ■ | ૧૦ | ૧૧ | ■ | ૧૨ | | ■ | ૧૩ |
| ૧૪ | ૧૫ | ■ | ૧૬ | ૧૭ | ■ | ૧૮ | | | ■ | ૧૯ | |
| ૨૦ | | ૨૧ | ■ | ૨૨ | ૨૩ | | ■ | ૨૪ | ૨૫ | | |
| | ■ | ૨૬ | ૨૭ | ■ | ૨૮ | | ૨૯ | ■ | | ■ | |
| ■ | ૩૦ | | | ૩૧ | | ■ | ૩૨ | ૩૩ | ■ | ૩૪ | |
| ૩૫ | | ■ | ■ | ૩૬ | ■ | ૩૭ | | | ૩૮ | | ■ |
| | ■ | ૩૯ | ■ | ૪૦ | ૪૧ | | ■ | ૪૨ | | ■ | ૪૩ |
| ૪૪ | ૪૫ | | ૪૬ | ■ | ૪૭ | | ૪૮ | ■ | ૪૯ | ૫૦ | |
| ૫૧ | | ■ | ૫૨ | | | ■ | ૫૩ | ૫૪ | ■ | ૫૫ | |
| | ■ | ૫૬ | | ■ | ૫૭ | ૫૮ | ■ | ૫૯ | ૬૦ | ■ | |
| ■ | ૬૧ | | | | ■ | ૬૨ | | | | | ■ |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૩૧-૮-૨૦૧૫)*

### આડી ચાવીઓ

૧. કૌરવો અને પાંડવોનું યુધ્ધ (૫)
૫. સજવાની રીત, શણગાર કરવા (૪)
૯. ધૂળનો કણ (૨)
૧૦. લૂખું, શુષ્ક (૨)
૧૨. આંગળીથી ______ વેગળા તે વેગળા (૨)
૧૪. જગત, દુનિયા, વિશ્વ (૨)
૧૬. તરફેણ, બાજુ (૨)
૧૮. માણસ, મનુષ્ય (૩)
૧૯. રાજમુગટ (૨)
૨૦. ચાર યુગમાંથી ત્રીજો યુગ (૩)
૨૨. તેના જેવું, તદાકાર (સં.) (૩)
૨૪. મુસલમાનોનો પવિત્ર માસ
જેમાં રોજા રાખે (૪)
૨૬. 'મત'નું સ્ત્રીલિંગનું રૂપ (૨)
૨૮. રક્ષણ, સંભાળ (ફા) (૩)
૩૦. અંતરાત્માનો અવાજ (૫)
૩૧. અવાજ, ધ્વનિ, ધૂન (૨)
૩૨. જપ (૨)
૩૪. વેર, ઈર્ષ્યા, ક્ષાર (૨)
૩૫. એક કઠોળ (૨)
૩૭. ચામડાનો પટ્ટો (૫)
૪૦. પોદળો, લચકો (૩)
૪૨. પક્ષી, સૂર્ય, દેવ (૨)
૪૪. દયા, કૃપા (અ) (૪)
૪૭. ઈચ્છા, ખુશી (૩)
૪૯. લટકતી અને ઝુલતી વસ્તુ (૩)
૫૧. ઝંડુ ______ પ્રખ્યાત છે
સાવ અક્કલ વગરનો ______ જેવો (૨)
૫૨. ખબર, બાતમી (૩)
૫૩. ખોબો, પોશ (૨)
૫૫. ન દેખાય એવી બારીક ફાંટ (૨)
૫૬. હજામ, નાઈ (૨)
૫૭. યજ્ઞ, ઉત્સવ (૨)
૫૯. શારીરિક બાંધો, વિસ્તાર, આકાર (૨)
૬૧. અકસ્માત (૪)
૬૨. મલ્લ, કુસ્તીબાજ (૫)

### ઊભી ચાવીઓ

૨. પરાજ્ય (૨)
૩. લોકસભામાં સત્તા પરનો મોટો પક્ષ (૩)
૪. ઝાડ (૨)
૬. જનાવર, પશુ (૪)
૭. વિષ, ઝેર (૨)
૮. રાજાના મહેલનો દરવાજો (૪)
૧૧. માફ કરી દેવું, ક્ષમા આપવી (૪)
૧૩. રાજધાની, મુખ્ય શહેર (૫)
૧૫. ઊડતી વાત, અફવા (૨)
૧૭. ઈજા પામેલું, જખ્મી (૨)
૧૯. આજકી ______ ખબર (૨)
૨૦. બારણું, દરવાજો (૨)
૨૧. ખેલ, ક્રિડા (૩)
૨૩. પાંચાલ દેશના રાજા, દ્રૌપદીના પિતા (૩)
૨૫. રહસ્ય, ભેદ (૨)
૨૬. બુધ્ધિ, મતિ, નહિ (૨)
૨૭. બાણ, કાંઠો (૨)
૨૮. દરજ્જો, પગ (૨)
૨૯. વાળંદ (૩)
૩૦. શરીર, અવયવ (૨)
૩૧. નારાયણ... નારાયણ...નો
જાપ કરનાર મુનિ (૩)
૩૩. હીરાની ______ ઝવેરી જ કરી શકે છે (૩)
૩૪. ખોટ, નુકસાની (૨)
૩૫. ખુદા ______, તો ગધ્ધા પહેલવાન (૫)
૩૬. નકામું, બાત્તલ કરેલું (૨)
૩૭. ચાલાક (૩)
૩૮. રાજા મહારાજાનું વૈભવી સ્થાન (૩)
૩૯. ડોસી મૂઆની બીક નથી,
______ પેંધાનો ભય છે (૨)
૪૧. કોલકત્તાનું ઍરપોર્ટ (૪)
૪૩. મુરાદ, ધારણા, હેતુ (અ) (૪)
૪૫. સોનું (૨)
૪૬. છબી, ચિત્ર (૪)
૪૮. એક જાતની મોટરગાડી (૨)
૫૦. ટેવ, વ્યસન (૨)
૫૪. સર્વ, તમામ (૩)
૫૬. મમ્મીના પપ્પા (૨)
૫૮. વપરાશ, જરૂરિયાત (૨)
૬૦. ઓસડ, ઔષધ (૨)

*"માનવ ધર્મ" અન્ય કોઈપણ ધાર્મિક ક્રિયાઓ કરતાં વધારે પુણ્ય આપે છે.*

*શાસ્ત્ર એ ગોખવાની વિદ્યા નથી, પણ સત્યના માર્ગે ચાલવાની દીવાદાંડી છે.*

## NanoNine™ શબ્દ રમત-૧૦૭નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ | દા | | પં | ચ | | ને | વ | | કા | તિ | લ |
| સ | જી | વ | | ર | ડ | વું | | વા | ત | | ક્ષા |
| લા | | ર | | | બ | | ઉ | દ | ર | | ધિ |
| મ | | મ | હા | સા | ગ | ર | | વિ | | | પ |
| ત | જ | | ટ | ગ | ર | | | વા | ચ | સ્પ | તિ |
| | મી | ર | | ર | | આ | નં | દ | | ર્શ | |
| પ | ન | ઘ | ટ | | | લ | ગ | | | | જે |
| સી | | વા | ચ | ના | લ | ય | | | અ | ક | લ |
| નો | | ટ | | | ક્ષ | | ન | રા | ધ | મ | |
| | કા | | | અ | ણ | વ | ર | | ર | ળ | વું |
| ગ | જ | ગા | મિ | ની | | | સિં | ધુ | | | |
| જ | ળ | | તિ | તિ | ક્ષા | | હ | મ | સ | ફ | ર |

*માસ જૂન-૨૦૧૫ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૦૬ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. નવીનચંદ્ર સંઘવી - અમદાવાદ
૨. ચંદ્રા શાહ - અમદાવાદ
૩. સ્મિતા શાહ - અમદાવાદ
૪. શાંતિલાલ શાહ - અમદાવાદ
૫. ચંદ્રા શાહ - અમદાવાદ
૬. વર્ષા પારેખ - અમદાવાદ
૭. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૮. સરોજ શાહ - અમદાવાદ
૯. લક્ષ્મીબેન ખત્રી - અમદાવાદ
૧૦. નવલ શાહ - અમદાવાદ
૧૧. મધુરી ગોસર - અમદાવાદ
૧૨. ભાવના શાહ - અમદાવાદ
૧૩. ભાનુ શાહ - અમદાવાદ
૧૪. વિરાજ શેઠ - અમદાવાદ
૧૫. કલ્પના પાલાણી - અમદાવાદ
૧૬. અજિત મહેતા - અમદાવાદ
૧૭. અલકા શાહ - અમદાવાદ
૧૮. ગીતા મહેતા - અમદાવાદ
૧૯. દીપા પરીખ - અમદાવાદ
૨૦. કિશોર શાહ - ભુજ
૨૧. લક્ષા શાહ - ભુજ
૨૨. પ્રભા શેઠિયા - વલસાડ
૨૩. વસંત મલ - વલસાડ
૨૪. મયંક શાહ - સિકંદ્રાબાદ
૨૫. નવીનચંદ્ર લાલકા - ગદગ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રૉ કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતી છે.*

૧. નવીનચંદ્ર લાલચંદ સંઘવી - અમદાવાદ
૨. સરોજ જયેશ શાહ - અમદાવાદ
૩. લક્ષ્મીબેન મહેશ ખત્રી - અમદાવાદ

## શા કારણે જાપાનીઓ અનેરા ગણાય છે?

ફૂટબોલની વૈશ્વિક સ્પર્ધામાં જાપાન ગ્રીસ સામે હારી તો ગયું, તેમ છતાં કદી માન્યામાં ન આવે એવા વર્તનથી દુનિયાભરના લોકોનાં હૃદયમાં સ્થાન તો આ જાપાનના ફૂટબોલપ્રેમીઓ જ મેળવી ગયા!

હાર તો થઈ. પણ તેઓ ત્યાં જ રોકાઈ ગયા અને આખું સ્ટેડિયમ સ્વચ્છ કરીને જ વિદાય થયા. પોતાનો જ નહીં પણ મેચ જોવા ઉપસ્થિત સૌ કોઈએ જે કંઈ કચરો પાથર્યો હતો તે દૂર કરી દીધો. કચરો એકત્ર કરવાનો થેલો તેમજ ભૂરા રંગના રેઈનકોટ - પોતાની વ્યક્તિગત સલામતી માટે - પહેરીને આ સમુરાઈઓ તુરંત કામે લાગી ગયા. આમ પોતાના દેશની હાર છતાં ખેલદિલી અને સદ્ભાવના વ્યક્ત કરીને જ રહ્યા.

અન્ય દેશો તો એવું એવું કરવાથી જગજાહેર છે કે જો હારે તો હુરિયો બોલાવે, ચીસાચીસ કરે અને હિંસા પણ કરે. એથી અનેરી જ તરાહ ૧૫ હજાર હાજર જાપાની દર્શકોએ એરેના પરમાવ્યુકો રેસાઈફ સ્ટેડિયમની સંપૂર્ણ સફાઈ કરીને પોતાની નિજી નાગરિકતાયુક્ત સંસ્કૃતિની સમજણોનો નમૂનો રજૂ કર્યો હતો.

જાપાનમાં કોઈ પણ જાહેર મેળો હોય કે મેળાવડો કે રમતની સ્પર્ધા કે ઉત્સવ હોય, તે પૂરો થયે સંપૂર્ણ સફાઈ કરવાની પરંપરા તેઓ જાળવતા જ રહે છે. રેસ્ટોરાંમાં કે ક્યાંય જાહેરમાં ખાવા લીધું હોય તો જાતે જ ટેબલને સાફ કરે છે. આવા તમામ પ્રસંગોમાં, જ્યાં જ્યાં જાય ત્યારે સાથે કચરો ઉપાડી લેવાની થેલી સાથે લઈ જ જાય અને પોતાનો કે કોઈ અન્યનો પણ કચરો પડેલો હોય તે રહેવા જ ના દે.

એક જાપાની ફૂટબોલ દર્શકે વ્યવસ્થાપકને જણાવ્યું કે, “એમ તો જે દેશે યજમાન થઈને અમને રમવા માટે બોલાવ્યા તે દેશ પ્રત્યે કૃતજ્ઞતા બતાવવા અને આદર આપવા માટે આવું કરતા હોઈએ છીએ. અમારે ત્યાં જાપાનમાં અમને જે કરવું ગમે છે તે અહીં પણ કર્યું છે.”

મેચ જ્યારે પૂરી થઈ ત્યારે હારેલા જાપાની ખેલાડીઓ એક કતારમાં ઊભા રહ્યાં. અને તેમણે દર્શકોનો પ્રોત્સાહન આપવાને હાજર રહ્યા તે બદલ આભાર માન્યો હતો.

બ્રાઝિલ દેશના વ્યવસ્થાપકોએ પણ બ્રાઝિલ દેશવાસીઓ સમક્ષ આ ઉત્તમ આદર્શ રજૂ કર્યો છે, એમ વ્યક્ત કર્યું હતું.

***- જ્યોતિભાઈ દેસાઈ***

***(સાભાર : ભૂમિપુત્ર, તા. ૧-૬-૨૦૧૫)***

## NanoNine™ Sudoku

**<u>શરતો</u>** : (૧) ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ. (૨) ૧થી ૯ના આંકડા ૩ X ૩ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

**જૂન-૨૦૧૫ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૬૨ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ**

| | | |
|---|---|---|
| ૧. | રમેશ સાવલા | - અમદાવાદ |
| ૨. | બિંદુ શાહ | - અમદાવાદ |
| ૩. | અવંતી દંડ | - અમદાવાદ |
| ૪. | સરોજ શાહ | - અમદાવાદ |
| ૫. | અરવિંદ ભટ્ટ | - અમદાવાદ |
| ૬. | કીર્તિકુમાર મોમાયા | - અમદાવાદ |
| ૭. | નીના ગોરજી | - અમદાવાદ |
| ૮. | ચંદ્રા શાહ | - અમદાવાદ |
| ૯. | ઉષ્મા શાહ | - અમદાવાદ |
| ૧૦. | સ્મિતા શાહ | - અમદાવાદ |
| ૧૧. | દિનેશ વોરા | - અમદાવાદ |
| ૧૨. | શાંતિલાલ શાહ | - અમદાવાદ |
| ૧૩. | જ્યોતિબેન શાહ | - અમદાવાદ |
| ૧૪. | ભાવના શાહ | - અમદાવાદ |
| ૧૫. | પ્રિયંકા શાહ | - અમદાવાદ |
| ૧૬. | રીમા વોરા | - અમદાવાદ |
| ૧૭. | કલ્પના પાલાણી | - અમદાવાદ |
| ૧૮. | વૈશાખી ત્રેવાડિયા | - અમદાવાદ |
| ૧૯. | રેખા મહેતા | - અમદાવાદ |
| ૨૦. | અલકા શાહ | - અમદાવાદ |
| ૨૧. | ગીતા મહેતા | - અમદાવાદ |
| ૨૨. | દીપા પરીખ | - અમદાવાદ |
| ૨૩. | ચંદ્રકાંત મૈશેરી | - અમદાવાદ |
| ૨૪. | નીલીમા શાહ | - અમદાવાદ |
| ૨૫. | મુલકુમારી લાલકા | - ગદગ |
| ૨૬. | યશ પારેખ | - સિકંદ્રાબાદ |
| ૨૭. | હર્ષદ ગાંધી | - બેંગ્લોર |
| ૨૮. | પ્રભાબેન શેઠિયા | - વલસાડ |

*ઉપર્યુક્ત જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતી.*

**<u>વિજેતાઓ</u>** :

1. **નીના અશોક ગોરજી - અમદાવાદ**
2. **દિનેશ મોહનલાલ વોરા - અમદાવાદ**
3. **વૈશાખી જગદીશ ત્રેવાડિયા - અમદાવાદ**

## NanoNine™ Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૦૬૪ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૮-૨૦૧૫ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ ઓક્ટોબર-૨૦૧૫ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૦૬૪

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૯ | ૭ | | | ૫ | ૮ | ૪ |
| | | | ૮ | | | | | |
| | ૮ | ૩ | | ૫ | | ૧ | | |
| | ૭ | | | | ૬ | | | ૨ |
| | | | | | | | | |
| ૮ | | | ૧ | | | | ૬ | |
| | | ૫ | | ૭ | | ૯ | ૨ | |
| | | | | | ૫ | | | |
| ૪ | ૨ | ૧ | | | ૮ | ૩ | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૯ | | | | ૫ | ૩ | ૧ | |
| | | | ૩ | ૨ | | | | |
| ૧ | | ૨ | ૬ | | | ૫ | | |
| ૨ | ૫ | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | ૪ | ૧ |
| | | ૯ | | | ૩ | ૨ | | ૪ |
| | | | | ૬ | ૭ | | | |
| | ૭ | ૫ | ૧ | | | | ૩ | ૬ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૭ | | ૧ | | | | ૮ |
| ૨ | ૮ | ૧ | | | | | | ૬ |
| | | | ૪ | ૫ | | | | ૨ |
| | ૨ | | ૫ | | | | | |
| ૭ | | | ૮ | | ૨ | | | ૯ |
| | | | | | ૩ | | ૬ | |
| ૧ | | | | ૮ | ૪ | | | |
| ૫ | | | | | | ૯ | ૮ | ૩ |
| ૯ | | | | ૨ | | ૧ | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૫ | ૩ | ૪ | | | | | |
| | | ૯ | | | ૬ | | | ૭ |
| | | | | ૫ | | ૩ | | |
| | ૩ | | ૮ | ૪ | | | ૨ | |
| | | ૫ | | | | ૪ | | |
| | ૨ | | | ૬ | ૯ | | ૧ | |
| | | ૨ | | ૭ | | | | |
| ૫ | | | ૩ | | | ૬ | | |
| | | | | | ૧ | ૯ | ૩ | ૪ |

**ઉકેલ : ક્રમાંક - ૧૦૬૩**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૯ | ૨ | ૬ | ૮ | ૪ | ૭ | ૧ | ૩ |
| ૩ | ૭ | ૧ | ૫ | ૨ | ૯ | ૮ | ૬ | ૪ |
| ૮ | ૬ | ૪ | ૧ | ૭ | ૩ | ૨ | ૯ | ૫ |
| ૬ | ૩ | ૮ | ૯ | ૪ | ૧ | ૫ | ૨ | ૭ |
| ૨ | ૫ | ૯ | ૮ | ૩ | ૭ | ૧ | ૪ | ૬ |
| ૧ | ૪ | ૭ | ૨ | ૬ | ૫ | ૩ | ૮ | ૯ |
| ૯ | ૨ | ૬ | ૩ | ૫ | ૮ | ૪ | ૭ | ૧ |
| ૭ | ૮ | ૫ | ૪ | ૧ | ૬ | ૯ | ૩ | ૨ |
| ૪ | ૧ | ૩ | ૭ | ૯ | ૨ | ૬ | ૫ | ૮ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૮ | ૨ | ૧ | ૩ | ૫ | ૪ | ૭ | ૯ |
| ૭ | ૧ | ૩ | ૪ | ૮ | ૯ | ૫ | ૨ | ૬ |
| ૯ | ૫ | ૪ | ૭ | ૨ | ૬ | ૩ | ૮ | ૧ |
| ૧ | ૬ | ૮ | ૨ | ૪ | ૭ | ૯ | ૩ | ૫ |
| ૩ | ૪ | ૭ | ૯ | ૫ | ૧ | ૨ | ૬ | ૮ |
| ૨ | ૯ | ૫ | ૩ | ૬ | ૮ | ૭ | ૧ | ૪ |
| ૪ | ૨ | ૯ | ૬ | ૧ | ૩ | ૮ | ૫ | ૭ |
| ૮ | ૩ | ૧ | ૫ | ૭ | ૪ | ૬ | ૯ | ૨ |
| ૫ | ૭ | ૬ | ૮ | ૯ | ૨ | ૧ | ૪ | ૩ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૬ | ૧ | ૭ | ૮ | ૪ | ૫ | ૨ | ૩ |
| ૨ | ૭ | ૩ | ૫ | ૬ | ૧ | ૪ | ૮ | ૯ |
| ૪ | ૮ | ૫ | ૩ | ૨ | ૯ | ૭ | ૬ | ૧ |
| ૫ | ૩ | ૨ | ૯ | ૪ | ૭ | ૬ | ૧ | ૮ |
| ૬ | ૪ | ૭ | ૮ | ૧ | ૩ | ૯ | ૫ | ૨ |
| ૧ | ૯ | ૮ | ૨ | ૫ | ૬ | ૩ | ૪ | ૭ |
| ૮ | ૨ | ૯ | ૪ | ૭ | ૫ | ૧ | ૩ | ૬ |
| ૩ | ૫ | ૬ | ૧ | ૯ | ૨ | ૮ | ૭ | ૪ |
| ૭ | ૧ | ૪ | ૬ | ૩ | ૮ | ૨ | ૯ | ૫ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૩ | ૯ | ૨ | ૪ | ૧ | ૮ | ૬ | ૫ |
| ૧ | ૫ | ૨ | ૭ | ૮ | ૬ | ૯ | ૩ | ૪ |
| ૮ | ૬ | ૪ | ૩ | ૯ | ૫ | ૨ | ૭ | ૧ |
| ૪ | ૧ | ૭ | ૯ | ૬ | ૨ | ૫ | ૮ | ૩ |
| ૫ | ૮ | ૩ | ૪ | ૧ | ૭ | ૬ | ૨ | ૯ |
| ૨ | ૯ | ૬ | ૮ | ૫ | ૨ | ૧ | ૪ | ૭ |
| ૯ | ૪ | ૧ | ૬ | ૩ | ૮ | ૭ | ૫ | ૨ |
| ૩ | ૨ | ૮ | ૫ | ૭ | ૯ | ૪ | ૧ | ૬ |
| ૬ | ૭ | ૫ | ૧ | ૨ | ૪ | ૩ | ૯ | ૮ |

## ત્રિગુણી પ્રકૃતિ ધર્મ

સત્ત્વ ગુણી સવારના, રજો ગુણી મધ્યાન;
તમો ગુણી સાયંમ સમે, નિત્ય કરે સ્નાન. (૧)

સત્ત્વે આવે સુસંપત્તિ, રજે આવે રાજપાટ;
પણ તમો ગુણીના નસીબમાં, સદા રહે ઉચાટ. (૨)

જ્યાં સત્ત્વ ત્યાં શ્રેષ્ઠતા, રજસ ત્યાં બહુમાન;
તમો ગુણી પાસે મળે, અણમાન અપમાન. (૩)

રજસ પાસ તૃષ્ણા વધે, સત્ત્વ પાસ સંતોષ;
તમો ગુણી પાસે વસે, અકૃત ઘોર ત્રિદોષ. (૪)

સત્ત્વપાસ ધાર્મિકતા, રજસ પાસ વ્યવહાર;
તમસને ભાગે ફળે, અનીતિ અનાચાર. (૫)

સુવિચાર છે સત્ત્વમાં, સ્વાર્થ રજસ વૃત્તિધાર;
તમસ પાસ પાપેક્ષણા, અનીતિ પારાવાર. (૬)

સત્ત્વ પાસ પ્રભુબંદગી, રજસ ઝાકઝમાડ;
તમસમાં શેતાન છે, જ્ઞાન ઘોર અંધકાર. (૭)

સત્ત્વ ચાહે ગોધનને, અશ્વ હાથી રજજાણ;
તમસ ચાહે ત્રણ લોકમાં, વાઘ વરૂ ને શ્વાન. (૮)

રજસને વાલા લાડવા, સત્ત્વને વહાલી ખીર;
તમો ગુણીકને સંચરે, વારુણીને બી'ર. (૯)

સત્ત્વ ચિત્ત ક્ષમતા ધરે, રજસ ધરે અહંકાર;
તમસ દિલ દવ લાગતા, ફેલે હાહાકાર. (૧૦)

સત્ત્વ પાસ છે નમ્રતા, રજસ પાસ ગુમાન;
તમસ પાસ વળગી રહે, પાશવતાને સ્થાન. (૧૧)

રજસ પાસ છે સ્વર્ગ સુખ, સત્ત્વ મુક્તિના દ્વાર;
રજસ પાસ ખૂબ જ ભર્યા, નર્ક તણા આગાર. (૧૨)

સત્ત્વ ધર્મનું મૂળ છે, રજસ જાણ થડ ડાળ;
તમસ ખરેલાં પાંદડા, કચડાતા પગતાળ. (૧૩)

સત્ત્વ સુદ્ધિ સિધ્ધિ ભર્યો, રજસ માત્ર દેખાવ;
તમસ અસિદ્ધિ પાત્ર છે, જેમાં કાંઈ નહીં ભાવ. (૧૪)

*'રશ્મિનનો રણકાર : ભાગ-૨'માંથી સાભાર*


# JETHABHAI DOONGARSHI TRANSPORT CO.

## J. D. LOGISTICS



**H.O.** : 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525 ● E-mail : jdtcompany@gmail.com

**Admn. O.** : 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950 ● E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

| MUMBAI OFFICE | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

| PUNE & OTHER MAHARASHTRA OFFICE | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

| GUJARAT OFFICE | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

| UTTAR PRADESH OFFICE | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |




સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ

★ જૈન ધર્મના પ્રચારક, અહિંસાપ્રેમી, ગરીબોના સહાયક, બિદડા સર્વોદય ટ્રસ્ટના પ્રમુખ શ્રી વિજયભાઈ છેડાને અમેરિકાના એટલાન્ટા શહેરમાં ૪૦૦થી વધુ કચ્છી જૈન ભાઈ બહેનોની હાજરીમાં 'જૈના' દ્વારા લીડરશીપ ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર જૈન સમાજના આ ૧૮મા સંમેલનની પુર્ણાહૂતિ સમયે ૩૩૦૦ જેટલા લોકો હાજર રહ્યા હતા.

★ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના ડિજિટલ યુગનાં શુભ મંડાણ દ્વારા કચ્છનું માંડવી શહેર દેશનું પ્રથમ સેન્ટર બનવા જઈ રહ્યું છે. મોબાઈલ એપ્લિકેશન 'પ્રાઈમ કન્સેપ્ટ' દ્વારા માંડવી નગરપાલિકા સાથે એમ.ઓ.યુ. કરી નગરજનોને તેમના પ્રશ્નો અને માહિતી સંદર્ભે સુવિધા મફતમાં ઉપલબ્ધ કરાવાશે.

★ હવે કચ્છનું દૂધ અખાતી પ્રદેશમાં પહોંચશે. કચ્છની 'સરહદ ડેરી'ના 'કચ્છ જિલ્લા ઉત્પાદન સંઘ લિ.' દ્વારા મિલ્ક ડેની ઉજવણી ચેરમેન શ્રી વલ્લભજી આર. હુંબલના અધ્યક્ષપદે કરવામાં આવી હતી. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે કચ્છ જિલ્લાની સરહદ ડેરી માટે ભુજ નજીક આવેલ લાખોંદ ગામે રૂા. ૧૦૦ કરોડના ખર્ચે દૂધ પ્રોસેસિંગ પ્લાન્ટની સ્થાપના કરી તેનું દૂધ આરબ રાષ્ટ્રોમાં મોકલવામાં આવશે તેમજ ભવિષ્યમાં ઊંટના દૂધનું પ્રોસેસ કરી તેની નિકાસ કરવામાં આવશે. અછતની પરિસ્થિતિમાં પણ દૂધનું વાર્ષિક ટર્નઓવર રૂા. ૩૮૧.૦૩ કરોડનું થવા પામેલ છે.

★ **વાઈ-ફાઈ :** નાનાં શહેરોમાં તથા મોટાં શહેરોમાં વાઈ-ફાઈ સુવિધા પૂરી પાડવા સરકારના આયોજન હેઠળ કચ્છના ભુજ શહેરમાં બસ સ્ટેન્ડ તથા ઑલ્ફ્રેડ હાઈસ્કૂલ વિસ્તારમાં મફત વાઈ-ફાઈ સુવિધા આઈ.સી.આઈ.સી.આઈ. બેંકના સહયોગથી શરૂ કરવામાં આવશે. આ આયોજનથી કચ્છનું પ્રવાસન ક્ષેત્ર વિકાસ પામશે.

★ કચ્છમાં વરસાદની અછતના કારણે ખેડૂતો તથા પશુપાલકોની હાલત ઘાસ, પાણી વગર કફોડી બનેલ છે. બન્ની તાલુકા, માંડવી તાલુકામાંથી માલધારીઓની હિજરત શરૂ થઈ ગઈ છે તેમજ રોજીરોટી માટે લોકોનું સ્થળાંતર પણ શહેરો તરફ થવા લાગ્યું છે.

★ કચ્છમાં ઔદ્યોગિક ક્રાંતિ દ્વારા પ્રદૂષણનું પ્રમાણ ખૂબ વધી ગયું છે અને પ્રદૂષણના જોખમી એવા 'રેડ લાર્જ' કેટેગરીમાં આવેલ ૧૯૫ ઔદ્યોગિક એકમો દ્વારા પ્રદૂષણનું પ્રમાણ ખૂબ વધી ગયું છે. તેને માપવા પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પરીક્ષણ માટે ભુજમાં લેબ બનાવવા તજ્ઞો ગોઠવાઈ રહ્યો છે.

★ ભૂકંપ બાદ કચ્છમાં આશરે ૩૦૦ જેટલા ટ્રસ્ટોની નોંધણી દર વર્ષે થતી રહે છે. જેમાં ગરીબ પરિવારના આરોગ્ય તેમજ બાળકોના ભણતર સહિત ક્ષેત્રમાં જરૂરિયાતમંદોને સહાયરૂપ થવાના આશય સાથે ૨૭૩૦ જેટલાં ટ્રસ્ટોની નોંધણી થયેલ છે.

★ બ્રોડ બેન્ડ નિગમના નિયામક શ્રી સજનાનીએ જણાવ્યું હતું કે પ્રથમ તબક્કે કચ્છના ભુજ, માંડવી અને મુંદ્રાની ગ્રામ પંચાયતોને ઓપ્ટિકલ કૅબલથી જોડી ડિજિટલ ઈન્ડિયાનું સ્વપ્ન સાકાર કરવામાં આવશે. જ્યારે બીજા તબક્કામાં કચ્છની તમામ ગ્રામ પંચાયતો અને તેના ૯૫૦ ગામોને ડિજિટલ બનાવવાની સાથે દરેક સરકારી કામો પેપરલેસ બનાવવામાં આવશે જે માટે ૧૦૦ MBPSની ઝડપી સેવાનું આયોજન કરવામાં આવશે.

★ **'કચ્છી મેવો' ખારેક પરદેશમાં ધૂમ મચાવવા સજ્જ :** આ વખતે અછતની પરિસ્થિતિ હોવા છતાં 'કચ્છી મેવા' તરીકે પ્રખ્યાત કચ્છની ખારેકનું ફાલ સારા એવા પ્રમાણમાં નિકાસ માટે તૈયાર છે.

★ સાંઘીપુરમ (અબડાસા)માં નવા સિમેન્ટ પ્લાન્ટના ઉદ્‌ઘાટન પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે કચ્છના ખેડૂતો તથા જમીનધારકો પાસે જમીનની માંગણી કરતાં જણાવ્યું હતું કે જ્યાં જ્યાં જમીન સંપાદન કરવામાં આવેલ છે ત્યાં નર્મદાનાં નીર જલદી પહોંચ્યાં છે.

★ **મફત વીજળી યોજના :** પશ્ચિમ ગુજરાત વીજ કંપની તરફથી કચ્છમાં ૧૦૦ જેટલા બી.પી.એલ. કાર્ડ ધારકોને સોલાર સિસ્ટમથી તદ્દન મફત વીજળી આપવાના પાઈલોટ પ્રોજેક્ટની પહેલ કરવામાં આવશે. આમ સૌર ઊર્જાને પ્રોત્સાહન આપતાં પર્યાવરણમાં સુધારો થશે તેવું પી.જી.વી.સી.ના અધિક્ષક પી.એમ. વ્યાસે માહિતી આપતાં જણાવ્યું હતું.

★ નર્મદાનાં નીર માટે આતુરતાપૂર્વક રાહ જોતા વાગડ પંથકના ખેડૂતોને તા. ૧૮મી જૂને મંજુવાસ (વાગડ)ના પમ્પિંગ સ્ટેશનનું ઉદ્‌ઘાટન કરતાં રાજ્યના મુખ્ય પ્રધાને હૈયાધારણ દ્વારા જણાવ્યું હતું કે આવતા ૪૮ કલાકમાં નર્મદાના નીર આપના સુધી પહોંચશે. તેથી જ પંથકના બળુકા ખેડૂતોએ નહેર, પાઈપલાઈન, ડીઝલ એન્જિન, બિયારણ, વાવેતર વગેરે પાછળ કરોડો રૂપિયા ખર્ચી નાખેલ છે. પરંતુ સૂત્રોએ તપાસ કરતાં

*કોઈની મહેરબાની મેળવવી એટલે આપણી સ્વતંત્રતા ગુમાવવી.*

જણાવ્યું હતું કે નહેરનાં અધૂરાં કામોના કારણે પાણીની વહેંચણી અટકી છે અને ચિંતાતુર ખેડૂતોનો ઊભો મૉલ પણ સુકાય છે.

★ **ભુજ - કચ્છ અને બૃહદ્ કચ્છમાં ઉજવાયું કચ્છી નવું વર્ષ :** અષાઢ માસની બીજે કચ્છી નવા વર્ષની પરંપરાગત ઉજવણી કરાઈ હતી. ઘરે ઘરે લાપસીના આંધણ ઉપરાંત ખેડૂતોએ મેઘરાજાની હાજરીની રાહ જોઈ હતી. જોકે એકાદ બે સ્થળે અમુક સેકન્ડ પૂરતાં ઝરમરિયાં થયાં હતાં. કચ્છી અને બૃહદ્ કચ્છી પરિવારોએ એકબીજાના આશીર્વાદ તેમજ શુભેચ્છાની આપ-લે કરી હતી. માંડવીમાં દરિયે પરંપરાગત રીતે પૂજનવિધિ કરાઈ હતી. તો ગાંધીધામમાં વિશાળ રથયાત્રા પણ યોજાઈ હતી.

*(જાણકારી : ન્યૂઝ પેપર)*

## ધર્મ અને વિજ્ઞાન

અંધશ્રધ્ધા તો આંધળી છે અને વહેમોના વંટોળિયાઓમાં તણાતી રહે છે, ત્યારે અતિશ્રધ્ધા પણ અવળચંડી છે અને વેવલાપણાના વાવેતર કરે છે.

✦ પશ્ચિમે અવનવા યંત્રો શોધી કારખાનાઓ સ્થાપ્યા, જ્યારે આપણે સિધ્ધિ યંત્રો બનાવી ફોટાઓમાં ફીટ કર્યા.

✦ વિજાણું યંત્રો (ઈલેક્ટ્રોનિક્સ) વિકસાવી જાપાન વિશ્વમાં સમૃધ્ધ બન્યું, જ્યારે આપણે વૈભવલક્ષ્મીના વ્રતો કરીને ગરીબીને ઘરમાં જ રાખી.

✦ વૈજ્ઞાનિક અભિગમથી અમેરિકા વિશ્વમાં સર્વાધિક સમૃધ્ધ બન્યું, જ્યારે આપણે ધાર્મિક કર્મકાંડોમાં અટવાતા રહી કંગાળ જ રહ્યા.

✦ પશ્ચિમે પરિશ્રમ કરીને તેમના સમાજમાં સ્વર્ગ ઉતાર્યું જ્યારે આપણે પૂજા-પાઠ અને ભક્તિ કરી સ્વર્ગને પરલોકમાં જ રાખ્યું.

✦ શીતળાની રસી શોધી ઍડવર્ડ જેનરે વિશ્વમાંથી શીતળાનો રોગ નાબૂદ કર્યો, જ્યારે આપણે શીતળા માતાના મંદિરો બનાવી જગતમાં મૂર્ખ ઠર્યા.

✦ પર્યાવરણની હાનિ અને પ્રદૂષણના કારણે જગત આખુ ચિંતા કરે છે ત્યારે આપણે મડદાને અગ્નિદાહ દેવા ચિતામાં લાકડા ખડકી જંગલો કાપીએ છીએ.

✦ આ દેશમાં વાસ્તુશાસ્ત્ર તથા વળગાડથી લોકો પીડાય છે, જે બિલકુલ નકામા શાસ્ત્રો છે. આ દેશમાં ઠગ લોકો ઘણા છે. એમનાથી બિલકુલ છેતરાશો નહીં.

✦ પશ્ચિમમાં વૈજ્ઞાનિક રીતે લોહી પરીક્ષણ કરીને લગ્નો થાય છે, જ્યારે આપણે ત્યાં જન્મ કુંડળીઓના કુંડાળાઓ કરીને યુવાવર્ગને ફસાવવામાં આવે છે.

✦ લસણ, ડુંગળી, બટાકા જેવા કંદમૂળ ખાવાથી આપણને પાપ લાગે છે. જ્યારે આખી ને આખી બેંકો અને કંપનીઓ ખાઈ જવાથી આ દેશમાં કોઈને પાપ લાગતું નથી.

## ગાંધી આવા હતા

“દિલ્હીની મારી છેલ્લી મુલાકાત વખતે ગાંધીજીને વંદના કરવા માટે જ્યારે હું ગાંધી સમાધિ પાસે ઊભો હતો ત્યારે મને મનમાં વિચાર આવી ગયો કે જેમાં કોઈ દેશ નેતાએ રાજકીય મુક્તિ મેળવવા માટે સફળતાપૂર્વક જંગ ખેલીને કેવળ પોતાના જ દેશબંધુઓનું જ નહીં પરંતુ જેના શાસનમાંથી પોતે તે દેશના લોકોને પણ મુક્ત કરવામાં સહાય કરીને તે રાષ્ટ્રનું પણ કલ્યાણ કર્યું હોય એવું બીજું કોઈ ઉદાહરણ ઇતિહાસમાં ક્યાંય મળતું નથી. ગાંધીજીએ ભારત ઉપર શાસન ચલાવવાનું મારા દેશના લોકો માટે અશક્ય બનાવી દીધું. એ સાથે સાથે આ કાર્ય એમણે એવી રીતે કર્યું કે કોઈપણ પ્રકારની ભોંઠપ, માનહાનિ કે અપકીર્તિ વહોર્યા વગર બ્રિટીશરો માટે આ દેશમાંથી પાછા હટી જવાનું શક્ય બન્યું. મારે કહેવું જોઈએ કે ગાંધીજીએ મારા દેશની જે સેવા બજાવી છે તે એમણે પોતાના દેશની બજાવેલી સેવાથી લેશમાત્ર પણ ઓછી મહાન નથી. કોઈ રાજ્ય - પ્રજા ઉપર આધિપત્ય જમાવવું એ પ્રમાણમાં આસાન કાર્ય છે. પરંતુ એક વખત આવું આધિપત્ય જમાવ્યા પછી તેને જતું કરી દેવું એ તો ખૂબ જ કપરું કાર્ય છે. જ્યારે કોઈ સરકારને લડતનો સામનો કરવો પડે - પછી ભલે એ લડત નૈતિક રીતે વાજબી હોય, ત્યારે બળનો ઉપયોગ કરીને પોતાની સત્તા ટકાવી રાખવાના પ્રયત્નો કરવા એ એમના માટે સહેલું છે. અને જો એક વખત પણ એ લડત હિંસાનું રૂપ ધારણ કરે તો કોઈપણ પક્ષ માટે એમાંથી હેમખેમ પાર ઉતરવાનું અશક્ય જ છે. અને એમાં પણ શાસક પક્ષ માટે તો કોઈ પ્રકારના માનભર્યા માર્ગની સંભાવના રહેતી નથી. ઇતિહાસની તદ્દન સામાન્ય કરુણતાઓમાંની આ એક છે. ગાંધીજીએ બ્રિટનને તથા ભારતને એમાંથી ઉગારી લીધા અને આ કાર્ય એમણે ક્ષુદ્ર રાજકારણની સપાટીથી પર એવા આધ્યાત્મિક સ્તર પર સારીયે લડતને પ્રતિષ્ઠિત રાખવાની ભારતના લોકોને પ્રેરણા આપીને સિધ્ધ કર્યું.”

*– આર્નોલ્ડ ટોયમ્બી*
*તેમના પુસ્તક ‘વન વર્લ્ડ’માંથી*
*ગુજરાતી અનુ. ડૉ. કે.એમ. આચાર્ય - જામનગર*

## ગુલમહોર

★ *પરમાત્માના ચરણે ફૂલો મૂકવા મંદિરે ન જાઓ,*
*પહેલાં તમારા પોતાના ઘરને પ્રેમની સુગંધથી ભરી દો.*


★ *પરમાત્માની સમક્ષ દીપ-ધૂપ કરવા મંદિરે ન જાઓ,*
*પહેલાં તમારા પોતાના હૃદયમાંથી અપરાધનો અંધકાર દૂર કરો.*

★ *પ્રાર્થનામય ભાવે પરમાત્મા સમક્ષ તમારું શીશ ઝુકાવવા માટે મંદિરે ન જાઓ,*
*પહેલાં તમારા બાંધવો સમક્ષ નમ્રતાથી શીશ ઝુકાવતાં શીખો.*

★ *ઘુંટણિયે પડીને પ્રાર્થના કરવા માટે મંદિરે ન જાઓ,*
*પહેલાં વંચિત અને તરછોડાયેલા છે*
*તેમને ઉપર ઉઠાવવા માટે થોડા નીચા નમો.*

★ *તમારા અપરાધો બદલ ક્ષમા માગવા મંદિરે ન જાઓ,*
*પહેલાં જેમણે તમારો અપરાધ કર્યો છે તેઓને ખુલ્લા દિલે માફ કરો.*

*– રવીન્દ્રનાથ ટાગોર*




## સરનામા ફેરફાર

- **જય કીર્તિકુમાર મોમાયા**
  ૧૧૭/૩, સિંધી કોમર્શિયલ માર્કેટ,
  ચોખાબજાર, કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૨.
- **ચિરાગ હસમુખભાઈ શાહ**
  ૬, સમ્રાટ નગર, સેક્ટર-૩,
  મુક્તજીવન સ્કૂલની સામે, નેશનલ હાઈવે,
  ઈસનપુર, અમદાવાદ-૩૮૨ ૪૪૩.

## શરણાઈ

- **શનિવાર, તા. ૨૫-૦૭-૨૦૧૫**
  **ચિ. ધૃતિ જયંતીભાઈ રતનશી વીરા, B.E. (દેવપુર - અમદાવાદ)**
  **ચિ. રૂષભ ગિરીશ પદમશી નાગડા, B.E., M.B.A.**
  **(ગઢશીશા - જબલપુર (હાલ પૂના))**

***નોંધ** : અત્રે નોંધનીય છે કે ચિ. રૂષભના નાનાણા શ્રી શાંતિલાલ ગોવિંદજી ગડા (સાભરાઈ - ગંજબાસોદા, મ.પ્ર.) તરફથી ચિ. રૂષભના લગ્નની ખુશાલી નિમિત્તે સંસ્થાની સેવાકીય યોજનાઓમાં દાન પ્રાપ્ત થયેલ છે.*

## અવસાન

- **શનિવાર, તા. ૧૩-૬-૨૦૧૫**
  **કુસુમબેન વીરેન્દ્ર રાઘવજી આસારિયા શાહ (મૈશેરી) (ઉં.વ.-૭૨)**
  **(મોટી સિંધોડી - અમદાવાદ)**
- **શનિવાર, તા. ૨૭-૬-૨૦૧૫**
  **દામજી નેણશી વિશનજી મોમાયા (ઉં.વ.-૮૨) (જખૌ - અમદાવાદ)**
- **મંગળવાર, તા. ૧૪-૭-૨૦૧૫**
  **શાંતિલાલ છગનલાલ શાહ (ઉં.વ. ૭૭) (નાની તુંબડી - અમદાવાદ)**
- **રવિવાર, તા. ૧૯-૭-૨૦૧૫**
  **મધુરીબેન રમણિકલાલ કુંવરજી ગોસર (ઉં.વ.-૬૧)**
  **(ગોધરા - અમદાવાદ)**
- **મંગળવાર, તા. ૨૧-૭-૨૦૧૫**
  **ચંદ્રકાંત ભવાનજી પૂંજા મૈશેરી (ઉં.વ.-૫૫) (કુવાપધ્ધર - અમદાવાદ)**

*સદ્‌ગતશ્રીઓના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના...*

## આકસ્મિક ચિરવિદાય

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી અને જૈન અગ્રણી શ્રી રમણિકભાઈ ગોસરનાં ધર્મપત્ની શ્રીમતી મધુરીબેનનું આકસ્મિક દુઃખદ અવસાન થયેલ છે. સ્વ. મધુરીબેન માયાળુ, મિલનસાર અને ધાર્મિક વૃત્તિનાં હતાં.

શ્રી કચ્છી જૈન ભવન ખાતે યોજાયેલ પ્રાર્થના સભામાં સ્વર્ગસ્થની આત્માને પરમ સુખ અને ચિર શાંતિ મળે તે માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે તથા સદ્‌ગતના કુટુંબીજનોને આ આઘાત સહન કરવાની શક્તિ આપે.

## દુઃખદ અવસાન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ભૂતપૂર્વ ટ્રસ્ટી તથા દાતા શ્રી શાંતિલાલ છગનલાલ શાહનું તા. ૧૪-૭-૨૦૧૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. એમના અવસાન થકી સમાજે આઘાતની લાગણી અનુભવી છે તથા એક સહૃદયી અને શુભેચ્છક દાતા ગુમાવ્યા છે.

પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે તથા સદ્‌ગતના કુટુંબીજનોને આ આઘાત સહન કરવાની શક્તિ આપે.

## સાભાર સ્વીકાર

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.***

### વયસ્ક સમિતિ ખાતે

રૂા. ૧૦,૦૦૦/- શ્રી રજનીકાંત ધરમશી પારેખ - અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- શ્રીમતી અલકાબેન અરવિંદભાઈ સંઘવી - અમદાવાદ

### જલારામ અન્નક્ષેત્ર ખાતે

રૂા. ૨,૦૦૦/- રીન્કુ ટ્રેડિંગ કાું. - અમદાવાદ
રૂા. ૨,૦૦૦/- શ્રી મહેન્દ્ર મોતીલાલ વસા - અમદાવાદ
રૂા. ૧,૧૦૦/- શ્રી શાંતિલાલ ગોવિંદજી છેડા (સાભરાઈ - ગંજબાસોદા (મ.પ્ર.)) દોહિત્ર ચિ. રૂષભના લગ્નની ખુશાલી નિમિત્તે.

### ડાયાલિસિસ સેન્ટર ખાતે

રૂા. ૧,૧૦૦/- શ્રી શાંતિલાલ ગોવિંદજી છેડા (સાભરાઈ - ગંજબાસોદા (મ.પ્ર.)) દોહિત્ર ચિ. રૂષભના લગ્નની ખુશાલી નિમિત્તે.

### સાધર્મિક સહાય ખાતે

રૂા. ૧,૧૦૦/- શ્રી શાંતિલાલ ગોવિંદજી છેડા (સાભરાઈ - ગંજબાસોદા (મ.પ્ર.)) દોહિત્ર ચિ. રૂષભના લગ્નની ખુશાલી નિમિત્તે.

### વૈયાવચ્ચ ખાતે


રૂા. ૧,૧૦૦/- શ્રી શાંતિલાલ ગોવિંદજી છેડા (સાભરાઈ - ગંજબાસોદા (મ.પ્ર.)) દોહિત્ર ચિ. રૂષભના લગ્નની ખુશાલી નિમિત્તે.

***સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.***

*વિકાસનાં ફળ ચાખવા હોય તો સંપીને રહેતાં શીખો.*

# ધ્વજ વંદન

## ॥ જાહેર આમંત્રણ ॥



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આપણા દેશનો ૬૯મો સ્વતંત્રતા દિવસ ઊજવે છે. શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના પ્રાંગણમાં તા. ૧૫-૦૮-૨૦૧૫ને શનિવારનાં રોજ સવારે ૯.૦૦ વાગે લબ્ધ પ્રતિષ્ઠ માનનીય શ્રી શાંતિલાલ રામજી ગાલા (નવનીત પ્રકાશન ગ્રુપ)નાં શુભ હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવશે. ધ્વજવંદન બાદ અલ્પાહાર રાખેલ છે.

તે જ દિવસે સવારનાં ૯.૩૦ વાગે શ્રી કચ્છી જૈન સેવા સમાજની વયસ્ક સમિતિ દ્વારા આયોજિત દેશ ભક્તિનાં ગીતો આધારિત અંતાક્ષરી અને ક્વિઝનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. સંપૂર્ણ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ અલ્પાહાર રાખવામાં આવેલ છે.

સમાજના સર્વે સભ્યોને ઉપરોક્ત સમગ્ર કાર્યક્રમમાં પધારવા માટે ભાવભર્યું આમંત્રણ છે.

**કે. આર. શાહ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

---

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો વાર્ષિક અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો વર્ષ ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ રજૂ કરતાં હર્ષ અનુભવું છું.

આપણી સંસ્થા દ્વારા જુદી જુદી સેવાનો વ્યાપ રહેલો છે જે અંગે ટ્રસ્ટ મંડળ, કારોબારી સમિતિ તથા ૩૫ જેટલી સમિતિઓ કાર્યરત છે. જેના દ્વારા જુદા જુદા સેવાકીય કાર્યો હાથ પર લેવામાં આવ્યાં હતાં. જેનો અહેવાલ આ પ્રમાણે છે.

સંસ્થાની નોંધપાત્ર પ્રવૃત્તિઓમાં બે ભવન તથા આવાસ યોજનાની ઈમ્પેક્ટ ફી ભરીને અમ.મ્યુનિ.કોર્પો.માંથી બી.યુ. પરમિશન મેળવી લેવામાં આવી છે અને રેગ્યુલરાઈઝ કરવામાં આવેલ છે. શાહીબાગ વિશ્રામગૃહમાં રૂમોનું રિનોવેશન કરીને ડિલક્ષ રૂમો બનાવવામાં આવ્યા.

ડાયાલિસિસ સેન્ટરમાં 'બી' પોઝિટિવ વિભાગ શરૂ કરવામાં આવ્યું. આ ડાયાલિસિસ સેન્ટરમાં બે શિફ્ટ ચાલે છે, તે ફુલ કેપેસિટીથી ચાલે છે. જેનો રોજના ૨૦ દર્દીઓ લાભ લે છે.

તબીબી સેવા સમિતિ દ્વારા દર્દીઓને સારી સુવિધા મળે તે માટે જરૂરી સાધનો વસાવવામાં આવ્યા છે. જેથી વધુમાં વધુ દર્દીઓને તેનો લાભ થાય. હૃદયની બીમારી, ઈ.એન.ટી., કિડની તથા હાડકાંના રોગોના કેમ્પ યોજી તેના દ્વારા તે અંગે સારવાર માટેની સલાહ સૂચન નિષ્ણાત ડૉક્ટરો દ્વારા સમજ આપેલ. સંસ્થાના મેડિકલ સેન્ટરનો આશરે દોઢેક લાખ વ્યક્તિઓએ વર્ષ દરમ્યાન લાભ લીધેલ છે. પ્રલિન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદ દર્દીઓને, દવાઓની કિંમતમાં ૫૦ ટકા જેટલી રાહત આપવામાં આવે છે.

સામાજિક સુરક્ષા સમિતિ દ્વારા સમાજના સભ્યો માટે મેડિકલ સહાય, શ્રાવક આરોગ્યમ્ મેડિક્લેઈમ વીમામાં ફેમિલી દીઠ રૂા. ૨,૦૦૦/- તથા વ્યક્તિગત રૂા. ૫૦૦/-ની સહાય આપવામાં આવી. જેમાં સમાજના લગભગ ૫૬૦ જેટલા કુટુંબો તથા વ્યક્તિગત વીમા લેવામાં આવ્યા.

શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ દ્વારા સમાજના બાળકો તથા વાલીઓ માટે કેરિયર ગાઈડન્સ આપવામાં આવેલ. જે માટે વિશેષ નિષ્ણાતોની સહાય લેવામાં આવેલ.

હિસાબી સમિતિ દ્વારા વર્ષ દરમ્યાન હિસાબો દર મહિને સમયસર તૈયાર કરી, તેને ઑડિટ કરાવી રજૂ કરવામાં આવ્યા. જે માટે ખજાનચીશ્રી, સહ ખજાનચીશ્રી તથા એકાઉન્ટ ડિપાર્ટમેન્ટનો સુંદર સાથ-સહકાર મળેલ છે.

ખરીદ સમિતિ દ્વારા વર્ષ દરમ્યાન ત્રણેય ભવનની વાજબી દરે જરૂરિયાત મુજબ ખરીદ કરવામાં આવેલ.

ઉઘરાણી સમિતિ દ્વારા ૨૦૧૪-૧૫માં રૂા. ૧.૫૫ કરોડ (રૂપિયા એક કરોડ પંચાવન લાખ)ની જુદા જુદા નકરાઓની ઉઘરાણી કરેલ છે. જે માટે સમાજના કારોબારી સભ્ય શ્રી દિનેશચંદ્ર જગજીવન શાહે ખૂબ જ સુંદર મહેનત કરી છે.

*વિનમ્ર થઈ શકે એ જ જિંદગીમાં સફળ થઈ શકે.*

ફંડ રેઈઝિંગ સમિતિના પ્રયત્નો દ્વારા વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન રૂા. ૯૮,૭૩,૬૬૬/- (રૂપિયા અઠ્ઠાણું લાખ તોંત્તેર હજાર છસ્સો છાંસઠ) જેટલું ડોનેશન મેળવવામાં આવેલ.

શૈક્ષણિક લોન સમિતિ દ્વારા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન અભ્યાસ માટે રૂા. ૬,૧૨,૦૦૦/- (રૂપિયા છ લાખ બાર હજાર)ની સહાય આપવામાં આવી.

વયસ્ક સમિતિ દ્વારા વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન જુદા જુદા કાર્યક્રમો અને પ્રવાસો, ફોરેન ટૂર, યાત્રાઓ તથા પિકનીકના સ્થળોની મુલાકાતનું તેમજ ગીત-સંગીત વગેરેના કાર્યક્રમો દ્વારા વયસ્કોનું મનોરંજન કરેલ.

સાધર્મિક સહાય સમિતિ દ્વારા રૂા. ૨,૩૭,૦૦૦/- (રૂપિયા બે લાખ સાડત્રીસ હજાર) જેટલી સહાય ૧૨ કુટુંબોને આપવામાં આવેલ છે.

પરિચય મિલન સમિતિ દ્વારા લગ્નોત્સુક કચ્છી જૈન તથા અન્ય જૈન યુવા-યુવતીઓના ૫૬૦ જેટલા નામો નોંધાયેલ છે અને તેની ડેટા બેંક પણ તૈયાર કરવામાં આવેલ છે. જેના દ્વારા દર શનિવારે બપોરના ૩.૦૦થી સાંજે ૬.૦૦ વાગ્યા સુધી રૂબરૂ માહિતી મેળવી લાભ લે છે.

સભ્યપદ સમિતિ દ્વારા વર્ષ દરમ્યાન ૬૫ જેટલા નવા સભ્યો, ટ્રસ્ટ મંડળની મંજૂરી દ્વારા નોંધવામાં આવેલ. હાલ આપણા સમાજના નોંધાયેલ સભ્યોની કુલ સંખ્યા ૧૧૮૯ છે તેમજ ટ્રસ્ટ પ્રતિનિધિની સંખ્યા ૨૧ નોંધાયેલ છે.

'મંગલ મંદિર' તંત્રી મંડળ દ્વારા સમાજનું મુખપત્ર 'મંગલ મંદિર' દર વર્ષની જેમ સમયસર પ્રકાશિત થયેલ છે.

ભારતની શૈલજા નાયર ફાઉન્ડેશન સંસ્થા દ્વારા "ઈન હાઉસ મેગેઝિન્સ" શૃંખલાનો વર્ષ ૨૦૧૫નો I.C.E. એવોર્ડ મળેલ છે. ભારતના ૧૦૦ જેટલા ઉત્કૃષ્ટ મેગેઝિનોમાં 'મંગલ મંદિર' સ્થાન પામેલ છે.

આ સિવાય બાળ કલ્યાણ સમિતિ દ્વારા ૧૩ બાળકોને રૂા. ૧૦,૦૦૦/- લેખે H.D.F.C. Bankના બોન્ડ આપવામાં આવેલ છે, જે માટે રૂા. ૧,૩૦,૦૦૦/-નું રોકાણ કરેલ છે.

યુવા વિકાસ સમિતિ દ્વારા નવરાત્રિ, શરદ પૂનમના દિવસે ગરબાનું સુંદર આયોજન કરવામાં આવેલ છે.

વૈયાવચ્ચ સમિતિ દ્વારા વર્ષ દરમ્યાન ૭૮૭ સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબોનું મેડિકલ સેન્ટર દ્વારા વૈયાવચ્ચ કરવામાં આવેલ.

મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા બહેનોને લગતી હરીફાઈઓ તથા પિકનિક તેમજ બોડી ચેક-અપ અને મહિલા ઉત્કર્ષના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

સમાજ દ્વારા વર્ષ ૨૦૧૪-૧૫માં શ્રી કચ્છી બિઝનેસ ડિરેક્ટરીની ૩૦૦૦ કોપી પ્રકાશિત કરવામાં આવી. આ ડિરેક્ટરીમાંથી ૨૩૦૦ નંગ જેટલી ડિરેક્ટરીનું વિતરણ કરવામાં આવ્યું છે.

આ રીતે વર્ષ દરમ્યાન અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. જેમાં ટ્રસ્ટ મંડળના સભ્યશ્રીઓ તથા કારોબારી સમિતિના સભ્યશ્રીઓનું પણ સુંદર યોગદાન મળેલ છે. તે બદલ તેમનો પણ ખૂબ આભાર. તેમજ દરેક સમિતિના કન્વીનરો તથા સમિતિ સભ્યો દ્વારા દરેક કાર્યો ખંત - મહેનતથી યોજનાબદ્ધ રીતે પૂર્ણ કરવામાં આવેલ છે તે બદલ તેઓનો પણ ખૂબ ખૂબ આભાર.

આ સર્વે કાર્યક્રમોમાં મેનેજરશ્રી તથા વહીવટી સ્ટાફ દ્વારા પણ સમયની પાબંદી વિના સુંદર સહયોગ મળેલ છે. તે બદલ તેઓનો પણ ખૂબ ખૂબ આભાર.

સંસ્થા દ્વારા ચાલી રહેલ સેવા પ્રવૃત્તિઓમાં સાથ-સહકાર આપનાર સર્વે દાતાઓ અને કાર્યકરોનું સંસ્થા હૃદયપૂર્વક આભાર માને છે. તેમજ હવે આવનાર વર્ષમાં પણ સર્વેનો આવો જ સાથ-સહકાર મળતો રહેશે તેવી અભ્યર્થના સહ.

**કે. આર. શાહ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**


## કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ

**નીચે જણાવેલ સ્થળે મ્યુઝિયમ નિહાળવા જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ છે. આ મ્યુઝિયમની મુલાકાતથી અમદાવાદમાં રહીને કચ્છ - દર્શનની એક ઝલક જોઈ શકશો. દેશ-વિદેશથી આવતા આપના કોઈપણ મહેમાનો સાથે આપ આ મ્યુઝિયમની અવશ્ય મુલાકાત લેશો.**

***મ્યુઝિયમ જોવા માટે કોઈ એન્ટ્રી ફી નથી.***

***સ્થળ :*** શ્રી કચ્છી વિશ્રામગૃહ, અરિહંતનગર દેરાસરની સામે, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ.

***ફોન સંપર્ક :*** (૦૭૯) ૨૨૮૮૪૫૪૭ ● ***સમય :*** સવારે ૧૦થી ૨ અને સાંજે ૫ થી ૭.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ૨૮મી વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ૨૮મી વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૧૯-૭-૨૦૧૫ના રોજે સવારના શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળેલ હતી. ત્યારે તેમાં ૬૦ જેટલા સભ્યો ઉપસ્થિત રહેલ હતા.

સૌપ્રથમ સંસ્થાના પ્રમુખશ્રી દ્વારા આવકાર પ્રવચન આપવામાં આવેલ હતું. ત્યારબાદ સહ મંત્રીશ્રી દ્વારા ગત સભાની મિટિંગની મિનિટ્સનું વાંચન કરવામાં આવેલ અને તેને સર્વાનુમતે બહાલ રાખવામાં આવેલ. સહ મંત્રીશ્રીએ ગત વર્ષ દરમ્યાનની સમાજની પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો કે જે સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ. ત્યારબાદના એજન્ડા પ્રમાણે વર્ષ ૨૦૧૪-૧૫ના ઓડિટેડ હિસાબો ખજાનચીશ્રી તથા સહ ખજાનચીશ્રીની ગેરહાજરીમાં સહ મંત્રીશ્રીએ રજૂ કરેલ. જેને સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ. વર્ષ ૨૦૧૫-૨૦૧૬ માટે ઓડિટરશ્રીની નિમણૂકની જાહેરાત કરવામાં આવી. જેને સહુએ અનુમતિ આપી. વર્ષ ૨૦૧૫-૨૦૧૬ માટે ચૂંટણી પંચ દ્વારા ટ્રસ્ટીશ્રીઓની ઉમેદવારીને બિનહરીફ જાહેર કરવામાં આવી અને કારોબારી સમિતિની ૬ સીટ માટે ૬ ઉમેદવારો રહેતાં આ ૬ ઉમેદવારોને પણ બિનહરીફ જાહેર કરવામાં આવ્યા. જેની વિગતો નીચે મુજબ છે :

### ટ્રસ્ટીશ્રીઓની આ વર્ષ માટે ખાલી થતી સીટ – ૬ સીટ પર ચૂંટાયેલ ઉમેદવારો

*દાતા ટ્રસ્ટી ગ્રુપ* : (૧) શ્રી અનિલભાઈ રામજી હરિયા
(૨) ડૉ. ચંદ્રકાંત કાનજીભાઈ દેઢિયા
(૩) શ્રી શાંતિલાલ મુળજી સાવલા

*માનદ્ ટ્રસ્ટી ગ્રુપ* : (૧) શ્રી અશ્વિનભાઈ હીરજી સાવલા
(૨) શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ

*સ્વજન ટ્રસ્ટી ગ્રુપ* : (૧) શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)

ઉપરોક્ત દરેક ઉમેદવારને બિનહરીફ ચુંટાયેલા જાહેર કરવામાં આવેલ હતા.

### કારોબારી સમિતિની આ વર્ષ માટે ખાલી થતી સીટ – ૬ સીટ માટે ચૂંટાયેલા સભ્યો

૬ સીટની સામે ૬ ઉમેદવારો ઊભા રહેલ હતા કે જેના પરિણામે, ચૂંટણી પંચ દ્વારા આ ૬ ઉમેદવારોને બિનહરીફ જાહેર કરવામાં આવ્યા હતા.

(૧) શ્રી દિનેશ રતિલાલ મહેતા
(૨) શ્રી લહેરચંદ પુનશી મૈશેરી
(૩) શ્રી નીતિન ધનજી ગાલા
(૪) શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા
(૫) શ્રી રજનીકાંત ધરમશી પારેખ
(૬) શ્રીમતી શિલ્પીબહેન પ્રકાશભાઈ શાહ

અન્ય કોઈ કાર્યવાહી બાકી ન રહેતાં, પ્રમુખશ્રીએ સભાને બરખાસ્ત થયેલ જાહેર કરેલ હતી.

હળવા નાસ્તાની મજા માણી સહુ છૂટા પડ્યા હતા.

**કે. આર. શાહ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# મેરેજ બ્યુરો

**શ્રી કચ્છી જૈન ભવન પર કોઈ પણ જ્ઞાતિના યુવક - યુવતી માટે મેરેજ બ્યુરો કાર્યરત છે. આપશ્રી આપનું નામ રજિસ્ટર કરાવીને મેચીંગ સંબંધી જરૂરી વિગતો મેળવી શકશો. રૂબરૂ મુલાકાત માટે દર શનિવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦નો સમય નક્કી કરવામાં આવેલ છે. જરૂરિયાત અનુસાર આપશ્રી મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુ શાહનો મોબાઈલ નંબર ૯૮૨૫૩ ૮૦૮૬૬ પર સંપર્ક સાધી શકશો.**

***હીરજી પાસુ શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ચૂંટણી પંચ : ચૂંટણીના પરિણામની જાહેરાત

### ટ્રસ્ટ મંડળ

★ બંધારણની કલમ-૫(૨) – દાતા ટ્રસ્ટીની (જગ્યા-૩) જેમાં ૩ ઉમેદવારી પત્રક આવેલ હતા. જેથી ઉપરોક્ત ત્રણે ઉમેદવાર :

(૧) શ્રી અનિલભાઈ રામજી હરિયા

(૨) ડૉ. ચંદ્રકાંત કાનજીભાઈ દેઢિયા

(૩) શ્રી શાંતિલાલ મુળજી સાવલા

બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવે છે.

★ માનદ્ ગ્રુપ (જગ્યા-૨) જેમાં બે ની જગ્યાએ ચાર ઉમેદવારી પત્રકો આવેલ. પરંતુ (૧) શ્રી દિનેશ મણિલાલ શાહ, (૨) શ્રી પીયૂષ રવિલાલ પારેખે પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેતા –

(૧) શ્રી અશ્વિન હીરજી સાવલા

(૨) શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહને

બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવે છે.

★ સ્વજન ગ્રુપ (જગ્યા-૧) જેમાં બે ઉમેદવારી પત્રકો આવેલ. પરંતુ શ્રી જગદીશ શાંતિલાલ ત્રેવડિયાએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેતા

(૧) શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)

બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવે છે.

### કારોબારી સમિતિ

★ બંધારણની કલમ-૫(૩) મુજબ કારોબારી જગ્યા (૬) માટે આઠ ઉમેદવારી પત્રકો આવેલ હતા. પરંતુ (૧) શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ, (૨) શ્રીમતી સુલુબેન જલદીપ શાહે પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેતા –

(૧) શ્રી દિનેશ રતિલાલ મહેતા

(૨) શ્રી લહેરચંદ પુનશી મૈશેરી

(૩) શ્રી નીતિન ધનજી ગાલા

(૪) શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા

(૫) શ્રી રજનીકાંત ધરમશી પારેખ

(૬) શ્રીમતી શિલ્પીબહેન પ્રકાશભાઈ શાહ

બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવે છે.

**ચૂંટણી પંચ : ૨૦૧૫-૧૬**

**શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી** **શ્રી આણંદજી વેલજી વીરા**

# તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. એર બેડ | રૂા.૧૦/- | ૫. વૉકર | રૂા. ૨/- | ૯. બેડ પાન | રૂા. ૨/- |
| ૨. વ્હીલ ચેર | રૂા. ૩/- | ૬. વૉકિંગ સ્ટીક | રૂા. ૧/- | ૧૦. ફાઉલર બેડ | રૂા.૧૦/- |
| ૩. ઓક્સિજન સિલિન્ડર (નાનો) | રૂા. ૫/- | ૭. કમોડ ચેર | રૂા. ૩/- | ૧૧. ટેબલ ટોપ (ફાઉલર બેડ માટે) | રૂા. ૨/- |
| ૪. નેબ્યુલાઈઝર | રૂા. ૫/- | ૮. સેલાઈન સ્ટેન્ડ | રૂા. ૨/- | ૧૨. બેક રેસ્ટ | રૂા. ૨/- |

નોંધ : **(૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે. **(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

***કે. આર. શાહ - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સમાજની વિવિધ સમિતિઓની રચના બાબત

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદમાં***
***નીચે મુજબની વિવિધ સમિતિઓ દ્વારા સમાજની વિવિધ પ્રવૃત્તિઓનું સંચાલન કરવામાં આવે છે.***

૧. શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ
૨. ઉચ્ચ શિક્ષણ સમિતિ
૩. સરસ્વતી સન્માન (વિદ્યાર્થી પુરસ્કાર) સમિતિ
૪. યુવા વિકાસ સમિતિ
૫. મહિલા ઉત્કર્ષ સમિતિ
૬. દેહદાન / અવયવદાન / બ્લડ ડોનેશન સમિતિ
૭. મેરેજ બ્યુરો સમિતિ
૮. તબીબી સેવા સમિતિ
૯. વૈયાવચ્ચ સમિતિ
૧૦. સભ્યપદ તથા મેડિકલ કાર્ડ સમિતિ
૧૧. ફંડ રેઈઝિંગ સમિતિ
૧૨. ભવન સમિતિ
૧૩. કેન્ટીન સમિતિ
૧૪. દર્દી સહાય સમિતિ
૧૫. ડોનેશન ફૉલો-અપ સમિતિ
૧૬. જમણવાર સમિતિ
૧૭. સામાજિક સુરક્ષા તથા બાળ કલ્યાણ સમિતિ
૧૮. હિસાબી સમિતિ
૧૯. બંધારણ સમિતિ
૨૦. શૈક્ષણિક સહાય (લોન) સમિતિ
૨૧. સાધર્મિક સહાય સમિતિ
૨૨. કચ્છ આર્ટ ગેલેરી સમિતિ
૨૩. લીગલ સમિતિ
૨૪. મુંબઈ અતિથિ ભવન સમિતિ
૨૫. પર્યાવરણ સમિતિ
૨૬. મંગલ મંદિર (તંત્રી મંડળ) સમિતિ
૨૭. વયસ્ક સમિતિ
૨૮. કોમ્પ્યુટર અને વેબસાઈટ સમિતિ
૨૯. લાઈબ્રેરી સમિતિ
૩૦. કચ્છી યલો પેજીસ ફોલો-અપ સમિતિ
૩૧. નવા પ્રોજેક્ટ સમિતિ
૩૨. રિનોવેશન સમિતિ
૩૩. ડાયાલિસિસ સેન્ટર સમિતિ
૩૪. પ્રચાર - પ્રસાર સમિતિ
૩૫. સાંસ્કૃતિક સમિતિ

૧. ઉપરોક્ત સમિતિઓમાં જે સભ્યોને પોતાનો સમય તથા સેવા આપવામાં રસ હોય તેમણે માનદ્ મંત્રીશ્રીના નામે પત્ર લખી સંસ્થાના કાર્યાલય - પાલડી ભવન ઉપર તા. ૧૦-૮-૨૦૧૫ સુધી પહોંચાડવો. આ પત્રમાં સભ્યને કઈ સમિતિમાં કાર્ય કરવામાં રસ છે તેનો ખાસ ઉલ્લેખ કરવો.
૨. એક સાથે વધારેમાં વધારે બે સમિતિના કન્વીનરપદે તથા વધારેમાં વધારે ત્રણ સમિતિના સભ્ય તરીકે લાભ લઈ શકાશે.
૩. દરેક સમિતિના કન્વીનર સાથે પાંચ સભ્યોની સમિતિ બનાવવામાં આવશે. પણ જરૂર જણાય ત્યાં અપવાદરૂપ સંજોગોમાં પ્રમુખશ્રી / મંત્રીશ્રી સમિતિની સભ્ય સંખ્યામાં વધારો / ઘટાડો કરી શકશે.
૪. સંસ્થાના ટ્રસ્ટ બોર્ડ / કારોબારી સમિતિ જે તે સમિતિના કન્વીનર અને સભ્યોની નિમણૂક કરશે.
૫. સમિતિઓની રચના બાબત, સમિતિઓની સંખ્યામાં ફેરફાર કરવા અથવા મર્જ કરવા બાબતનું કોઈ સૂચન હોય તો જણાવવું.

**કે. આર. શાહ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*એકાગ્રતાથી લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરો, સફળતા મળશે.*

## શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ''શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ'' દર વર્ષની માફક ચાલુ વર્ષે પણ સમાજની વિશિષ્ટ પ્રતિભાઓનું સન્માન કરવા માંગે છે. સમાજની કોઈ પણ વ્યક્તિએ કોઈ પણ ક્ષેત્રે એટલે કે વ્યાપાર, ઉદ્યોગ, તબીબી, શિક્ષણ, રમતગમત, સમાજસેવા, લેખન, ચિંતન, અધ્યાત્મ, શોધખોળ, ડિઝાઈનિંગ તથા અન્ય કોઈ પણ ક્ષેત્રે વિશિષ્ટ કાર્યવાહી કરેલ હોય અને તેમણે કોઈ પણ નામી સંસ્થા તરફથી વિશિષ્ટ સન્માન / ઍવોર્ડ / મેડલ / ઈનામ / સર્ટિફિકેટ / શિલ્ડ વગેરે મેળવેલ હોય તેઓએ અમને વિગતવાર માહિતી સાથે તરતમાં જાણ કરવાની રહેશે.

સમિતિના નીતિ નિયમો અનુસાર એ વિગતોની ચકાસણી કર્યા બાદ યોગ્ય પ્રતિભાઓનું સ્વામિવાત્સલ્ય કાર્યક્રમના દિવસે જાહેર સન્માન કરવામાં આવશે.

*કન્વીનર : શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ*

## સાંસ્કૃતિક કાર્યક્રમ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તા. ૨૭મી સપ્ટેમ્બરે વાર્ષિક સ્નેહ મિલન - ક્ષમાપના કાર્યક્રમ - સ્વામિવાત્સલ્યનું આયોજન કર્યું છે. એ પ્રસંગે મનોરંજન કાર્યક્રમનું પણ આયોજન છે. સમાજના બાળકો - યુવાનો સૌ કોઈને આ કાર્યક્રમમાં ભાગ લઈ પોતાની પ્રતિભા પ્રદર્શિત કરવા માટે ઈજન છે. ગીત - સંગીત - નૃત્ય - નાટ્યમાં રસ ધરાવતા સમાજના સભ્યો અને પરિવારજનોએ પોતાનાં નામ તા. ૧૫-૭-૨૦૧૫ સુધીમાં નોંધાવવાનાં રહેશે.

*સંપર્ક :*

*રચના પીયૂષભાઈ પારેખ* ૯૨૨૭૨ ૫૬૫૬૮

*નેહા મનીષ શાહ* ૯૪૨૮૧ ૦૪૮૪૪

*કન્વીનર : સાંસ્કૃતિક સમિતિ*

## વયસ્ક સમિતિ

તા. ૧૫ ઓગસ્ટ ને શનિવારના રોજ સમિતિ તરફથી દેશ ભક્તિના ગીતો પરની અંતાક્ષરી - ક્વિઝ અને વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. આ દિવસે 'ગપ્પાં હરીફાઈ' યોજવામાં આવશે. વિજેતાઓને ઈનામોથી નવાજવામાં આવશે.

સૌ વડીલોએ કાર્યક્રમમાં ભાગ લેવા માટે સવારે સાડા આઠથી નવ વાગ્યા સુધી હાજર થઈ પોતાના નામ રજિસ્ટર્ડ કરાવી લેવા. આ લોકોને જ હરીફાઈમાં ભાગ લેવા દેવામાં આવશે. સમાજ દ્વારા ધ્વજવંદનના કાર્યક્રમ પછી ગરમ નાસ્તા અને ચા-પાણી બાદ આ કાર્યક્રમ યોજાશે. છૂટા પડતાં હેવી નાસ્તાનો સ્વાદ માણીશું.

*રજનીકાંત પારેખ, કન્વીનર - વયસ્ક સમિતિ*

## તબીબી સેવા સમિતિ

### પથરીની સમસ્યા તથા નિરાકરણ

તા. ૨-૭-૨૦૧૫, ગુરુવારના ૧૧થી ૧૨.૩૦ દરમ્યાન એક ખૂબ માહિતીસભર અને ઉપયોગી વર્કશોપ મેડિકલ સેન્ટર દ્વારા યોજવામાં આવેલ. નિષ્ણાત યુરોલોજિસ્ટ ડૉ. હિમાંશુ શાહે ''પથરીની સમસ્યા તથા નિરાકરણ'' વિષયના પોતાનાં વક્તવ્યમાં કિડની તથા મૂત્રમાર્ગમાં પથરી શેનાથી થાય, તેના લક્ષણો શું હોય, આ માટે જરૂરી પરીક્ષણો તથા સારવાર, યોગ્ય ખોરાક, ક્યારે શસ્ત્રક્રિયાની જરૂર પડે વગેરે બાબતો આવરી લઈ લોકોને ખૂબ સુંદર સમજ આપેલ તથા પુછાયેલા પ્રશ્નોનાં સંતોષકારક જવાબો પણ આપેલ. ૩૫ વ્યક્તિઓએ ખૂબ રસથી આમાં ભાગ લીધેલ.

સમાજનાં સર્વશ્રી અશ્વિનભાઈ સાવલા, પ્રતાપભાઈ દંડ, કે.ડી. શાહ, રમણિકભાઈ ગોસર, દિનેશભાઈ મહેતા, મગનભાઈ સંઘવી, શાંતિલાલભાઈ સંઘવીએ હાજરી આપી સમિતિનો ઉત્સાહ વધારેલ.

★

**BMD બોન મિનરલ ડેન્સિટી ટેસ્ટ કરાવો અને હાડકાંની નબળાઈ વિશે જાણો.**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

***સંચાલિત***

**નવનીત મેડિકલ સેન્ટર તથા**

**શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર**

**દ્વારા આયોજિત**

### નિ:શુલ્ક (BMD) બી.એમ.ડી. ટેસ્ટ કેમ્પ

**સ્થળ :** શ્રી કચ્છી જૈન ભવન,
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

**સમય :** મંગળવાર, તા. ૧૧-૮-૨૦૧૫
સવારે ૦૯.૦૦થી ૧૧.૦૦

★ ૩૦ વર્ષથી ઉપરની કોઈપણ વ્યક્તિ આ કેમ્પનો લાભ લઈ BMD ટેસ્ટ કરાવી શકશે.

★ તા. ૨૩-૭-૨૦૧૫થી મેડિકલ સેન્ટરમાં રજિસ્ટ્રેશન કરાવી શકાશે.

★ મર્યાદિત સંખ્યામાં વ્યક્તિઓને લેવાનાં હોવાથી વહેલા તે પહેલાના ધોરણે લેવામાં આવશે.

*કન્વીનર : તબીબી સેવા સમિતિ*

*જિંદગી તરફ પીઠ ફેરવીને બેસવાથી કંઈ નહીં વળે, સામનો કરો.*

# મહિલા ઉત્કર્ષ સમિતિ

પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૧૯-૬-૨૦૧૫ને શુક્રવારના રોજ પાલડી ભવન ખાતે હરીફાઈઓ યોજવામાં આવી હતી.

**૧. શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા – ફરસાણ હરીફાઈ (વિષય : સ્ટાર્ટર)**

**૨. શ્રીમતી પ્રબાબેન કાંતિલાલ સાવલા – મિષ્ટાન્ન હરીફાઈ (વિષય : ફ્રુટ્સ અથવા ડ્રાયફ્રુટ્સ.)**

અને સાથે સોલર કૂકર ડેમોન્સ્ટ્રેશન.

ઉપરોક્ત બંને હરીફાઈઓમાં નિર્ણાયક તરીકે શ્રીમતી સુમીરા શાહ ઉપસ્થિત રહ્યાં હતાં. જેઓ ઈ-ટી.વી. (કલર્સ ગુજરાતી) રસોઈ શો માં એક્ષપર્ટ તરીકે વર્ષોથી સેવા આપી રહ્યાં છે.

નિર્ણાયક પોતાનો નિર્ણય જાહેર કરે તે દરમ્યાન ખાદી ગ્રામોદ્યોગ પ્રયોગ સમિતિના પ્રતિનિધિ શ્રી દેવેન્દ્રભાઈ હાજર રહ્યા હતા. એમણે સોલર કૂકરની અગત્યતા સમજાવતાં, તે સાધન વિષેની વિગતવાર માહિતી પૂરી પાડી હતી. ઊર્જા, સમય, પૈસા બચાવીને પૌષ્ટીક વાનગીઓ કેવી રીતે બનાવી શકાય તેની ખાસ સમજણ આપી હતી.

સંસ્થાના જણાવ્યા મુજબ પૂરા ભારતવર્ષમાં એક ગુજરાત જ એવું રાજય છે કે જ્યાં સરેરાશ ૧૦ મહિના સુધી સૂર્યનો તડકો રહે છે. આથી આપણે સૌએ આ સોલર કૂકર વાપરીને સૂર્ય ઊર્જાનો મહત્તમ ઉપયોગ કરવો જોઈએ. તેમણે માહિતીપત્રક પણ વહેંચ્યા હતા.

બીજી વિશેષતા એ હતી કે દરેક હરીફને આશ્વાસન ઈનામો અપાયાં હતા. ઉપરાંત જે બહેનોએ હરીફાઈમાં ભાગ ન લીધો હોવા છતાં હાજરી આપીને હરીફો અને કાર્યકરોનો ઉત્સાહ વધાર્યો હતો, તે સૌને ડ્રો પધ્ધતિથી (૯ ઈનામો) સ્પોન્સરર શ્રીમતી પ્રભાબેનના હસ્તે અપાયા હતા. દર વખતની જેમ, અર્થોપાર્જન કરતી બહેનોએ પોતાના સાહસની જાહેરાત પણ કરી હતી.

અંતમાં નિર્ણાયક શ્રીમતી સુમીરા શાહે વિજેતા જાહેર કરતાં પહેલાં કૂકિંગ હરીફાઈ વિષેની ટીપ્સ આપી હતી. જેમકે હરીફાઈમાં ભાગ લેવા માટે ડેકોરેશન, સ્વાદ, પ્રેઝન્ટેશન વગેરેને મહત્ત્વ આપવામાં આવે છે અને હરીફાઈમાં વાનગીની પસંદગી બહુ અગત્યનો ભાગ ભજવે છે.

શ્રીમતી પ્રભાબેન સાવલા (સ્પોન્સરર)એ સ્મૃતિ ચિહ્નથી નિર્ણાયકનું બહુમાન કર્યું હતું અને હરીફાઈઓના વિજેતા જાહેર કરાયાં હતાં, જે નીચે પ્રમાણે છે :

**શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા – ફરસાણ હરીફાઈ**

★ પ્રથમ : શ્રીમતી લક્ષ્મી પ્રીતેશ ગુલાબચંદ જૈન
(વાનગી : ટ્રાય લેયર સેવ રોલ)

★ દ્વિતીય : શ્રીમતી જયશ્રી વિજય ઉમરશી ભારાણી
(વાનગી : મિક્ષ વેજ સ્ટફ્ડ સ્ટાર્ટર)

★ તૃતીય : યાત્રી અંકિત અશોક સાવલા
(વાનગી : સ્ટફ્ડ વૉટર મેલન ખાંડવી)

**શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા – મિષ્ટાન્ન હરીફાઈ**

★ પ્રથમ : શ્રીમતી પુષ્પાબેન રમેશચંદ્ર શાહનંદ
(વાનગી : સ્ટફ્ડ ડ્રાયફ્રુટ હેલ્થી લાડવા)

★ દ્વિતીય : શ્રીમતી માલાબેન શાહ
(વાનગી : બંગાળી સ્વીટ)

★ તૃતીય : શ્રીમતી જ્યોત્સના બિપીન ગોગરી
(વાનગી : કીવી કોકોનટ હલવો)

*સુલુ જલદીપ શાહ - કન્વીનર*

## ગૌરક્ષક બચુભાઈ રાંભિયા તથા તેમની ગીતાસેનાના સૈનિકો ઉપર કસાઈઓ દ્વારા થયેલ જીવલેણ હુમલો

### સમગ્ર ભારતમાં ૮૮,૦૦૦થી વધુ અબોલ જીવો કતલખાનામાં જતાં બચાવનારી એકમાત્ર સંસ્થા

૧૯૯૩માં કસાઈઓ દ્વારા ગૌરક્ષક ગીતાબેન રાંભિયાના અવસાન બાદ ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટના સંચાલક ગૌરક્ષક બચુભાઈ રાંભિયાએ અબોલ જીવો બચાવવાનું બીડું હાથ ધર્યું હતું. આ કાર્ય હેઠળ ૨૦૧૫ના જૂન માસમાં ધંધુકા તાલુકામાંથી કુલ ૪૦ જીવોને કતલખાને જતાં બચાવી અભયદાન અપાવ્યું હતું. તેથી રોષે ભરાયેલા કસાઈઓએ આયોજનબદ્ધ રીતે તા. ૨૭-૬-૨૦૧૫ના રોજ ધંધુકા ખાતે વહેલી સવારે ઘાતક હથિયારો વડે ગીતા સૈનિકો પર જીવલેણ હુમલો કરેલ. જેમાં ગૌરક્ષક બચુભાઈ પી. રાંભિયાને તેમજ ગીતા સૈનિકોને ગંભીર ઈજા થઈ હતી.

હાલમાં તેઓ સ્વસ્થ છે અને પોતાના અબોલ જીવોના કાર્યક્રમને આગળ ધપાવી રહેલ છે. તેઓએ આ પ્રકારનાં કાર્યો માટે જાહેર જનતાને દાન આપવા અપીલ કરેલ છે. ■

## અભિનંદન

### શ્રી નૌતમભાઈ વકીલ મેનેજિંગ ડિરેક્ટર બન્યા

જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી નૌતમભાઈ વકીલની, અમદાવાદની પ્રતિષ્ઠિત કલર મરચન્ટ બેંકની ૪૫મી વાર્ષિક સાધારણ સભા બાદ સર્વાનુમતે મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિયુક્તિ કરવામાં આવી.

શ્રી નૌતમભાઈ વકીલને આ પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ખૂબ ખૂબ અભિનંદન. ■

*જ્ઞાન આપણા મગજમાં નહિ, બલકે એ અત્યંત વિસ્તૃત પર્યાવરણમાં રહેલું છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## જૂન / જુલાઈ - ૨૦૧૫

- **તા. ૨૧-૬-૨૦૧૫**

★ આજરોજ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિની એક મિટિંગ મળી હતી. તેમાં બાળકોને 'કેરિયર ૩૬૦' મેગેઝિન મોકલવાની કાર્યવાહી કરવામાં આવી હતી. આ ઉપરાંત કૉલેજ શરૂ કરવા અંગે સર્વે કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ મિટિંગમાં શ્રી એચ.કે. શાહ, પ્રદીપ મહેતા, હાસ્યલતા મહેતા તેમજ દેવેન છેડા હાજર હતા.

- **તા. ૨૨-૬-૨૦૧૫**

★ ચૂંટણી પંચની મિટિંગમાં શ્રી મગનલાલ સંઘવી અને આણંદજી વીરા ઉપસ્થિત હતા. વાર્ષિક જનરલ ચૂંટણીને આખરી ઑપ આપી ચૂંટણીમાં ઊભા રહેલા ઉમેદવારોનાં નામોને નોટિસ બોર્ડ ઉપર પ્રસારિત કરવામાં આવ્યાં હતાં.

- **તા. ૨૩-૬-૨૦૧૫**

★ આજરોજ વયસ્ક સમિતિની મિટિંગમાં રજનીકાંત પારેખ, રમણિકલાલ ગોસર, દિલીપ દંડ ઉપસ્થિત હતા. તા. ૧૫ ઓગસ્ટના કાર્યક્રમ અંગે વિચારણા કરવામાં આવી હતી.

- **તા. ૨૬-૬-૨૦૧૫**

★ આજરોજ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હિતેશભાઈ છાડવા, શ્રી આશિષ મહેતા, શ્રી દિનેશ શાહ તથા શ્રી પીયૂષ પારેખે શ્રી અનિલભાઈ સથવારા સાથે શાહીબાગ ખાતે ચાલતા ૪ રૂમોના રિનોવેશન અંગે જરૂરી ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય લીધા હતા.

- **તા. ૨૭-૬-૨૦૧૫**

★ આજરોજ શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ તથા શ્રી પીયૂષ પારેખે મહેસાણા ખાતે ટ્રી ગાર્ડ જોવા અને તે અંગે માહિતી મેળવવા માટે શ્રી દીક્ષિતભાઈ પંચાલ સાથે મુલાકાત કરી હતી.

- **તા. ૨૭-૬-૨૦૧૫**

★ આજરોજ શ્રી દીક્ષિતભાઈ પંચાલને ટ્રી ગાર્ડની ખરીદી માટે ઑર્ડર આપવામાં આવ્યો હતો.

- **તા. ૨૮-૬-૨૦૧૫**

★ આજરોજ શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિની બેઠકમાં વર્કશોપમાં ભાગ લીધેલ ૨૦ બાળકોાંથી ૧૦ બાળકો સાથે ફૉલોઅપ કરી વર્ષ ૨૦૧૫-૧૬ના વર્ષ માટે કાર્યક્રમના આયોજન માટે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં એચ.કે. શાહ, પંકજ ગોગરી, દેવેન છેડા તથા હાસ્યલતા મહેતા હાજર હતા.

- **તા. ૨૯-૬-૨૦૧૫**

★ આજરોજ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી જયેશભાઈ કોરડિયા તથા અતુલ પરીખે પાલડી ભવનની ઈમ્પેક્ટ ફી અંગે ચર્ચા વિચારણા કરી હતી.

- **તા. ૩-૭-૨૦૧૫**

★ આજે શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હિતેશભાઈ છાડવા, શ્રી અનિલભાઈ સથવારા, શ્રી નીતિનભાઈ ગાલા તથા શ્રી દીપ દંડે શાહીબાગ ખાતે ચાલતા રિનોવેશનની કાર્યવાહીનું નિરીક્ષણ કરી જરૂરી ફેરફારો કરવા નિર્ણય લીધો હતો.

- **તા. ૪-૭-૨૦૧૫**

★ આજરોજ શ્રી મગનભાઈ સંઘવી, રમણિકલાલ ગોસર, રજનીકાંત પારેખ અને કે.ડી. શાહે ચૂંટણી દરમ્યાન જરૂરી મેમ્બર્સ લિસ્ટની ચકાસણી કરી કાર્યવાહી પૂર્ણ કરી હતી.

- **તા. ૬-૭-૨૦૧૫**

★ આજરોજ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.આર. શાહ, શ્રી મગનભાઈ સંઘવી અને શ્રી આણંદજીભાઈ વીરાએ આગામી સામાન્ય સભામાં યોજાનારી ચૂંટણી અંગે ચર્ચા કરી હતી.

- **તા. ૭-૭-૨૦૧૫**

★ આજે સવારે શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.આર. શાહ તથા શ્રી શાંતિલાલ સાવલાએ શ્રી કચ્છી જૈન સેવા સમાજના આગામી કાર્યક્રમ અંગે વાતચીત કરી હતી તથા ગૃહ ઉદ્યોગ શરૂ કરવા અંગે વિચારણા કરી હતી.

- **તા. ૮-૭-૨૦૧૫**

★ આજરોજ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.આર. શાહ તથા શ્રી હસમુખભાઈ શાહે અમ.મ્યુનિ. કોર્પો.ની ઉસ્માનપુરા સ્થિત ઓફિસમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની ઈમ્પેક્ટ ફી ભરવા માટે વિગતો સમજવા અધિકારીઓને મળીને સમજ મેળવી હતી. તેઓએ ખૂટતા પાર્કિંગ માટે મિકેનિકલ પાર્કિંગ ઊભું કરવાની સલાહ આપી હતી.

- **તા. ૯-૭-૨૦૧૫**

★ આજે સવારે શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી કે.આર. શાહે મિકેનિકલ લિફ્ટ માટે લોકીયર કોર્પો.વાળા શ્રી વિજય શેઠ સાથે ભવનના કમ્પાઉન્ડમાં લિફ્ટ બેસાડવા માટે ચર્ચા વિચારણા કરી હતી. તેઓ ૨-૪ દિવસમાં પ્લાન અને એસ્ટિમેટ આપી જશે.

★ આજરોજ શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી કે.આર. શાહે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મિકેનિકલ લિફ્ટ બનાવનાર કેટલીક કંપનીઓના પ્રતિનિધિઓ સાથે ચર્ચા વિચારણા કરી હતી.

- **તા. ૧૧-૭-૨૦૧૫**

★ આજરોજ શ્રી પ્રતાપ નારાણજી દંડે મ્યુનિસિપલ કોર્પો.ના ઈમ્પેક્ટ અંગેના નકશા બનાવનાર શ્રી વિજય પટેલ સાથે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના તૈયાર થયેલ નકશા જોયા હતા તથા તે નકશા પ્રમાણે કેવી રીતે પાર્કિંગ ગણાય અને એની કેટલી રકમ ભરવી પડે તેની વિગતવાર ચર્ચા વિચારણા કરી હતી.

- **તા. ૧૩-૭-૨૦૧૫**

★ આજરોજ શ્રી પ્રતાપભાઈ દંડ અને પીયૂષ પારેખે રાપરના શ્રી યોગેશભાઈ સાથે રાપરની કેટલીક શાળાઓમાં વૃક્ષારોપણ કરવા માટે ફોન દ્વારા ચર્ચા વિચારણા કરી હતી.

- **તા. ૧૪-૭-૨૦૧૫**

★ આજરોજ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.આર. શાહ તથા આર્કિટેક્ટ શ્રી હિતેશ છાડવાને સાથે રાખીને સમાજના સન્માનિય દાતા શ્રી શાંતિભાઈ ગાલા સાથે શાહીબાગ ખાતે ચાલતા રિનોવેશન કાર્યનું નિરીક્ષણ કર્યું હતું.

- **તા. ૧૬-૭-૨૦૧૫**

★ શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા શ્રી કે.આર. શાહે આર્કિટેક્ટ શ્રી મુકુલભાઈ શેઠની મુલાકાત લઈને શ્રી સાહિલ તથા વિજયભાઈ શેઠ સાથે મિકેનિકલ લિફ્ટ લગાડવા માટે ચર્ચા કરી, પાર્કિંગમાં કેટલાં મશીનો કેવી રીતે લાગશે તેનું વ્યવસ્થિત માર્ગદર્શન અંગે ત્રણેક દિવસમાં અહેવાલ આપવાનું વિજય શેઠે જણાવ્યું હતું.

- **તા. ૧૮-૭-૨૦૧૫**

★ આજરોજ ચૂંટણી પંચના સભ્યો શ્રી મગનલાલ સંઘવી અને આણંદજી વીરાએ ઉમેદવારી પાછી ખેંચવાના પત્રોનો અભ્યાસ કરી અને હવે કોઈ ચૂંટણી યોજવાની રહેતી ન હોવાનો અહેવાલ તૈયાર કર્યો હતો.

- **તા. ૧૯-૭-૨૦૧૫**

★ આજરોજ સવારે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ૨૮મી સામાન્ય સભા મળી હતી. જેમાં ટ્રસ્ટ મંડળના અલગ અલગ કેટેગરીના છ ટ્રસ્ટીઓ તેમજ કારોબારી સમિતિના છ સભ્યોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. ચૂંટણી ટાળવાના ઉદ્દેશથી જે સભ્યોએ પોતાનાં ઉમેદવારી પત્રો પાછા ખેંચી લીધાં હતાં તેમની ભાવનાને બિરદાવવામાં આવી હતી. ■

## ઊડતી નજરે....

**માસ જૂન-૨૦૧૫ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ..........** | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | • | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... | **૧૨,૫૧૨** |
| | | જેમાંથી – | |
| | • | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ.......... **૫૩૫** | |
| | • | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .......... **૧૩૭** | |
| | • | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) .......... **૧૩** | |
| | • | સોનોગ્રાફી .......... **૧,૩૩૨** | |
| | • | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) .......... **૧૯** | |
| | • | બોડી ચેક-અપ .......... **૪૯૮** | |
| | • | અન્ય .......... **૯,૯૭૮** | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... **૯૯૮** | |
| | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ......... **૩,૫૬૭** | **૪,૫૬૫** |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | • | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... **૧,૮૫૪** | |
| | • | કેન્ટીનમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... **૬,૭૯૮** | |
| | • | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... **૪૬૧** | |
| | • | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ .......... **૧,૨૯૯** | |
| | • | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ.. **૪૩૦** | **૧૦,૮૪૨** |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... **૪૩૭** | **૪૩૭** |
| | | માસ જૂન - ૨૦૧૫ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ.......... | **૨૮,૩૫૬** |





નવું વર્ષ કચ્છ અને બૃહદ્ કચ્છની જનતાને
મંગલમયી બની રહે એ જ અભ્યર્થના....

# જીવદયાપ્રેમીઓ
# દાનવીર દાતાઓ

## આપના અમૂલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

- આપનો કે આપના પરિવારજનોનો, બાળકોનો જન્મદિવસ.
- લગ્નદિવસ, લગ્નતિથીની ઉજવણી, લગ્નના ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી.
- આપની જીંદગીના ૫૦/૭૫ વર્ષની ઉજવણી.
- આપના સ્વજનની પૂણ્યતિથી, દેવ-દેવીના પહેડી પ્રસાદનો દિવસ વગેરે પ્રસંગોને નિરાધાર-મૂંગા જીવો માટે અભયદાનનો અવસર બનાવો.
- વર્તમાનકાળે પાંજરાપોળોને મુશ્કેલ પરિસ્થિતિ ઉદ્ભવી છે.
- વધુ વરસાદના કારણે લીલા દુકાળની પરિસ્થિતિ ઉદ્ભવી છે.
- ઘાસ-ચારા-દાણખાણના ભાવ વધતા જાય છે. ખુબ તંગી વર્તાય છે.
- હાલમાં પરિસ્થિતિ વિકટ છે તો ઉનાળામાં શું થશે ? પરિસ્થિતિ વધુ બગડશે.
- વધતા જતા વહિવટી ખર્ચ-મોંઘવારી અને ઘટતા જતા વ્યાજદરથી બે પાસા ભેગા કરવા મુશ્કેલ બન્યા છે.
- દરેક પાંજરાપોળોના બજેટખર્ચ દોઢાથી બમણા થઈ જવાની શક્યતા છે.
- વર્તમાનકાળમાં નવા નવા કતલખાના ખોલાતા પાંજરાપોળોની જરૂરિયાત વધી છે.
- યાંત્રિકરણ, શહેરીકરણ, વાહન વ્યવહાર વધવાથી પશુઓનો વપરાશ ઘટતો જાય છે.
- ચરિયાણ ગૌચરની જમીનો ઉદ્યોગોને અપાતા મોંઘી થતી જાય છે.
- ખેતીની પેદાશમાં રોકડીયા પાક તરફ ખેડૂતોનું વલણ વધી ગયુ છે. ચરિયાણ ગૌચર જમીનો પર દબાણ થતા જાય છે.
- ખેડૂતો તરફથી ભેટમાં મળતું ઘાસ ઓછું થવા લાગ્યું છે.
- આપણો વસવાટ શહેરોમાં થતા પશુઓ પ્રત્યે દયા-ભાવના લાગણી ઘટી છે.
- માંસાહારનો પ્રચાર વધતા, માંસની નિકાસ વધતા પશુઓની બેફામકતલ વધી છે.
- પશુ બચશે તો દેશ બચશે, ખેતી બચશે, પર્યાવરણ બચશે, ગરીબી, ભૂખમરો ઘટશે.

**કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકશો, લિસ્ટ મંગાવી શકશો અથવા પ્રતિનિધીને રૂબરૂ બોલાવી લેશો.**

## શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

**કાર્યાલય : શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલા માળે, ઓફિસ નં. ૧૨૭/૧૩૦. ભુજ-કચ્છ (ગુજરાત) ૩૭૦ ૦૦૧.**

ભજ ઓફિસ : ૦૨૮૩૨-૨૨૭૩૦૪. મો. ૦૯૯૦૪૮ ૩૧૫૧૪ (શ્રી ભરતભાઈ સેંઘરવા)

**સૌજન્ય દાતા : દીપક તથા ગીરીશ ધારશી માલશી ભેદા - મોખા (થાણા)**

: મુંબઈ ઓફિસ :

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.

ટે. નં. ૨૩૮૧૩૭૩૩ / ૬૬૩૮૦૫૦૦. મો. ૯૯૨૦૨ ૯૮૭૨૬ / ૯૯૧૩૯ ૫૩૮૫૬

અષાઢી બીજ - કચ્છી નૂતન વર્ષની
હાર્દિક શુભ કામના સહ....



# GILL & CO. PVT. LTD.

IMPORTERS - EXPORTERS & COTTON MERCHANT

"5", Aishwarya-1, 68, B.M.M. Society, Old Sharda Mandir Railway Crossing,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : 079 - (O) 2658 6088 (R) 2658 1733 Telefax : 079 - 2658 6088
Mobile : 98253 28836 / 93742 08010 / 93742 08011

**Registered Office :** NTC House, Narottam Morarjee Marg,
Ballard Estate, P.O. Box. No. 86, Mumbai - 400 038.
Phone : (022) 2261 5001 (4 Lines)
Fax : (022) 2262 0598, 2265 5069 Telegram : "GILLCO, MUMBAI"
Email : gillco@gillcot.com

: BRANCHES :
ADONI / AHMEDABAD / AMRAVATI
BHATINDA / NEW DELHI / UJJAIN




Nano 9™
kitchenware
in new avatar
NanoNine™
INNOVATIVE KITCHENWARE
Bana De Life Aasaan!
Fruit & Salad
Insulock Lunch Pack
WORLD 1st
Insulated Leakproof S.S. Tiffin
LEAKPROOF
AIR TIGHT
FEATHER LITE
rio
Chapati Pot
FREEDOM from SOGGINESS
TRANSPARENT See Through Lid
DOUBLE WALL
FEATHER LITE
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Shahil Marketing: (+91) 94261 77138
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736


BHARAT B. GALA
NAVINCHANDRA D. DEDHIA
SRE
Raju
ENTERPRISE
RE - ROLLING / S. S. PATTA - PATTI
179 & 323, Unit-2, G.V.M.M., Odhav, Ahmedabad - 382 415.
Telefax : 2290 0896, 2290 0300 Mob. : 93270 05460, 98257 33710

Since 1958

Leading. Innovating. Growing.







Winner of Excellence Awards
CEAT 2010 & 2011
CFBP - 2011
Apollo CV - 2012

ISO 9001 : 2008

## V-Trans offers unmatched service edge to all its customers

- Specialized in swift, safe movement of parcels from a small 10 kg parcel to bulk sundry, Full truck Loads, ODC and Projects at most cost effective rates
- Expertise in multi point door pickup and door delivery
- Next Day Delivery Service on select 25 routes and scheduled dispatches to major locations
- Geographical presence across India at 400 locations in 26 states - further expanding
- Unique V-Trans advantages: Full transit insurance, centralized Customer Service Cell with Toll Free Nos. Specialized Key Accounts Management for multi location servicing, fully computerized operations, all logistic solutions under one roof

### Our Divisions

**V-Trans**
Reliable Hard Freight Transport

**V-Xpress**
Timebound Multimodal Express Cargo Service

**V-Logis**
Warehousing & Inventory Management

**Corporate Office : V-Trans (India) Limited**

5-A, Navre Apartments, S. V. Marg, Sion (West),Mumbai - 400 022. Tel: 022 - 2402 0880. Fax: 022-24043144
Email: info@vtransgroup.com Web: www.vtransgroup.com

**V-Trans Toll Free no. : 1800-220-180**

**V-Xpress Toll Free no. : 1800-220-240**


ROMAN
GROUP
Give Your Society The Best!
Pest Control
Water Purifier
Water Proofing
Building Facilities
Silicon Acrylic Paint
Water Treatment Plant
Rain Water Harvesting
Solar Water Heating Systems
Tank And Ringwell Cleaning
Property Redevelopment And solutions
Landscaping And Play Equipment For Gardens
Roman Group of Companies
Sant Villa, Road No. 2, Juhu Scheme, Vile Parle (W), Mumbai - 400056
Tel: +91 22 6152 2400 / 6692 6166 / 67 / 68
Email Id: info@romangroup.in
www.romangroup.in

"Mangal Mandir" - "Regd. under Postal Registration No. GAMC-315/2015-2017 Valid upto 31st December, 2017 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month."
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month


A World Class Exterior & Interior Acrylic Paints




*You Can't Buy Better Even At Higher Price !*

**INDOCEM (INDIA) PVT. LTD.**
**(An ISO 9001: 2000 Certified Company)**

**Ahmedabad** : 27541226, 27544161, 25743401, Fax : 079-27544199, **Bangalore** : 080-26758800, 26758028, **Baroda** : 0265-2412446, 2434041, **Bhopal** : 0755-2556785, **Bhuj** : 02832-223290, 250959, **Goa** : 0832-2752582, **Hubli** : 0836-2251415, **Hyderabad** : 040-24740401, 55598874, **Mangalore** : 0824-2410320, 4252325, **Mumbai** : 022-26858636, 26858639, **Nasik** : 0253-2511247, **Pune** : 020-26110951, **Rajkot** : 0281-2222766, **Surat** : 0261-2543332,